नरचंद्र जैन ज्योतिष प्रकाश.

પ્રકાશક:

શ્રી. [illegible]

[illegible]

સુરત.

श्री

नरचंद्र जैन ज्योतिष प्रकाश

યથામતી સંશોધન કરી
છપાવી પ્રસિદ્ધ કરનાર
સી. વિદ્યાલય તરફથી
રતીલાલ પ્રાણજીવનદાસ સૂડીવાળા
ઠે. હરીપુરા—સુરત

આવૃત્તિ બીજી — સંવત ૧૯૮૬
પ્રત ૧૦૦૦ — સન ૧૯૩૦

મૂલ્ય રૂ. ૩-૦-૦

પુસ્તક મળવાના ઠેકાણાંઃ-

ખંભાત- પટેલ ફુલાભાઇ ભગવાનદાસ, પરામાં-નવી ખડકી.

અમદાવાદ-- સંઘવી વાડીલાલ કાકુભાઇ, સારંગપુર-તળીઆની પોળ.

" ત્રીભોવનદાસ રૂગનાથદાસ, રાયપુર-આકાશેઠના કુવાની પોળ.

કઠોર- ભા. નેમચંદ નારણદાસ અને ભા. સ્વરૂપચંદ લલ્લુભાઇ.

સુરત-પ્રગટ કર્તા પાસેથી અને નાગરદાસ લઘુભાઇ, મોટા મંદિર પાસે.

મુદ્રણસ્થાનઃ આદિત્ય મુદ્રણાલયઃ રાયખડ રોડ, અમદાવાદ.
મુદ્રકઃ ગજાનન વિશ્વનાથ પાઠક.

પ્રસ્તાવના

પ્રિય બંધુઓ !

આ ગ્રંથની હસ્તલિખીત પ્રત જૂના ભંડારોમાંથી હાથ આવેલી તે જોવાથી અમને ઘણો જ આનંદ થયો. વળી એક વખતે એમ પણ થયું કે, આ પુસ્તકથી જેમ આપણને આનંદ થયો તેમ આ પુસ્તકના અર્થીઓને પણ થવો જોઇએ. આથી અમે એક વિદ્વાન રૂપચંદના મારવાડી જોશી અને વાડાસિનોરના શાસ્ત્રી એ બન્નેની મદદથી આ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર પાસે બેસીને તૈયાર કરાવ્યું.

આ પુસ્તક અથાગ ઉપયોગી હોવાથી તેની પહેલી આવૃત્તિ '**નરચંદ્ર જૈન જ્યોતિષ**' નામથી બહાર પડેલ તે ટુંક મુદતમાં ખપી જતાં તેની નકલ ડબલ કીંમત આપતાં પણ મળી શકિત નહિ જેથી ઘણા માણસો તરફથી માંગણી થઇ કે આ પુસ્તકની બીજી આવૃત્તિ બહાર પડવી જોઇએ તે સાથે એવી પણ માંગણી થઇ કે આ પુસ્તકની સાથે ફળાધિશ જો હોય તો જનસમાજને અથાગ ઉપયોગી થઈ પડે. આથી અમોએ જૂના ભંડારોમાંથી જૂનાં હસ્તલિખીત પાનાં તેમ જ ઘણા ગ્રંથોનો આશ્રય લઇ આ પુસ્તકમાં દરેક જ્યોતિષને લગતી બીનાઓ દાખલ કરી '**નરચંદ્ર જૈન જ્યોતિષ પ્રકાશ**' નામથી બહાર પાડેલ છે, જે જોવાથી જાણી શકાશે.

આ પુસ્તકમાં અમારી બનતી મહેનતે કેટલોક સુધારો વધારો કર્યો છે છતાં પણ કેટલીક જગ્યાએ નજરચૂક યા છાપદોષથી કેટલીક ભૂલો જોવામાં આવશે, તો તે વિદ્વાનવર્ગ સુધારીને વાંચવા કૃપા કરશે અને ખામી અમોને લખી જણાવશે તો ત્રીજી આવૃત્તિમાં યોગ્ય સુધારો થઇ શકશે.

વસંતપંચમી, ૧૯૮૬
હરીપુરા, સુરત } **રતીલાલ પ્રાણજીવનદાસ સૂડીવાળા.**

વિષયાનુક્રમણિકા.

ભાગ ૨ જો.

કઠોર નિવાસી

મર્હૂમ જેચંદભાઇ વમળચંદ ગલીઆરા ×



જન્મ: સંવત ૧૯૨૮ શ્રાવણ શુદ ૧૨.

અવસાન: સંવત ૧૯૭૪ આસો શુદ ૩.

× મર્હૂમનું દાનવીર મ્હોટું કુટુંબ સી. વી. ગલીઆરાના નામથી પ્રસિદ્ધ છે, જે હાલ રંગુન-માંડલામાં છે.

॥ श्री गौतमेभ्यो नमः ॥

॥ श्री नरचंद्र जैन ज्योतिष ॥

भाग १ लो

॥ मंगलाचरण ॥

श्लोक–श्री अर्हतजिनंनत्वा । नरचंद्रेणधीमता ।
सारमुध्रीयते किंचित् । योतिषः क्षीरनिरधे ॥ १ ॥

ભાવાર્થ:—ગ્રંથકર્તા નરચંદ્ર આચાર્ય બુદ્ધિમાન પોતાના ઇષ્ટદેવ શ્રી અર્હંત જીન તીર્થંકર પ્રભુને વંદન નમસ્કાર કરીને, જ્યોતિષરૂપી સમુદ્રમાંથી સારનો ઉદ્ધાર કરે છે. અર્થાત્ સાગરને ગાગરમાં ભરવા રૂપ કરે છે. મતલબ કે આ ગ્રંથમાં ૪૮ વિષયોમાં ઘણા ગ્રંથોનો સમાવેશ થાય છે. તે અડતાલીસ વિષયોનાં નામ નીચે પ્રમાણે ॥ ૧ ॥

तिथि वार धिश्न योगा । राशि शशि तारकाबलं भद्रा ॥
कुलिकोप कुलिक कंटक । अर्द्धप्रहरा कालवेलाच ॥२॥
स्थिवर शुभाशुभर व्युप । कुमार राजादि योगगांडां ॥
पंचक चंद्रावस्था । त्रिपुष्कर यमल करणानि ॥३॥
प्रस्थानक्रम दिग् धिश्न । शूल कीलाश्च योगिनी राहु ॥
हंस रवि पासा काला । वच्छ शुक्रेगति रितिगमने ॥४॥
स्नानाभिधान विद्याक्षौरं । बर पात्र नष्ट रुग्विगमा ॥
पैत्रिक गेहारंभा । प्रकीर्णकान्यत्रवक्षंते ॥५॥

ભાવાર્થ:—૧ પંદર તીથિનો વિચાર. ૨ સાત વારનો વિચાર. ૩ અઠ્ઠાવીશ નક્ષત્રનો વિચાર. ૪ સત્તાવિશ યોગ ફળનો વિચાર. ૫ બાર રાશિનો વિચાર. ૬ ચંદ્રમાનો વિચાર. ૭ તાર

બળનો વિચાર. ૮ ભદ્રાનો વિચાર. ૯ કુલિક યોગ વિચાર. ૧૦ ઉપકુલીક યોગ વિચાર. ૧૧ કંટક યોગ વિચાર. ૧૨ અર્દ્ધ પ્રહર વિચાર. ૧૩ કાળ વેળા વિચાર. ૧૪ સ્થિર ચર યોગ વિચાર. ૧૫ શુભ યોગ વિચાર. ૧૬ અશુભ યોગ વિચાર. ૧૭ રવી યોગ વિચાર. ૧૮ કુમાર યોગ વિચાર. ૧૯ રાજ યોગ વિચાર. ૨૦ ગડાંત યોગ વિચાર. ૨૧ પંચક વિચાર. ૨૨ ચંદ્રમાની અવસ્થાનો વિચાર. ૨૩ ત્રીપુસ્કર યોગ વિચાર. ૨૪ યમળ યોગ વિચાર. ૨૫ સાત કર્ણનો વિચાર. ૨૬ પ્રસ્થાન કરણ વિચાર. ૨૭ દીશી વિદીશીનો વિચાર. ૨૮ નક્ષત્રનો વિચાર. ૨૯ દીશાશૂળનો વિચાર ૩૦ કીલક યોગનો વિચાર. ૩૧ યોગીની વિચાર. ૩૨ રાહુનો વિચાર. ૩૩ નાસીકાનો વિચાર. ૩૪ સૂર્યનો વિચાર. ૩૫ પાસનો વિચાર. ૩૬ કાળ પાસનો વિચાર. ૩૭ વત્સનો વિચાર. ૩૮ ઉદય અસ્ત શુક્રની ગતિનો વિચાર. ગમન મુહુર્ત. ૩૯ સ્નાન મુહુર્તનો વિચાર. ૪૦ નામ કરણ ચુજા વિચાર. ૪૧ વિદ્યા ભણવાના મુહુર્તનો વિચાર. ૪૨ પ્રથમ મુંડન મુહુર્ત વિચાર. ૪૩ વસ્ત્ર પહેરવાના મુહુર્તનો વિચાર. ૪૪ કાંસ્ય પાત્રાદિ મુહુર્તનો વિચાર. ૪૫ ગત વસ્તુના લાભનો વિચાર. ૪૬ રોગીઓ રોગથી છુટશે કે નહિ તેનો વિચાર. ૪૭ મૈત્રી કાર્ય કરવાનો વિચાર. ૪૮ ઘરનો આરંભ કરવાનો મુહુર્ત વિચાર.

એવી રીતે નરચંદ્ર આચાર્યે અડતાલીશ પ્રકરણમાં ગ્રંથનો સમાવેશ કર્યો છે તે ક્રમવાર આગળ વર્ણન કરીને કહીશું. ॥૨–૫॥

तीथि विचार.

नंदा भद्रा जया रिक्ता । पूर्णाश्चनामतः क्रमसः ॥
तिथयःप्रतिप्रत्यषष्टी । एकादशाद्यास्वनामफला ॥ ६ ॥
पडिवा षष्टि अग्यारसिनंदा । बीजसातमि वारसिभद्रा ॥
त्रीजआठमतेरसजया । चोथ नवमि चउदशि रिक्ता ॥७॥
पांचमि दशमि पून्यम पूर्णा ॥

તીથિ યંત્ર.

૧	૬	૧૧	નંદા	તીથી
૨	૭	૧૨	ભદ્રા	તીથી
૩	૮	૧૩	જયા	તીથી
૪	૯	૧૪	રીક્તા	તીથી
૫	૧૦	૧૫	પુર્ણા	તીથી

ભાવાર્થઃ—ઊપર કહેલી તીથી જેવી કે નંદા, ભદ્રા, જયા, રીક્તા, પુર્ણા એ પાંચે તીથીઓમાં ફક્ત રીક્તા તીથી શુભ કાર્યમાં વર્જવી; તે શિવાય ચાર તીથીઓ પોતપોતાના નામ પ્રમાણે ફળ આપવાવાળી છે.* ॥ ૬–૭ ॥

सिद्धियोग मृत्युयोग विचार.

शुक्रे नंदा बुधे भद्रा । जयाचदितिनंदने ॥
शनौ रिक्ता गुरौ पूर्णा । तिथयः सर्व सिद्धिदा ॥ ८ ॥
भवेत्भोमार्कयोनंदा । भद्राजिवशशांकयो ॥
जयाचशोमपुत्रेण । रिक्ताचेवंतुभार्गवे ॥ ९ ॥
पूर्णाशानिश्वरेज्ञेया । मृत्युयोगाप्रकिर्त्तिता ॥१०॥

તીથી અને વાર એ ભેળા થવાથી સીદ્ધી યોગ અને મૃત્યુ યોગ થાય છે. તેની સમજ નીચેના યંત્રથી જાણવી.

* ઠાણાંગ સૂત્રના ચોથે ઠાણે ભદ્રા સહિત દિવસ પાપકારી કહ્યો છે. તે ભદ્રા એટલે વિષ્ટી સમજવી, પણ ભદ્રા તીથિ સમજવી નહિ.

સીદ્ધી યોગ યંત્ર.

તીથીનું નામ.	તીથી.			વાર
નંદા	૧	૬	૧૧	શુક્ર
ભદ્રા	૨	૭	૧૨	બુધ
જયા	૩	૮	૧૩	મંગળ
રીક્તા	૪	૯	૧૪	શની
પુર્ણા	૫	૧૦	૧૫	ગુરૂ

મૃત્યુયોગ યંત્ર.

તીથીનું નામ.	તીથી.			વાર.
નંદા	૧	૬	૧૧	ર. મં.
ભદ્રા	૨	૭	૧૨	સો. ગુ.
જયા	૩	૮	૧૩	બુધ
રીક્તા	૪	૯	૧૪	શુક્ર
પુર્ણા	૫	૧૦	૧૫	શની

ભાવાર્થ:—ઊપર બતાવેલા સીદ્ધીયોગ સર્વે શુભ કામમાં સીદ્ધીદાયક સમજવા, અને મૃત્યુયોગ શુભ કામમાં સર્વથા ત્યાગ કરવા. ॥ ૮-૯-૧૦ ॥

શુભ કામમાં ત્યાગ કરવા યોગ્ય તીથીઓના નામ.

अमावास्याष्टामषष्टि । द्वादशीशुभकर्मसु ॥
त्रयस्पृगवमेरिक्ता । दुग्धाक्रूराश्चवर्जयेत् ॥ ११ ॥
वारत्रयंस्पृशंसंति । त्रिदिनस्पृगतिथिर्भवेत् ॥
वारेतिथित्रयंस्पर्शि । न्यवमंमध्यमातिथी ॥ १२ ॥
कष्टंक्षौरंबरेदौस्थ्य । गृहप्रवेशेशून्यतं ॥
आयुधेमरणंयात्रा । क्ष्युद्वाहो निरर्थका ॥ १३ ॥

ભાવાર્થ:—અમાસ, આઠમ, છઠ, બારસ, વધેલી તીથી તથા સુર્યને ન દેખે તે તીથી તથા રીક્તા તીથી એટલે ૪, ૯, ૧૪ તથા ચંદ્રદગ્ધા તીથી તથા સુર્યદગ્ધા તીથી તથા એક વાર ત્રણ તીથીને ભોગવે તે દિવસ તથા એક તીથી ત્રણ દીવસ ભોગવે તે એ સર્વે શુભ કામમાં વર્જવી. વળી વિશેષમાં તેનું ફળ કહે છે કે, ઘટી તીથીમાં તથા વધેલી તીથીમાં જો બાળકોનું પ્રથમ મુંડન કરાવે તો મૃત્યુ થાય તથા નવા ઘરમાં પ્રવેશ કરે તો તે ઘર શૂન્ય થાય તથા નવું હથીયાર બાંધે તો મૃત્યુ પામે, જાત્રાએ

જાય તો નિષ્ફળ થાય, ખેતી કરે તો નીપજે નહિ, વિવાહ કરે તો વિઘ્ન થાય; માટે તે તીથીઓમાં પૂર્વોકત કામ ન કરવા, તે તીથીઓ ત્યાગ કરવા યોગ્ય છે. ॥ ૧૧–૧૨–૧૩ ॥

सूर्य दग्धा तीथी विषे.

द्वितियाधनमीनेषु । चतुर्थीवृषकुम्भयो ॥
मेषकर्कटयोःषष्टि । कंन्यामिथुनचाष्टमि ॥१४॥
दशमिवृश्चिकेसिंहे । द्वादशीमकरेतुले ॥
तिथयो अर्कदग्धाश्च । सर्वकार्यविवर्जिता ॥१५॥

ભાવાર્થઃ—ધનરાશી તથા મીનરાશીની સંક્રાતીમાં બીજ તીથી દગ્ધા કહેવાય, વૃષભ રાશી તથા કુંભ રાશીની સંક્રાંતીમાં ચોથ દગ્ધા તીથી જાણવી, મેષ રાશી તથા કરક રાશીની સંક્રાતીમાં છઠ્ઠ દગ્ધા તીથી જાણવી, કન્યા રાશી તથા મીથુન રાશીની સંક્રાંતીમાં આઠમ દગ્ધા તીથી જાણવી, વૃશ્ચિક રાશી તથા સિંહ રાશીની સંક્રાતીમાં દશમ દગ્ધા તીથી જાણવી. મક્કર રાશી તથા તુલા રાશીની સંક્રાંતીમાં બારશ દગ્ધા તીથી જાણવી. એ તીથીઓ સર્વે શુભ કામમાં ત્યાગ કરવી. ૧૪–૧૫

चंद्र दग्धा तीथी विषे.

दशमिवृषकर्केषु । द्वितियाधनकुंभयोः ।
द्वादशिअलिकंन्येषु । झषेमृगेतथाष्टमि ॥१६॥
षष्टितुलाचसिंहेषु । चतुर्थिमेषद्वंद्वयोः ॥
रेताचंद्रदग्धाश्च । वर्जनियासदाबुधैः ॥१७॥
मेषादिकानांक्रमसश्चतस्त्र । पूर्णाश्चतुर्णामपिपंचमिस्यात् ॥
परापरेषांपरतस्तैव । शक्रूरराशैरशुभातिथिस्यात् ॥१८॥

ભાવાર્થઃ- વૃખ રાશી તથા કરક રાશીનો ચંદ્રમા હોય તો દશમ ચંદ્ર દગ્ધા તીથી જાણવી. ધન રાશી તથા કુંભ રાશીનો ચંદ્રમા હોય તો બીજ ચંદ્ર દગ્ધા તીથી જાણવી. વૃશ્ચીક તથા

કન્યા રાશીનો ચંદ્રમા હોય તો બારશ દગ્ધા તીથી જાણુવી. મીન તથા મકર રાશીનો ચંદ્રમા હોય તો આઠમ દગ્ધા તીથી જાણુવી. તુલા તથા સિંહ રાશીનો ચંદ્રમા હોય તો છઠ દગ્ધા તીથી જાણુવી. મેષ તથા મીથુન રાશીનો ચંદ્રમા હોય તો ચોથ દગ્ધા તીથી જાણુવી એ સર્વે ચંદ્ર દગ્ધા તીથીઓ સર્વે શુભ કામમાં વર્જવી. ॥ ૧૬-૧૮ ॥

होरा विचार.

सार्द्ध घटिद्वयगाद्या । दिनवारस्याथषष्टषष्टस्य ॥
होरास्युपूर्णफला । पादौनफलस्तुदिनवार ॥१९॥
उद्वेगस्तपनामृतं । निशिकरेरोगांमहिनंदने ॥
लाभश्चंद्रसुते गुरौ । शुभकरोशुक्रेश्चलत्वं घटि ॥
रोरंकालरोति । सूर्य तनयः षट्गुण्यतेविदिने ॥
रात्रौपंचविचार्य यह । यदि फलं होरातिसार्द्धद्वयं ॥२०॥

ભાવાર્થઃ—હોરા હંમેશા અઢી ઘડીનો હોય છે. તે આખા દીવસમાં બાર હોરા ભોગવે છે, તેમજ રાત્રીની પણ બાર હોરા જાણુવી. એમ રાત-દીવસ મળી ૨૪ હોરા થઇ. તે હોરા ગણુવાની સમજ ચોઘડીઆ પ્રમાણે ગણાય છે. જેમકે, રવીવારની પહેલી હોરા ઉદ્વેગ અઢી ઘડીની છે, તો બીજી હોરા કેવી રીતે ગણુવી? તો કે રવીવારથી છઠ્ઠો વાર શુક્ર આવ્યો તે શુક્રવારની પેલી હોરા ચળ છે. ત્યારે સમજો કે રવીવારની બીજી હોરા થઇ. એમજ શુક્રવારથી છઠ્ઠે વારે જે પેલી હોરા આવે તે રવીવારની ત્રીજી હોરા સમજવી. એમ અનુક્રમે રાત દીવસની હોરા ગણી લેવી. તેમાં રાત્રે પાંચ પાંચ ગણુવી. નામ સર્વેના ચોઘડીઆ પ્રમાણે સમજવા. વિશેષમાં શુક્રવાર, રવીવાર, મંગળવાર, શનીવારે એ હોરાઓ આવે તો અશુભ જાણુવી. શુભ કાર્ય ના કરવું. વિશેષ બીના માટે ચોઘડીઆની ગણુત્રીમાં લક્ષ આપો. ॥ ૧૯-૨૦ ॥

दिवस रात्रीना चोघडीआनी समज.

आदित्य सोम मंगल । बुधगुरुशुक्राशनिश्वरो ॥
सौम्याशशिबुधगुरुव । शुक्रश्चतथापरेक्रूरा ॥ २१ ॥
उद्वेगामृतारोगा । लाभाशुभाचलाकला ।
सूर्यादौसप्तवाराणि । रात्रौपंचदिनानिषद् ॥ २२ ॥

દોહરો.

રવી ઉદ્વેગ અમૃત શશી, મંગળ રોગ બેહાલ;
બુધ લાભ શુભ ગુરૂ, ભ્રગુચળ શનીશ્ચર કાળ. ૧
એણીપેરે એક એક છે, ષટ ષટ ગણો ખચીત;
દીન ચોઘડીઆ દાખવા, રયણી પાંચે રીત. ૨

ભાવાર્થઃ—જેમકે રવીવારે પહેલું ચોઘડીયું ઉદ્વેગ છે તો બીજું ચોઘડીયું કયું સમજવું તો કે રવીવારથી છ વાર ગણવા એટલે શુક્રવાર આવ્યો; ત્યારે શુક્રવારનું પહેલું ચોઘડીયું જે ચળ છે તે રવીવારનું બીજું ચોઘડીયું સમજવું. તેમજ શુક્રવારથી છઠ્ઠો વાર બુધવાર આવ્યો; ત્યારે જે બુધવારનું પહેલું ચોઘડીયું તે રવીવારનું ત્રીજું ચોઘડીયું સમજવું. એ પ્રમાણે આઠે સમજવા. પણ રાત્રીમાં પાંચ ગણવા. જેમકે, રવીવારથી પાંચમો વાર ગુરૂ આવ્યો, ત્યારે ગુરૂવારનું પહેલું ચોઘડીયું શુભ છે; ત્યારે સમજો કે, રવીવારે રાત્રે પહેલું ચોઘડીયું શુભ છે તે પ્રમાણે બીજું, ત્રીજું એમ આઠે સમજવા. એ પ્રમાણે ચોઘડીઆ સમજવા. તેમજ તે સાત વારમાં ત્રણ વાર ક્રુર અને ચાર વાર સોમ્ય છે. રવી, મંગળ, શની, એ ત્રણ વાર ક્રુર કહ્યા છે માટે શુભ કામમાં તજવા. તથા સોમ બુધ, ગુરૂ, શુક્ર, એ ચાર વાર સોમ્ય છે માટે સારા કામમાં લેવા. હોરાની ગણત્રી ઊપર દેખાડેલી છે. વિશેષ ચોઘડીઆ પ્રમાણે ગણત્રી, અને તેના નામ રવીવારની પહેલી હોરા ઉદ્વેગ, સોમવારની અમૃત, મંગળની રોગ, બુધની લાભ, ગુરૂની શુભ, શુક્રની ચળ, શનીની કાળ એ પ્રમાણે અનુક્રમે છઠ્ઠા વારથી ઉપર પ્રમાણે ગણવી. નામ પ્રમાણે ગુણ જાણવા. ॥ ૨૧-૨૨ ॥

वार वेला विषे.

अजअलि घटमिने भास्करेस्तं प्रयाते ।
वृषधनुषकुलिरे चार्द्धरात्रौतुलाइं ॥
मिथुन मकरसिंहे कंन्यकायं प्रभाते ।
इति विद्वगतितोयं वार संक्रांतिकाल ॥२३॥

ભાવાર્થ:—મેષ, વૃશ્ચીક, કુંભ, મીન એ રાશીની સંક્રાંતિમાં સૂર્ય અસ્ત સમયે વાર વેલા સમજવી.

વરખ, ધન, કર્ક, તુલા સંક્રાંતિમાં અર્ધ રાત્રીએ વાર વેલા બેસે. મીથુન, મકર, સીંહ, કન્યા રાશીની સંક્રાંતીમાં પ્રભાત સમયમાં વાર વેલા બેસે. એ પ્રકારે વાર વેલા સમજવી. એ વાર વેલા શુભ કામમાં ૨॥ ઘડી વર્જવી. ॥ ૨૩ ॥

वार दोष भंग विषे.

न वार दोषा प्रभवंति रात्रौ । विशेषतो भौम शनिश्वरर्कान् ।
अंधोयथाभर्त्रुविलासनिनां । कटाक्षबाणा विफला भवंति ॥२४॥

ભાવાર્થઃ—સાતે વારનો દોષ રાત્રીમાં કામકાજ કરતાં જતાં આવતાં લાગે નહિ. વિશેષ મંગળ, શની, રવી એ ત્રણ વારનો રાત્રીએ સર્વથા દુષણ નહિ. તેના ઉપર દ્રષ્ટાંત કહે છે. જેમ કોઈ સ્રી પોતાના અંધ પતીની પાસે રતી વીલાસ, ક્રીડા, હાવભાવ, આંખના કટાક્ષ કરે તે સર્વે નિષ્ફળ છે કેમકે તેનો પતી અંધ છે તે તેના હાવભાવાદિક દેખી શકતો નથી તેમ રાત્રીમાં પાપવાર પોતાનું પાપફળ આપી શકતા નથી. ॥ ૨૪ ॥

नवे ग्रह एक राशी ऊपर केटलो वखत रहे ते विषे.

मासं रवि बुध शुक्रा । सार्द्ध भौम त्रयोदशाचार्य ॥
त्रिशन्मदोष्टादशराहु । शशिदिन युगंशंशं ॥ २५ ॥

ભાવાર્થ:—ત્રણ ગ્રહ એક મહીનો એક રાશી ભોગવે છે. તે રવી, બુધ, શુક્ર, એ ત્રણે ગ્રહની એક માસની સ્થિતિ સમજવી. મંગળવાર દોઢ માસ એક રાશી ભોગવે, ગુરૂ તેર માસ એક રાશી ભોગવે, અને શનિશ્ચર ત્રીસ મહિના એક રાશી ભોગવે (અઢી વરસ). રાહુ અને કેતુ અઢાર માસ એક રાશી ભોગવે છે. ॥ ૨૫ ॥

ग्रह अतीचार वक्री थाय तेनुं फळ.

अतिचारगताकेचित् । केचित्वक्रमुपागता ॥
पूर्वराशिफलंविदध्यात् । ब्रहस्पतिविवर्जिता ॥ २६ ॥

ભાવાર્થ:—અતીચાર એટલે પોતાની ગતીના પ્રમાણથી વિશેષ ચાલે તેને અતીચારી ગ્રહ કહે છે, અને જે ગ્રહ પોતાની રાશીથી પાછલી રાશીમાં ચાલે તે ગ્રહ વક્રા કહેવાય. તે ગ્રહ પોતાની રાશીથી પાછલી રાશી ઉપર જાય તો તેજ રાશીનું ફળ આપે, પણ બૃહસ્પતી વર્જીને સર્વે ગ્રહ ઉપર પ્રમાણે ફળ આપે છે. ॥ ૨૬ ॥

ग्रह वक्रीनुं द्रष्टांत.

यत्रप्रज्वलितोवन्हि । दाहंतत्रैवकारयत् ॥
यस्मिन राशिस्थिता:खेटा । फलंतस्येवदापयेत् ॥ २७ ॥

ભાવાર્થ:—જેમ અગ્નિ જે જગ્યાએ બાળીએ તે જ જગ્યા અગ્નિ બાળે, તેવી જ રીતે જે રાશી ઉપર ગ્રહ વક્રી તથા અતીચારી થઈને જાય તે જ રાશી ફળ આપે. ॥ ૨૭ ॥

ग्रह अतीचारी वक्रीनुं विस्तारपूर्वक फळ.

अतीचारे गते जिवे । वक्रि भूते शनिश्वरे ॥
हाहाभूतजगत्सर्वे । राजानोयुद्धमुद्यता ॥ २८ ॥
भौभ वक्रे श्वना वृष्टी । बुध वक्रे रस क्षयं ॥
गुरु वक्रे जने पिडा । शुक्र वक्रे प्रजा सुखी ॥ २९ ॥

शनि वक्रे भवेत् रोगी । राहु वक्रे जन क्षयं ॥
एते वक्र गता खेटाः । क्षयं तस्य फलाफलं ॥ ३० ॥

ભાવાર્થઃ—ગુરૂ જે વરસમાં અતીચારી હોય એટલે ઘણી ગતીવાળો એટલે પાંચની ગતી તથા છથી અધિક ગતીમાં ચાલે તો અતીચારી કહેવાય. જો તે અગીઆર બાર સુધી વધે અને તે સમયમાં શની વક્રી થાય તો જગતમાં હાહાકાર કરાવે; એટલે ભય, અનાવૃષ્ટી, પ્રજાપીડા, રાજાઓમાં માંહોમાંહે યુદ્ધ થાય. મંગળ વક્રી થાય તો અનાવૃષ્ટી એટલે વરસાદ ન વરસે. બુધ વક્રી થાય તો રસકસ મોંઘા કરે. ગુરૂ વક્રી થાય તો મનુષ્યમાં પીડા કરે. શુક્ર વક્રી થાય તો પ્રજાને સુખ આપે. શની વક્રી થાય તો રોગ ચાલે. રાહુ વક્રી થાય તો મનુષ્યોને પીડા કરે. એ ગ્રહ પોતપોતાના વક્રી પ્રમાણે ફળ આપે. ॥ ૨૮–૩૦ ॥

ग्रह अतीचार वक्रीना दीवस विषे.

त्रिमुनि दीनैस्त्रिक नेत्रे । गुणेश्वरेशर युगेनभोविश्वे ॥
वक्र त्यागं क्रमशः । कुर्वंति कुजादयः खेटा ॥ ३१ ॥
अर्द्ध मासो दशा हानि । त्रियक्षी दिवसादश ॥
मासाषट् मगलादिनी । अतिचार प्रकीर्त्तिता ॥ ३२ ॥
शन्यांगारकजिवानां । पंचमस्थो यदा रवि ॥
तदा वक्रं विजानियात् । नवमे सरळागति ॥ ॥ ३३ ॥

ભાવાર્થઃ—મંગળ તેર દીવસ વક્રી રહે, બુધ ૨૩ દીવસ વક્રી રહે, બ્રહસ્પતી એકસો તેર દીવસ વક્રી રહે, શુક્ર તેંતાલીસ દીવસ વક્રી રહે, શની એકસો ચાલીસ દીવસ વક્રી રહે.

ગ્રહ અતીચારી દીવસ.

મંગળ પંદર દીવસ અતીચારી રહે, બુધ દશ દીવસ અતીચારો રહે, બ્રહસ્પતી પીસ્તાલીસ દીવસ અતીચારી રહે, શુક્ર દશ દીવસ અતીચારી રહે. શની છ માસ અતીચારી રહે.

શની, મંગળ બ્રહસ્પતીથી રવી પાંચમી રાશીનો હોય તો વક્રી વિશેષ કરીને જાણવો; નવમી રાશી ઉપર હોય તો સરલ ગતીએ સમજવો. એ પ્રમાણે ગ્રહોનું અતીચારનું તથા વક્રીનું ફળ જાણવું. ॥ ૩૧-૩૨-૩૩ ॥

૨૮ નક્ષત્રમાં કાણાં આંધળાં યંત્ર-ફળ.

अश्वनीभरणीक्रतिका । रोहिणीमृगशिर्षआद्रां ॥
पुनर्वसुपुष्यअश्लेषा । मघापूर्वाफाल्गुनीउत्तराफाल्गुनी ॥
हस्तचित्रास्वातिविशाखा । अनुराधा ज्येष्टा मूळ ।
पूर्वाषाढा उत्तराषाढा । अभिजित श्रवण धनिष्टा ॥
शतभिषा पूर्वाभाद्रपदा । उत्तराभाद्रपद रेवती ॥

ભાવાર્થઃ—અઠ્ઠાવીશ નક્ષત્રમાં કાણાં, ચીપડાં, દેખતાં, આંધળાં વિગેરેનો યંત્ર અને તેનું ફળ નીચે પ્રમાણે.

કાણાં.		ચીપડાં.		દેખતાં.		આંધળાં.	
૧	અશ્વની	૮	ભરણી	૧૫	કૃતીકા	૨૨	રોહિણી
૨	મૃગશિર્ષ	૯	આર્દ્રા	૧૬	પુનર્વસુ	૨૩	પુષ્ય
૩	અશ્લેષા	૧૦	મઘા	૧૭	પુર્વાફાલ્ગુણી	૨૪	ઉત્તરાફાલ્ગુની
૪	હસ્ત	૧૧	ચીત્રા	૧૮	સ્વાતી	૨૫	વીશાખા
૫	અનુરાધા	૧૨	જેષ્ટા	૧૯	મુલ	૨૬	પુર્વાષાઢા
૬	ઉત્તરાષાઢા	૧૩	અભીચ	૨૦	શ્રવણ	૨૭	ધનીષ્ટા
૭	શતભીષા	૧૪	પુર્વાભાદ્રપદ	૨૧	ઉત્તરાભાદ્રપદ	૨૮	રેવતી.

ઉપરનો યંત્ર સમજવાની રીત.

ભાવાર્થઃ—કાણાં નક્ષેત્રમાં ગઇ વસ્તુ ત્રણ દિવસમાં મળે તથા દક્ષીણ દીશામાં ગઇ જાણવી. ચીપડાં નક્ષેત્રમાં ગઇ વસ્તુ ૬૪ દીવસમાં મળે તથા પશ્ચિમ દીશામાં ગઈ જાણવી. દેખતા નક્ષત્રમાં ગઇ વસ્તુ ન મળે તથા ઉત્તર દીશામાં ગઇ જાણવી. આંધળાં નક્ષત્રમાં ગઇ વસ્તુ તુરત મળે તથા પૂર્વ દીશામાં ગઇ જાણવી.

नक्षत्रनां तारा प्रमुखनो विचार.

त्रित्रिषट्पंचकत्र्येक चतुस्त्रीरसपंचक ।
द्विद्विपंचतथैकैक चतुरंबुधय स्वय ॥
एकादशचतुर्वेदा त्रि त्रि वेदा शतुंद्विकं ।
द्विद्वात्रिंश दिमास्तारा स्तत्संख्यावर्जयेत्तिथि ॥३४॥
तुरंगमुषसद्रशं योनिरुपंखुराभं ।
शकटसम मथैण स्योत्तमांगेन तुल्यं ॥
मणि गृह शरचकंभानिशालोपमानां ।
शयसद्रशमन्यं चात्रपर्यंक रूपं ॥३५॥
हस्ताकारतमश्चमौत्तिकसमं चान्यत् प्रवालोपमं ।
धिश्वंतोरणवत् स्थितं वलिनिभंसकुंडलाभंपरं ॥
क्रुध्य केसरि विक्रमेण सद्रशशज्यासमानं परं ।
चान्यदंति विलास्मितमत शृगाटकं व्यक्तिव ॥३६॥
त्रिविक्रमानंद मृदंगरुपं । वृत्तंततोन्यत् यमल द्वयाभं
पर्यंकतुल्यं मुरजानुकारं । मित्येव मस्वादिभिचक्ररूपं ॥३७॥
अश्वयमदहनकमलज । शशिशूलभृदंतिजीवफणिपितरं ॥
योन्ययमादिनक्र त्वष्ट्रा । पवनशक्राग्नि मित्राच ॥३८॥
शुक्रोनिरतीस्तोयं । विश्वे ब्रह्माहरिर्वसु ॥
वरण अजपादो च अग्निबुध । पूषाचेतीस्वराभानां ॥३९॥

નક્ષત્ર, તારા, આકૃતી, સ્વામી તથા પાયાના અક્ષર.

નક્ષત્રનાં નામ.	તારા.	આકાર.	સ્વામીનાં નામ.	પાયાના અક્ષર.
૧ અશ્વની	૩ તારા	ઘોડાના મુખ આકાર	અશ્વ	ચુ ચે ચો લા
૨ ભરણી	૩ તારા	યોની આકાર	યમ	લી લુ લે લો
૩ કૃતીકા	૬ તારા	ક્ષુર આકાર	અગ્નિ	અ ઈ ઉ એ
૪ રોહિણી	૫ તારા	ગાડલીનો આકાર	બ્રહ્મા	ઓ વા વી વૂ
૫ મૃગશર	૩ તારા	હરણના સીંગાકાર	ચંદ્ર	વે વો ક કિ

૬ આર્દ્રા	૧ તારો	મણી આકાર	શીવ	કુ ઘ ડ છ
૭ પુનર્વસુ	૪ તારા	ધર આકાર	દૈત્ય	કે કો હ હી
૮ પુષ્ય	૩ તારા	શર આકાર	ગુરૂ	હુ હે હો ડા
૯ અશ્લેષા	૬ તારા	ચક્ર આકાર	સર્પ	ડી ડુ ડે ડો
૧૦ મઘા	૫ તારા	માળા આકાર	પીતર	મા મી મુ મે
૧૧ પુર્વાફાલ્ગુણી	૨ તારા	શેઝ્ય આકાર	ભગ	મો ટા ટી ટુ
૧૨ ઊત્તરાફાલ્ગુણી	૨ તારા	પલંગ આકાર	અર્યમા	ટે ટો પ પી
૧૩ હસ્ત	૫ તારા	હાથને આકાર	સુર્ય	પુ ષ ણ ઠ
૧૪ ચીત્રા	૧ તારો	મોતીને આકારે	ત્વષ્ટા	પે પો ર રી
૧૫ સ્વાતી	૧ તારો	પરવાળા આકાર	વાયુ	રૂ રે રો તા
૧૬ વીશાખા	૪ તારા	તોરણનો આકાર	ઇંદ્ર	તિ તુ તે તો
૧૭ અનુરાધા	૪ તારા	વળીનો આકાર	અગ્નિ	ન ની નુ ને
૧૮ જેષ્ટા	૩ તારા	કુંડલ આકાર	મીત્ર	નો ય યિ યુ
૧૯ મુળ	૧૧ તારા	સીંહને આકારે	શુક્ર	જે જો ભ ભી
૨૦ પુર્વાષાઢા	૪ તારા	શેઝ્ય આકાર	નીર્તિ	ભુ ધ ફ ઢ
૨૧ ઉત્તરાષાઢા	૪ તારા	હાથીદાંત આકાર	જલ	ભે ભો જ જી
૨૨ અભીચ	૩ તારા	ગાયના મુખ આકાર	વીશ્વ	જુ જે જો વા
૨૩ શ્રવણ	૩ તારા	કાવડનો આકાર	હરી	ખી ખુ ખે ખો
૨૪ ધનીષ્ટા	૪ તારા	પંખી પીંજર આકાર	વસુ	ગ ગી ગુ ગે
૨૫ શતભીશા	૧૦૦ તારા	ઝાલરને આકાર	વરૂણ	ગો સ સિ સુ
૨૬ પુર્વાભાદ્રપદ	૨ તારા	અર્ધ પલંગ આકાર	અજૈક	સે સો દ દિ
૨૭ ઉત્તરાભાદ્રપદ	૨ તારા	બન્ને થઇ પૂર્ણ પલંગ	અહિરબુ	દુ સ ઝ ક્ષ
૨૮ રેવતી	૩૨ તારા	વહાણને આકારે	પુષા	દે દો ચ ચી

ભાવાર્થ:—ઉપરના યંત્રમાં વિશેષ એટલું સમજવાનું છે, કે જે નક્ષત્રના પાયાના ચાર ચાર અક્ષર આપવામાં આવ્યા છે તેનો મતલબ એવો છે, કે અશ્વની નક્ષત્રના ચાર પાયા છે એટલે ચાર ભાગ સમજવા, અને તેના ચાર અક્ષર ચુ. ચે. ચો. લા. એ પ્રમાણે સંજ્ઞા બતાવી છે. ધારો, કે કોઇ માણસનો અશ્વની નક્ષત્રમાં જન્મ થયો છે ત્યારે વિચારવું કે કયા પાયામાં અશ્વની નક્ષત્ર છે. જો પેલા પાયામાં હોય તો તેનો (ચુ.) અને બીજા પાયામાં હોય તો તેનો (ચે.) અને ત્રીજા પાયામાં

હોય તો (ચો.) અને ચોથામાં હોય તો (લા.) એ પ્રમાણે સમજવું. માટે પેલા પાયામાં જન્મ થયો હોય તો તેનું નામ ચુનીલાલ, બીજા પાયામાં હોય તો ચેતનદાસ, ચેલાજી વિગેરે નામ, ત્રીજા પાયામાં હોય તો ચોથમલ વિગેરે નામ આવે, ચોથામાં હોય તો લાલચંદ, લાખાભાઈ વિગેરે. એ પ્રમાણે અઠ્ઠાવીશે નક્ષત્રના પાયા ઉપરથી નામની સંજ્ઞા સમજવી. રાશીના અક્ષરોપરથી નામની સંજ્ઞા પાછળ આપીશું. ॥ ૩૪-૩૯ ॥

अभीच नक्षेत्रनी समजण.

श्रवणघटिकाचतुस्वय । माद्यंचरमोन्हि उत्तराषाढा ॥
अभिजित् भोगोवेधे । कार्गलतोपयोगादो ॥४०॥

ભાવાર્થઃ—શ્રવણ નક્ષેત્રની ઘડી ચાર, ઉત્તરાષાઢા નક્ષેત્રનો છેલ્લો પાયો તેની ઘડી સોળ તથા શ્રવણના પેલા પાયાની ચાર ઘડી અભીચ ભોગવે. એ અભીચ નક્ષત્રનો સમય એકાર્ગલ લતાપાત કરવામાં જોવો. ॥ ૪૦ ॥

नक्षेत्रनी संज्ञा विषे.

चरं चलं स्मृतं स्वाति । पुनर्वसुश्रुतित्रयं ॥
क्रूरमुग्रं मघा पूर्वा । त्रितयं भरनी तथा ॥ ४१ ॥
ध्रुवंस्थिरंविनिर्द्दिष्टं । रोहिणी चौत्तरात्रयं ॥
तीक्ष्णदारुणमश्लेषा । ज्येष्टाद्रा मूल संज्ञकं ॥ ४२ ॥
लघुक्षिप्रं स्मृतं पुष्यो । हस्तोश्विन्यभिजित्तथा ॥
मृदुमैत्रं स्मृतं चित्रा । अनुराधा रेवती मृग ॥ ४३ ॥
मिश्रं साधारणं प्रोक्तं । विशाखाकृतिकास्तथा ॥
नक्षत्रेष्टेषु कर्माणि । नामतुल्यानिकारयेत् ॥ ४४ ॥

ભાવાર્થઃ—શ્રવણ, સ્વાતી, પુનર્વસુ, ધનીષ્ટા, સતભીશા એ પાંચ નક્ષત્રની ચળ સંજ્ઞા છે. ત્રણ પુર્વા એટલે પુર્વાફાલ્ગુણી,

પુર્વાષાઢા, પુર્વાભાદ્રપદ, મઘા, ભરણી એ નક્ષત્રની ક્રુર તથા ઉગ્ર સંજ્ઞા છે. રોહિણી, ત્રણ ઉત્તરા એટલે ઊત્તરાષાઢા, ઊત્તરાફાલ્ગુણી, ઊત્તરાભાદ્રપદ એ નક્ષેત્રની સ્થીર સંજ્ઞા છે. અશ્લેષા, જયેષ્ટા, મુળ, આદ્રા એ નક્ષત્રની દારૂણ સંજ્ઞા છે. પુષ્ય, અભીચ, હસ્ત, અશ્વની એ ચાર નક્ષેત્રની લઘુ ક્ષીપ્ર સંજ્ઞા જાણવી. ચીત્રા, અનુરાધા, રેવતી, મૃગશર એ ચાર નક્ષત્રની મૃદૃ તથા મૈત્રી સંજ્ઞા છે. વિશાખા, કૃતિકા, મિશ્રની સાધારણ સંજ્ઞા છે. જે નક્ષત્રની સંજ્ઞા બતાવી તે નક્ષત્રના નામ પ્રમાણે ગુણ જાણવા એટલે તે નક્ષેત્રની સંજ્ઞા જાણી કામ કરવાથી ફળદાયક થાય છે. ॥ ૪૧–૪૪ ॥

नक्षेत्रमां कार्य करवानी समज.

प्रस्थानचरलघुभि । शांति ध्रुवमृदुभिरुग्रभिर्युद्धं ॥
तिक्षणेर्व्याधिछेदो । मिश्रेमिश्रक्रियाकार्या ॥ ४५ ॥

ભાવાર્થઃ—ચર તથા લઘુ નક્ષત્રમાં જો કોઈ પરદેશ જવાનું પસ્તાનું કરે તો શુભ ફળ છે. ધ્રુવ તથા મૃદૃ નક્ષત્રમાં સ્વાતીનું કામ કરે તો સિદ્ધ થાય, ઊગ્ર નક્ષત્રમાં યુદ્ધનું કામ કરે તો જય પામે, તીક્ષણ નક્ષત્રમાં ઔષધ કરે તો રોગની શાંતિ થાય, મિશ્ર નક્ષત્રમાં સઘળા કામની સીદ્ધી થાય. એ નક્ષેત્રો ઉપર બતાવ્યા છે. ॥ ૪૫ ॥

सताविश योगनां नाम.

विष्कुंभ प्रीति आयुष्मान् सौभाग्य शोभनस्तथा अतिगंज सुक्रमाच धृति शूल गंडो वृद्धि ध्रुवश्चै व्याघातो हर्षणस्तथा वज्र सिद्धि व्यतिपात वरियाण परिघः शिव सिद्धि साध्य शुभो शुक्र ब्रह्मा ऐंद्रो वैधृति ॥ ४६–४७ ॥

૧ વિષ્કંભ. ૨ પ્રીતિ. ૩ આયુષ્યમાન. ૪ સોભાગ્ય. ૫ શોભન. ૬ અતિગંડ. ૭ સુકર્મા. ૮ ધૃતિ. ૯ શૂળ. ૧૦ ગંડ.

૧૧ વૃદ્ધિ. ૧૨ ધ્રુવ. ૧૩ વ્યાઘાત. ૧૪ હર્ષણ. ૧૫ વજ્ર. ૧૬ સિદ્ધિ. ૧૭ વ્યતિપાત. ૧૮ વરીયાન. ૧૯ પરિઘ. ૨૦ શિવ. ૨૧ સિદ્ધિ. ૨૨ સાધ્ય. ૨૩ શુભ. ૨૪ શુકલ. ૨૫ બ્રહ્મા. ૨૬ ઐંદ્ર ૨૭ વૈધૃતિ.

ઉપરના સત્તાવીશ યોગમાં શુભ કામમાં વર્જવાનો યોગ.

परिगार्द्धं व्यतिपातौ । वैधृति सकलं त्यज्येत् ॥ ४८ ॥
विष्कुंभे घटिका पंच । शूले सप्त प्रकिर्त्तिता ॥
षट गंजे चाति गंचे ज । नव व्याघात वर्जयेत् ॥ ४९ ॥

ભાવાર્થઃ—પરિઘ યોગની અડધી ઘડી એટલે ૩૦ ઘડી શુભ કામમાં ત્યજવી. વૈધૃત અને વ્યતિપાત સર્વથા વર્જવો. વિષ્કુંભ યોગની પ્રથમની પાંચ ઘડી તજવી. શૂલ યોગની સાત ઘડી તજવી. ગંજ યોગની અને અતિગંજ યોગની છ ઘડી તજવી. વ્યાઘાત યોગની નવ ઘડી તજવી. ॥ ૪૮–૪૯ ॥

राशी ऊपरथी उपजता नक्षत्र, पाया अने अक्षरो.

मेष वृष मिथुन कर्क सिंह कन्या तुला वृश्चिक धन मकर कुंभ मिन इति बार राशि.

अश्वनि भरणि कृतिका पाए मेष ॥१॥
कृतिकाणां त्रयः पादा रोहिणी मृगसिरोर्द्ध वृष ॥२॥
मृगशिर्षर्द्ध आद्रा पुनर्वसु पाद त्रय मिथुन ॥३॥
पुनर्वसुपाद मेक पुष्य अश्लेषांतां कर्क ॥४॥
मघा च पूर्वाफाल्गुणि उत्तराफाल्गुणि पाए सिंह ॥५॥
उत्तरा फाल्गुणी पादत्रयं हस्त चित्रार्द्धं कन्या ॥६॥
चित्रार्द्ध स्वाति विशाखा पाद त्रयं तुल ॥७॥
विशाखा पादमेकं अनुराधा येष्टांतां वृश्चिक ॥८॥
मूलं च पूर्वाषाढा उत्तराषाढा पाए धन ॥९॥
उत्तराषाढानां त्रय पाया श्रवण धनिष्टा धर्म कर ॥१०॥

धनिष्टा पूर्व भाद्रपाद यंत्र कुंभ ॥११॥
पुर्वा भाद्र रेवंत्यं मिन ॥१२॥

નંબર.	રાશી.	નક્ષત્ર.	પાયા.	નક્ષત્ર.	પાયા.	નક્ષત્ર.	પાયા.	અક્ષર.
૧	મેષ	અશ્વની	૪	ભરણી	૪	કૃત્તિકા	૧	ચો ચે ચો લા લી લુ લે લો અ.
૨	વૃષભ	કૃત્તિકા	૩	રોહિણી	૪	મૃગશીર્ષ	૨	ઇ ઉ એ ઓ વા વી વુ વે વો.
૩	મીથુન	મૃગશર	૨	આર્દ્રા	૪	પુનર્વસુ	૩	ક કિ કુ ઘ ઙ છ કે કો હ.
૪	કર્ક	પુનર્વસુ	૧	પુષ્ય	૪	અશ્લેષા	૪	હિ હુ હે હો ડ ડિ ડુ ડે ડો.
૫	સિંહ	મઘા	૪	પૂર્વાફાલ્ગુની	૪	ઉત્તરાફાલ્ગુની	૧	મ મિ મુ મે મો ટા ટિ ટુ ટે.
૬	કન્યા	ઉત્તરાફાલ્ગુની	૩	હસ્ત	૪	ચિત્રા	૨	ટો પ પિ પુ ષ ણ ઠ પે પો.
૭	તુલા	ચિત્રા	૨	સ્વાંતિ	૪	વિશાખા	૩	ર રિ રે રો રૂ તા તી તુ તે.
૮	વૃશ્ચિક	વિશાખા	૧	અનુરાધા	૪	જેષ્ટા	૪	તો ન ની નુ ને નો ય યી યુ.
૯	ધન	મૂળ	૪	પૂર્વાષાઢા	૪	ઉત્તરાષાઢા	૧	યે યો ભ ભિ ભૂ ધ ફ ઢ ભે.
૧૦	મકર	ઉત્તરાષાઢા	૩	શ્રવણ	૪	ધનિષ્ટા	૨	ભો જ જી જુ ખા ખી ખુ ગ ગી.
૧૧	કુંભ	ધનિષ્ઠા	૨	સતભિષા	૪	પૂર્વાભાદ્રપદ	૩	ગુ ગે ગો સ સી સુ સે સો દ.
૧૨	મીન	પૂર્વાભાદ્રપદ	૧	ઉત્તરાભાદ્રપદ	૪	રેવતી	૪	દિ દુ શ્ચ ઝ થ દે દો ચ ચી.

ભાવાર્થઃ—ઉપરના યંત્રની સમજ એવી છે કે આગળ નક્ષત્રના પાયાના અક્ષર દેખાડેલા છે, તેવીજ રીતે આ બાર રાશી સાથે અક્ષરોની સમજુતી આપી છે. તે એવી રીતે કે, એક રાશી સવા બે દિવસ સુધી રહે ત્યારે સવા બે નક્ષત્ર પણ રહે ત્યારે એક એક નક્ષત્રના ચાર ચાર પાયા હોય છે. માટે સવા બે દિવસના નવ પાયા થયા. તે નવ પાયાના નવ અક્ષર તેની લાઇનમાં દેખાડેલા છે. તે નવ અક્ષર પ્રમાણે માણસનું નામ જોડવામાં આવે તો જ સાચું નામ સમજવું. તે બાબત આગળ જણાવેલ છે તેમ અત્રે નવ પાયામાં નવ અક્ષરનું ગણી લેવું. વળી એ પ્રમાણે ચંદ્રમા રાશી ભોગવે છે તથા સર્વે ગ્રહ એજ પ્રમાણે સમજવા.

बार प्रकारना चंद्रमानां फलनो विचार.

जन्मस्थे कुरुते पुष्टिं । द्वितिये नास्ति निर्वृति ॥
तृतीये राज सन्माना । चतुर्थे कलहागमं ॥५०॥
पंचमे अर्थ परिभ्रंस । षष्टे धान्य धनागम ॥
सप्तमे राज्य पूजा च । अष्टमे प्राण संशय ॥५१॥
नवमे कार्य हानिश्च । सिद्धिश्च दशमे भवेत् ॥
एकादशे जयो नित्यं । द्वादशे मृत्युमादिशेत् ॥५२॥
जन्मत्रिषट् सप्तम । दशमेकादश गतः सदा शुभदः ॥
शुक्ले द्वि पंचम नवमे । स्थितोपिनिजराशितचंद्रः ॥५३॥
वेदाष्ट द्वादशे कृश्ने । शुक्ले द्वि नव पंचमे ॥
यथा रक्षेत् सुतं माता । स्तथा रक्षंति चंद्रमा ॥५४॥
जन्मस्थेन शशांकेन । पंचकार्याणि वर्जयेत् ॥
यात्रा युद्धं विवाहं च । क्षौरं गृह प्रवेशनं ॥५५॥
खले क्षेत्रे गृहे ग्रामे । व्यापारे राजदर्शने ॥
नामराशि प्रधानत्वं जन्मराशि न चिंतयेत् ॥५६॥
क्षौरे रोगी गृहे भंग । यात्रायां निर्धनो भवेत् ॥
विवाहे विधवा नारि । युद्धे च मरणं भवेत् ॥५७॥

ભાવાર્થઃ—ચંદ્રમાં જન્મનો (પહેલો હોય) તો પુષ્ટી કરે, બીજો ચંદ્રમાં દુઃખ કરે, ત્રીજો રાજમાં સન્માન કરાવે, ચોથો કલેષ કરાવે, પાંચમો અર્થનો નાશ કરાવે, છઠ્ઠો ધન ધાન્યનો સમાગમ કરાવે, સાતમો રાજમાં સન્માન કરાવે, આઠમો પ્રાણુને કષ્ટ કરાવે, નવમો કાયાની હાની કરાવે (કૃષ્ણપક્ષમાં તથા શુકલ પક્ષમાં નવમો સારો), દશમો ચંદ્રમાં સીદ્ધી કરે, અગીયારમો ચંદ્રમા સદા જય કરાવે, બારમો ચંદ્રમાં મૃત્યુ કરાવે, પહેલો, ત્રીજો, છઠ્ઠો, સાતમો, દશમો, અગ્યારમો, સદા શુભ કરે. શુકલ પક્ષમાં બીજો, પાંચમો, નવમો, શુભ જાણવો. પોતાની રાશીએ રહ્યાં થકા એ ચંદ્રમા ભલા. એવી રીતે બાર ચંદ્રમાનું ફલ કહ્યું છે. ચોથો, આઠમો, બારમો કૃષ્ણ પક્ષમાં સારો જાણવો. શુકલ પક્ષમાં બીજો, નવમો, પાંચમો ભલો. જેમ માતા પુત્રનું પાલન કરે તેમ ચંદ્રમા રક્ષણ કરે છે. પણ જન્મનો ચંદ્રમા જાત્રા, યુદ્ધ, વિવાહ, પ્રથમ મુંડન, ઘર પ્રવેશ એ પાંચ કામને વિષે વર્જવો. વળી કેટલા કામમાં નામ રાશી સર્વ ગ્રહમાં લેવી તે કહે છે. ખળે એટલે ખેતરમાં, ઘર પ્રવેશમાં, ગામ જવામાં, વેપારમાં, રાજાની મુલાકાતમાં, એટલા કામમાં નામની રાશી પ્રધાન જાણવી. જન્મ રાશી ન જોવી એમ શાસ્ત્રનું પ્રમાણ છે.

ઉપર કહ્યા પ્રમાણે ન કરે તો તેનું ફળ નીચે પ્રમાણેઃ—

પ્રથમ ચંદ્રમામાં મુંડન કરાવે તો રોગી થાય, ઘર બંધાવે તો ઘરભંગ થાય, જાત્રાએ જાય તો નિષ્ફળ થાય, વિવાહ કરે તો સ્ત્રી વિધવા થાય, યુદ્ધમાં જાય તો મરણ થાય, એવી રીતે જાણી જન્મનો ચંદ્રમા ઉપરના કામમાં વર્જવો. ॥ ૫૦—૫૭ ॥

तारावल विचार.

यत्रचंद्रयुते जन्म । यस्यततस्य जन्मभं ।
ततश्चदशमकर्म । स्यादाधानां ततोपि च ॥५८॥
त्रिरेभ्यो नवतारास्तु । त्यजेत्पंचत्रिसप्तमि ॥
शुभा शेषा कृशेचंद्रे । ग्राह्यमा संवलं बुधैः ॥५९॥

जन्मर्क्षं गणेयदादौ । दिन रिक्षंतु यावतः ॥
नवभिस्तु हरेत् भागं । शेषा तारा विनिर्दिशेत् ॥६०॥
शांतामनोहराक्रूरा । विजयाचकुलद्भवा ॥
पद्मनी राक्षसी बाला । आनंदा नवमि स्मृता ॥६१॥
जन्मतारा द्वितिया च । षष्टि चैव चतुर्थिका ॥
अष्टमि नवमि चैव । षट् तारा फलदायका ॥६२॥
नवमि षष्टि चतुर्थि । उत्कृष्टा भवति सर्व ताराणां ॥
द्विप्रथमाष्टम माध्या । त्रिपंचसप्ताधमास्तारा ॥६३॥
आधान जन्म सप्तत्रि । पंचम्योनगभे शुभा ॥
एता च भ्युद्यते रोगो । चिरंक्लेशोधवामृति ॥६४॥

ભાવાર્થ:—જે નક્ષત્રમાં જન્મ હોય તે જન્મ નક્ષેત્ર કહેવાય. તે નક્ષેત્રથી દશમું નક્ષેત્ર કર્મનક્ષેત્ર કહીએ. કર્મનક્ષેત્રથી દશમું આધાન નક્ષેત્ર કહેવાય.

જન્મનક્ષેત્રથી ત્રણ ત્રણ નક્ષેત્રની એક એક નાડી કહેવાય. તેમાં પાંચમી, ત્રીજી, સાતમી તારા વર્જવી. બાકી તારા લેવી.

જન્મ નક્ષેત્રથી દીન નક્ષેત્ર સુધી ગણી તેને નવે ભાગ દેતાં શેષ રહે તે તારાં જાણવા.

હવે તારાના નામ કહે છે:—પ્રથમ શાન્તા, બીજી મનોહર, ત્રીજી ક્રુર, ચોથી વીજયા, પાંચમી કુલોદ્ભવા, છઠી પદ્મની, સાતમી રાક્ષસ, આઠમી બાળા, અને નવમી આનંદા.

જન્મની બીજી, છઠ્ઠી, ચોથી, આઠમી, નવમી એ છ તારા ભલી (ફળદાયક) જાણવી.

નવમી, છઠ્ઠી, ચોથી, તારા સર્વમાં શ્રેષ્ઠ છે; બીજી, પેલી, આઠમી તારા મધ્યમ છે; ત્રીજી, પાંચમી, સાતમી તારા અધમ છે માટે તે ત્યાગ કરવી. કૃષ્ણપક્ષમાં પહેલી, સાતમી, ત્રીજી, પાંચમી તારા ચાલવામાં શુભ છે; પણ એ તારામાં જો રોગ થાય તો મૃત્યુ પામે. ॥ ૫૮–૬૪ ॥

તારા બલ યંત્ર.

તારા.	મધ્યમ	મધ્યમ	જઘન્ય	ઉતકૃષ્ટ	જઘન્ય	ઉેતકૃષ્ટ	જઘન્ય	મધ્યમ	ઉતકૃષ્ટ
જન્મ	અશ્વ	ભરણી	કૃતિકા	રોહિ	મૃગશિ	આદ્રા	પુનર્વસુ	પૂષ્ય	અશ્લે
કર્મ	મઘા	પૂર્વા	ઉત્તરા	હસ્ત	ચિત્રા	સ્વાંતિ	વિશા	અનુ	જયેષ્ટા
આધાન	મૂલ	પૂર્વા.	ઉત્તરા	શ્રવણ	ધનિ	શત	પૂર્વા	ઉત્તરા	રેવતિ
૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

चंद्रभंग विचार.

न कृष्णपक्षे शशिनः प्रभावः । ताराबलं तत्र विचारणिया ॥
देशांतरस्थे विकले च पत्यौ । सर्वाणि कार्याणि करोति नारी ॥६५॥
तारा बलेन किं तत्र । चंद्रमायविदुर्बलं ॥
नहिं आधार ते वल्ली । न पतंति महा द्रुमं ॥६६॥

ભાવાર્થઃ—કૃષ્ણપક્ષમાં ચંદ્રમાનો પ્રભાવ (બળ) નહિ માટે તારાનું બળ વિચારવું. તે ઉપર દ્રષ્ટાંત કહે છે. જેમ, કોઇ સ્રીનો સ્વામી દેશ પરદેશ ગયો હોય અથવા ગાંડો થયો હોય ત્યારે તે સ્રી પોતાના ઘરનું કામકાજ સારી રીતે ચિત્ત રાખી કરતી નથી પણ તેનું ચિત્ત બેભાન રહે છે; તેમ ચંદ્રમાં કૃષ્ણપક્ષમાં ક્ષીણ કળાનો હોવાથી તે બરાબર ફળ આપી શકતો નથી તે માટે તારાનું બળ જોવું, અને તેથી શુભાશુભ ફળનો વિચાર લેવો. તે પૂર્ણ ફળ આપે છે એમ શાસ્રમાં કહ્યું છે. વળી કોઇ આચાર્યનો મત એવો છે, કે જેમ મોટું છે પડે ત્યારે ઉપર ચઢેલી વેલીઓ તે વૃક્ષને આધાર આપી શકતી નથી તેમ ચંદ્રમા દુર્બળ હોય તો તારા બળથી શું થાય ? ॥ ૬૫-૬૬ ॥

भद्रा विचार.

शुक्ले चोथ एकादशि रात्रौ । अष्टमि पूर्णिमादिवा ॥
कृष्णंच त्रिदशा रात्रौ । दिपा सप्त चतुर्दशि ॥६७॥
(क्रिन्ह निशितइए दशमि । सप्तमिचाउदशि च अहवुठी ॥
शुक्ले चतुर्थि एकाराशिनिशि । अठमि पुनिमा दिवा) ॥६८॥
रात्रिभद्रादिवायस्य । दिवा भद्रा यदा निशी ॥
न तत्र भद्रा दोषस्यात् । सर्व कार्याणि साधयेत् ॥६९॥

ભવાર્થ:—શુકલપક્ષમાં ચોથ તથા અગીઆરશે રાત્રીના ભાગમાં વીષ્ટી જાણવી; અને આઠમ તથા પુનમે દીવસના ભાગમાં વીષ્ટી જાણવી, અને કૃષ્ણપક્ષમાં ત્રીજ તથા દશમે રાત્રીના ભાગમાં વીક્ષી જાણવી. અને સાતમ તથા ચૌદશે દીવસના ભાગમાં વીષ્ટી જાણવી. રાત્રીના ભાગની ભદ્રા દિવસે આવે તથા દીવસના ભાગની ભદ્રા રાત્રે આવે તો તે ભદ્રાનો દોષ નહી. તે વીષ્ટી સર્વ કાર્યની સીદ્ધી કરે. ॥ ૬૭-૬૯ ॥

भद्रानी घडी तथा स्थान विचार अने तेनुं फल.

विष्टिर्मुखे कला पंच । कंठे द्वे हृदये दश ॥
नाभौ पंच कटौ पंच । पुच्छे तिस्र कला स्मृता ॥७०॥
विष्टिरंगेषु षट्स्वेषु । करोत्येव मुखादिषु ।
कार्य हानि मृतिर्नैस्व । बुद्धिर्नाश कलिर्जयं ॥७१॥

ભાવાર્થ:—ભદ્રા એટલે વીષ્ટી તે મુખે પાંચ ઘડી, કંઠે બે ઘડી, છાતીમાં દશ ઘડી, નાભીમાં પાંચ ઘડી, કેડે પાંચ ઘડી, અને પુંછે ત્રણ ઘડી જાણવી. વીષ્ટીના છ અંગ છે. તેના મુખની પાંચ ઘડીમાં કામ કરે તો કાર્યની હાની થાય, કંઠની બે ઘડીમાં કામ કરે તો મૃત્યુ થાય, છાતીની દશ ઘડીમાં કામ કરે તો કાર્ય નિષ્ફળ થાય, નાભીની પાંચ ઘડીમાં કામ કરે તો બુદ્ધિનો નાશ થાય, કેડની પાંચ ઘડીમાં કામ કરે તો કલેષ થાય, અને

પુંછની ત્રણ ઘડીમાં કામ કરે તો કાર્યની સીદ્ધી થાય. એ રીતે ભદ્રાનુ ફળ જાણવું. ॥ ૭૦-૭૧ ॥

विष्टीनी दिशाओनां स्थानक तथा भद्राना पुंछनी समज.

ऋश्न पक्षे त्रतियायां । मुखंचैदग्निगोचरे ॥
सप्तम्यांनैरतेवंद्या । दशम्या वायगोचरे ॥७२॥

ईशानां चतुर्दशिज्ञेया । वीष्टी वक्रंतु वर्जयेत् ॥
चतुर्थि शूक्लपक्षे च । विष्टि वक्रंतु दक्षिणे ॥७३॥

अष्टम्यांपश्चिमेवंद्या । एकादशितुनुतरे ॥
पूर्णिमा पूर्वतो ज्ञेया । विष्टि वक्रंतु वर्जयेत् ॥७४॥

दशम्यामष्टभ्यां प्रथम घटीका पंचक परं ।
हरिद्युसप्तम्यौ त्रिदशक्रा तेत्रि घटीकां ॥
त्रतियायांराकासुकुद्धि घटीकां तेत्रि घटिका ।
ध्रुवं वृष्टि पुच्छे शिव तिथी चतुथ्योश्वविगमे ॥७५॥

मनुवसू मुनि तिथी यग्दिग् । शिवगुण संख्या स्रुतिथी पूर्वदो ॥
तद्वत् प्रहरेष्प्यष्टसु । प्रष्टेसु भद्रा पुरोषु वा विष्टी ॥७६॥

ભાવાર્થઃ—કૃષ્ણપક્ષની રાત્રીમાં ત્રીજ તીથીએ અગ્નિ ખુણામાં ભદ્રાનું મુખ હોય છે, સાતમે નૈરૂત્ય ખુણામાં ભદ્રાનુ મુખ હોય છે, દશમે વાયવ્ય ખુણામાં ભદ્રાનું મુખ હોય છે, અને ચૌદશે ઇશાન ખુણામાં ભદ્રાનું મુખ હોય છે; માટે જે દીશાએ ભદ્રાનું મુખ હોય તે દીશા વર્જવી. શુકલપક્ષની ચોથ તીથીએ ભદ્રાનું મુખ દક્ષિણ દીશામાં હોય છે, આઠમે ભદ્રાનું મુખ પશ્ચિમ દીશામાં હોય છે, અગીઆરસે ભદ્રાનુ મુખ ઉત્તર દીશામાં હોય છે, અને પુનમે ભદ્રાનું મુખ પૂર્વ દીશામાં

હોય છે. ઉપર પ્રમાણે ભદ્રાના મુખ તરફ ન જવું એમ વિદ્વાન પુરૂષો કહે છે. દશમે તથા આઠમે પ્રથમની પાંચ ઘડી ઉપરાંત ત્રણ ઘડી ભદ્રાના પુંછની જાણવી, અગીઆરશે તથા સાતમે પ્રથમ તેર ઘડી ઉપરાંત ત્રણ ઘડી પુંછની જાણવી, ત્રીજ તથા પુનમે પ્રથમની એકવીસ ઘડી ઉપરાંત ત્રણ ઘડો પુછની જાણવી, અને ચોથ તથા ચૌદશે પ્રથમની છવીસ ઘડી ઉપરાંત ત્રણ ઘડી પુછની જાણવી.

ચૌદશ, આઠમ, સાતમ, પુનમ, ચોથ, દશમ, અગીઆરશ, ત્રીજ એ તીથીઓમાં ભદ્રા લાગે તે સમયે પાંચ ઘડી ભદ્રાનું મુખ કહ્યું છે તે નીષેધ કરેલું છે. ભદ્રાની અંતની ઘડીમાં પુછ આવે તે સારી છે એમ મુહૂર્ત ચિન્તામણીમાં કહ્યું છે. ॥૭૨-૭૬॥

भद्रा राशी विचार.

मिन मेष वृष कर्कट स्वर्गे । मकर तुला वृश्चिक धन नागे ॥
कन्या मिथुन घट केसरि मृत्यु । विचरित भद्रा त्रिभुवन मध्ये ॥७७॥

ભાવાર્થઃ-મીન ૧૨, મેષ ૧, વરખ ૨, કર્ક ૪, એ ચાર રાશીની ભદ્રા સ્વર્ગમાં રહે છે. મકર ૧૧, તુલા ૭, વૃશ્ચીક ૮, ધન ૯, એ ચાર રાશીની ભદ્રા પાતાળમાં રહે છે. કન્યા ૬, મિથુન ૭, કુંભ સીંહ એ ચાર રાશીની ભદ્રા મૃત્યુલોકમાં રહે છે, તેમાં મૃત્યુલોકની સર્વથા પ્રકારે વર્જવી. ॥ ૭૭ ॥

विष्टी मुख विचार.

दिवासप्पमुखी प्रोक्ता । रात्रौवृश्चिकमेव च ॥
विपरिता चयाभद्रा । साभद्रा भद्रदाइनि ॥७८॥
भद्रा तिस डी घसंयुति । आठ घडीका सुस्वर्ग पोहति ॥
सोल घडी महीयल मति । षट् घटिका पाताल वदिति ।७९।
स्वर्गे विचरति राज्यं । पाताले च धनागम ।
मृत्युलोके महा कष्टं । त्रिभि भद्रा विचारणा ॥८०॥

आयाते घटिका पंच । वर्तमानां दशास्मृता ।
मध्ये च द्वादशि मोक्ता । अंते त्रि घटिका जयं ॥८१॥

आदौ धन विनाशाय । वर्तमान भयं करि ॥
मध्ये प्राण हराज्ञेया । विष्टि पुछे धृवं जयं ॥८२॥

ભાવાર્થઃ—દીવસે વીષ્ટી પુર્વમુખી કહીએ, અને રાત્રે પશ્ચીમ મુખી કહીએ. રાત્રીની ભદ્રા દીવસે આવે, અને દીવસની ભદ્રા રાત્રે આવે તે શુભ છે. ભદ્રા ત્રીસ ઘડી ભોગવે છે. તેમાં આઠ ઘડી સ્વર્ગમાં રહે, સોળ ઘડી મૃત્યુલોકે રહે, અને ૬ ઘડી પાતાળમાં રહે. હવે તેનાં ફળ કહે છે. સ્વર્ગમાં ભદ્રા હોય તે વખતે કામ કરે તો રાજ મળે, પાતાળમાં ભદ્રા હોય તે વખતે કામ કરે તો ધન મળે, મૃત્યુલોકમાં ભદ્રા હોય તે વખતે કામ કરે તો દુઃખ ભોગવે. એમ ભદ્રાની ત્રીસ ઘડીનું ફળ કહ્યું છે. ભદ્રા બેસતા પહેલી પાંચ ઘડી તથા મધ્યની દશ ઘડી તથા બાર ઘડી પાછલી તથા ત્રણ ઘડી છેલ્લી એમ તેનું ફળ જાણવું. પ્રથમની પાંચ ઘડી ધનનો નાશ કરે, વર્તમાનની દશ ઘડી ભય કરે, મધ્યની બાર ઘડી પ્રાણ હરે, અને છેલ્લી ત્રણ ઘડી જય કરે. ॥ ૭૮–૮૨ ॥

प्रहरार्ध कुलीक उपकुलीक कंटक योग विचार.

मनुर्क्ष दिग्वसुरितु वेद पक्ष । रंकीन् मुहुर्ते कुलिका भवत्ति ॥
दिवानिरेके रथयामिनीपु । तेगीर्हता कर्मसु सोभनेषु ॥८३॥

कुलिकोप कुलिक कंटका नामनिशौरिभौमांता ॥
दोशास्यु प्रतिवारं वर्ज्या प्रहरार्द्धमीहवी बुधैः ॥८४॥

शन्यातः कुलिकः । जिवंत उपकुलिक ।
भौमंत कंटकः सदार्द्ध प्रहराख्या ।
वारेष्वकीदिषुक्रमात्। चतुसप्तद्विपंचाष्ट। त्रिषष्टा शुभ कर्मसु॥८५॥

શ્રી કુલીકયોગ યંત્ર.

રવી	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની	ગ્રહનાં નામ
૧૪	૧૨	૧૦	૮	૬	૪	૨	દિન કુલિક
૧૩	૧૧	૯	૭	૫	૩	૧	રાત્રી કુલિક
રવી	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની	સાત વાર
૭	૬	૫	૪	૩	૨	૧	કુલિકયોગ
૫	૪	૩	૨	૧	૭	૬	ઉપકુલિકયોગ
૩	૨	૧	૭	૬	૫	૪	કંટકયોગ
રવી	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની	સાત વાર
૪	૭	૨	૫	૮	૩	૬	અર્દ્ધપ્રહર
રવી	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની	સાત વાર
૮	૩	૬	૧	૪	૭	૨	કાલવેલા
ગુરૂ	૧૩	૮	૪	૯	૧૪		સ્થિવરયોગ
શની	કૃત્તિકા	આર્દ્રા	અશ્લેષા	ઉત્તરા	સ્વાતિ	જ્યેષ્ટા	ઉ.ષા.સત્.રેવ

ભાવાર્થ:—રવીવારે ૨૬ ઘડી દીવસ ગયા પછી બે ઘડી કુલીકયોગ જાણવો. સોમવારે ૨૨ ઘડી દીવસ ગયા પછી બે ઘડી સુધી કુલીકયોગ જાણવો. મંગળવારે ૧૮ ઘડી દીવસ ગયા પછી બે ઘડી સુધી કુલિકયોગ જાણવો. બુધવારે ૧૪ ઘડી દીવસ ગયા પછી બે ઘડી સુધી કુલિકયોગ જાણવો. ગુરૂવારે ૧૦ ઘડી દીવસ ગયા પછી બે ઘડી સુધી કુલિકયોગ જાણવો. શુક્રવારે ૬ ઘડી દીવસ ગયા પછી બે ઘડી સુધી કુલિકયોગ જાણવો. શનીવારે ૨ ઘડી દીવસ ગયા પછી બે ઘડી સુધી કુલિકયોગ જાણવો. એવી રીતે કુલીકયોગ શુભ કામમાં તજવો.

કુલીક ઉપકુલીક ને કંટક નામના જે યોગ છે તેમાં રવીવારથી શનીવાર સુધી કુલીક આવે, રવીવારથી ગુરૂવાર સુધી ઉપકુલીક આવે, અને રવીવારથી મંગળવાર સુધી કંટક આવે.

ઊપરના ત્રણ યોગનું ઉદાહરણ નીચે પ્રમાણે:—

રવીવારથી શનીવાર સાતમો થયો માટે સાતમું મુહુરત કુલીક આવે. રવીવારથી ગુરૂવાર પાંચમો થયો માટે પાંચમું મુહુરત ઉપકુલીક આવે. રવીવારથી મંગળવાર ત્રીજો થયો માટે ત્રીજું મુહુ

૨૭ કંટકયોગ આવે. એમ સાતે વારે ગણતાં અનુક્રમે ત્રણ યોગ વાર પરત્વે આવે. વિશેષ ઉપર યંત્રમાં જોવાથી જણાશે.

રવીવારે ચોથા પેહોરને અર્ધો પોહોર, સોમવારે સાતમા પોહોરને અર્ધો પોહોર, મંગળવારે બીજા પોહોરને અર્ધો પોહોર, બુધવારે પાંચમા પોહોરને અર્ધો પોહોર, ગુરૂવારે આઠમા પોહો-રનો અર્ધો પોહોર, શુક્રવારે ત્રીજા પોહોરનો અર્ધો પોહોર, શની-વારે છઠ્ઠા પોહોરનો અર્ધો પોહોર. ઉપર પ્રમાણે શુભ કામમાં અર્ધો પોહોર વર્જવો. ॥ ૮૩–૮૫ ॥

काळ वेळा.

आद्या बुद्धे सूर्य सुते द्विितिया । सोमे तृतिया च गुरौ चतुर्थि ॥
षष्टीकुजे सप्तमिका शुक्रे । सूर्याष्टमि काळ कला विवर्ज्या ॥८६॥

ભાવાર્થઃ—બુધવારનું પહેલું ચોઘડીયું કાળ વેળા, શનિ-વારનું બીજું ચોઘડીયું કાળ વેળા, સોમવારનું ત્રીજું ચોઘડીયું કાળ વેળા, ગુરૂવારનું ચોથું ચોઘડીયું કાળ વેળા, મંગળવારે છઠું ચોઘડીયું કાળ વેળા, શુક્રવારે સાતમું ચોઘડીયું કાળ વેળા, રવીવારે આઠમું ચોઘડીયું કાળ વેળા; એવી રીતે કાળ વેળા સારા કામમાં તજવી. ॥ ૮૬ ॥

स्थिवर योग.

त्रयोदस्याष्टमिरिक्ता । स्थिवरेस्यात् गुरु शनि ॥
कृतिकादि ध्यंतराणि । रोगेच्छेदादिकं शुभं ॥८७॥

ભાવાર્થઃ—તેરશ, આઠમ, ચોથ, નોમ, ચાદશ એટલી તીથીમાં ગુરૂવાર તથા શનીવાર આવે તથા કૃતિકા, આદ્રા, અશ્લેષા, ઉત્તરા ફાલ્ગુણી, સ્વાતિ, જ્યેષ્ટા, ઉત્તરાષાઢા, સતભિષા, રેવતી એવી રીતે કૃતિકાથી બબ્બે નક્ષત્ર મુકીને એ નક્ષત્ર તથા વાર ઉપર કહ્યા પ્રમાણે તીથી સાથે હોય તો સ્થિવર યોગ જાણવો. એવી રીતે સ્થિવર યોગમાં ઔષધ કરે તો રોગ જાય. એ બીના યોગના યંત્રમાંથી જોઈ લેવી. ॥ ૮૭ ॥

कर्क योग.

षष्टितु शनिवारेण । शुक्रेणैवतु सप्तमि ॥
अष्टमि गुरुवारेण । नवमि च बुधैः पुन ॥८८॥
दशमि भुमि पुत्रेण । सोमे एकादशीस्तथा ॥
सूर्येण द्वादशी प्रोक्ता । कर्कयोगा प्रकिर्त्तिता ॥८९॥

ભાવાર્થઃ—છઠ ને શનીવાર હોય, સાતમ ને શુક્રવાર હોય, આઠમ ને ગુરૂવાર હોય, નોમ ને બુધવાર હોય, દશમ ને મંગળવાર હોય, અગીયારશ ને સોમવાર હોય, બારશ ને રવિવાર હોય તો કર્ક યોગ જાણુવો. ॥ ૮૮-૮૯ ॥

यमघंट योग.

सूर्यपंचदशात्रयो दशमि । तासोमेकुजेष्टादश ।
एकासोमसुते गुरु मुनि । समा शुक्रे तथा सप्तकं ॥
त्याज्यासूर्य सुते तथैव । घटिका सप्ताधिकानो पुनः ।
ख्यातोयां यमघंटयोग । कलितं कालौ विवर्ज्यौ बुधैः ॥९०॥
मघार्कवारे शशिने विशाखा । आद्रा कुजे सोमे सुते च मूलं ॥
गुरु च कृतिका ब्रह्मवति शुक्रे । शनौ च हस्ते यम घंट योगः ॥९१॥
यमघंटेमतेमृत्यु । कुलच्छेदोकर गृहे ॥
कर्तुंमृत्युप्रतिष्टायां । शिशुजातो न जीवती ॥९२॥

ભાવાર્થઃ—રવિવારે પંદર ઘડી, સોમવારે તેર ઘડી, મંગળવારે અઢાર ઘડી, બુધવારે એક ઘડી, ગુરૂવારે સાત ઘડી, શુક્રવારે સાત ઘડી, શનીવારે સાત ઘડી, એટલી એટલી ઘડી યમઘંટની છે, તે ત્યાગ કરવી. તે યમઘંટ કયારે આવે છે તે કહે છે. રવિવારે મઘા નક્ષત્ર હોય, સોમવારે વીશાખા હોય, મંગળવારે આર્દ્રા હોય, બુધવારે મુળ હોય, ગુરૂવારે કૃતિકા હોય, શુક્રવારે રોહિણી હોય, અને શનીવારે હસ્ત હોય તો યમઘંટ જાણુવો. એ યમઘંટ યોગમાં ગામ જાય તો મરણુ થાય, લગ્ન કરે તો કૂળનો

નાશ થાય, પ્રતિષ્ટા કરે તો તે કરનાર મરે, અને પુત્ર જન્મે તો મરણુ પામે. ॥ ૯૦-૯૨ ॥

अमृत सिद्धि योग.

आदित्य हस्तो गुरुणा च पुष्यो । बुधानुराधा शनि रोहिणी च॥
सोमेन सोम्या भृगु रेवति च । भौमाश्विनीचामृत सिद्धि योगाः॥९३॥

ભાવાર્થ:—રવિવારે હસ્ત નક્ષત્ર હોય, ગુરૂવારે પુષ્ય હોય, બુધવારે અનુરાધા હોય, શનીવારે રોહિણી હોય, સોમવારે મૃગશર હોય, શુક્રવારે રેવતી હોય, અને મંગળવારે અશ્વિની હોય તો અમૃત સીદ્ધિ યોગ જાણવો. એ યોગમાં કામ કરે તો સીદ્ધ થાય. ॥ ૯૩ ॥

उत्पात, मृत्यु, कांण योग.

विशाखात्रयमादित्यं । पूर्वाषाढात्रयं शशि ॥
धनिष्टादि त्रयं भौमे । बुद्धे स्यात् रेवतित्रयं ॥९४॥
रोहिण्यादित्रयंजीवे । पुष्यत्रयं च भार्गवे ॥
त्रयमुत्तराफाल्गुण्यां । शनिवारे विवर्जयेत् ॥९५॥
विशाखादि चतुष्केषु । भास्करादौक्रमेण च ॥
उत्पात मृत्युकांणाश्च । मृत्यु योगा प्रकिर्त्तिता ॥९६॥

ભાવાર્થ:—રવીવારે વિશાખા નક્ષત્ર હોય તો ઉત્પાત યોગ જાણવો. રવીવારે અનુરાધા હોય તો મૃત્યુ યોગ જાણવો. રવીવારે જયેષ્ટા હોય તો કાંણુ યોગ જાણવો. એવી રીતે સોમવારે પુર્વાષાઢાથી ત્રણુ નક્ષત્રમાં ક્રમવાર ઉત્પાત, મૃત્યુ તથા કાંણુ યોગ આવે, મંગળવારે ધનિષ્ટા નક્ષત્રથી ત્રણુ નક્ષત્રમાં ક્રમવાર ઉત્પાત, મૃત્યુ તથા કાંણુ યોગ આવે, બુધવારે રેવતી નક્ષત્રથી ત્રણુ નક્ષત્રમાં ક્રમવાર ઉત્પાત, મૃત્યુ તથા કાંણુ યોગ આવે, ગુરૂવારે રોહિણી નક્ષત્રથી ત્રણુ નક્ષત્રમાં ક્રમવાર ઉત્પાત, મૃત્યુ, તથા કાંણુ યોગ આવે, શુક્રવારે પુષ્ય નક્ષત્રથી ત્રણુ નક્ષત્રમાં ક્રમવાર ઉત્પાત,

મૃત્યુ, તથા કાંણુ યોગ આવે, શનીવારે ઉત્તરાફાલ્ગુણી નક્ષત્રથી ત્રણ નક્ષત્રમાં ક્રમવાર ઉત્પાત, મૃત્યુ, તથા કાંણુ યોગ આવે. એ યોગમાં શુભ કામ કરવું નહીં. ॥ ૯૪-૯૬ ॥

वज्रपात योग.

हस्त मुलं मघा रोहे । अनुराधा उत्तरात्रयं ॥
वजूपात क्रमात् सप्त । पंचतुर्य द्वि त्रिके तिथौ ॥९७॥

ભાવાર્થ:—હસ્ત, મુળ, મઘા, રોહિણી, અનુરાધા, ત્રણ ઉત્તરા; એ નક્ષત્રમાં ક્રમવાર સાતમ, પાંચમ, ચોથ, બીજ, ત્રીજ આવી હોય તો વજ્રપાત યોગ જાણુવો. એ યોગમાં ગઢ, કીલ્લા, મકાન, મઠ, મંદિર, બંધાવે તો તેના ઉપર પથ્થર પ્રમુખનો પ્રહાર પડે; માટે તે યોગ ત્યજવો. ॥ ૯૭ ॥

विजय योग.

द्वौ प्रहरौ घटिकाहिनौ । द्वौ प्रहरौ घटिकाधिकौ ॥
विजयोनांमयोगोयं । सर्व कार्या प्रसाधकः ॥९८॥

ભાવાર્થ:—વિજયયોગ નિત્ય આવે છે. તે એવી રીતે કે દરરોજ બપોરે તેની ગણત્રી. દીવસના ચાર પહોર તેના પહેલાં બે પહોરની છેલ્લી ઘડી તથા બીજા બે પહોરની પહેલી ઘડી એ બે ઘડી વિજયયોગ છે. તે યોગમાં સર્વ કાર્યની સીદ્ધિ થાય. તે વિજય યોગ રાજદ્વાર, દેવ દરબારમાં સર્વ લોકોએ માનવો એવું શાસ્ત્રનું વચન છે. ॥ ૯૮ ॥

संवर्त्तक योग.

प्रतिपत् तृतियाज्ञेन । सप्तम्यां शनिसूर्ययो ॥
षष्ट्यां गुरु द्वितियायां । शुक्रौ संवर्त्तको भवेत् ॥९९॥

ભાવાર્થ:—પડવો, ત્રીજ ને બુધવાર હોય, સાતમ ને શની-વાર તથા રવીવાર હોય, છઠ્ઠ ને ગુરૂવાર હોય, બીજ ને શુક્રવાર હોય તો સંવર્ત્તક યોગ જાણુવો. એ યોગ ચોમાસાની ઋતુમાં હોય તો વરસાદનો યોગ સારો સમજવો. ॥ ૯૯ ॥

कालमुखी योग.

अनुराधा द्वितिया च । तृतिया उत्तरात्रयं ॥
पंचमि मघा संयुक्ता । हस्ते मूले च सप्तमि ॥१००॥
षष्टी रोहिणी काचैव । चित्रा स्वांति त्रयोदशी ॥
एषु योगेषु यत् कर्म । षष्ठे मासे मृति ध्रुवं ॥१॥
उत्तरा पंचमिअ मघा । कित्तिय नवमि अतइअ अणुराहा ॥
अष्टमि रोहिणी सहिवा । काल मुहि जिवनासयरी ॥२॥

ભાવાર્થઃ—અનુરાધા ને બીજ હોય, ત્રણુ ઉત્તરા (ઉત્તરા ફાલ્ગુણી, ઉત્તરાષાઢા, ઉત્તરા ભાદ્રપદ) ને ત્રીજ હોય, મઘા ને પાંચમ હોય, હસ્ત અથવા મુળ ને સાતમ હોય, રોહિણી ને છઠ્ઠ હોય, ચિત્રા અથવા સ્વાતિ ને તેરશ હોય તો તે યોગ મહા નષ્ટ છે; માટે એ યોગમાં શુભ કામ કરવું નહિ. કરે તો છ માસમાં તેનું મૃત્યુ થાય. ઉત્તરા અથવા મઘા નક્ષત્ર ને પાંચમ હોય, કૃતિકા ને નોમ હોય, અનુરાધા ને ત્રીજ હોય, આઠેમ ને રોહિણી હોય તો કાળમુખી યોગ જાણુવો. શુભ કામમાં તે યોગ ત્યજવો. ॥૧૦૦–૨॥

रवी योग.

चतुर्थि षष्टि नवमे । दशमे च त्रयोदशे ॥
बिशे दिने सभाधिक्षे । रवि योगः शुभास्तथा ॥३॥
इकसभएपंचाणस्स । भजंति गयघड सहस्स ॥
तहर वियोग पइठा । गयणं मिगहानदिसंति ॥४॥
सर्व विरुद्धे दिवसै । यद्यैको भवति सूर्य जोगस्तु ॥
हिमवदिन कर किरणे । सर्वे दोषा मक्रियंते ॥५॥

ભાવાર્થઃ—સૂર્યના નક્ષત્રથી દીવસના નક્ષત્ર સુધી ગણુતાં જો દિવસનું નક્ષત્ર ચોથું, છઠ્ઠું, નવમું, દસમું, તેરમું હોય તો રવિયોગ જાણુવો. એ યોગમાં શુભ કાર્ય કરવું. દ્રષ્ટાંતઃ જેમ સિંહ વનમાં એકલો રહે છે પણુ તેની સામે હજારો બળવાન હાથીઓ

હોય તોપણ હાથીઓ નાશી જાય છે તેમ એ રવીયોગ શુભ હોય તો અશુભ યોગ નાશી જાય છે. વળી સર્વે યોગ ખરાબ હોય પણ એક રવિ યોગ સારો હોય તો બીજા યોગની પ્રબળતા ચાલતી નથી. જેમ, સૂર્યના કીરણથી હીમાચળ પર્વતનું હીમ ગળી જાય છે તેમ અશુભ યોગને ગાળી નાંખે છે. ॥ ૩–૫ ॥

अट्ठावीश योग आववानो प्रकार.

अश्वनी मृगशीर्ष च । अश्लेषा हस्त एव च ॥
अनुराधोत्तराषाढा । शतभिषा च रवेक्रमात् ॥६॥
एतं नक्षत्रतोवर्त्त । मानवारक्ष संख्यया ॥
आनंदाद्युपयोगास्यु । स्वनाम सदृशं फलं ॥७॥
आनंद काल दंडश्च । प्रजापति शुभस्तथा
सौम्यो ध्वाक्षो ध्वजश्चैव । श्री वत्सो वज्रमुद्गरो ॥
छत्रो मित्र मनोज्ञश्च । कंपो लुपक एव च ॥
प्रवाशो मरणं व्याधि । सिद्ध शूलामृतो तथा ॥८॥
मुशलो गज मातंग । क्षय क्षिप्र स्थिरस्तथा ॥
वर्द्धमान श्चेतिनामास्यु । अष्टाविंशतिते क्रमात् ॥९॥

ભાવાર્થઃ—રવિવારે અશ્વની નક્ષત્રથી દીનીઆ નક્ષેત્ર સુધી ગણવું. ગણતાં જે સંખ્યા આવે તે યોગ આનંદયોગ વિગેરે જાણુવા. સોમવારે મૃગશર નક્ષેત્રથી, મંગળવારે અશ્લેષા નક્ષેત્રથી, બુધવારે હસ્તથી, ગુરૂવારે અનુરાધાથી, શુક્રવારે ઉત્તરષાઢા નક્ષેત્રથી, શનીવારે સતભીષાથી વર્તમાન નક્ષેત્ર સુધી ગણવું. જે ક્રમ આવે તે આનંદાદિક યોગ જાણવો. તે યોગોનું ફળ તેનાં નામ પ્રમાણે આવે છે. તે અઠ્ઠાવીશ યોગનાં નામ ક્રમવાર કહે છેઃ—૧ આનંદ, ૨ કાળદંડ, ૩ પ્રજાપતિ, ૪ શુભ, ૫ સૌમ્ય, ૬ ધ્વાંક્ષ, ૭ ધ્વજ, ૮ શ્રી વત્સ, ૯ વજ્ર યોગ, ૧૦ મુદ્દગર, ૧૧ છત્રયોગ, ૧૨ મિત્ર, ૧૩ મનોજ્ઞ, ૧૪ કંપ, ૧૫ લુપક, ૧૬ પ્રવાસ, ૧૭

મરણ, ૧૮ વ્યાધિ, ૧૯ સિદ્ધ, ૨૦ શૂલ, ૨૧ અમૃત, ૨૨ મુશલ, ૨૩ ગજ, ૨૪ માતંગ, ૨૫ ક્ષય, ૨૬ ક્ષિપ્ર, ૨૭ સ્થિર, ૨૮ વર્દ્ધમાન. એ રીતે અઠ્ઠાવીશ યોગ જાણુવા.

कुमार योग.

नंदायां पंचम्या शुभो दशम्यां । कुजज्ञ शशी भृगुभि ॥
द्वयं तरिताश्विन्यादिभि । रुडुभिर्योग कुमाराख्या ॥१०॥
बंगाल मुनि प्रोक्तं । कुमार योगे दिने सदोषेपि ॥
अस्मिन् योगे कार्या । दिक्षा यात्रा प्रतिष्टादौ ॥११॥

ભાવાર્થ:—નંદા તીથી ૧, ૬, ૧૧, ૫, ૧૦ એ પાંચ તીથીઓમાં મંગળવાર, બુધવાર, સોમવાર, શુક્રવાર તથા અશ્વની નક્ષેત્રથી બબ્બે નક્ષેત્ર મુકીને નક્ષત્ર લેવું, એટલે અશ્વની, રોહિણી, પુનર્વસુ એ પ્રમાણે ગણુતાં તે તીથી વાર તથા નક્ષત્ર મળે તો કુમાર યોગ જાણુવો. આ કુમાર યોગ ચોમાસામાં આવે તો તે દિવસે વરસાદ થાય એવો સંભવ છે. કુમાર યોગનું ફળ ઉપર પ્રમાણે બંગાલ મુનિએ કહ્યું છે. તે દિક્ષા, યાત્રા, પ્રતિષ્ટાદિ ધર્મ કાર્યમાં શુભ ફળ આપે છે. ॥ ૧૦-૧૧ ॥

राज योग.

पूर्णिमा तृतिया भद्रा । भृगु भौमार्क सोमजा ॥
राजयोग शुभायस्यु । भरण्यादौधिकांतरे ॥१२॥

ભાવાર્થ:—પુનમ, ત્રીજ, (ભદ્રા તીથી) એટલે ૨, ૭, ૧૨, શુક્ર, મંગળ, રવિ, બુધ એ વારે ભરણી નક્ષત્રથી બબ્બે નક્ષત્ર મુકીને નક્ષત્ર મળે તો રાજયોગ જાણુવો. આ યોગમાં જેનો જન્મ થાય તે માણુસને રાજવૈભવ જેટલું સુખ મળે. ॥ ૧૨ ॥

त्रिगंडांत योग विचार.

गंडांतः त्रिविधः त्याज्यौ । यक्षत्र तिथी लग्नतः ॥
नव पंच चतुर्थ्यांते । द्वेकार्द्ध घटीकामता ॥१३॥

गंडांत त्रतीयश्चांते । अमावास्या भौमवासरे ॥
योजातः स्त्री विनाशायः । सभवेविष पुरुष ॥ १४ ॥
शन्यश्लेषाद्विनियाभिः । सप्तमि भौम वारुणी ॥
कृतिका द्वादशि सूर्ये । अपत्य विष संज्ञकः ॥ १५ ॥
इलात्मज सूर्य सुतो दिनाधिपा। भद्रा तिथी वारुणमग्नि सर्पभं ॥
यस्यां प्रसुति भवतिह काले। विषांग नाशा परिवर्जनिया ॥१६॥
गंडांतेषु ये जाता । नरनारी तुरंगमा ॥
स्वगृहे नैव तिष्टंति । यदि तिष्टंति दुखदा ॥ १७ ॥
यतो न जिवति नरो । मातुरपत्योः भवेत्सकुलहंता ॥
यदि जिवति गंडांते । बहु गज तुरंगोभवेद्भुपः ॥१८॥
रेवइ असणीमष्भे । असलेसा महामष्भयारमि ॥
जिठा मूलं मष्भे । दो दो घडीयाय गंडांते ॥ १९ ॥
पितृ मातृ क्षयं कारि । युष्मं गंडो भवेत् सुत ॥
अश्लेषा गंडजो बालं । जेष्ट भ्रातृ विघातकः ॥ २० ॥
येष्टायां संभवे गंडे । बालस्यात् पितृ घातकः ॥
तिस्त्रे विध गंडांते । बालको द्रव्य घातकः ॥ २१ ॥

ભાવાર્થઃ—ગંડાંત યોગ ત્રણ પ્રકારનો થાય છે. તેનાં નામ—નક્ષત્ર ગંડાંત, તીથિ ગંડાંત, અને લગ્ન ગંડાંત. હવે પહેલો નક્ષત્ર ગંડાંત કહે છે. અશ્વિની નક્ષત્રથી નવમું નક્ષત્ર અશ્લેષા આવે, તેથી નવમું જ્યેષ્ટા, તેથી નવમું રેવતી નક્ષત્ર આવે. એ નક્ષત્રની અંતની બે ઘડી નક્ષત્ર ગંડાંત થાય છે. હવે બીજો તીથિ ગંડાંત કહે છે. પડવેથી પાંચ પાંચ તીથિ ગણતાં, ૫, ૧૦, ૧૫ આવે તેની અંતની એક એક ઘડી તેને તીથિ ગંડાંત કહે છે. હવે ત્રીજો લગ્ન ગંડાંત કહે છે. તેમાં મેષથી ચાર ચાર રાશી ગણતાં કર્ક, વૃશ્ચિક ને મીન એ ત્રણ લગ્નની અંતની અડધી ઘડી લગ્ન ગંડાંત કહે છે, એ ત્રણ ગંડાંત છે. વળી

અમાસ ને મંગળવાર તેને ચોથો ગંડાંત પણ કહે છે. હવે તેનું ફળ કહે છે.

ગંડાંતમાં જેનો જન્મ હોય તે પુરૂષની પરણેલી સ્ત્રી મરણ પામે. વળી તે વિષ પુરૂષ કહેવાય છે. શનિવારે અશ્લેષા નક્ષત્ર ને બીજ હોય, સાતમ ને મંગળવારે સતભીષા નક્ષત્ર હોય, બારશ ને રવિવારે કૃતિકા નક્ષત્ર હોય; ઉપર પ્રમાણે જોગ જો આવ્યો હોય અને તેમાં જન્મ થયો હોય તો તે પણ વિષ પુરૂષ કહેવાય છે, વળી મંગળવાર, શનીવાર, રવિવાર અને ભદ્રા તીથિ ૨, ૭, ૧૨ હોય તેમજ સતભીષા, અશ્લેષા, કૃતિકા એ જોગમાં જન્મ થયો હોય તો તે પણ વિષ પુરૂષ તથા વિષ કન્યા કહેવાય. ગંડાંત યોગમાં જેનો જન્મ થયો હોય તે પુરૂષ અથવા સ્ત્રી તથા ઘોડા વિગેરે પોતાને ઘેર આવ્યા હોય તો રહેવા પામે નહિ, અને રહે તો દુઃખદાઇ થાય. ગંડાંતમાં જન્મે તો જીવે નહી. જીવે તો માતા-પિતાને કષ્ટ આપનાર અથવા કુળનો ક્ષય કરનાર થાય. પણ વિશેષમાં તે માણુસ આગળ જતાં ઘણા હાથી, ઘોડા, વૈભવ, રાજ સન્માન સુખ ભોગવે. વિશેષ વળી ગંડાંત યોગ વિષે કહે છે.

રેવતી નક્ષત્રની છેલ્લી એક ઘડી અને અશ્વિનીની પહેલી એક ઘડી તે પણ ગંડાંત યોગ કહેવાય છે. અશ્લેષાની છેલ્લી એક ઘડી તથા મઘાની પહેલી એક ઘડી તે પણ ગંડાંત કહેવાય છે. જયેષ્ટાની છેલ્લી એક ઘડી, મુળની પહેલી એક ઘડી એમ બબ્બે ઘડી ગંડાંત યોગ થાય તેમાં રેવતી ગંડાંતમાં બાળકનો જન્મ થાય તો માતા પિતાનો નાશ કરે, અશ્લેષા ગંડાંતમાં જન્મે તો મોટા ભાઈનો નાશ થાય, જયેષ્ટા ગંડાંતમાં જન્મે તો પિતાનો નાશ કરે, અને ત્રણે ગંડાંતમાં જન્મે તો ધનનો નાશ કરે. ॥ ૧૯-૨૧ ॥

नक्षेत्र पंचक.

धनिष्टा पंचके वर्ज्या । तृण काष्टादि संग्रह ॥
शय्या दक्षण दिग् यात्रा । मृत्युकार्य गृहोद्यमा ॥ २२ ॥

वासवोत्तर दलादि पंचके । याम्य दिग्गमने गेह गोपनं ॥
प्रेतकार्य तृण काष्ट संग्रहः । शयका वितनादि वर्जयेत् ॥२३॥
धनिष्टा धन नाशाय । शतभिषा प्राणघातक ॥
पूर्वाभिः राजदंडंतु । उत्तरा मरणं ध्रूवं ॥ २४ ॥
अग्नि दग्ध चरे वत्यौ । इत्येते पंच वर्जिता ॥
सर्वे कार्येषु हीनेषु । पंचकं परिवर्जयेत् ॥ २५ ॥

ભાવાર્થઃ—ધનિષ્ટા આદિ લઇને રેવતી નક્ષત્ર સુધી પાંચ નક્ષત્રમાં પંચક કહેવાય છે. પંચકમાં તૃણ, કાષ્ટનો સંગ્રહ ન કરવો; શય્યા, પલંગ આદિ ન કરવા તથા દક્ષિણ દિશામાં ગમન કરવું નહિ, ઘર બંધાવેલું હોય તેને ઢાંકવું નહિ, પ્રેતક્રિયા કરવી નહિ, તથા નવું ઘર બાંધવાનું મુહૂર્ત એટલે આરંભ કરવો નહિ.

ધનિષ્ટાના બે પાયા જાય ત્યારે પંચક બેસે, તે રેવતીના અંત સુધી પંચક રહે છે. એ પંચકમાં ઉપરનાં કામ કરવાં નહિ, અને તે કામ કરે તો તેનું ફળ શું થાય તે કહે છે. ધનિષ્ટામાં કરે તો ધનનો નાશ થાય, શતભીષામાં કરે તો મૃત્યુ કરે, પુર્વાભાદ્રપદમાં કરે તો તે રાજા તરફથી ઉપાધી થાય, ઉત્તરાભાદ્રપદમાં કામ કરે તો નિશ્ચે મરણ થાય, ને રેવતીમાં કરે તો અગ્નિનો ભય થાય માટે નક્ષત્ર પંચકનો ત્યાગ કરવો. ॥ ૨૨-૨૫ ॥

चंद्रमानी बार प्रकारनी अवस्था.

प्रवासो नष्ट मरणं । जवा हास्य रितिवस्था ॥
क्रीडा निद्राथ भुक्ताश्च । जरा कंपोथ सुस्थिता ॥ २६ ॥
राशि भागो द्वादशांसो । विभागा द्वादशाण्यमु ।
भुक्तेवस्था शशीतासां । स्वनाम सदृशं फलं ॥ २७ ॥

ભાવાર્થઃ—૧. પ્રવાસ અવસ્થા, ૨. નષ્ટાવસ્થા, ૩. મરણાવસ્થા, ૪. જયાવસ્થા, ૫. હાસ્યાવસ્થા, ૬. રતી અવસ્થા, ૭. ક્રીડાવસ્થા, ૮. નિદ્રાવસ્થા, ૯. ભુક્તાવસ્થા. ૧૦. જરાવસ્થા, ૧૧ કંપાવસ્થા, ૧૨. સુસ્થિતાવસ્થા. એ બાર અવસ્થા જાણવાની રીતઃ-

ચંદ્રમા એક રાશીને એકસો પાંત્રીસ ઘડી ભોગવે છે. તેને બારે ભાગ દેતાં સવા અગીયાર ઘડી આવે. તે ચંદ્રમાની એક અવસ્થા જાણવી. એમ દરેક જુદી જુદી અવસ્થા જાણવી એ અવસ્થાઓ પોતપોતાના નામ પ્રમાણે ફળ આપે છે. ॥૨૬-૨૭॥

चंद्रमाना घरनी दीशाओ.

मेषे च सिंहे धन पूर्व भागे । वृषे च कन्या मकरे च याम्यां ॥
मिथुने च तुले कुंभ पश्चिमायां । कर्के च मीने अलि उत्तरायां २८

ભાવાર્થઃ—મેષ, સીંહ તથા ધન રાશીનો ચંદ્રમા હોય ત્યારે પુર્વ દિશામાં ચંદ્રમાનું ઘર જાણવું; વરખ, કન્યા તથા મકર રાશીનો ચંદ્રમા હોય ત્યારે દક્ષિણ દીશામાં ચંદ્રમાનું ઘર જાણવું; મીથુન, તુલા, તથા કુંભ રાશીનો ચંદ્રમા હોય ત્યારે પશ્ચિમ દીશામાં ચંદ્રમાનું ઘર જાણવું; ને કર્ક, મીન તથા વૃશ્ચીક રાશીનો ચંદ્રમા હોય ત્યારે ઉત્તર દીશામાં ચંદ્રમાનું ઘર જાણવું. ॥ ૨૮ ॥

चंद्रमानुं फळ.

सन्मुखो अर्थ लाभाय । पृष्टतोपि धनं हरेत् ॥
दक्षिणे सुख सोभाग्यं । वामे चंद्रे धन क्षयं ॥ २९ ॥

ભાવાર્થઃ—સન્મુખ ચંદ્રમાનું ઘર હોય તો ધનનો લાભ કરે, પાછળ ચંદ્રમાનું ઘર હોય તો ધનનો હાની કરે તથા મૃત્યુ કરે, ડાબા હાથ ભણી ચંદ્રમાનું ઘર હોય તો ધનનો ક્ષય કરે અને જમણા હાથ ભણી ચંદ્રમાનું ઘર હોય તો સુખ સંપત્તિ આપે. ॥ ૨૯ ॥

त्रीपुष्कर तथा यमल योग.

रविमंद भौमवारे । भद्रा तिथीषु त्रिपादके धिश्ने ॥
योगः त्रिपुष्कराख्यो । द्विपादको यमल नामानि ॥३०॥

ભાવાર્થઃ—(ભદ્રા તીથી) બીજ, સાતમ, બારશ; રવી શની, મંગળવાર ક્રમવાર હોય તથા કૃતીકા, પુનર્વસુ, ઉત્તરાષાઢા, પુર્વા ભાદ્રપદ એ ત્રણે એકી દીવસે હોય તો તે ત્રીપુષ્કર યોગ કહેવાય છે. બીજ, રવીવાર ને મઘા નક્ષત્ર હોય; સાતમ, શનીવાર ને ચિત્રા નક્ષત્ર હોય; બારશ, મંગળવાર ને ધનિષ્ટા નક્ષત્ર હોય તો યમલયોગ જાણવો ॥ ૩૦ ॥

त्रीपुष्कर, यमल योग तथा पंचक.

पंचके पंच गुणितं । त्रिगुणं च त्रिपुष्करे ॥
यमले द्विगुणं सर्वं । हानि वृध्यादिकं मतं ॥३१॥

ભાવાર્થઃ—પંચકમાં બાળક જન્મે તો પાંચ બાળક સુધી તેવું જ થાય, અને પંચકમાં મરણ થાય તો પાંચ મરણ થાય. ત્રીપુષ્કરમાં પુત્ર થાય તો ક્રમવાર ત્રણ પુત્ર થાય, અને કન્યા જન્મે તો ક્રમવાર ત્રણ જન્મે, અને મરણ પણ ત્રણ થાય. આભૂષણ વિગેરે કરાવે તો પણ ત્રણ થાય એમજ યમલ યોગમાં પણ ઉપર કહ્યા પ્રમાણે બબે બબે કામની હાની તથા વૃદ્ધિ સમજવી ॥ ૩૧ ॥

कर्ण विषे.

कृश्न चतुर्दश्यर्द्धा । ध्रूवाणि शकुनानिश्चतुपदंनागं ॥
किस्तुघ्नमपि प्रतिप । तिथ्यर्द्धादथ बवादिनि ॥३२॥

ભાવાર્થઃ—કૃષ્ણપક્ષની ચૌદશના ઉત્તર દળમાં શકુની કર્ણ આવે, અમાવાસ્યાના પહેલા દળમાં ચતુષ્પદ કર્ણ આવે, બીજા દળમાં નાગ આવે, અને શુકલપક્ષની એકમને દીવસે પહેલા દળમાં કિસ્તુઘ્ન આવે તો એ કર્ણ સ્થિર જાણવા, એકમના પાછલા દળમાં બવાદિ ક્રમવાર આવે. ॥ ૩૨ ॥

कर्ण गणवानी रीत.

अतिति तिथयोर्द्विगुणी । शुक्ल प्रतिपदादितः ॥
एकोना सप्त हुता । शेषं करणं बवादिकं ॥३३॥

ભાવાર્થઃ—ગયેલી તીથીને બમણી કરવી, શુકલપક્ષ પ્રતી-પદાને આદી લઇને તેમાંથી એક ઓછો કરવો, સાતનો ભાગ દેવો, અને શેષ રહે તે બવાદી કર્ણ જાણુવા. ॥ ૩૩ ॥

कर्णनां नाम.

वव बालव कौलव तेतलाख्य । गीर वणिज वीष्टि संज्ञानि ॥
सप्तः करणानि पुनः पुनः । रिहतिथ्यर्द्ध प्रमाणानि ॥३४॥

ભાવાર્થઃ—૧ બવ, ૨ બાલવ, ૩ કૌલવ, ૪ તૈતલ, ૫ ગીર, ૬ વણીજ, ૭ વીષ્ટી; એ સાત કર્ણ ચર છે. તે એક એક દિવસમાં બબે કર્ણ આવે છે. ॥ ૩૪ ॥

उपर कहेलां कर्णमां शुं शुं काम करवुं तथा न करवुं ते विषे.

पौष्टिक स्थिर शुभानि बवाख्यो । बालवेधी जहितान्यपि कर्मा ।
कौलवे प्रमदा मित्र विधानां । तेतले शुभ गजाश्रय कर्मा ॥३५॥
गरेच बिजाश्रय कर्षणानि । वाणिर्य विस्थैर्य वणि क्रियाश्च ॥
न सिद्धि माइंति कृतश्च विघ्न । विषारा विघातादिषु सिद्धि कर्म ॥३६॥

मंत्रोषधा निशकुलानि सपौष्टिकानि ।
गो विप्र राज्य पितृ कर्म चतुष्पदेषु ॥
सौभाग्य दारुणइति ध्रूव कर्म नागे ।
किस्तुघ्न नाम्नि शुभ पौष्टिक मंगलानि ॥३७॥

ભાવાર્થઃ—પૌષ્ટિક કર્મ, સ્થિર કર્મ એટલે ગૃહારંભ, વાવ, કુવા, તળાવ, ધર્મશાળા, આદિ આશ્રમ તથા સ્થિર શુભ કર્મો બવ કર્ણમાં કરવાં, બાલવ કર્ણમાં બ્રાહ્મણુને પ્રીતિથી દાન પુન્યાદિ શુભ કામ કરવાં; કૌલવ કર્ણમાં સ્ત્રીની મીત્રાઇ કરવી, તથા મિત્ર સાથે પ્રીતિ કરવી; તૈતલ કર્ણમાં શુભ કર્મ કરવાં તથા કોઇની નોકરી ચાકરી કરવી; ગીર કર્ણમાં બીજ રોપવા તથા ખેતી કરવી; વણીજ કર્ણમાં વેપારાદિ કામ કરવાં, વિષ્ટી એટલે ભદ્રામાં કોઇ

પણ કામ કરેલું સિદ્ધ ન થાય પણ દુષ્ટ કામ કરવામાં પુષ્ટી-કર્તા છે; શકુની કર્ણમાં મંત્ર ઔષધો સિદ્ધ થાય છે તથા પૌષ્ટિક એટલે શાંતિ થાય છે, ને ગાય બ્રાહ્મણાદિકનુ દયાનું કામ તથા રાજકારભારાદિક તથા પિતૃ કાર્ય કરવામાં શ્રેષ્ટ ગણાય છે; નાગ કર્ણમાં સૌભાગ્યાદિક કામ તથા દારૂણુ કામ શ્રેષ્ઠ ગણાય છે; અને કિસ્તુઘ્ન કર્ણમાં શુભ, મંગળીક, ગૃહ શાંતિ આદિ કાર્ય શ્રેષ્ટ ગણાય છે. વિશેષ કર્ણ જોવાની રીત નીચેના યંત્રથી સમજવી.

શ્રી શુકલપક્ષનાં કર્ણનો યંત્ર.　　**શ્રી કૃષ્ણપક્ષનાં કર્ણનો યંત્ર.**

તીથી	દીવસનાં.	રાત્રીનાં.	તીથી	દીવસનાં.	રાત્રીનાં.
૧	કીસ્તુ	બવ	૧	બાલવ	કૌલવ
૨	બાલવ	કૌલવ	૨	તેતલ	ગર
૩	તેતલ	ગર	૩	વણીજ	વીષ્ટી
૪	વણીજ	વીષ્ટી	૪	બવ	બાલવ
૫	બવ	બાલવ	૫	કૌલવ	તેતલ
૬	કૌલવ	તેતલ	૬	ગર	વણીજ
૭	ગર	વણીજ	૭	વીષ્ટી	બવ
૮	વીષ્ટી	બવ	૮	બાલ	કૌલવ
૯	બાલવ	કૌલવ	૯	તેતલ	ગર
૧૦	તેતલ	ગર	૧૦	વણીજ	વીષ્ટી
૧૧	વણીજ	વીષ્ટી	૧૧	બવ	બાલવ
૧૨	બવ	બાલવ	૧૨	કૌલવ	તેતલ
૧૩	કૌલવ	તેતલ	૧૩	ગર	વણીજ
૧૪	ગર	વણીજ	૧૪	વીષ્ટી	શકુની
૧૫	વીષ્ટી	બવ	૧૫	ચતુષ્પદ	નાગ

शकुनी चतुष्पद नाग अने किस्तुघ्न ए चार कर्णना स्वामि विषे.

शकुनि मनुख चतुर्णामिश । कलि वृषभ सर्प पवना युद्धः ॥
सप्तानामिद्राब्ज मित्रा । यमसुश्रियः सयमा ॥३८॥

विष्टी विना बवाद्येषु । करणेषु दशस्वपि ॥
चतुर्वर्गाश्रिता सर्वा । करणीया शुभा क्रिया ॥३९॥

ભાવાર્થ—શકુની, ચતુષ્પદ, નાગ, કીસ્તુઘ્ન એ ચાર કર્ણના સ્વામી—૧ કલી, ૨ વૃષભ, ૩. સર્પ, ૪ પવન. એ ચાર છે.

બવાદિક સાત કર્ણના સ્વામી—૧ ઇંદ્ર, ૨ બ્રહ્મા, ૩ મીત્ર ૪ આર્ય, ૫ પૃથ્વી, ૬ શ્રી, ૭ યમ, વીષ્ટી કરણ વિના દશ કરણ ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચાર વસ્તુને આપવાવાળા છે.

संक्रांति प्रकार.

सुप्तस्य संक्रमे नागे । तेतले च चतुष्पदे ॥
निविष्टस्यगरे विष्टो । वणिजे बालवे ब्रवे ॥४०॥
उर्द्धस्थितस्य किस्तुघ्ने । शकुनै कौलवे रमे ॥
अनिष्ट मध्येष्ट फलो । वृष्टि धान्यार्थ विग्रहे ॥४१॥
उर्द्ध सुभिक्षकारी । मध्यम फलकारकौनिविष्टस्तु ॥
शयन करोतु वृष्टि । दुर्भिक्षं तस्कर भयं च ॥४२॥

ભાવાર્થ—નાગ કર્ણ, ચતુષ્પદ તથા તેતલ એ ત્રણ કર્ણમાં સંક્રાતી બેસે તો સુતી કહીએ; ગર, વીષ્ટી, વણીજ, બાલવ, બવ એ પાંચ કર્ણમાં સંક્રાતી બેસે તો બેઠી કહીએ; કીસ્તુઘ્ન, શકુની કૌલવ એ ત્રણ કર્ણમાં સંક્રાતી બેસે તો ઊભી કહીએ.

હવે તેનું ફળ કહે છે—સુતી સંક્રાંતી મીઠા ફળને આપનારી છે, બેઠી મધ્યમ છે, અને ઉભી શ્રેષ્ઠ છે, તે પ્રમાણે ફળ સમજવું. તેમાં ઉભી સંક્રાંતી હોય તો સુકાળ સમજવો, બેઠી સંક્રાંતી મધ્યમ ફળ આપે, સુતી વરસાદ ઘણો પણ મોંઘવારી તથા ચોરનો ભય ઉત્પન્ન કરે. ૪૦–૪૨

શ્રી સંક્રાંતિ, વાહનાદિ, વસ્ત્રાદિ વિચાર યંત્ર.

નં.	કરણ	સ્વામી	સંજ્ઞા	વાહન	વસ્ત્ર	શસ્ત્ર	ભોજન	લેપન	જાતી	પુષ્પ	વય	અવસ્થા
૧	બવ	કલી	બેઠી	સીંહ	શ્વેત	ભુશુંડી	અન્ન	કસ્તુરી	દેવતા	નાગકેસર	શિશુ	પંથા
૨	બાલવ	વૃષભ	બેઠી	વ્યાઘ્ર	પીત	ગદા	પાયશ	કંકુ	ભૂત	જાતી	કુમાર	ભોગ
૩	કૌલવ	સર્પ	ઊભી	વરાહ	નીલ	ખડગ	ભીક્ષા	ચંદન	સર્પ	બકુલઅશોક	ગતાલકા	રતી
૪	તૈતલ	વાયુ	સુતી	ગદહા	ગુલાબી	લાકડી	પકવાન	માટી	પક્ષી	કેતકી	યૂવા	હાસ્ય
૫	ગર	ઇંદ્ર	બેઠી	હાથી	લાલ	ધનુષ	દુધ	ગોરૂચંદન	પશુ	બીલ્વ	પ્રૌઢ	દૂરમુખી
૬	વણીજ	બ્રહ્મા	બેઠી	મહીષ	કૃષ્ન	બાણ	દહીં	હળદર	મરઘ	આક	પ્રગલ્ભા	જવરા
૭	વીષ્ટી	મીત્ર	બેઠી	ઘોડા	શામ	મુદ્ગર	ખીચડી	જવખાર	બ્રાહ્મણ	દૂર્વા	વૃદ્ધ	ભુક્તા
૮	શકુની	આર્ય	ઊભી	કુત્તા	ચીત્ર	કુંત	ગોળ	બીડાલમદ	ક્ષત્રી	કમળ	વંધ્યા	કંપા
૯	કીસ્તુઘ્ન	પૃથ્વી	ઊભી	મેંઢા	કંબળ	પાસ	મધ્વન્ન	સુર્મો	વૈશ્ય	વેલા	વંધ્યા	ધ્યાન
૧૦	નાગ	શ્રી	સુતી	બળદ	નંગા	અંકુશ	ઘી	અગુરૂ	શુદ્ર	ગુલાબ	સુતાર્થીની	કર્કશ
૧૧	ચતુષ્પદ	યમ	સુતી	મરઘ	વાદળી	બાણ	સાકર	કપૂર	શંકર	ઓડ્ર	પરીવ્રાજીકા	વૃદ્ધા

संक्रांतिनां मुहूर्त जाणवानो प्रकार.

अश्लेषा स्वाति ज्येष्टाद्रा । शत तारा यमाधुयं ॥
पंचदश मुहूर्त्तानि । षड्धिश्नं नाम किर्त्तियेत् ॥४३॥

उत्तरात्रिणि रोहिण्यौ । विशाखा च पुनर्वसु ॥
चत्वारि सहसा पंच । मुहुर्त्ता मुनि किर्त्तिता ॥४४॥

अश्लेषाद्रा भरण्यां च । स्वाति येष्टा च वारुणि ॥
एतेपंचदशी मुहूर्त्ता । शेषात्रिशन् मुहूर्त्तिका ॥४५॥

पूर्वात्रयं हस्त मघा धनिष्टा । मुलानुराधा मृग कृत्तिका च ॥
चित्राश्विनी रेवति कर्ण पुष्यं । त्रिंशन् मुहूर्त्ता मवदंतितज्ञा ॥४६॥

ભાવાર્થ:—અશ્લેષા, સ્વાતી, જેષ્ટા, આર્દ્રા, શતભીષા, એ નક્ષેત્રોમાં સંક્રાંતી બેસે તો ૧૫ મુહુરતી જાણવી. ત્રણ ઉત્તરા, રોહિણી, વિશાખા, પુનર્વસુમાં સંક્રાંતિ બેસે તો ૪૫ મુહુરતી જાણવી. હવે બીજા પ્રકારથી કહે છે. અશ્લેષા, આર્દ્રા, ભરણી, સ્વાતિ, જયેષ્ટા, શતભીષા, એ નક્ષેત્રોમાં ૧૫ મુહુરતી સંક્રાંતી જાણવી. બીજા રહેલાં નક્ષત્રોમાં ૩૦ મુહુરતી જાણવી. તે ત્રીસ મુહુરતીનાં નક્ષેત્ર કહે છે. ત્રણ પુર્વા, હસ્ત, મઘા, ધનિષ્ટા, મુલ, અનુરાધા, મૃગશર, કૃતિકા, ચીત્રા, અશ્વની, રેવતી, શ્રવણ, પુષ્ય, એ પંદર નક્ષેત્રોમાં સંક્રાંતિ બેસે તો ત્રીસ મુહુરતી જાણવી. ॥ ૪૩–૪૬ ॥

संक्रांति फल विचार.

शीयाले सुति भली । बेठी वर्षाकाल ॥
उन्हाले उभी भली । जोशी खडी निहाल ॥४७॥

ભાવાર્થ:—શીયાળાની ઋતુમાં એટલે કાર્તીક, માર્ગશીર્ષ, પોષ, માઘ, એ ચાર માસમાં સુતે કર્ણે સંક્રાંતી બેસે તો અન્નાદિક સોંઘા ભાવે વેચાય તથા ચોમાસાની ઋતુમાં એટલે

અષાડ, શ્રાવણ, ભાદ્રપદ, આસો એ ચાર માસમાં બેઠે કર્ણે સંક્રાંતી હોય તો વરસાદ સારો થાય; અને ઉનાળામાં એટલે ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ એ ચાર માસમાં ઉભે કર્ણે સંક્રાંતી બેસે તો શુભ ફળ આપે, લોકમાં સુખાકારી સારી રહે. ઉપરની સંક્રાંતી જે માસમાં અનુકુળ બેસે તે જ માસ સારો સમજવો. ॥ ૪૭ ॥

संक्रांति वार फल विचार.

त्रिजइतिजइ पंचमइरवी संचारो होय ॥
षपरहथी जगभमइभीषघाले कोइ ॥४८॥

बीइतिइरसएरइ पंचमइससी मुहगो थाय ॥
देव संयोगे छठइं पडइं । तो पुहवी पलंगजाइं ॥४९॥

जिणवारे रवी संक्रमे । तीण अमावास्या होय ॥
षपरहथी जगमइं । नंदयविर लोकोय ॥५०॥

ભાવાર્થઃ—ચાલતી સંક્રાંતી પાછલા માસની જે સંક્રાંતી બેસતી વેળા જે વાર હોય તેથી ગણતાં જેટલામેં વારે બેસે તેનું શુભાશુભ ફળ કહે છે. ઉદાહરણ—જેમકે, ચાલતી સંક્રાંતી બુધવારી બેઠી, અને તેનાં પહેલા માસની સંક્રાંતી રવીવારે બેઠી હતી તો તે ગણતાં ચોથો વાર બુધ થયો, માટે ચોથે વારે બેઠી તેમ સમજવું. એ પ્રમાણે હરેક સમજવી. ચાલતી સંક્રાંતી પાંચમે વારે એટલે ગુરૂવારે બેસે તો જગતમાં દુષ્કાળનો ત્રાસ થાય, અને મનુષ્યોને ભીક્ષા માગતાં પણ મળે નહી, બીજે ત્રીજે વારે સંક્રાંતી બેસે તો તે માસમાં રસાદિક મોંઘુ થાય. પાંચમે વારે બેસે તો ધાન્ય મોંઘુ થાય. દૈવયોગે જો છઠ્ઠે વારે સંક્રાંતી બેસે તો માઠું ફળ આપે, પૃથ્વી ઉપર ભય થાય, અને મનુષ્યો દેશાવર ચાલ્યા જાય, વળી જે વારે સંક્રાંતી બેસે તે વારની અમાવાસ્યા હોય તો તે માસમાં યુદ્ધનો પ્રસંગ થાય, દુષ્કાળાદિક ભય થાય, અને મનુષ્યોમાં મરકીનો ઉપદ્રવ થાય.

संवत्सरना वशानो विचार.

सुंदर शशि हर विश पश्नोवे । दशय निकंदन दिणयरजोवइं ॥
मंगल आठ करइं बुधवारह । गुरा शुक्रां एवइ अढारह ॥
जो शनि राहु कर्कें वयगै । निश्चइ काल हडोहडेवयगै ॥५१॥

ભાવાર્થઃ—કર્ક સંક્રાંતી સોમવારી બેસે તો વીશ વસાનું વર્ષ જાણવું; એટલે તે સારૂં જાણવું. કર્ક સંક્રાંતી રવીવારી બેસે તો દશ વશાનું વર્ષ જાણવું; એટલે તે મધ્યમ છે. મંગળવારે બેસે તો આઠ વર્ષનું જાણવું; તે મધ્યમ છે. બુધવારે બેસે તો બાર વશાનું જાણવું; તે સાધારણ છે. ગુરૂવારે તથા શુક્રવારે બેસે તો અઢાર વશાનું વર્ષ જાણવું; તે સારૂં છે. શનીવારે બેસે તો હળાહળ કાળ સમજવો. ॥ ૫૨. ॥

परदेश गमन प्रस्थान प्रमाण.

प्रस्थान मुर्द्ध मुदितं दशकार्द्धनुना ।
मर्घाग्द्धनु शतक पंचकतश्रुभाय ॥
तत्रेव मंडलिक भूपति शेष लोके ।
स्छेयेतु सप्त दश पंच दिपा क्रमेण ॥५२॥
प्रस्थान मारूद्धनुषां शतानि । पंचात्रके विधनुषा शतार्द्धे ॥
स्वस्थांन गस्या दशभिर्द्धनुर्भि । गतः खलु प्रस्थीत एव मन्ये॥५३॥
बुधेंदुश्रुक्र जिवानां । दिन प्रस्थानमुत्तमं ॥
पुर्णिमाया अमावास्यां । चतुर्दश्यां च नैष्यति ॥५४॥
पुर्णिमायां न गतव्यं । व्यासस्य वचनं यथा ॥
शुक्ला वा यदि वा क्रश्ना । वर्जरिया चतुर्दशि ॥५५॥

ભાવાર્થઃ—પોતાના ઘરથી પ્રસ્થાનું દશ ધનુષ્ય એટલે ચાલીસ હાથ દુર મુકવું. તે ઉપરાંત પાંચસો ધનુષ્યની અંદર મુકવું; તો કાર્ય સિદ્ધિ થાય. હવે તેના દિવસ કહે છે. મંડલીક રાજાને દીવસ દસ સુધી પ્રસ્થાન રહી શકે. સામાન્ય રાજાને સાત

દીવસ સુધી રહી શકે. બીજા સર્વ લોકોને પાંચ દીવસ સુધી રહી શકે. ઉપરના દીવસોની અંદર અવશ્ય તેને ગમન કરવું જોઈયે. વળી કેટલાક આચાર્યો એમ પણ કહે છે કે પાંચસે ધનુષ્ય વેગળું મુકવું જોઈયે એ ઉત્તમ છે, સો ધનુષ્ય મધ્યમ છે, અને પચાસ ધનુષ્ય સાધારણ છે.

પ્રસ્થાન ગમન કરવામાં બુધ, સોમ, શુક્ર, ગુરૂ એ વાર સારા છે. ગમનમાં પુનમ, અમાવાસ્યા, બન્ને પક્ષની ચૌદશ એ તીથીઓ અવશ્ય વર્જવી. ॥ ૫૨–૫૫. ॥

गमन नक्षेत्र विचार.

अश्वनी पुष्य रेवत्यां । मृगो मुलं पुनर्वसु ॥
हस्त जेष्टानुराधास्युं । यात्रायै तारकाबलं ॥५६॥
विशाखा त्र्युतरातिस्र । तथार्द्रा भरणी मघा ॥
अश्लेषा कृतिकाश्चैव । मृत्युवैतासु मध्यमा ॥५७॥
रोहिणी त्रिणी पूर्वाणि । स्वातिं चित्रा च वारुणी ॥
श्रवण तथा धनिष्टा च । प्रस्थाने मध्यमास्मृता ॥५८॥

ભાવાર્થઃ—અશ્વની, પુષ્ય, રેવતી, મૃગશર, મુળ, પુનર્વસુ, હસ્ત, જ્યેષ્ટા, અનુરાધા એ નવ નક્ષત્રો ગમન કરવામાં સારાં છે.

વિશાખા, ત્રણ ઉત્તરા, આદ્રા, ભરણી, મઘા, અશ્લેશા, કૃતિકા એ નક્ષત્રોમાં ગમન કરે તો મરણ થાય; માટે તે ત્યાગ કરવાં.

રોહિણી, ત્રણ પુર્વા, સ્વાંતી, ચિત્રા, સતભિષા, શ્રવણ, ધનિષ્ટા, એ નક્ષત્રો ચાલવામાં મધ્યમ છે. ॥ ૫૬–૫૮. ॥

न चालवाना नक्षेत्रोनो वखत.

ध्रुवै मिश्रैर्न पूर्वाह्ने । क्रूरैर्मध्यं दिनेनभिः ॥
अपांह्ने न च क्षिप्रैः । प्रदोषे मृदुभिर्न च ॥५९॥
निशीत कालेनो तीक्ष्णै । निशांते च चरेर्नहि ॥
दिने शुभे दिवा यात्रा । यात्रा निशितुभे शुभे ॥६०॥

ભાવાર્થ:—ત્રણ ઉત્તરા, રોહિણી, વિશાખા, કૃતિકા, એ નક્ષત્રોમાં સવારથી મધ્યાન્ સુધી ન ચાલવું. મઘા, ત્રણ પુર્વા, ભરણી એ નક્ષત્રમાં મધ્યાન્ વેળાએ ન ચાલવું. પુષ્ય, હસ્ત, અશ્વની, અભિજીત, એ નક્ષત્રમાં પાછલે પોહોરે ન ચાલવું. ચિત્રા, અનુરાધા રેવતી, મૃગશર એ નક્ષત્રમાં સંધ્યા વખતે ન ચાલવું. અશ્લેષા, જયેષ્ટા, આદ્રા, મુળ એ નક્ષત્રમાં મધ્ય રાત્રીએ ન ચાલવું. સ્વાંતી, પુનર્વસુ, શ્રવણ, ધનિષ્ટા, સતભિષા એ નક્ષત્રમાં પરોઢીએ ન ચાલવું. પરદેશ જવામાં વારનો વિચારઃ-સોમ, બુધ, ગુરૂ, શુક્ર એ વાર ચાલવામાં સારા છે, અને મંગળ, શની, રવી એ વાર ચાલવામાં સારા નથી. વિશેષમાં પરોઢીએ તો વર્જવા. ॥ ૫૯-૬૦ ॥

રો.	ઊ.	ઊ.	ઊ.	વિ.	કૃ.	સવારથી મધ્યાન્ સુધી ન ચાલવું.
મ.	પૂ.	પૂ.	પૂ.	ભ.		એ નક્ષત્રમાં બપોરે ન ચાલવું.
પુષ્ય.	હ.	અશ્વ.	અભિ.			એ નક્ષત્રમાં પાછલે પહોરે ન ચાલવું.
ચિ.	અનુ.	રેવ.	મૃગ.			એ નક્ષત્રમાં સંધ્યા વખતે ન ચાલવું.
અશ્લે.	જયે.	આદ્રા.	મૂલ.			એ નક્ષત્રમાં મધ્યરાત્રીએ ન ચાલવું.
સ્વાં.	પૂન.	શ્ર.	ધનિ.	સત.		એ નક્ષત્રમાં પરોઢીએ ન ચાલવું.

परिघ योग जोवानो विचार.

प्राच्यादि दिग् चतुष्केषु । क्रमात् शुभोग्न्यादि सप्तकं ॥
चतुष्क प्रागुत्तरयोः प्रत्यग्याम्यो । मध्यौ मध्यौन्यथा परिघः॥६१॥
अग्नि मारुतयोर्लग्ना । परिघातिष्टते महिं ॥
देवा अपि न लंघति । मानवा न च दानवाः ॥६२॥

ભાવાર્થ:—પુર્વ દિશા આદિ લઈને નામપૂર્વક કૃતિકા નક્ષેત્રથી સાત સાત નક્ષેત્રો દીશાઓમાં મુકીએ, અને પરીઘ યોગ માસમાં જે નક્ષેત્ર ઉપર પરીઘ યોગ હોય તે પરીઘ યોગ ઉલ્લંઘન કરીને તે દીશામાં ન જવું. તે દિશા દેવતા, દૈત્ય તથા મનુષ્ય એ સર્વેને વર્જિત છે. ॥ ૬૧-૬૨ ॥

गमन मुहूर्त विचार.

सर्वदिग् गमने हस्त । श्रवण रेतीद्वयं ॥
मृग पूष्यं च सिद्धिस्यु । कालेषु निषिलेष्कपि ॥६३॥

ભાવાર્થઃ—ગમન મુહૂર્તમાં ચારે દીશાઓમાં જવાનાં નક્ષત્રોનાં નામઃ—હસ્ત, શ્રવણ, રેવતી, મૃગશીર્ષ, પુષ્ય. એ નક્ષત્રો સિદ્ધિદાયક છે. ॥ ૬૩ ॥

दीशाशूल विचार.

न गुरु दक्षिणां गच्छेत् । न पूर्वां शनि सोमयो ॥
शुक्रार्कयो प्रतिचीनां । नोतरां बुध भौमयो ॥६४॥

ભાવાર્થઃ—ગુરૂવારે દક્ષીણ દીશામાં દિશાશુલ માટે તે દિશામાં ન જવું, શનીવારે તથા સોમવારે પુર્વ દીશામાં દીશાશુલ માટે તે દિશામાં ન જવું. શુક્રવારે તથા રવીવારે પશ્ચીમ દીશામાં દીશાશુલ માટે તે દિશામાં ન જવું. બુધવારે તથા મંગળવારે ઉત્તર દીશામાં દીશાશુલ માટે તે દિશામાં ન જવું. જો કદી તે દીશાશુલ સામું જવું પડે તો નીચેના કાર્યો કરીને જવું.

दिशाशूलना भंग विषे.

रवि तंबोल मयं कह दप्पण । धाणा चावो धरणिनंदन ॥
गुल राउत दहीं गुरुवारइं । राइ चावो शुक्रहवारे ॥
जो शनिश्चर विडंगमचावइं । सव्वे कज्ज करे धरिआवइं ॥६५॥

ભાવાર્થ:—દશાશૂળ સન્મુખ જરૂરીઆત કામ માટે જવું પડે તો નીચેની ચીજનો ઉપયોગ કરી જવામાં દશાશુળનો દોષ નથી. ૧ રવીવારે તાંબુલ (પાન) ખાઇને જવું, ૨ સોમવારે દર્પણમાં મુખ જોઇને જવું, ૩ મંગળવારે ધાણા ખાઇને જવું, ૪ બુધવારે ગોળ ખાઇને જવું, ૫ ગુરૂવારે દહીં ખાઇને જવું, ૬ શુક્રવારે રાઇ ખાઇને જવું, ૭ શનિવારે વાવડીંગ ખાઇને જવું.

એ પ્રમાણે વાર પ્રમાણે શુકન સાંધીને જાય તો કાર્યની સિદ્ધિ થાય ॥ ૬૫ ॥

विदिशा दिशाशूल.

मंगले मारुते शूलं । इशाने बुध शनिश्चरौ ॥
नैरुते शूक्र सूर्यास्यां । आग्नेयो गुरु सोमयो ॥६६॥

ભાવાર્થઃ—મંગળવારે વાયવ્ય ખૂણામાં દશાશૂળ હોય છે, બુધવારે, શનીવારે ઇશાન ખૂણામાં દશાશૂળ હોય છે, શુક્રવારે, રવીવારે નૈઋત્ય ખૂણામાં દશાશૂળ હોય છે, ગુરૂવારે, સોમવારે અગ્નિ ખૂણામાં દશાશૂળ હોય છે. ॥ ૬૬ ॥

विदिशा दिशाशूलना परिहार विषे.

श्रीखंड दधी मृत् सर्पि । पृष्टि तेल स्वलक्रमात् ॥
वारेर्कादौ सदा वंद्या । दिग् शूला च शूभे दिने ॥६७॥

ભાવાર્થઃ—વિદિશા દશાશૂળમાં સામા જતાં નીચેના પદાર્થ વાપરીને જવાથી દશાશૂળનો દોષ નથી. ૧. રવીવારે સુખડનું તીલક કરીને જવું, ૨. સોમવારે દહીંનું તીલક કરીને જવું, ૩. ગુરૂવારે લોટનું તીલક કરીને જવું, ૪. શુક્રવારે તલ ખાઇને જવું, ૫. શનીવારે ખોળ ખાઇને જવું, ૬. મંગળવારે મૃતીકા (માટી) નું તીલક કરીને જવું, ૭. બુધવારે ઘીઇનું તીલક કરીને જવું.

नक्षेत्र दिशाशूल.

पूर्वास्यामाषाढा । श्रवण धनिष्टा विशाखायाम्यं ॥
पूषो मूलं प्राच्यं । हस्त उदित्यां च धिश्न शूलानि ॥६८॥

ભાવાર્થઃ—પુર્વાષાઢા નક્ષેત્રમાં પુર્વ દીશામાં ન જવું; શ્રવણ, ધનિષ્ટા, વિશાખા નક્ષેત્રમાં દક્ષીણ દીશામાં ન જવું; પુષ્ય, મૂળ એ બે નક્ષેત્રમાં પશ્ચીમ દીશાએ ન જવું; હસ્ત નક્ષેત્રમાં

ઉત્તર દીશાએ ન જવું. વિશેષ નીચેના ચાર નક્ષેત્રો ચાર દીશાએ જરૂર વર્જવા. ॥ ૬૮ ॥

नक्षेत्र शूल.

उत्तरे हस्त दक्षिण चित्ता । पूर्वे रोहिणी सुणरे मित्ता ॥
पश्चिमे श्रवणा मकरा सगमणा । हरिहर बंभ पूरंदर निश्चे मरणा ६९

ભાવાર્થ:—ઉત્તર દીશામાં હસ્ત નક્ષત્રમાં ન જવું; ચિત્રા નક્ષત્રમાં દક્ષીણ દીશામાં ન જવું; પુર્વ દીશામાં રોહિણી નક્ષત્રમાં ન જવું; પશ્ચીમ દીશામાં શ્રવણ નક્ષત્રમાં ન જવું; જો જાય તો બ્રહ્મા, ઇંદ્ર પણ તેને મોતથી બચાવે નહીં. નિશ્ચે મૃત્યું થાય. ॥ ૬૯ ॥

કેટલાક આચાર્યનો નક્ષેત્ર શુળમાં નીચે પ્રમાણે મત છે.

ज्येष्टा भाद्रपदा पूर्वा । रोहिणी उत्तराफाल्गुणि ॥
पूर्वादिषुक्रमात् कीला । गतस्येतेषुनागतः ॥७०॥

ભાવાર્થ:—જયેષ્ટામાં પુર્વ દીશામાં ન જવું; પુર્વાભાદ્રપદમાં દક્ષીણ દીશામાં ન જવું; રોહિણીમાં પશ્ચીમ દીશામાં ન જવું; પુર્વાફાલ્ગુણીમાં ઉત્તર દીશામાં ન જવું; એ પ્રમાણે જો જાય તો પાછો ન આવે, એમ કેટલાક આચાર્યો કહે છે. ॥૭૦॥

योगिनी विचार.

पूर्वि पडिवा नवमि । तइ अएगारसी अग्गीअ ॥
दाहिण पंचम तेरसि । बारसि चउच्छीय नेरइए ॥७१॥
पश्चिम छट्ठी चउदशी । सप्तमि पडि पुनवायवे कूणे ॥
दशमि बिया उत्तर । अटमि अमावसि ईसाणे ॥७२॥

ભાવાર્થ:—એકમ, નોમે પુર્વ દીશામાં યોગીનીનું ઘર જાણવું. ત્રીજ, અગીઆરસે અગ્નિ ખુણામાં યોગીનીનું ઘર જાણવું. પાંચમ, તેરશે દક્ષીણ દીશામાં યોગીનીનું ઘર જાણવું. ચોથ,

બારશે નૈઋત્ય ખૂણામાં યોગીનીનું ઘર જાણવું. છઠ્ઠ, ચૌદશે પશ્ચીમ દીશામાં યોગીનીનું ઘર જાણવું. સાતમ, પુનમે વાયવ્ય ખૂણામાં યોગીનીનું ઘર જાણવું. બીજ, દશમે ઉત્તર દીશામાં યોગીનીનું ઘર જાણવું. આઠમ, અમાસે ઇશાન ખૂણામાં યોગીનીનું ઘર જાણવું. ॥ ૭૧-૭૨ ॥

योगीनीनां नाम तथा वाहन.

प्राच्यां ब्रह्माणी । कौबेर्यां माहेश्वरी ॥ आग्नेयो कौबेरी ।
नैरुत्यां नारायणी ॥ याम्या वाराही । वारुण्यां इंद्राणी ॥
वायव्यां चामुडा । इशाने महालक्ष्मी ॥
योगिनी तिथी संप्राप्तं । संग्रामे सन्मुखी त्यजेत् ॥७३॥
योगिनी नाम धज धर्मोस्तथा सिंहो । स्वांन वृषभ खरो गजा॥
ध्वांक्षश्चैव क्रमेणैव । क्षेत्रपाला प्रकीर्त्तिता ॥७४॥

ભાવાર્થઃ—પૂર્વ દીશામાં યોગીની બ્રહ્માણી નામે છે. પશ્ચિમ દીશામાં યોગીની મહેશ્વરી નામે છે. અગ્નિ ખૂણામાં યોગીની કુબેરી નામે છે. નૈઋત્ય ખૂણામાં યોગીની નારાયણી નામે છે. દક્ષિણ દીશામાં યોગીની વારાહી નામે છે. ઉત્તર દીશામાં યોગીની ઇંદ્રાણી નામે છે. વાયવ્ય ખૂણામાં યોગીની ચામુંડા નામે છે. ઇશાન ખૂણામાં યોગીની મહાલક્ષ્મી નામે છે. પરદેશ જવામાં જમણી તથા સન્મુખની યોગીની ત્યજવી.

યોગીનીનાં વાહનનાં નામ.

૧. ધ્વજ, ૨. ધર્મ, ૩. સીંહ, ૪. શ્વાન, ૫. વૃષભ, ૬. ખર, ૭. હાથી, ૮. ધ્વંશઃ એ આઠ યોગીનીનાં વાહન પુર્વ દીશાથી અનુક્રમે ગણી લેવા. ॥ ૭૩-૭૪ ॥

योगीनीनुं फल.

योगीनी सुखदा वामा । पृष्टे वंछित दायनि ॥
दक्षिणे धन हंताश्च । सन्मुखो मरणं प्रदा ॥७५॥

ભાવાર્થઃ—ડાબી યોગીની સુખની આપવાવાળી છે. પુઠની યોગીની મન વન્છિત કાર્ય સિદ્ધ કરવાવાળી છે. જમણી યોગીની ધનનો નાશ કરવાવાળી છે. સન્મુખ યોગીની મર્ણાત કષ્ટ આપવાવાળી છે. ॥ ૭૫ ॥

ग्रहनां वाहननो विचार.

रवि रिख सिरि धरियां । नाम रुपायजो नवई भागं ॥
वियायां नव वाहण । लहियां फलहि सव्वाइं ॥७६॥
शशिरिख सिरि धरियां । नाम रिखाय यजो नवईं भागं ॥
विवायं नव वाहण । लहिये फलहि सव्वाइं ॥७७॥
तीथि वारं च नक्षत्रं । नम नक्षत्र संयुतं ॥
नव भिस्तु हरेत् भागं । शेष वाहन मुच्यते ॥७८॥

ભાવાર્થઃ—સુર્ય નક્ષત્ર ૧૩ તથા ૧૪ દીવસનાં હોય છે. તે નક્ષત્રથી પોતાના નામ નક્ષત્ર સુધી ગણવું, અને જે આંક આવે તેને નવે ભાગતા બાકી રહે તે વાહન સમજવું. તેમાં શની, રાહુ અને ગુરૂ એ ત્રણેનું જાણવું. બીજા ગ્રહોને માટે ચંદ્રમા જે નક્ષત્ર ઉપર જે દીવસે હોય તેથી નામ નક્ષત્ર સુધી ગણવું. તેને નવે ભાગ દેતાં બાકી રહે તે વાહન. તેમાં મંગળ, બુધ, રવી, શુક્ર, એ ચાર ગ્રહનું વાહન જાણવું. હવે બીજી રીત ગણવાની કહે છે. જે દીવસે જે ગ્રહ જે રાશી ઉપર બેસે તે દીવસની તીથી, વાર, નક્ષત્ર અને પોતાના નામના અક્ષર નાંખવા. એકમથી તીથી ગણવી, રવીવારથી વાર ગણવો, અશ્વનીથી નક્ષત્ર ગણવું, અને જે આંક આવે તેને નવે ભાગ દેતાં શેષ રહે તે વાહન. ॥ ૭૬–૭૮ ॥

नव ग्रहना नव वाहन अने तेनुं फळ.

खर हय गय मेशाय । जंबू सिंहे अकागमोराइं ॥
हंसोयं नव वाहण । नारद पुछेइहरि कहियं ॥७९॥

लच्छी हीणं रासभं । धन लाभोहय गएहिसु अवहूअं ॥
मेसे मरणंकीरइ । जंबू सुह हरई सव्वाइं ॥८०॥
सिंहो इपि सुण मरणं । कागो दुह कारई विसेसं ॥
मोराइं अथ्थ लाभं । हंसो सुह सयण वढेइ ॥८१॥

ભાવાર્થઃ—૧. ખર, ૨. ઘોડો, ૩. હાથી, ૪. બોકડો, ૫. શિયાળ, ૬. સીંહ, ૭. કાગડો, ૮. મોર, ૯. હંસ; એ નવ વાહન અનુક્રમે સમજવા; હવે તેનું ફળ કહે છેઃ—

ગધેડાનું વાહન હોય તો લક્ષ્મીની હાની કરે, ઘોડાનું વાહન હોય તો ધનનો લાભ કરે, હાથીનું વાહન હોય તો સુખ આપે, બોકડાનું વાહન હોય તો મણુાત કષ્ટ થાય, શિયાળનું વાહન હોય તો સુખનો નાશ કરે, સિંહનું વાહન હોય તો મરણુ થાય, કાગડાનું વાહન હોય તો ઝેરની ઉપાધી થાય, મોરનું વાહન હોય તો ધનનો લાભ થાય, હંસનું વાહન હોય તો સુખ આપે. ॥ ૭૯–૮૧ ॥

राहू विचार.

अष्टासु प्रथमाद्येषु । प्रहरार्द्धेष्ट हर्नितां ॥
पूर्वस्यां वामतो राहू । स्तुर्य तुर्या व्रजे दिशं ॥८२॥
जयाय दक्षिणे राहू । योगनी वामतः स्थिता ॥
पृष्टतोथय मप्येतत् । चंद्रमा सन्मुख सुनः ॥८३॥
मिगसर पोसह अने वली माह । पूर्व दिशीने रुंधइं राहू ॥
फागुण चैत्र अने वैशाख । दक्षिण दिशीने रुंधइं राहू ॥८४॥
जेठ असाढ अने श्रावण सही । पश्चिम दिश राहूनी वही ॥
भाद्रव आसो कार्तिक जांण । उत्तर दिशी राहूनो प्रमांण ॥८५॥
इण दिशजिको जाइ उचली । सही दुख पांमे कष्ट ते वली ॥
तिणदिशी गृहगांमेतर करे । सो नर चिंता शोक करि मरे ॥८६॥
गढ मढ मंदिर पोल पगार । साहमे राहन कीजे बार ॥
मरे कलत्रके निर्द्धन होय । एह पटंतर राहूनो जोय ॥८७॥

ભાવાર્થ:—રાહુની વામ ગતિ છે, એટલે અવળી ગતિ સમજવી. પૂર્વ દીશા આદ્ય લઇને ચાર ચાર ઘડી દીશી વિદીશી, તેમાં ચોથી ચોથી દીશામાં ચાર ચાર ઘડી રહે છે. તે રાત્રી તથા દિવસમાં. તેનું ઉદાહરણ:—સૂર્યોદયથી ચાર ઘડી દિવસ સુધી પૂર્વ દીશામાં રાહુ રહે છે. પછી ચાર ઘડી વાયવ્ય ખૂણામાં રહે છે. પછી ચાર ઘડી દક્ષીણ દીશામાં, ચાર ઘડી ઇશાન ખૂણામાં, ચાર ઘડી પશ્ચિમ દીશામાં, ચાર ઘડી અગ્નિ ખૂણામાં, ચાર ઘડી ઉત્તર દીશામાં, તથા ચાર ઘડી નૈઋત્ય ખૂણામાં રહે છે.

હવે રાહુનું ફળ કહે છે:—જમણો રાહુ હોય તો જય કરે, યોગની ડાબી સારી, પુંઠે રાહુ તથા યોગની હોય તો બહુ સારી, અને ચંદ્રમા સામો સારો. એવું મુહૂર્ત લઇને ગમન કરે તો સુખ સંપત્તિ મળે.

હવે માસિક રાહુ કહે છે:—માગશર, પોષ, માહ એ ત્રણે માસમાં પૂર્વ દીશામાં રાહુ હોય છે. ફાગણ, ચૈત્ર, વૈશાખ એ ત્રણ માસમાં દક્ષીણ દીશામાં રાહુ રહે છે. જેઠ, અષાડ, શ્રાવણ એ ત્રણ માસમાં પશ્ચિમ દીશામાં રાહુ રહે છે. ભાદરવો, આસો, કારતક એ ત્રણ માસમાં ઉત્તર દીશામાં રાહુ રહે છે. જે દીશામાં રાહુનું ઘર હોય તે દિશામાં ન જવું. જો જાય તો કષ્ટ પામે. તે દિશામાં નવા ઘરમાં અગર પોતાનું ઘર છોડી બીજા ઘરમાં તથા બીજા ગામમાં વાસ કરે તો ચિન્તા, શોક ઉપજે. નગરનો કોટ, કિલ્લો, નવું ઘર, પોળ વગેરે કરવું હોય તો રાહુની દીશા ટાળીને કરવું. જો રાહુની દીશામાં કરે તો સ્ત્રી મરે અથવા ધન જાય અથવા કુટુંબથી કલેશ થાય. એ રાહુનું પ્રમાણ શાસ્ત્ર પ્રમાણે જાણવું. ॥ ૮૨-૮૭ ॥

स्वरोदय विचार.

प्राह प्रवेशे वह नाडि पादं । कृत्वा पूरो दक्षिणमर्कबिंब ॥
गच्छेत् शुभायारि वह्ने तु सूर्य । पुष्टे रिपु सुन्य गतंचकुर्यात् ।८८।

शशि प्रवाहे गमनादेशस्तं । सूर्य प्रवाहे नहिं किंचिनापि ॥
प्रष्टुर्जयस्याद्वह मानें भागे । रिक्ते तु भागे विफलं समस्तं ॥८९॥

ભાવાર્થઃ—સ્વરોદય એટલે નાસીકામાંથી વહેતો પવન. જમણી નાસીકામાંથી પવન નીકળતો હોય તો તેને **સુર્યનાડી,** ડાબીમાંથી વહેતો હોય તો તેને **ચંદ્રનાડી,** અને બન્નેમાંથી વહેતો હોય તો તેને **સુષુમ્ણા** કહે છે. હવે તેમાં પ્રથમ પરદેશ જતી વખતે જે નાસીકામાંથી પવન વહેતો હોય તે જ તરફનો પ્રથમ પગ ઉપાડી–આગળ મુકીને ચાલવું, તેમજ ગામમાં પ્રવેશ કરતાં પણ તે જ પ્રમાણે પગ મુકવો, જીત મેળવવાના કાર્યમાં જવું હોય તો સુર્ય નાડી સારી સમજવી. પણ વિવાદ વખતે શત્રુને જમણી બાજુ અથવા પુંઠે રાખી વિવાદ કરવો.

વળી બીજી રીત કહે છેઃ—સ્થિર કામમાં ચંદ્ર નાડી વહેતી વખતે ચાલવું સારૂં છે. ઉતાવળા કામમાં સુર્ય નાડી ચાલવામાં સારી છે. સુષુમ્ણા નાડીમાં કોઈ કામમાં ચાલવું નહીં; માત્ર ધર્મધ્યાન કરીએ તો સારી રીતે થાય. વળી કોઇ પ્રશ્ન પુછે, કે અમુક કામ સિદ્ધ થશે? તો જે નાડી વહેતી હોય તે તરફ ઉભો રહી પુછે તો સિદ્ધિ સમજવી, અને વિપરીત પુછે તો કાર્યની હાની સમજવી. ॥ ૮૮–૮૯ ॥

विशेष काम वार स्वरोदय विचार.

गमणो गिहप्पवेशं । वच्छ संगाणं च सामि दंशणयं ॥
सहकम धम्मकारण । वामा शशि नाडि सुह भणिया ॥९०॥
संग्रामे पुद्द कामे । विजारंभे विवाह विवहारं ॥
भोअण सुरइ पसंग्गे । दाहिण रवि नाडि सुह भणिया ॥९१॥
पुवुत्तर दिशि सुलं । हवइ गमण वजयं ॥
रवि नाडी दिशा शूलं । पश्चिम दक्षिण वजियं गमणं ॥९२॥

शशि शूरवाम दाहिण । नाडी वहमाण शशी हवइ पुत्ती ॥
रवि नाडी पुत्तरु भयं । गप्भविणा संत्तुए भणियं ॥९३॥
रइदाणे वहे नाडी । ससी तहइसुआउ कप्पति ॥
सूरो नाडी पुत्तं । गप्भं न धरे इउ भएहि ॥९४॥
रवि बल ससि बल तमह बल । तारावलंपमुह सव्व अवगणियं ॥
ससि सुर गहि असुरयं । ठवियं सो पयहि अग्गेहिं ॥९५॥
नीशे शशीवासर शूरं । गमणं करेइ वजइ तुरं ॥
जेजे वहइ पूरं । ते ते पय ठवियरिउ दूरं ॥९६॥

ભાવાર્થઃ—ઘર પ્રવેશ, સારી વસ્તુ ગ્રહણ કરવામાં, નવિન વસ્ત્ર પહેરવામાં, રાજાને મુજરો કરવામાં, મીત્રતા કરવામાં, અને ધર્મ કાર્યો કરવામાં **ચંદ્ર** નાડી લેવી.

વિવાદ કરવામાં, વિદ્યા આરંભમાં, વિવાહમાં, વેપારમાં, ભોજન કરવામાં, અને સાંસારિક સુખમાં **સૂર્ય** નાડી લેવી.

હવે નાડીની દીશાઓ કહે છે. ચંદ્રનાડીમાં પૂર્વ તથા ઉત્તર દીશામા ન જવું. સૂર્ય નાડીમાં પશ્ચિમ તથા દક્ષીણ દીશામાં ન જવું. ચાલતી નાડીમાં પુત્ર પુત્રીનું પ્રશ્ન કરે તો સુર્ય નાડીનો પુત્ર અને ચંદ્ર નાડીની પુત્રી કહેવી (સમજવી). સાંસારિક સુખમાં ચંદ્ર નાડીમાં પુત્રી ગર્ભ થાય, અને સૂર્ય નાડીમાં પુત્ર ગર્ભ થાય. સ્વરોદય જોઇને ચાલનારને કોઇ પણ જાતના મુહૂર્ત કે ચંદ્ર બળ જોવાની જરૂર નથી.

વળી કેટલાક આચાર્યો એમ પણ કહે છે, કે દક્ષીણ, પશ્ચિમ દીશામાં સૂર્ય નાડીમાં જવું હોય તો જમણો પગ પ્રથમ ત્રણ પગલાં સુધી ઉપાડી ચાલી જવું. ચંદ્ર નાડીમાં પૂર્વ તથા ઉત્તર દીશામાં જવું હોય તો ડાબા પગના ચાર પગલાં પ્રથમ ઉપાડી આગળ ચાલી જવું.

રાત્રીમાં ડાબી નાડી વહેતી હોય તો સારી જાણવી, અને દીવસમાં જમણી નાડી વહેતી હોય તો સારી જાણવી. વળી

ચાલતી વખતે કોઇ વાજીંત્ર વાગતું હોય અને તે વાજીંત્રનો સ્વર પુરો થયે પગ ઉપાડી મુકીએ તો કામ સિદ્ધ થાય. એ સર શુકન કહીએ. ॥ ૯૮-૯૬ ॥

सूर्यना वासा विषे.

याम युग्मेषु राव्यांत । यामात्पूर्वादि गोरवि ॥
यात्रा स्मिन् दक्षिणे वामे । प्रवेशे पृष्टके डयं ॥९७॥
न तत्रां गारकौ विष्टी । व्यतिपातो न वैधृति ॥
सिध्यंति सर्व कार्याणि । यात्रायां दक्षिणे रवौ ॥९८॥

ભાવાર્થઃ—પૂર્વ દીશાથી એક એક પહોર એક દીશા, વિદીશામાં સૂર્ય રહે છે. તે ચાલવામાં તથા જાત્રામાં ડાબો તથા જમણો સારો અને પુઠનો તથા સન્મુખનો વર્જવો. ચાલવામાં ઉપરનો બતાવેલો સૂર્ય હોય તો સર્વે દોષ દૂર કરે છે. તે મંગળ, વ્યતિપાત, વૈધૃત, ભદ્રા એ સર્વે દોષને દૂર કરી સર્વે કામની સિદ્ધિ કરે છે. ॥ ૯૭-૯૮ ॥

काल पास विचार.

प्रतिदिनमेकेकस्यां । दिशिपासः सन्मुखोस्य कालस्यात् ॥
प्राच्यां शुक्ल प्रतिप्रदा । मारभ्य ततः क्रमात्पास्यौ ॥९९॥
जो उगे सो पूव्वदिजे । इस छोडीने सृष्ट गणिजे ॥
जोसीएममझंपोआल । जिहांशनिश्चरतिहांहूवेकाल ॥१००॥
आदित्ये उतरे कालं । सोमे कालं च वायवे ॥
भोमे च पश्चिमे कालं । बुधै नैऋत्यमेव च ॥१॥
न गुरु दक्षिणां गच्छेत् । आग्नेयां शुक्रमेव च ॥
पूर्वे शनिश्चरेज्ञया । काल पास विनिर्दिशेत् ॥२॥

ભાવાર્થઃ—શુકલપક્ષમાં એકમથી, પૂર્વ દીશાથી અનુક્રમે ગણતાં આઠ દીશામાં આઠ કાળ પાસ આવે છે તે નીચે પ્રમાણેઃ—

શુકલ પક્ષમાં એકમે પૂર્વ દીશામાં કાળ, બીજે અગ્નિ ખૂણામાં કાળ, ત્રીજે દક્ષીણ દીશામાં કાળ, ચોથે નૈઋત્ય ખૂણામાં કાળ, પાંચમે પશ્ચિમ દીશામાં કાળ, છઠ્ઠે વાયવ્ય ખૂણામાં, સાતમે ઉત્તરમાં, આઠમે ઇશાનમાં. એ પ્રમાણે ફરી ફરી મુકતા જે તીથીએ જે દીશામાં કાળ આવે તે દીશા વર્જવી.

હવે વાર કાળ પાસ કહે છે—જે વાર વર્તમાન દીવસે હોય તે વાર પૂર્વ દીશામાં મુકીને ગણવું. દીશી, વિદીશી ગણુતાં ઇશાન ખૂણો વર્જીને જે દીશામાં શનીવાર હોય તે દીશામાં કાળ સમજવો. જેમકે, ગુરૂવાર છે તો તે ગુરૂવારને પૂર્વ દીશામાં મુકી ગણતાં પૂર્વમાં ગુરૂ, અગ્નિમાં શુક્ર, દક્ષિણમાં શની, એ પ્રમાણે સમજવું કે ગુરૂવારે દક્ષીણ દીશામાં કાળ આવ્યો, અને એમ સર્વેમાં ગણી લેવું.

હવે કાળ પાસનો ત્રીજો પ્રકાર કહે છે. રવિવારે ઉત્તર દીશામાં, સોમવારે વાયવ્ય ખૂણામાં, મંગળવારે પશ્ચિમ દીશામાં, બુધવારે નૈઋત્યખૂણામાં, ગુરૂવારે દક્ષિણ દીશામાં, શુક્રવારે અગ્નિખૂણામાં, અને શનીવારે પૂર્વદીશામાં કાળપાસ જાણવો. ॥ ૯૯—૧૦૨ ॥

वत्स विचार.

कन्यात्रये स्थितेर्के । प्राच्यां धनुर्ष त्रये तुयाम्यायां ॥
मिन त्रये प्रतिच्यां रहै । मिथुन त्रये तुकोवेर्यां ॥३॥

वत्सोभ्युदयतियस्मिन्न । सन्मुखं शस्यते प्रवास विधि ॥
चैत्यादिनांद्वारं । नार्चादिनां प्रवेशंश्च ॥४॥

वत्सोतिय संक्रांति । कन्या तुल वृश्चिकेहिं उगए पुव्विं ॥
धन मकर कुंभ दक्षिण । पश्चिम मिनेहिच्छगवसहं ॥५॥

मिथुने कर्कटे सिंहो । उत्तर मुह वच्छवसइनहू प्रमणं ॥
न हूं चेइ अधरवार । विंबं न धरेइ निवेशं च ॥६॥

अग्रतो हरते आयु । पृष्टतो हरते धनं ॥
वाम दक्षिणतो पार्श्वं । सर्वं कार्यार्थ साधकः ॥७॥
वत्साचार न जानंतो । गृह प्राकार मेव च ॥
कुलक्षयार्थ हानिश्च । सोग संतापकारकः ॥८॥
पंचशीर्ष त्रयं पुछ । नव नाभि पद षोडस ॥
त्रिणशतानिषष्टानि । श्रृंगः कर शतानि च ॥९॥

ભાવાર્થઃ—કન્યા, તુલા, વૃશ્ચિક સંક્રાંતીમાં પૂર્વ દીશામાં વચ્છ રહે છે. ધન, મકર, કુંભ સંક્રાંતીમાં દક્ષીણ દીશામાં વચ્છ રહે છે. મીથુન, કર્ક, સીંહ સંક્રાંતીમાં ઉત્તર દીશામાં વચ્છ રહે છે. મીન, મેષ, વરખ સંક્રાંતીમાં પશ્ચિમ દીશામાં વચ્છ રહે છે. વચ્છ જે દીશામાં ઉગે તે દીશામાં સામું ગમન ન કરવું તથા મંદિર, ઘર બંધાવવું હોય તો તે દીશામાં બારણું ન મુકવું. પુજા, પ્રદેશ, અનુષ્ઠાનાદિકમાં સન્મુખ ન બેસવું. એ પ્રમાણે વચ્છ વિચાર જાણવો. ઘરમાં પ્રવેશ પણ ન કરવો. હવે તેનું ફળ કહે છે. સન્મુખ વચ્છ હોય તો આયુષનો નાશ કરે, પુઠે વચ્છ હોય તો ધનનો નાશ કરે, ડાબો તથા જમણો વચ્છ સર્વ કાર્યની સિદ્ધિ કરે. વચ્છ વિચાર જાણ્યાં વિના ઘર બંધાવે, કિલ્લો બંધાવે, બારણું બેસાડે તેમાં વચ્છ સામો હોય તો કુળનો ક્ષય કરે, શોક સંતાપ ઉદ્વેગ કરે, માટે જોઈને કામ કરવું શ્રેષ્ઠ છે. હવે વચ્છનું રૂપ કહે છે. વચ્છને પાંચ માથા, ત્રણ પુંછડી, નવ નાભી, સોળ પગ, ત્રણસેં સાઠ શીંગડાં છે. તે શીંગડું સો સો હાથનું ઊંચું છે. એ પ્રમાણે વચ્છનું સ્વરૂપ કહ્યું છે, માટે કાર્ય વખતે વચ્છ જોઈ કામ કરવું અને તેમાં ઘણી સંભાળ રાખવી. ॥ ૩-૯ ॥

शुक्र विचार.

उदयतियदियस्यं याति यत्र भ्रमाद्धा ।
विचरति सचक्रे येषु दिग्धारवेषु ॥

त्रिविध मिह सितस्य प्रोच्यते सन्मुखत्वं ।
मुनिभि रुदय एव तज्यते तत्र यत् नान् ॥१०॥
सन्मुखे लोचनाहंति । दक्षिणो शुभकारकः ॥
पृष्टि लग्नश्चवामश्च । प्रोक्त शुक्र शुभो बुधौ ॥११॥
शुक्र प्राच्यां द्वयसर युगान् । २५४ वासरांस्तत्रचास्तं ॥
याते मासः द्वितिय सहित । नवससनद्वाशेवसुधिभिः ॥१२॥
षट्पंचधी २५६ प्रमित । दिवसान् तिष्टते तु प्रतिच्यां ॥
अस्तंयातोत्रचपुल । रसौवासरान् यक्ष संख्यान् ॥१३॥
भिगु पुवेहि उग्गहि । दिहावावनविसय अच्छवणं ॥
पण पक्षति दिहिउणा । पुव्व दिसितिनिवायाला ॥१४॥
अठ मास पुव्वइं दिन बारह । एह प्रमाणं अछइं भृगुतारह ॥
नष्ट रहे तिहां दिवस बहुत्तरि । तामह गमण करे पच्छितरि ॥१५॥
दुनिसय सतसठि दिन । पश्चिमेपुकतव्वेण ॥
दह दिहावोलं करइं । तह पुव्व दिसइं उग्गइं ॥१६॥

ભાવાર્થઃ—શુક્ર જે દિશામાં ઉગે તે દિશામાં ગમન ન કરવું. સન્મુખ શુક્રમાં ચાલે તો આંખને નુકશાન થાય, જમણો શુક્ર હોય ને ચાલે તો અશુભ કાર્ય કરે, પાછળ તથા ડાબો શુક્ર હોય તો શુભ કરે. શુક્ર પૂર્વ દીશામાં ઉગે તો બસેં ચોપન દિવસ પૂર્વ દીશામાં રહે પછી અસ્ત પામે. તે બે માસ તથા બાર દિન સુધી અસ્ત રહીને પછી પશ્ચિમ દીશાએ ઉગે. તે બસેંને છપ્પન દિવસ ઉગેલો રહે, ને તેર દિન ત્યાં જ અસ્ત રહે ને પછી પૂર્વમાં ઉદય પામે. શુક્ર પૂર્વમાં ઉગેલો બસેં બાવન દીવસ રહે પછી પૂર્વમાં અસ્ત રહે. તે પાંચ પખવાડીયા ને ત્રણ દિવસ (૭૮ દિવસ) રહે. હવે બીજે પ્રકારે શુક્ર કહે છે. શુક્ર પૂર્વમાં ઉગેલો આઠ માસ ને બાર દિવસ રહે. અસ્ત બોત્તેર દિન પૂર્વમાં રહે, પછી પશ્ચિમમાં ઉગેલો બસો ને સડસઠ દીન રહે. તે પછી દશ દીન અસ્ત રહી પછી પૂર્વ દીશામાં ઉગે. ॥૧૦–૧૬॥

शुक्र उगवानुं मास फल.

सवि सुख चित्त मासे । जिठे आणंद जलहि आसाढे ॥
बहू सीय पोस माहे । भाद्र वैशाखे पशु पीडा ॥१७॥
विग्गहकत्ति फगुण । मगसिरनिवभंगपरजदुहि आसो ॥
अन्न महघ श्रावण । अच्छि भृगुएरिसं अंगं ॥१८॥
भिगु चखू वाम कांणय । दाहिण चखू रेवयातिन्नि ॥
कित्तिगरिखा इग पय । अंधो भिगुकरइनहुं दोसो ॥१९॥

ભાવાર્થ:—શુક્ર ચૈત્ર માસમાં ઉગે તો સુખશાંતી આપે, જેઠ માસમાં ઉગે તો આનંદ કરે, અષાડમાં ઉગે તો વરસાદ સારો થાય, પોષમાં ઉગે તો ટાઢ ઘણી પડે, ભાદરવા તથા વૈશાખ માસમાં શુક્ર ઉગે તો પશુઓને પીડા ઘણી થાય, કારતક તથા ફાગણ માસમાં ઉગે તો વિગ્રહ કરે, માગશર માસમાં ઉગે તો રાજ્ય ભંગ કરે, આશોમાં ઉગે તો પ્રજાને દુઃખ, ભય કરે, શ્રાવણમાં ઉગે તો અન્ન મોંઘુ કરે. એવી જ રીતે શુક્ર અસ્તમાં પણ ઉપર પ્રમાણે ફળ આપે છે. હવે શુક્રનું રૂપ તથા ફળ કહે છે. શુક્ર ડાબી આંખે કાણો છે, અને તે જમણી આંખે દેખે છે. માટે રેવતી નક્ષત્ર આદિ લઇને કૃતીકાના એક પાયા સુધી શુક્ર આવેલો રહે છે તે સમયમાં શુક્ર સન્મૂખ તથા જમણી દીશામાં હોય તો સૌભાગ્યવતી સ્ત્રી પીયરથી સાસરે જાય અથવા સાસરેથી પીયર જાય તેનો દોષ નથી. ॥ ૧૭–૧૯ ॥

સૌભાગ્યવતી સ્ત્રીને સાસરે તથા પીયર જવાનું મુહૂર્ત.

भर्तुस्थाना तुया नारी । गच्छंतु पितु मंदिरे ॥
देवसुप्ते शूक्रे नष्टे । तत्र दोषो न दीयते ॥२०॥
हरि सुप्त धन मीने । शूक्र सन्मुख दक्षिणे ॥
पति गृहे न गंतव्यं । गंतव्यं पितु मंदिरे ॥२१॥

पौश्नादि अग्निपर्यंत । जाव तिष्टति चंद्रामा ॥
तावत् शुक्रो भवत्यंधो । न दोषो सन्मुखेपि च दक्षिणे ॥२२॥
अप्रसुता यदा कन्या । प्रथमा गर्भ संयुता ॥
पितुस्थाना तुया नारी । न गच्छेत् पति मंदिरे ॥२३॥
गर्भणी श्रवते गर्भ । बालास्त्री म्रियते सुतं ॥
नववधु भवेद्वंध्या । नृप शीघ्रं विनस्यति ॥२४॥

ભાવાર્થઃ—દેવ પોઢેલા હોય અને શુભ તીથી હોય તો પણ સાસરેથી પીયર જવાને દોષ નથી, પણ જો દેવ સુતા હોય અને ધન, મીન, સંક્રાંતી હોય તથા શુક્ર સન્મૂખ અથવા જમણો હોય તો પીયરથી સાસરે ન જવું, પણ સાસરેથી પીયર જઇ શકે છે.

રેવતી નક્ષત્રથી કૃતીકાના એક પાયા સુધી ચંદ્રમા મેષ રાશીને રહે ત્યાં સુધી શુક્ર આથમેલો રહે છે તે સમયમાં સ્ત્રીને પીયર કે સાસરે ગમે ત્યાં જવામાં દોષ નથી. વિશેષ સ્ત્રીને સાસરે જવામાં મુહૂર્ત વિસ્તારીને કહે છે.

જો શુક્રનો અસ્ત હોય તો પીયરથી સાસરે ન જવું. જો શુક્ર ડાબો તથા પૂંઠનો હોય તો જવામાં ઘણો સારો; પોતાની ઇચ્છા પ્રમાણે જઇ શકે છે. વળી શુક્ર જમણો તથા સન્મુખ હોય અને રેવતી નક્ષત્રથી મેષનો ચંદ્રમા રહે ત્યાં સુધીમાં ત્રણ દિવસમાં શુક્ર અંધ રહે છે તે સમયમાં જવામાં સ્ત્રીને દોષ નથી. પણ એટલું વિશેષ કે જે સ્ત્રીને બાળક ન થયું હોય અથવા ગર્ભવંતી સ્ત્રી હોય તે સ્ત્રીએ શુક્ર સન્મુખ તથા જમણો તજવો. જો જમણો શુક્ર તથા સન્મુખ શુક્રમાં ઉપર કહેલા આંધળા શુક્રના ત્રણ દિવસ વિના બીજા દિવસોમાં જાય તો ગર્ભનો વિનાશ થાય તથા તે સ્ત્રીના પતીને હાની થાય અથવા તે સ્ત્રી વંધ્યા થાય; બાળક હોય તો મરણ પામે; માટે ઉપર દેખાડેલા શુક્રમાં ન જવું. રાજાને પણ પરદેશ ગમન ન કરવું. જાય તો વિનાશ થાય. ॥ ૨૦–૨૪ ॥

गुरु तथा शुक्रना अस्तमां तजवानां काम.

वापि कूप तडागयाग गमनं क्षौरं प्रतिष्ठाव्रतं ।
विद्या मंदिर कर्णवेधन महादानंवनंसेवनं ॥
तिर्थ स्नान विवाह देवसदनं मंत्रादि देवेक्षणं ।
इरेणैव युधिष्टिरेचास्तं गुरु भार्गवे ॥२५॥

एक ग्रामे पुरे वापि । दुर्भिक्षे राज विग्रहे ॥
विवाहे तिर्थयात्रायां । षभि शुक्रो न विद्यते ॥२६॥

गर्भणी त्त सवत्सा च । नववधु भूप एव च ॥
यदिच्छेत्सफलं कार्यं । न गच्छेद्भृगु सन्मुखे ॥२७॥

शुक्रे नष्टे पतिर्हंति । गुरु नष्टे च कन्यका ॥
चंद्र नष्टे उभौहंति । तस्मादिनं विवर्जयेत् ॥२८॥

स्वग्रामे स्वामिनोदेशे । लोकयात्रारिशंकया ॥
राजोपद्रव दुर्भिक्षे । प्रति शुक्रो न दूषणं ॥२९॥

ભાવાર્થઃ—વાવ, કુવો, તળાવ વિગેરે ન કરાવવા, યજ્ઞ આરંભ ન કરવા, યાત્રા ગમન, પ્રથમ મુંડન તથા શિષ્યને દીક્ષા તથા ઘરની પ્રતીષ્ઠા તથા નવા વ્રત આરંભ, વિદ્યા આરંભ તથા નવું ઘર કરાવવામાં તેમજ કાન વીંધાવવામાં, મોટી દાનશાળા માંડવામાં, વનવાસ કરવામાં, તીર્થાદિક કરવામાં, વિવાહ, ધર્મસ્થાન કરાવવામાં, નવો મંત્ર સાધવામાં કે જક્ષદેવના દર્શનમાં એ સર્વે ગુરૂ તથા શુક્ર અસ્ત હોય તો ન કરવા એમ મોટા પુરૂષો કહે છે. હવે ગુરૂ તથા શુક્રના અસ્તમાં જે કામ કરવાં તેનાં નામ કહે છે.

પોતાના ગામમાં સાધારણ કામ માટે જવા આવવામાં દોષ નહીં, દુષ્કાળ પડયો હોય તે વખતે પરદેશ જવામાં દોષ નહીં, રાજાના ભયથી જવામાં દોષ નહીં, વિવાહ પ્રસંગમાં દોષ નહી,

વિવાહ તથા ભોજન જમવા જવામાં દોષ નહીં, ગામની પાસે તીર્થયાત્રામાં જવાનો દોષ નહીં, મેળા જેવા મંગળીક દીવસોમાં જવામાં દોષ નહીં, એટલા કામોમાં શુક્ર, ગુરૂ અસ્ત, ઉદય જોવાની જરૂર નથી, વળી ગર્ભવાળી સ્ત્રી તથા પુત્રવાળી તથા તુરતમાં પરણેલી સ્ત્રીઓએ ભલુ ઇચ્છે તો શુક્ર સન્મુખ ન જવું. જો શુક્રના અસ્તમાં સ્વામીના ઘેર જાય તો પતીને હાની થાય. ગુરૂ, શુક્રના અસ્તમાં આણું કરે તો કન્યા મરે, ચંદ્ર અસ્તમાં એટલે અમાવાસ્યામાં આણું કરે તો અનિષ્ટ ફળ થાય. કેટલાક દીવાળીની અમાસ શુભ ગણે છે તો તે શિવાય તમામ અમાસ વર્જવી. ૨૫-૨૯

सिंहना गुरुनो विचार.

उद्यान चुडो व्रत बंध दिक्षा । विवाह गोदान वधु प्रवेश ॥
तडाग कुपादि सुर प्रतिष्टा । ब्रहस्पते सिंहे गते न कुर्यात् ।३०।
जीव भार्गवयोचास्ति । सर्व कर्माणि वर्जयेत् ॥
विशेषेण महिपाल । तिर्थानि च पुनः पुनः ॥३१॥
मिने मेषे द्वयोर्मध्ये । यदा च रति चंद्रमा ॥
तावत् शुक्रो भवत्यंधो । सन्मुखं गमनं शुभं ॥३२॥

ભાવાર્થ:—ઉપધ્યાન, ઉજમણું, ચુડો પહેરવામાં, નવીન વ્રત લેવામાં, દિક્ષા લેવામાં, વિવાહમાં, ગાયના દાનમાં, નવી સ્ત્રીનું આણું કરવામાં, તળાવ, કુવાના મુહુરતમાં તથા દેવતા દેવાલયોની પ્રતિષ્ટામાંઃ એ સર્વે કામ વખતે ગુરૂ સિંહ રાશીનો હોય તો ઉપરનાં સર્વે કામ ન કરવાં. તેમજ વળી ઉપર કહેલા કામોમાં ગુરૂ તથા શુક્રનો અસ્ત થયો હોય તોપણ ન કરવાં. વિશેષ કરીને રાજાને તથા યાત્રા તથા સંઘ કાઢવામાં વર્જવાં. પણ તે વખતે જો ચંદ્રમા મીન તથા મેષ રાશીનો હોય તો તે વખતે શુક્ર આંધળો થાય છે. જો તેવે વખતે શુક્ર સન્મુખ હોય તો પણ જવામાં દોષ નથી. ॥ ૩૦-૩૨ ॥

रोगीने स्नान करावावानुं मुहूर्त.

न स्नानं रोगमुक्तयार्थं । कार्यंशुक्रेदुवासरे ॥
मघाश्लेषा ध्रुवं स्वांति । पुनर्वसु च पौश्नवे ॥३३॥
द्वितीया वर्जिता स्नानं । दशमिदाष्टमि तथा ॥
चतुर्दशी त्रयोदश्यौ । षष्टी पंचदशीकुहूं ॥३४॥
लग्नेचरे सूर्य कुजे च वारे । रिक्तातिथौ चंद्रबलेचहीने ॥
केंद्रत्रिकोणार्थगतेचपापे । स्नानंहितंरोगविमुक्तकानां ॥३५॥
आदित्यादिषु वारेषु । ताप कांति मृतिर्द्धनं ॥
दारिद्रंदुर्भगत्वंच । कामाप्ति स्नानं च क्रमातः ॥३६॥

ભાવાર્થઃ—રોગી માણસને માથે પાણી ઘાલવાનું-સ્નાન કરવાનું-મુહુર્ત કરવામાં શુક્રવાર, સોમવાર તથા મઘા, અશ્લેષા, ત્રણ ઊત્તરા, રોહિણી, પુનર્વસુ, રેવતી એ નક્ષેત્ર તથા તીથી બીજ, આઠમ, દશમ, તેરશ, ચૌદશ, છઠ્ઠ, પુનમ અને અમાસઃ એ સર્વે વાર તીથી વર્જવા, બાકી સર્વે લેવા. હવે રોગીને સ્નાનમાં સારો વખત બતાવે છે.

ચર લગ્ન લેવું; રવીવાર, મંગળવાર લેવો; રીક્તા તીથી એટલે ચોથ, નોમ લેવી; તથા ચંદ્રમા ચોથો, આઠમો, બારમો લેવો. હવે લગ્ન શુદ્ધિ કહે છે. જન્મ કુંડળીમાં કેંદ્રસ્થાને એટલે પહેલે, ચોથે, સાતમે, દસમે, પાંચમે, પાપ ગ્રહ હોય તે સમયમાં રોગીને સ્નાન કરાવે તો રોગી રોગથી મુક્ત થાય. વળી રોગીને તેલ મર્દન કરી જો રવીવારે સ્નાન કરાવે તો તાવ આવે, સોમવારે કાન્તિ વધે, મંગળવારે મરણ થાય, બુધવારે ધનની હાની થાય, ગુરૂવારે દારીદ્ર વધારે, શુક્રવારે ભાગ્યહીન કરે, શનીવારે કામની પ્રાપ્તિ કરે. ॥ ૩૩–૩૬ ॥

स्त्रीने प्रसूति स्थान मुहुर्त.

कृतिका भरणी मूलं । आर्द्रा पुष्य पुनर्वसु ॥
मघा चित्रा विशाखा च । दशमं श्रवणं तथा ॥३७॥

एताप्राणहराज्ञेया । स्त्रीभिः स्नानं न कारयेत् ॥
यदि स्नानं प्रकुर्वंति । पुनः प्रसूतिर्न विद्यते ॥३८॥
भौमादित्ये तथा पुष्ये । हस्ते मूले च वैश्नवे ॥
एतेरीष्या प्रशंसंति । स्नाना स्त्री गर्भ संयुता ॥३९॥
पुनर्वसुध्वयं हस्ते । श्रुति मूलेंदुभिः सदा ॥
गुरु भौमार्क वारेषु । सीमंते नयनं शुभं ॥४०॥
विवाहे कन्यका दाने । आधाने गर्भसोधने ॥
स्त्रीणां चंद्रबलं ग्राह्यं । पुंशनिंदुर्बलं स्मृतं ॥४१॥

ભાવાર્થ:— કૃતીકા, ભરણી, મુળ, આર્દ્રા, પુષ્ય, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા, શ્રવણુ એ દશ નક્ષેત્રોમાં સ્નાન કરે તો પ્રાણુની હાની થાય અથવા ફરી બાળક જન્મે નહિ. મંગળવાર, રવીવાર તથા હસ્ત, મુળ, પુષ્ય, શ્રવણુ એ નક્ષેત્ર તથા એ વારમાં સ્નાન કરાવે તો સ્ત્રી સારી પ્રજા આપવાવાળી થાય.

સ્ત્રીને ખોળાભરણું કરતી વખતે પુનર્વસુ, પુષ્ય, હસ્ત, શ્રવણુ મુળ, મૃગશર એ છ નક્ષેત્ર લેવા અને ગુરૂ, મંગળ, રવી એ વાર લેવા. એ સીમંત વખતે સારા છે તથા સ્ત્રીને વિવાહમાં, કન્યાદાન, અગ્રણીમાં, ગર્ભ સંસ્કારમાં ચંદ્રમાનું બળ જોવું. બીજા કામમાં પુરૂષના નામથી મુહુરત જોવું. ॥ ૩૭-૪૧ ॥

प्रथम प्रसूती स्नान मुहूर्त.

प्रतिपत् नवमिश्चैव । षष्टि मंगल शुक्रयो ॥
सप्त जन्म भवे वंध्या । स्त्रीभिः स्नानं न कारयेत् ॥४२॥
दशम्यि पुत्र नाशाय । त्रयोदशी यश नाशनी ॥
द्वितिया गर्भ नाशाय । स्त्रीभि स्नानं न कारयेत् ॥४३॥
मृत्येहिसोरिपयहानिश्चंद्रे । कार्केहिवंध्या भवतीह शुक्रे ॥
प्रयातिदृष्टीगुरुभानुभौमे । मृत्युप्रजापुंशदिनेबुधस्यात् ॥४४॥

उत्तरा रोहिणी हस्त । सोम्यंपवन रेवति ॥
प्रसूता स्त्रीभिः स्नानं च । अनुराधाश्वनि शुभो ॥४५॥
बुधे च म्रीयते वत्स । शनैश्च म्रियते कन्यका ॥
सोमे च पय हिनं च । स्त्रीभिः स्नानं न कारयेत् ॥४६॥
प्रसूता स्त्री स्नान मुहूर्त । सोम्यादित्ये तथा पुष्यो हस्ते
मूलेचवैश्नवे जल पूजा च नारीणां पुत्रात्सं पद्यते सुखं ॥४७॥
शनि शुक्रार्क भौमाश्च । एतानि परिवर्जयेत् ॥
बुधे गुरुस्तथा सोमे । स्त्रीणांहि जल पूजनं ॥४८॥
नंदायां पुत्र लाभं च । भद्रायां पुत्र नाशनं ॥
जया पूर्णा कुलं वृधि । रिक्ता संतापकारणी ॥४९॥

ભાવાર્થ:—એકમ, નોમ, છઠ્ઠ તથા મંગળવાર, શુક્રવાર એ વારે અને એ તીથીએ જો પ્રથમ પ્રસુતા સ્ત્રીને સ્નાન કરાવે તો સાત જન્મ સુધી વંધ્યા એટલે વાંઝણી રહે માટે તેમાં સ્નાન ન કરાવવું. દશમે સ્નાન કરાવે તો પુત્રનો નાશ થાય, તેરશે સ્નાન કરાવે તો જશનો નાશ થાય, બીજે સ્નાન કરાવે તો ગર્ભનો નાશ થાય, માટે એ તીથીમાં સ્નાન ન કરાવવું. શનીવારે સ્નાન કરાવે તો મરણ થાય, સોમવારે સ્નાન કરાવે તો બુદ્ધિની હાની કરે, શુક્રવારે સ્નાન કરાવે તો કાક વંધ્યા એટલે એકજવાર જન્મ આપે. ગુરૂવારે, રવીવારે, મંગળવારે સ્નાન કરાવે તો બાળકનું મૃત્યુ થાય, ત્રણ ઉત્તરા તથા રોહિણી, હસ્ત, મૃગશર, રેવતી, સ્વાંતી, અનુરાધા, અશ્વની એ નક્ષત્રો સ્નાન કરાવવામાં શુભ છે. બુધ, સોમ, શનીવાર, સ્નાન કરાવવામાં વર્જવાં.

પ્રથમ પ્રસુતાને જળ દેવતાનું પૂજન કરાવવાનું મુહૂર્ત.

મૃગશર, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, મુળ, શ્રવણ એ નક્ષત્ર લેવા અને શની, શુક્ર, રવી, મંગળ એ વાર તજવા. બુધ, ગુરૂ, સોમ એ વાર જળ પૂજા કરાવવામાં લેવા સારા છે તથા જળ પૂજામાં

નંદા તીથી એટલે એકમ, છઠ્ઠ, અગીઆરશ એ તીથીઓમાં પુજન કરે તો પુત્ર લાભ થાય તથા ભદ્રા તીથી એટલે ૨, ૭, ૧૨ માં કરે તો પુત્ર નાશ થાય તથા જયા તીથી તે ૩, ૮, ૧૩ તથા પૂર્ણા તીથી ૫, ૧૦, ૧૫ એ તીથીઓમાં પુજન કરે તો કુળની વૃદ્ધિ થાય. રીક્તા તીથી એટલે ચોથ, નોમ, ચૌદશમાં જળ પૂજા કરે તો સંતાપ, કલેશ થાય. ॥ ૪૨-૪૯ ॥

कन्याने पहेलुं आणुं करवानुं मुहूर्त्त.

पुष्यादित समिरणादिति वसु त्रिएयुराश्विनी ।
रेवत्योपि मृगछनोपि शुभ कृत्येषालि कुंभेरवौ ॥
कन्या मन्मथ मीन भेद न वधु यानंवृष तौलिके ।
देवाचार्य सितेंदू सोम्यदि वसा शुधै गुरु भार्गवे ॥५०॥
पुष्योधनिष्टा मृदूवाय मूले । थिराश्विनीत्वरण मघाचहस्ते ॥
दभिःप्रतिष्टा बहुपुत्रपुत्री । भवतिनारीपतिवल्लभा च ॥५१॥
वारेण सूर्येण भवंतिरोगि । बुधे च विधवा भोमे च मृत्या ॥
जीवेंदु शुक्रेणशनिश्वरेण । एतानिवाराणि वधु प्रवेशः ॥५२॥

ભાવાર્થઃ—પુષ્ય, પુનર્વસુ, ચિત્રા, ધનિષ્ઠા, ત્રણ ઉત્તરા, અશ્વની, રેવતી, મૃગશર, એ નક્ષેત્ર લેવા; તથા મેષ, કન્યા, મકર, મૈથુન, વૃશ્ચીક, કુંભ, વરખ, તુલા એ સંક્રાંતી લેવી; તથા ગુરૂ સોમ, શુક્ર, બુધ, એ વાર લેવા; તથા શુક્ર, ગુરૂનો ઉદય હોય તે સમયે ચાલવાનું મુહુરત કરવું શ્રેષ્ટ છે. વળી પ્રથમ પ્રસુતાને ઝીઆણું એટલે પહેલું બાળક લેઇ સાસરે જવામાં પુષ્ય, ધનિષ્ટા, ચિત્રા, મુળ, અશ્વની, મઘા, સ્વાંતી, હસ્ત એ નક્ષેત્ર સારાં છે, વળી એ નક્ષેત્રમાં પ્રથમ બાળકને લેઇને સ્ત્રી ઘરમાં પ્રવેશ કરે તો ઘણા પુત્રવંતી થાય, વળી તે સ્ત્રી પતિને ઘણી પ્રીય લાગે. પણ જો રવીવારે પ્રવેશ કરે તો રોગની પ્રાપ્તિ થાય, બુધવારે પ્રવેશ કરે તો ફરી બાળક ન થાય, મંગળવારે પ્રવેશ કરે તો મૃત્યુ પામે,

માટે એ વાર તજવા; પણ ગુરૂ, શુક્રવાર, શનીવાર ઘર પ્રવેશમાં સારા છે. ॥ ૫૦–૫૨ ॥

घराणुं तथा वस्त्र धारण करवानुं मुहूर्त्त.

अश्वन्य पौश्नवसुभिः कर पंचकेन ।
मार्त्तंड भौम गुरु दानव मंत्र वारे ॥
मुक्ता सुवर्ण मणि विद्रुमशंषदंत्तं ।
रक्तांबराणि विधृतानि भवंति धृत्यै ॥५३॥
हस्ताद्यापंच नक्षत्रा । धनिष्टाश्विनि रेवती ॥
हेम कुंकम रक्तानां । भौमार्क गुरु भार्गवे ॥५४॥
लाक्षाकुसुभमंजिष्टो । रक्तो कांचन भूषणे ॥
प्रशस्तो कुज मार्त्तंडो । लोहक्रत्ये शनिश्वरे ॥५५॥
सोम शनिश्वर पुंअरो । जइ रत्तो बुधवार ॥
पंथ पलोवइघट्टडो । जाइ मसाणहवार ॥५६॥
उत्तरात्रिणे परिहरो । रोहिणी पाडे वज्ज ॥
पुष्य पुनर्वसु परिहरो । जइ भरतार कज्ज ॥५७॥
पु पुष्य पुनर्वसु चैव । रोहिणी चोत्तरात्रयं ॥
कुसुभं वर्जयेत् वस्त्रं । भर्तृघातो भवेत् कृच्छ ॥५८॥

ભાવાર્થઃ—અશ્વની, રેવતી, ધનિષ્ટા, હસ્ત, ચિત્રા સ્વાંતી, વિશાખા, અનુરાધા એ નક્ષેત્ર તથા રવી, મંગળ, ગુરૂ, શુક્ર એ વાર આભુષણ પહેરવામાં સારા છે. તે આભુષણનાં નામઃ-મોતી, સોનું, મણી, પરવાળા, શંખ, ચુડો સોના સાથે તથા વસ્ત્ર વિગેરે પણ આભુષણો જાણવાં. તેને માટે ઉપરના વાર નક્ષેત્રો જોવા. વળી લાલ વસ્ત્ર, કંકુ, રાતુ આભુષણ તથા સોનાનું આભરણ વિગેરે ધારણ કરવામાં હસ્ત આદિ પાંચ નક્ષેત્ર તથા અશ્વની, રેવતી એ નક્ષેત્ર તથા મંગળવાર, રવીવાર, ગુરૂવાર, શુક્રવાર શુભ છે. લાખનો ચુડો, કસુંબો, મજીઠ [દાંત રંગવાનું], મેંદી વિગેરે

રાતી વસ્તુ ધારણુ કરવામાં શ્રેષ્ટ છે. લોઢાનાં આભરણુ તથા કાળી વસ્તુ ધારણુ કરવામાં શનીવાર શ્રેષ્ઠ છે. સોમવાર તથા શનીવારે કસુંબલ વસ્ત્ર ન પહેરવાં, બુધવારે રાતુ વસ્ત્ર ન પહેરવું, અને જો પહેરીને જાય તો મસાણુ, ત્રણ ઉત્તરા, રોહિણી, પુષ્ય, પુનર્વસુ એ નક્ષેત્રમાં ઉપર કહેલાં વસ્ત્ર ધારણુ કરે તો શરીરે પથ્થર વાગે. પુષ્ય, પુનર્વસુ, રોહિણી, ત્રણ ઉત્તરા એ નક્ષેત્રમાં કસુંબા વસ્ત્ર ન પહેરવું. જો પહેરે તો પોતાના સ્વામીને દુઃખ પડે. ॥ ૫૩-૫૮. ॥

विद्यारंभ मुहूर्त्त विचार.

विद्यारंभेश्विनि मूले । पूर्वासु मृगपंचके ॥
हस्त शतभिषक् स्वाति । चित्रायां श्रवणे द्वयं ॥५९॥
पूर्णिमाया अमावास्यां । अष्टम्यां च चतुर्दशी ॥
सप्तम्यां च त्रयोदश्यो । विद्यारंभे गलग्रहे ॥६०॥
विद्यारंभे गुरु श्रेष्ट । मध्यमो भृगु भास्करो ॥
मरण मंद भोमाभ्यां । नाविद्या बुध सोमयो ॥६१॥
विद्यारंभे तृणंवारा । कुर्वंति भास्करादयः ॥
आयुर्जाम्या मृतिनेस्वां । बुद्धि सिद्धिचपग्रतां ॥६२॥
गुरुर्विवाहे गमने च शुक्रो । ज्ञानंबुद्धोदिकणकैचशौरी ॥
युद्धेचभोमोनृपदर्शनेर्कः । सर्वेषुकार्येषुबलिशशांकः ॥६३॥

ભાવાર્થઃ—અશ્વની, મુલ, પુર્વાફાલ્ગુણી, પુર્વાષાઢા, પુર્વાભાદ્રપદ, મૃગશર, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, સતભીષા, સ્વાંતી, ચિત્રા, શ્રવણ, ધનિષ્ટા, એ નક્ષેત્ર પ્રથમ જ્ઞાન આરંભમાં સારા છે માટે લેવા. પણ પુનમ, અમાસ, આઠમ, ચૌદશ, સાતમ, તેરશ એ તીથીઓમાં વિદ્યા આરંભ ન કરવો, અને જો કરે તો ગળામાં રોગ થાય. વિદ્યા આરંભમાં ગુરૂ સૌથી શ્રેષ્ઠ છે, તેમજ શુક્ર, રવી એ મધ્યમ છે. અને શની, મંગળ મૃત્યુ આપનાર છે. બુધવારે, સોમવારે ભણે તો નિષ્ફળ થાય. વિદ્યામાં રવી, સોમ,

મંગળવાર લેવા. રવીવારે ભણે તો આયુષ્યને વાંધો ન આવે, સોમવારે ભણે તો જડ બુદ્ધિ થાય, મંગળવારે ભણે તો મૃત્યુ થાય, બુધવારે ભણે તો દારીદ્રિ થાય, ગુરૂવારે ભણે તો વહેલો વિવાહ થાય, શુક્રવાર પણ શ્રેષ્ઠ છે. શનીવાર વર્જવો. વિવાહમાં ગુરૂવાર શ્રેષ્ટ છે. ગમન કરવામાં શુક્રવાર શ્રેષ્ટ છે. જ્ઞાન ભણવામાં બુધવાર શ્રેષ્ટ છે. [ઉપર વિદ્યામાં બુધવાર વર્જ્યો છે તેનું કારણ એ જ છે કે વિદ્યા એટલે દુનીઆદારીની કળા; પણ આત્મિક જ્ઞાન ભણવામાં બુધ, ગુરૂ સારા છે.] દીક્ષામાં શનીવાર શ્રેષ્ઠ છે, વિવાદ કરવામાં મંગળવાર શ્રેષ્ટ છે, અને રાજાની મુલાકાત કરવામાં રવીવાર શ્રેષ્ટ છે, એ સર્વે કાર્યમાં ચંદ્રમા શ્રેષ્ટ જોવો. તેમાં ચોથો, આઠમો, બારમો વર્જવો. ॥ ૫૯-૬૩ ॥

वर वधुने आठ गुण जोवानो विचार.

वर्णो गणो युयि वैश्यां । भयोनि राशि मिलत ॥
ग्रह मैत्री नाडि वेधो । दंपत्यो मिति रष्टधा ॥६४॥
अकचटतपयश वर्गेष्ट । सुगुरुडो विलाड सिंहाख्यो ॥
कुकर सर्पो मुषक । हरणो मेषाधिप क्रमसः ॥६५॥
वैरं मुषक मंजारी । वैरं गुरुड सर्पयोः ॥
वैरं मृग सिंहे च । वैरं स्वानं च मींढयोः ॥६६॥

ભાવાર્થઃ—વર કન્યાના વિવાહ કરવાના સમયમાં પહેલાં તેમના જન્મવાર જોઇને આઠ ગુણ મેળવવા તે કહે છે. એક તો બન્નેનો વર્ણ મેળવવો, બીજો ગુણ જોવો, ત્રીજી રાશી તથા પ્રીતિ, વૈશ્ય યોની, ભૃકૂટ, ગૃહમૈત્રી, નાડીઃ એ સર્વે જોવા તથા મંગળ જોવો. હવે તેમાં પ્રથમ વર્ગ કહે છે, વર્ગ એટલે જેમકે,

અ. ઇ. ઊ. એ. એ ચાર અક્ષરનો સ્વામી ગરૂડ છે.
ક. ખ. ગ. ઘ. ઙ. એ પાંચ અક્ષરનો સ્વામી બીલાડો છે.
ચ. છ. જ. ઝ. ય. એ પાંચનો સ્વામી સીંહ છે.

ટ. ઠ. ડ. ઢ. ણ. એ પાંચનો સ્વામી સ્વાન છે.
ત. થ. દ. ધ. ન. એ પાંચનો સ્વામી સર્પ છે.
પ. ફ. બ. ભ. મ. એ પાંચનો સ્વામી મોર છે.
ય. ર. લ. વ. એ ચારનો સ્વામી હરણ છે.
સ. ષ. શ. હ. એ ચારનો સ્વામી બકરો છે.

એ પ્રમાણે આઠ વર્ગના સ્વામી જાણવા. હવે તેમને વૈરભાવ દેખાડે છે. જેમકે, ઊંદર અને બીલાડીને વેર, ગરૂડ અને સર્પને વેર, હરણ અને સીંહને વેર, સ્વાન અને બકરાને વેર જાણવું. એમ પોતાના વર્ગથી અનુક્રમે વેર વર્ગ જાણવો. ॥૬૪-૬૬॥

एकबीजाने लेणादेणीनो संबंध.

नृप भृत्या द्वाद्यक्षर । वर्गांकस्य क्रमोक्रम गतस्य ॥
अष्टाभिरपहृतस्यौ । धरितांकार्द्ध विशेषकासुं ॥६७॥
देसोतरांकविभुना । लभ्या माच्यादथैक वर्गेषु ॥
पूर्वोत्तराक्षरांकस्थाप्य । स्याच्छेद्य विधी नाम विधी ॥६८॥

ભાવાર્થઃ—રાજાના નોકરના નામનો પહેલો અક્ષર તથા રાજાના નામનો પહેલો અક્ષર લેવો અને બન્નેનો જે વર્ગ હોય તે આંક માંડવો તથા બીજા અક્ષરના જે જે વર્ગો હોય તેની સંખ્યા એકઠી કરવી, તેને જુદો આઠે ભાગ દેવો. ભાગ દેતાં શેષ અધીક જેનું રહે તેનું લ્હેણું અધીક જાણવું. હવે બીજો પ્રકાર કહે છે. પોતાના વર્ગને બમણા કરવા, સામાના વર્ગને જોડવો, આઠે ભાગ દેવો, શેષ રહે તે જુદા મુકવા. તે રીતે પહેલા વર્ગને બમણા કરીને પોતાનો વર્ગ મેળવવો, આઠનો ભાગ દેવો, ભાગ દેતાં અધીક રહે તેનું વધારે લ્હેણું જાણવું. ઊદાહરણઃ—જેમકે, એકનું નામ ગુણવાન અને બીજાનું નામ વિદ્યાવાન છે. એ બેમાં અધીક લ્હેણું કોનું તે કહે છે. ગુણવાનમાં ગ નો વર્ગ બે, તેને બમણા કરતાં ચાર થાય, તેમાં

વિદ્યાવાનના વકારના વર્ગનો એક છે તે જોડતાં દશ થયા, તેને આઠે ભાગતાં બે રહ્યા. હવે વિદ્યાવાનમાં વર્ગ છઠ્ઠો, તેને બમણા કરતાં બાર થયા, તેમાં બે નાખતાં ચૌદ, તેને આઠે ભાગતાં છ રહ્યા. એટલે વિદ્યાવાન ગુણવાન પાસે અધીક માગે. ॥ ૬૭-૬૮ ॥

वर्ण विषे.

मिन कर्का लिनो विप्रा । क्षत्रे मेषो हरिर्धनु ॥
वृष कन्या मृगो वैश्य । युग्मं तुला घटात्यजा ॥६९॥
मीन कर्का वृश्चिक विप्पौ । खतिय तुलेहि धन सिंहो ॥
छगमिहुणकुंभवेसं । कन्या वृष मकर सुदाय ॥७०॥
चउरोय वन्न विवरण । विप्पो परणेइ सव्व राशीयं ॥
वैश्यो षड रासीयं । खतिय न विपरिणय सुद्दं ॥७१॥
इम वन भवे सिद्धि । मध्यमविप्पोइ खतिउं होइ ॥
अधमो अविप्पवेसं । विप्पो सुदाहिवज्जेहिं ॥७२॥
विप्र वर्णयते सर्वान् । क्षत्रियोनवराशय ॥
वैश्यषट्राशिजाज्ञेया । सौद्रा सौद्रेण वर्णितः ॥७३॥
वर्णयेष्टा तुया नारी । तस्य भर्त्ता न जीवती ॥
यदि जीवति भर्त्ता च । आद्य गर्भो न जीवती ॥७४॥
विप्रवंशेषुया नारी । सुद्रवंशेषुयः पति ॥
ध्रुवं भवति वैधव्यं । शक्रस्य दुहिता यदि ॥७५॥

ભાવાર્થઃ—મીન, કર્ક, વૃશ્ચીક એ ત્રણ રાશીનો વિપ્ર વર્ણ જાણવો; તુલા, ધન, સીંહ એ ત્રણ રાશીનો ક્ષત્રી વર્ણ જાણવો; મેષ, કુંભ, મીથુન એ ત્રણ રાશીનો વૈશ્ય વર્ણ જાણવો; કન્યા, વરખ, મકર એ ત્રણ રાશીનો શુદ્ર વર્ણ જાણવો.

ઉપર કહેલા વર્ણમાં વર કન્યાના ગુણ જોતાં અધિક વર્ણવાળો વર જોવો. તેમાં જો કન્યા વિપ્ર વર્ણની હોય ને વર શુદ્ર વર્ણનો હોય તો વિવાહ ન કરવો. વિપ્ર વર્ણવાળો

સર્વે વર્ણવાળી કન્યાને પરણી શકે પણ કન્યા ઉત્તમ વર્ણવાળી અને નીચ વર્ણવાળા વરનો વિવાહ ન કરવો. વરકન્યા બન્નેનો એક વર્ણ હોય તો સામાન્ય રીતે ઘણું સારૂં. બ્રાહ્મણ ને ક્ષત્રી વર્ણ હોય તો મધ્યમ, વૈશ્ય વર્ણ હોય તો અધમ, વિપ્ર વર્ણ કન્યાનો, શુદ્ર વર્ણ પતીનો વર્જવો. વિપ્ર વર્ણનો વર ચારે વર્ણને પરણે, ક્ષત્રી વર્ણનો વર ત્રણે વર્ણને પરણે, વૈશ્ય વર્ણવાળો બે વર્ણને પરણે, શુદ્ર વર્ણવાળો પોતાના વર્ણને પરણે. ઉત્તમ વર્ણની કન્યા હોય અને નીચ વર્ણનો વર હોય તેનો ભરથાર ન જીવે, અને જીવે તો પહેલો ગર્ભ ન જીવે. વિપ્ર વર્ણની કન્યા હોય અને શુદ્ર વર્ણનો વર હોય તો નિશ્ચે વીધવા થાય. તેમાં ઇંદ્રની કન્યા હોય તો પણ શું ? ॥ ૬૯–૭૫ ॥

गण विचार.

हस्त स्वात्यनुराधा । श्रवण पुनर्वसु मृगाश्विनी पुष्या ॥
रेवत्योपि देवगण । पूर्वास्त्रयोत्तरा भरण्याद्रा ॥७६॥
रोहिण्यपि मृत्यगणो । ज्येष्टा मूलंद्वयं धनिष्टा या ॥
अश्लेषा कृतिका चित्रा । विशाखा मघा पलादगणः ॥७७॥
वकुले परमा मिति । मध्यमा देव मर्त्ययोः ॥
देव राक्षसयो वैरं । मरणं मृत्यु राक्षसयोः ॥७८॥
कदाचित् राक्षसि कन्या । वरो भवति मानवा ॥
भर्त्तार अष्टमे मासे । मारंते च विवाहिता ॥७९॥
विवाहे शुद्ध भावेन । समीक्षगणकैगण ॥
सेल्ल कार्य प्रयत्नेन । प्रजल्पंति महाधिजा ॥८०॥

ભાવાર્થઃ—હસ્ત, સ્વાંતી, અનુરાધા, શ્રવણ, પુનર્વસુ, મૃગશર, અશ્વની, પુષ્ય, રેવતી એ નવ નક્ષેત્રનો દેવગણ કહેવાય છે; ત્રણ પુર્વા, ભરણી, આર્દ્રા, રોહિણી, ત્રણ ઉત્તરા એ નવ નક્ષત્રનો મનુષ્યગણ કહેવાય છે. જયેષ્ટા, મુળ, ધનિષ્ટા, સતભીષા, અશ્લેષા, કૃતીકા, ચિત્રા, વિશાખા, મઘા એ નવ નક્ષત્રનો

રાક્ષસ ગણુ કહેવાય છે. વર કન્યાનો એક ગણુ હોય તો ઘણી પ્રીતિ રહે, દેવગણુ ને મનુષ્યગણુ હોય તો મધ્યમ પ્રીતિ રહે, દેવગણુ ને રાક્ષસગણુ હોય તો વૈરભાવ રહે, રાક્ષસગણુ તથા મનુષ્યગણુવાળા સ્ત્રી પુરૂષ હોય તો મનુષ્યગણુવાળાનું મૃત્યુ થાય, કદાચિત રાક્ષસગણુની કન્યા હોય અને મનુષ્યગણુનો વર હોય તો આઠમે માસે ધણીની હાની કરે. એ માટે શુદ્ધ ગણુ જોઇને-મેળવીને-વિવાહ કરવો. ॥ ૭૬-૮૦ ॥

वैश्य तथा शडाष्टक विचार.

मीन तुला धन वसह । केसरि मकराय मेष कन्याय ॥
विच्छिय मेहूण ककड । कूंभायपर सरवेरं ॥८१॥
मेषालि मकर मिहूणा । तुल वृख धन कक कुंभ कन्याय ॥
मिनो सिंहोह अतहा । गुलसकठहोइ एवंतु ॥८२॥
मकर वृख मिन कन्या । वृश्चिक कर्काष्टमेरि पूत्वंस्यात् ॥
अज मिथुन धन्विहरि घट । तुलाष्टमे मित्रता वस्यां ॥८३॥
शत्रु षडाष्टके मृत्यु । कलहो नव पंचमे ॥
द्विद्वादशेषु दारिद्रं । शेषेषु प्रिति रुत्तमा ॥८४॥
मकर सकेसरमेष युवत्या । तुल सिंह मिन कुलिरघटाद्या ॥
धन वृख वृश्चिक मन्मथ गामी । एते मृत्यु षडाष्टक गामी ॥८५॥
असनस्तु वरो ग्राह्यो । नासन्ना कन्यका पुनः ॥
म्रियते मातृ पितरं । संग्राह्यं नव पंचमं ॥८६॥

ભાવાર્થઃ—મીન, તુલા, ધન, વૈશ્ય ને શડાષ્ટક, સિંહ મકર ને શડાષ્ટક; મેશ કન્યા ને શડાષ્ટક; વૃશ્ચીક, મીથુન ને શડાષ્ટક; કર્ક, કુંભ ને શડાષ્ટક; એવી રીતે રાશીને શડાષ્ટક જાણવો. મેશ, વૃશ્ચીક, મકર, મીથૂન, તુલા, ધન, વરખ, કર્ક, કુંભ, કન્યા, મીન, સીંહ; એને મીત્ર શડાષ્ટક કહે છે. મકર, વરખ, મીન, કન્યા, વૃશ્ચીક, કર્ક, એ રાશીથી આઠમી રાશી તથા મેશ, મીથૂન, ધન, સીંહ, કુંભ, તુલા, એ રાશીથી આઠમી

રાશી શત્રુ શડાષ્ટક જાણવો. મીત્ર શડાષ્ટક રાશીમાં શત્રુ શડાષ્ટક રાશી હોય તો મૃત્યુ થાય; બંનેની નવમી, પાંચમી રાશી હોય તો ક્લેશ થાય; બીજી, બારમી રાશી હોય તો દારીદ્ર થાય; બાકીની શેષ રાશી ઉત્તમ કહી છે. હવે મૃત્યુ શડાષ્ટક કહે છે.

મકર તથા સીંહ, મેશ તથા કન્યા, તુલા તથા મીન, કર્ક તથા કુંભ, ધન તથા વરખ, વૃશ્ચીક તથા મીથુન, એ મૃત્યુ શડાષ્ટક રાશી જાણવી. કન્યા રાશી પાસે વરની રાશી હોય તો સારી. વર રાશી પાસે કન્યા રાશી હોય તો માઠી. એ રાશી પ્રમાણે સગાઇ સંબંધ કરે તો માતાપિતાની હાની કરે. કોઇક આચાર્યનો એવો મત છે, કે નવમી, પાંચમી રાશી ગ્રહણ કરવી એ શ્રેષ્ટ છે. ॥ ૮૧-૮૬ ॥

तारा जोवानो विचार.

त्रि पंच सप्तमि तारा । चान्योन्य गुरु शिष्ययो ॥
वर्जनीया शुभायस्या । एक नाडि गतं शुभं ॥८७॥

ભાવાર્થઃ—ગુરૂ શિષ્યને માંહોમાંહે ત્રીજી, પાંચમી, સાતમી એ ત્રણ તારા તજવી. એટલે શુભ કામમાં તારાને તજવી કહી, પણ બંનેની એક નાડી હોય તો શુભ ફળ આપે. ॥ ૮૭ ॥

विवाहमां सर्पाकार नाडीवेधनो विचार.

विवाहे फणि चक्रंतु । अश्वन्यादित्रिनाडिकं ॥
एक नाडि गतंरुख्यं । रुख्यसाम्यं विवर्जयेत् ॥८८॥

ભાવાર્થઃ—અશ્વની નક્ષેત્ર આદિથી લેઇને સત્તાવીશ નક્ષત્રોમાં ત્રણ ત્રણ નક્ષત્રની એક નાડી સમજવી. એક નાડીના નક્ષત્ર ઉપર બંને સ્રીપુરૂષની એક નાડી હોય તો વર્જિત કરવી. ॥ ૮૮ ॥

नाडी जोवाना कार्यों.

ग्रामे च नगरेवापि । राजसेवकयोस्तथा ॥
एकरुख्य भवेत् मिति । विवाहे दुषमादिशेत् ॥८९॥

एक नक्षत्र जातानां । परेषां प्रितिरुत्तमा ॥
दंपत्यो मरणज्ञेयं । पुत्रो जातो रिपुर्भवेत् ॥९०॥

ભાવાર્થઃ—ગામમાં, નગરમાં, રાજાને ત્યાં, નોકરીમાં એટલે ઠેકાણે તથા વિવાહમાં સ્ત્રી પુરૂષને નાડી પ્રીતિ જોવી. એક નક્ષત્રમાં બંનેનો જન્મ હોય તો સારી પ્રીતિ રહે; પણ સ્ત્રી પુરૂષ બન્નેનો એક નાડીમાં જન્મ હોય તો નષ્ટ ફળ આપે, સંતાનનો ક્ષય કરે, તથા સ્ત્રી પુરૂષની એક જ નાડીમાં બાળકનો પણ તે જ નાડીમાં જન્મ થાય તો શત્રુ સમાન થાય. ॥૮૯–૯૦॥

युजा विचार.

रेवयरिसियायखंडं । हवइनरनारीजमजयमझे ॥
तह इच्छियाय पुरिसो । वल्लहो होइ चिरकालं ॥९१॥
जिठाय नरिसिया। मषूभेजहजम्म नारि नरहवई ॥
तह पुरिस्साणयजुवइणं । बल्लहोहोइबहु आइं ॥९२॥
जइ जम्मो नर नारि । हवई अद्याय बारसिरिसा ॥
बहु पेमाउं उभयं । कहियं जुं जाइ एवेयं ॥९३॥

ભાવાર્થઃ—રેવતીથી ૭ નક્ષત્ર મૃગશર સુધી પૂર્વ ભાગમાં યુજા કહેવાય છે. તેમાં સ્ત્રી પુરૂષ બન્નેનો જન્મ હોય તો અત્યંત પ્રીતિ રહે, ઘણા વખત સુધી સુખ ભોગવે. જયેષ્ટા નક્ષત્ર આદિ લેઇને નવ નક્ષત્રમાં સ્ત્રી પુરૂષ બન્નેનો જન્મ હોય તો બહુ સારો પ્રેમ રહે. આદ્રાથી બાર નક્ષેત્રમાં જન્મ હોય તોપણ સારી પ્રીતિ રહે. એમ યુજા ફળ જાણવું. ॥ ૯૧–૯૩ ॥

नाडी जोवानो विचार.

अस्सणि अदा पुनर्वसु । उत्तर हस्ता यजिवमूलाइं ॥
सयभिस पुव्व भद्दवय । पढमा नाडि अएकहिया ॥९४॥
भरणी मृगसर पुष्य । पूर्वा फाल्गुणि यचित्तअणुराहा ॥
पुर्वाषाढा धनिष्टाय । उत्तर भद्दवयबीयनाडिउं ॥९५॥

किত्तियस्सरोहिणी असलेसा। मघा साइविशाहाइ उत्तराषाढा ॥
सवणंरेवयइया । नाडितियरिखनायवा ॥९६॥
मित्रामित्रेषुचाश्वन्यां । विवाहे कृतिकादेषु ॥
वर्षाकालेषु चाद्राइं । रोगी सूर्यादि रुख्यते ॥९७॥

ભાવાર્થઃ—અશ્વની, આદ્રા, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુણી, હસ્ત, જેષ્ટા, મુળ, સતભીષા, પૂર્વાભાદ્રપદ એ નક્ષેત્રો પ્રથમ નાડીનાં જાણવાં. ભરણી, મૃગશર, પુષ્ય, પૂર્વાફાલ્ગુણી, ચિત્રા, અનુરાધા, પૂર્વાષાઢા, ધનિષ્ટા, ઉત્તરાભાદ્રપદ એ નવ નક્ષેત્ર મધ્યમ નાડીનાં જાણવાં. કૃતીકા, રોહિણી, અશ્લેશા, મઘા, સ્વાંતી, વિશાખા, ઉત્તરાષાઢા, શ્રવણ, રેવતી, એ નવ નક્ષત્ર અંત્ય નાડીનાં જાણવાં. રોગીને વિવાહમાં, પ્રીતિમાં, વર્ષાકાળમાં આદ્રા નક્ષત્રથી નાડી અને તીથિ જોવી. ॥ ૯૪-૯૭ ॥

रोगी पुरुष जोवा विषे.

रवेंदु नाम नक्षत्रं । एकनाम्यां यदा भवेत् ॥
तदादि जायते मृत्यु । यथा सर्वज्ञ भाषितं ॥९८॥
रोगिणो जन्म नक्षत्रं । एकनाड्यां यदा शशी ॥
तदा पीडा विजानियात् । अष्ट प्रहरके ध्रुवं ॥९९॥

ભાવાર્થઃ—રવી નક્ષત્ર એટલે તેર દીવસનું નક્ષત્ર તથા ચંદ્રમાનું નક્ષત્ર તથા નામ નક્ષત્ર એ ત્રણ નક્ષત્ર એ નાડી ઉપર આવે તો રોગી મૃત્યુ પામે; એમ જ્ઞાની પુરૂષો કહે છે. હવે રોગીને દવા કરવાનું મુહૂર્ત કહે છે. રોગીના જન્મ નક્ષત્ર તથા સૂર્ય નક્ષત્ર તથા ચંદ્ર નક્ષત્રની એક નાડી આવે તો તે દીવસે ઓષડ લેવું નહી. ઉપર પ્રમાણે જોગ રોગીને આવે તો આઠ પહોરની અંદર રોગી મરણ તુલ્ય કષ્ટ પામે. ॥ ૯૮-૯૯ ॥

बार राशीनां स्वामि.

मेष वृश्चिकयोर्भौम । शुक्रो वृख तुला भृतो ॥
बुध कन्या मिथुनयो । मोक्त कर्कस्य चंद्रमा ॥१००॥

स्यान्मीन धन्वितो जीव । शनिर्मकर कुंभयो ॥
सिंहस्याधिपति सूर्य । कथितंगणकोच्छमैः ॥१॥

ભાવાર્થઃ—મેશ ૧, વૃશ્ચીક ૮, એ બે રાશીનો સ્વામી મંગળ છે; વરખ ૨, તુલા ૭, એ બે રાશીનો સ્વામી શુક્ર છે; કન્યા ૬, મીથૂન ૩, એ બે રાશીનો સ્વામી બુધ છે; કર્ક ૪, એ રાશીનો સ્વામી ચંદ્ર છે; ધન ૯, મીન ૧૨, એ રાશીનો સ્વામી ગુરૂ છે; મકર ૧૦, કુંભ ૧૧, એ બે રાશીનો સ્વામી શની છે; સિંહ ૫, એ એક રાશીનો સ્વામી રવી છે; એ જ્યોતિષ શાસ્ત્રનું પ્રમાણ છે. ॥ ૩૦૦–૧ ॥

ग्रह उंच नीच राशी विचार.

मेष रवि वृखे चंद्रो । मकरे च महिसत ॥
कन्यायां रोहिणी पुत्रौ । गुरु कर्क झखेभृगु ॥२॥
शनिस्तुलायामुच्चश्च । मिथुन सिंहकासुत ॥
उंच्चात्सप्तमगार्नींचा । राशोयदिनवांशकः ॥३॥

ભાવાર્થઃ—રવી મેષ ૧ રાશીનો હોય તે ઉંચનો સમજવો. ચંદ્રમા વરખ ૨ રાશીનો હોય તો ઉંચનો સમજવો. મંગળ મકર ૧૦ રાશીનો હોય તો ઉંચનો સમજવો. બુધ કન્યા ૬ રાશીનો હોય તો ઊંચનો સમજવો. ગુરૂ કર્ક ૪ રાશીનો હોય તો ઊંચનો સમજવો. શુક્ર મીન ૧૨ રાશીનો હોય તો ઊંચનો સમજવો. શની તુલા ૭ રાશીનો હોય તો ઊંચનો સમજવો. રાહુ મીથુન ૩ રાશીનો હોય તો ઊંચનો સમજવો. એ ઊંચ ગ્રહની રાશી કહી. હવે જે પોતાની રાશી હોય તેથી સાતમી રાશી નીચની સમજવી. તે રાશી ઉપર જે ગ્રહ હોય તે ગ્રહ નીચનો જાણવો. એટલે રવી મેષ ૧ રાશીનો ઊંચનો કહ્યો છે, તેથી સાતમી તુલા રાશી આવે; તે રાશીનો રવી હોય તો નીચનો સમજવો.

એ પ્રમાણે ચંદ્રમા વૃશ્ચીક ૮ રાશીનો નીચ, મંગળ કર્ક ૪ રાશીનો નીચ, બુધ મીન ૧૨ રાશીનો નીચ, ગુરૂ મકર ૧૦

રાશીનો નીચ, શુક્ર કન્યા ૪ રાશીનો નીચ, શની મેષ ૧ રાશીનો નીચ, રાહુ ધન ૯ રાશીનો નીચ સમજવો. ॥ ૨-૩ ॥

ग्रहना अति वेर विषे.

राहू रव्यौ परं वैरं । गुरुभार्गवयोरपि ॥
हिमांसुबुद्धयोर्वैरं । विवस्त्रा न मंदयोरपि ॥४॥

ભાવાર્થઃ—રાહુને તથા રવીને પૂર્ણ વેર છે, ગુરૂ તથા શુક્રને પૂર્ણ વેર છે, ચંદ્ર તથા બુધને પૂર્ણ વેર છે, રવી તથા શનીને પૂર્ણ વેર છે; એ પ્રમાણે માંહોમાંહે ગ્રહને અધીક વેર જાણવું. બાર ભવનમાંથી કોઈ ભવનમાં ઉપર પ્રમાણે બે ગ્રહો આવ્યા હોય તો તે ભવનના સુખની હાની કરે. ॥ ૪ ॥

योनी तथा अष्ट प्रीति विचार.

छागो च कृतिका पुष्यो । नागो च मृग रोहिणी ॥
मूल आद्रा तथा स्वानो । मुषको मघा फाल्गुणी ॥५॥
हस्त स्वाति च महिषो । गोयोनिः उत्तराद्वयं ॥
व्याघ्रो विशाखा चित्रा च । मृगेयेष्टानुराधिका ॥६॥
मर्कटो श्रुति पूर्वाषाढा । रेवती भरणी गजो ॥
धनिष्टा भद्रपदा सिंहो । अश्वनि वारुणिद्वयोः ॥७॥
अश्लेषादित्यमार्जारो । उत्तराषाढिकाभिजो ॥
न कुलापि समाख्याता । उडूनांयोनयः स्मृता ॥८॥
गोव्याघ्रं गजसिंह । अश्वमहिषं स्वानं च बभ्रूरगं ॥
वैरं वा नर मेषकं च । सुमहद्बिडालोदरं ।
लोकानां व्यवहारतोन्यदपि च ज्ञात्वामयत्रादिदं ॥
दंपत्यो नृप भृतयोरपि । सदावर्जे गुरु क्षुल्लयो ॥९॥

ભાવાર્થઃ—કૃતીકા તથા પુષ્ય નક્ષત્રની બકરાની યોની જાણવી; મૃગશર તથા રોહીણીની નાગની યોની જાણવી; મૂળ તથા આદ્રાની સ્વાનની યોની જાણવી; મઘા તથા પૂર્વાફાલ્ગુણીની

ઊંદરની યોની જાણવી; હસ્ત તથા સ્વાંતિની પાડાની યોની જાણવી; ઉત્તરાફાલ્ગુણી તથા ઉત્તરાભાદ્રપદ એ બેની ગાયની યોની જાણવી; વિશાખા તથા ચિત્રાની વાઘની યોની જાણવી; જેષ્ટા તથા અનુરાધાની મૃગની યોની જાણવી; શ્રવણ તથા પૂર્વાષાઢાની વાંદરાની યોની જાણવી; રેવતી તથા ભરણીની હાથીની યોની જાણવી; ધનિષ્ટા તથા પૂર્વાભાદ્રપદની સિંહની યોની જાણવી; અશ્વની તથા સતભીષાની ઘોડાની યોની જાણવી; અશ્લેષા તથા પુનર્વસુની બીલાડીની યોની જાણવી; ઉત્તરાષાઢા તથા અભીચની નોળીઆની યોની જાણવી. એ પ્રમાણે નક્ષત્રની યોની કહી છે. હવે યોની સાથે વેર કહે છે. ગાયને વાઘ સાથે વેર; હાથીને સિંહ સાથે વર; ઘોડા અને પાડાને વેર; હરણ અને કુતરાને વેર; સર્પ અને નોળીઆને વેર; વાંદરા અને ઘેટાને વેર; બીલાડી અને ઊંદરને વેર; એ લૌકીક વ્યવહારે કરીને વૈરભાવ છે. તે યોનીનો વૈરભાવ સ્ત્રી–પુરૂષ ને જોવો, રાજા–નોકરને જોવો, ગુરૂ–શિષ્યને જોવો; અને વૈરભાવ હોય તે ત્યાગ કરવો શ્રેષ્ઠ છે. ॥૫–૯॥

मुंडन, यात्रा, विद्या भणवामां वर्जवाना दिवस तथा वार.

सूर्याकि भौम षट् तुर्य । नवाष्टांत्यपिथिद्वये ॥
नष्ट क्षौरंनसा विद्या । यात्रा दौन च पर्वसु ॥१०॥
हस्त त्रये मृगे ज्येष्टा । पौश्नादित्य श्रुतिद्वये ॥
क्षौर कर्म शुभंप्रोक्तं । काँर्य शुक्रे दुवासरे ॥११॥
पुष्य पुनर्वसु रेवति चित्रा । श्रवण धनिष्टा मृगाश्विनि हस्त ॥
एषुरुखेनवकः क्षुर कर्मणी । बलिधृत पुष्टिकरः शुभकर्त्ता ॥१२॥
पंच मघा अनुराधा । प्रजापत्याष्टकं सक्रुनांमूलं ॥
उतरत्रिकरो मृत्यु । ब्रह्मापिनजवतिवर्ष ॥१३॥
रात्रौ संध्या सुविद्यादो । क्षौरंनोकुतथौत्सव ॥
भूषाभ्यं गंतु स्नानं च । पर्व यात्रा रथक्षपि ॥१४॥

चतुर्थि नवमिषष्ठि । चतुर्दश्याष्टमि तथा ॥
अमावस्यां च देवत्या । क्षौर कर्माणि नेक्षते ॥१५॥
क्षौरे राजा ज्ञेया जाते । स्वामिदत्ते च वाससे ॥
तिथिवारिक्ष्य शीतांशु । तिथ्यादिनां विलोकयेत् ॥१६॥
रतिर्वांते चिता धुम । स्पर्शदुस्वप्न दर्शने ॥
क्षौर कर्म मपि स्नायात् । गलितेशु धनारधि ॥१७॥

ભાવાર્થઃ—રવી, શની, મંગળ તથા ચોથ, નોમ, ચૌદશ, આઠમ, પુનમ, અમાવાસ્યા એ તીથી તથા વાર યાત્રા જવામાં ત્યાગ કરવા. હસ્ત, ચિત્રા, સ્વાંતી, મૃગશર, જેષ્ટા, પુનર્વસુ, શ્રવણુ, ધનિષ્ટા એ નક્ષત્ર તથા શુક્ર, સોમ એ બે વાર લેવા. હવે તેનું ફળ કહે છે. પુષ્ય, પુનર્વસુ. ચિત્રા, રેવતી, શ્રવણ, ધનિષ્ટા, મૃગશર, અશ્વની, હસ્ત એ નક્ષત્રમાં મુંડન કરે તો બળ, કાન્તિ, બુદ્ધિ વૃદ્ધિ પામે, અને શુભ ફળની પ્રાપ્તિ થાય; મઘા, અનુરાધા નક્ષત્રમાં મુંડન કરે તો બાળકને કષ્ટ થાય; રોહિણી, ઉત્તરાષાઢા તથા ઉત્તરાફાલ્ગુણી એ નક્ષત્રોમાં મુંડન કરાવે તો મૃત્યુ પામે. બ્રહ્મા રક્ષા કરે તો પણ બચે નહીં. હવે સંધ્યા સમય વર્જવાનાં કામ કહે છેઃ-સંધ્યા સમય વિદ્યા ન ભણવી, મુંડન ન કરાવવું, કોઇ પણ જાતનો ઓચ્છવ ન કરવો, આભરણ વસ્ત્ર પ્રમુખ નવાં ન પહેરવા, સ્નાન ન કરવું, યાત્રા ન જવું. હવે મુંડન વખતે ચોથ, નોમ, ચૌદશ, આઠમ, છઠ્ઠ, અમાસ એ તીથી ત્યાગ કરવી. ઉપર મુહુર્ત કહેવામાં આવ્યા છે પણ એવી બાબતમાં મુહુર્ત જોવાની જરૂર નથી. જેમકે, રાજાની આજ્ઞાથી કામ કરવું પડે તો મુહુર્ત જોવું નહિ, પોતાનો સ્વામી સંતુષ્ટ થઇને કાંઇ આપે તો તેમાં મુહુર્ત જોવું નહિ, તેમજ વિવાહ—લગ્ન પ્રસંગમાં કોઇ માનપૂર્વક કાંઈ આપે અથવા ત્યાં જવું પડે તો મુહુર્ત જોવાની જરૂર નથી. હવે રાત્રીમાં સ્નાન ન કરવા વિષે કહે છે. સૂર્ય અસ્ત પામ્યા પછી સ્નાન કરવાનું ત્યાગ કરેલું છે, પણ સ્મશાન જઇ આવીને તથા વમન, ઝાડો, આભડછેટ ઈત્યાદિક જરૂરીઆત કામમાં સ્નાન કરવાનો દોષ નથી. ॥ ૧૦–૧૭ ॥

वस्त्र पहेरवानुं मुहूर्त.

हस्तादि पंचके ध्रुवं । रेवत्यश्विनी पुनर्वसु धनिष्टा ॥
पुष्य शुक्र गुरुज्ञ । शुभदा वस्त्रस्य परिधाने ॥१८॥

ભાવાર્થઃ—નવાં વસ્ત્ર પહેરવામાં હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, ધ્રુવ, ઉત્તરાફાલ્ગુણી, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, રેવતી, અશ્વની, પુનર્વસુ, ધનિષ્ટા, પુષ્ય એ નક્ષેત્ર તથા બુધ, ગુરૂ, શુક્ર, એ વાર લેવા. એ શુભ ફળ આપે છે. ॥ ૧૮ ॥

वस्त्र पहेरवामां वर्जवाना दिवस.

आदित्ये जीवरे वस्त्रं । सोमे नित्यं जलाइता ॥
अंगारे च दहत्यमि । बुधे चार्थ समागम ॥१९॥
ज्ञानलाभो गुरुवारे । शुक्रे मित्र समागम ॥
मलिनं च सदा वस्त्रं । निवेदितं शनिस्वरे ॥२०॥
वारानवीनवअस्य । परिधाने शुभामता ॥
सोमार्क शुक्र गुरुवौ । रक्ते वस्त्रे कुजेपि च ॥२१॥

ભાવાર્થઃ—રવીવારે નવું વસ્ત્ર પહેરે તો ફાટી જાય, સોમવારે પહેરે તો પલળતું રહે, મંગળવારે પહેરે તો અગ્નિથી બળી જાય, બુધવારે પહેરે તો ધનનો લાભ થાય, ગુરૂવારે પહેરે તો વિદ્યાનો લાભ થાય, શુક્રવારે પહેરે તો મિત્રનો મેળાપ થાય, શનીવારે પહેરે તો મલીન રહે, ધોવા વખત આવે નહીં. રાતા વસ્ત્ર પહેરવામાં મંગળવાર સારો છે. ॥ ૧૯–૨૧ ॥

कांसाना वासणमां जमवानुं मुहूर्त.

मृग पुष्योश्विनि चित्रा । अनुराधारेवतिकर ॥
शशी च जीव वारेषु । पात्रोयं शुभदायकाः ॥२२॥

ભાવાર્થઃ—મૃગશર, પુષ્ય, અશ્વની, ચિત્રા, અનુરાધા, રેવતી, હસ્ત, એ નક્ષેત્ર તથા સોમવાર, ગુરૂવાર, એ વાર નવા પાત્રમાં જમતાં સુખદાયક છે. ॥ ૨૨ ॥

बाळकने प्रथम अन्न खवरावतानुं मुहूर्त.

सोमे शुक्रे च मंदाग्नि । शनि भोमे बलक्षयं ॥
बुधार्क गुरुवारेषु । प्रसन्ना च हितावहा ॥२३॥
रेवती श्रुति पुनर्वसुहस्त । ब्राह्मचत्वष्टि मृगशिर्षद्वये च ॥
उत्तरंचगदितंपृथुकानां । प्रसन्नेहितनवान्नविधानां ॥२४॥

ભાવાર્થઃ—સોમ, શુક્રવારે બાળકને અન્ન ખવરાવે તો બાળકની ભુખ મરી જાય; શનીવારે તથા મંગળવારે બાળકને અન્ન ખવરાવે તો બાળકના બળનો નાશ થાય; બુધવાર, રવીવાર, ગુરૂવારે બાળકને અન્ન ખવરાવે તો બાળકને સુખશાંતી થાય. રેવતી, શ્રવણુ, પુનર્વસુ, હસ્ત, રોહિણી, ચિત્રા, મૃગશર, આર્દ્રા, ત્રણુ ઉત્તરા એ નક્ષેત્ર અને ઉપર કહેલા વાર બાળકને અન્ન ખવરાવવામાં સારા છે. ॥ ૨૩–૨૪ ॥

नक्षेत्रमां गएली वस्तु मळवा विषे.

रोहिण्यादि चतुष्केषु । प्रतिभंचामि धाइमा ॥
अंधदृगकेकराएयं च । चिपडाण्पंचदिव्य दृग् ॥२५॥

ભાવાર્થઃ—રોહિણી નક્ષત્રથી ચાર ચાર નક્ષત્ર અનુક્રમે ગણવાં. તે ગણતાં આંધળા, કાંણા, ચીપડાં દેખતા નક્ષત્ર આગળ કહી ગયા છીએ તે પ્રમાણે સમજવાં. ॥ ૨૫ ॥

नक्षेत्र अवस्था विषे.

अकाइछथेरानव बाला । बारहूंति तरुणाय ॥
रवि रिखाउं गणिणं । दिनरखं ग्रावनिष्भंतं ॥२६॥
थेरा ठाणानहू चलइ । बालात्वति अवंति ॥
तरुणाजिहां गयानिहां गया । बलि पाछा न भवंति ॥२७॥
नस्तंनष्ट दूतंद्रव्यं । द्रगांधेर्यन्नतः परे ॥
लभ्यते चिप्पटै वार्त्ता । दिव्याक्षेसापिनाप्यते ॥२८॥

अंधेषुलभते शीघ्रं । काणकं च दिन त्रयं ॥
चिर्पटं मा मासमेकं च । दिव्य चक्षु न लभ्यते ॥२९॥
जात्यंधेषुदिशि पूर्वं । केकरि दक्षिणे पुनः ॥
पश्चिमं चिर्पटेधिश्चे । दिव्य चक्षु सिरुत्तरां ॥३०॥
गत वस्तु लभ्य नक्षत्र । न जीवत्यहिनादष्ट ॥
सुपर्णेनापिरक्षित । मघाश्लेषा विशाखाद्रा । मूलेषु भरणि द्वयं ।३१।

ભાવાર્થઃ—સૂર્યનાં તપતા નક્ષત્રથી દીન નક્ષત્ર સુધી ગણતાં નવ નક્ષત્રમાં આવે તે બાળક અવસ્થા જાણવી. નવથી બાર નક્ષત્ર એટલે એકવીસ નક્ષત્ર સુધી તરૂણ અવસ્થા રહે છે. પાછલા છ નક્ષત્રમાં વૃદ્ધાવસ્થા સમજવી. કોઇ વસ્તુ જુવાન અવસ્થાના નક્ષત્રમાં ગઈ હોય તો ન મળે. બાળક અવસ્થાના નક્ષત્રમાં ગઇ હોય તો તરત મળે, વૃદ્ધાવસ્થાના નક્ષત્રમાં ગઈ હોય તો સ્થિરતાથી (ઘણા વખતે) મળે. કોઇ વસ્તુ ભુલી જાય અથવા ઉઠાવીને લઈ જાય તે આંધળા નક્ષત્રમાં ગઇ હોય તો તુરત મળે, ચીપડા નક્ષત્રમાં ગઇ હોય તો શ્રમ પડતાં મળે; અને દેખતા નક્ષત્રમાં ગઇ હોય તો ન મળે. વિશેષ બીના આગળ આપેલ છે. ॥ ૨૯–૩૧ ॥

सर्प डंश करे ते विषे.

उरगवरुणरोद्रावासवेद्रतिपूर्वा ।
यमं दहन विशाखा पापवारेण युक्ता ॥
तिथीषु नवमि षष्टि द्वादशिमिः चतुर्थि ।
भवति मरणयोगो रोगिणां मृत्युरेव ॥३२॥

ભાવાર્થઃ—અશ્લેષા, સતભીષા, આર્દ્રા, ધનિષ્ટા, જેષ્ઠા, ત્રણ પુર્વા, ભરણી, કૃતીકા, વિશાખા, એ નક્ષત્ર હોય; રવી, મંગળ, શનીવાર હોય; ચોથ, નોમ, છઠ્ઠ, બારશ, એ તીથીઓ હોય તો મરણ યોગ જાણવો. તેમાં સર્પ ડંશ કરે તો તે પુરૂષનું મરણ થાય. ॥ ૩૨ ॥

घात तीथि विषे.

नंदा वृश्चिक मेषे च । भद्रा मिथुन कर्कयोः ॥
कन्याराशोयदाज्ञेया । एषाकालस्यषट्दिना ॥३३॥
जया धन कुंभ सिंहे । रिक्ता तुले वृखे तथा ॥
पूर्णा मिन मकरयोः । कालो यं मुनि भाषितं ॥३४॥

ભાવાર્થઃ—મેષ રાશી તથા વૃશ્ચીક રાશીવાળાને નંદા તીથી ઘાતીક જાણવી; મીથુન તથા કર્ક રાશીવાળાને ભદ્રા તીથી ઘાતીક જાણવી; કન્યા રાશીવાળાને પૂર્ણા તીથી ઘાતીક જાણવી. એ તીથીઓ રોગી પુરૂષને ભારે કષ્ટ કરનારી જાણવી. ધનરાશી તથા કુંભરાશીવાળાને જયા કાળ તીથી જાણવી; વરખ તથા તુલા રાશીવાળાને રીક્તા કાળ તીથી જાણવી; મીન તથા મકર રાશીવાળાને પૂર્ણા કાળ તીથી જાણવી. એ મુનિઓનાં વચન છે. ॥ ૩૩–૩૪ ॥

रोगीने रोगथी मुक्त थवा विषे.

स्वातिपूर्वास्त्रयाश्लेषा । ज्येष्टाद्रा रोगीणो मति ॥
रेवत्यामनुराधायां । कष्टानिरोगता भवेत् ॥३५॥
मासान्मृगोत्तराषाढा । मघासुदिन विंशति ॥
विशाखा भरणि हस्त । धनिष्टासुचपक्षत् ॥३६॥
एकादशाहा चित्रायां । श्रुतो शतभिष्यज्यति ॥
अश्वनि कृतिका मूले । नीरुज्यंनवभिर्दिने ॥३७॥
पुष्योत्तरा भद्रपदा । फाल्गुणि रोहिणिषु च ॥
पुनर्वशोश्च सप्ताहा । तारा वेदानु कुलभाक् ॥३८॥
चरेषु मृदृषुक्षिप । वर्गे मूले च भेषजां ॥
रोग नासवय स्थायि । देह वृंहण मिष्यति ॥३९॥

ભાવાર્થઃ—સ્વાંતિ, પૂર્વાફાલ્ગુણી, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ, અશ્લેષા, જયેષ્ટા, આદ્રા, એ નક્ષત્રોમાં રોગીને પ્રથમ રોગ થાય

તો મૃત્યુ પામે; રેવતી, અનુરાધામાં રોગ થાય તો રોગ વહેલો મટે; મૃગશર, ઉત્તરાષાઢા, મઘા એ નક્ષત્રોમાં રોગ થયો હોય તો વીસ દીવસ સુધી દુઃખ પામે; વિશાખા, ભરણી, હસ્ત, ધનિષ્ટા એ નક્ષત્રોમાં રોગ થાય તો પંદર દીવસ દુઃખ રહે; ચિત્રા નક્ષત્રમાં રોગ થાય તો અગીઆર દીવસ સુધી રોગ રહે; શ્રવણ, સતભીષા, અશ્વની, કૃતિકા, મૂળ એ નક્ષત્રોમાં રોગ થાય તો નવ દીવસ સુધી દુઃખ ભોગવે; પુષ્ય, ઉત્તરાભાદ્રપદ, ઉત્તરાફાલ્ગુણી, પુનર્વસુ; એ નક્ષત્રોમાં રોગ થાય તો સાત દીવસ સુધી રોગ રહે. રોગીને ચોથી તારા સારી જાણવી. હવે રોગીને ઔષધ કરવાનું મુહુર્ત કહે છે. ચર નક્ષત્ર એટલે સ્વાંતિ, પુનર્વસુ, શ્રવણ, મૃદ્દ નક્ષત્ર એટલે મૃગશર, ચિત્રા, રેવતી, ક્ષિપ્ર નક્ષત્ર એટલે હસ્ત, અશ્વની, પુષ્ય, અભિજીત; એ નક્ષત્રોમાં ઔષધ કરે તો રોગનો નાશ થાય એટલે જન્મપર્યંતનો રોગ નાશ પામે, અને શરીરને પુષ્ટ કરે. ॥ ૩૫-૩૯ ॥

प्रेत कार्य विषे.

प्रेत क्रिया न कर्त्तव्या । यमलेच त्रिपुष्करे ॥
आद्रा मुलानुराधायां । मिश्र क्रूर ध्रुवेषु च ॥४०॥
प्रेत क्रिया न कर्त्तव्या । रविवारे पुनर्वसु ॥
आद्रा मूलानुराधाया । मिश्र क्रूर ध्रुवेषु च ॥४१॥
यमलं त्रिपुष्करंश्चैव । तथा श्रावण पंचकं ॥
प्रेत कार्य न कर्त्तव्यं । मूलाद्रा भरणी तथा ॥४२॥
अश्वनिपुष्यहस्तस्य । स्वाति श्रवण रेवति ॥
ज्येष्टा प्रेत क्रिया कार्य । रविवारे विनाबुद्धैः ॥४३॥

ભાવાર્થઃ—પ્રેતકાર્યની ક્રિયા યમલયોગ, ત્રીપુષ્કરયોગમાં; શ્રવણ, ધનિષ્ટા આદિ પાંચ નક્ષત્ર એટલે પંચકમાં; તેમજ આર્દ્રા, મૂળ, અનુરાધા, મિશ્ર, ક્રૂર, ધ્રૂવ, એ નક્ષત્રોમાં ન કરવી. મૂલ, આર્દ્રા, ભરણી, અશ્વની, પુષ્ય, હસ્ત, સ્વાંતિ, રેવતી, જ્યેષ્ટા; રવીવાર તથા બુધવાર એ નક્ષત્રો તથા વાર તજવા. ॥ ૪૦-૪૩ ॥

मृत क्रिया विषे.

पूर्वास्त्रयाश्विनि मूलं । कृतिका च श्रुतिद्वये ॥
हस्त चित्रा मघा पुष्य । नुराधारेवति मृगे ॥४४॥
मृते साधा भवेदेक । पुत्रकोद्धौपुनर्ध्रुवे ॥
पुनर्वशो विशाखाया । मपिनान्येषर्किंचन ॥४५॥

ભાવાર્થઃ—મરણ પામેલા માણસ પાછળ તેર દીવસ ગયા પછી તેની યોગ ક્રિયા ઉપર શ્લોકમાં દેખાડયા પ્રમાણે કરવામાં આવે છે. ॥ ૪૪–૪૫ ॥

प्रथम गोचरी, तपश्चर्या, लोच करवानुं मुहूर्त.

मृदु ध्रुव चर क्षिप्रौ । वारे भौम शनिर्विना ॥
आद्याटनं तपोनंद्या । लोचादिक शुभंमत्तं ॥४६॥
कृतिका च विशाखा च । मघा च भरणीषु च ॥
एभि चतुर्भि नक्षत्रे । लोच कर्म न कारयेत् ॥४७॥

ભાવાર્થઃ—મૃદુ નક્ષત્ર એટલે મૃગશર, રેવતી, ચિત્રા, ધ્રુવ, નક્ષત્ર એટલે ત્રણુ ઉત્તરા, રોહિણી, ચર નક્ષત્ર એટલે સ્વાંતિ, પુનર્વસુ, શ્રવણુ, ક્ષિપ્ર નક્ષત્ર એટલે હસ્ત, અશ્વની, પુષ્ય, અભીજીત એ નક્ષત્ર; અને મંગળવાર, શનીવાર એ બે વાર તજી બાકીના વાર લે તો સારૂં ફળ આપે. કૃતીકા, વિશાખા, મઘા, ભરણી એ ચાર નક્ષત્ર લોચ કરવામાં તજવા. ॥ ૪૬–૪૭ ॥

चंद्रमाना उदयनो विचार.

अलिसिहे धनुर्वक्रो । शूलावः कन्यका तुले ॥
दक्षिणाभ्युदितोमिन । मेषे कुंभ वृषेसम ॥४८॥
मिथुने मकरेचौत्त । रुन्नतोथहलोपम ॥
धनु कर्कखोश्लाघ्यौ । नवेंदूर शुभोन्यथा ॥४९॥
विडवरंहिसमचंद्रे । दुर्भिक्षं चौत्तरैन्नतै ॥
व्याधी पिडा भयां शूले । सुभिक्षं दक्षिणौनते ॥५०॥

रक्ते रसाक्षयंयांति । शूक्ले वृष्टि समागम ॥
धुम्रेतु विड्वरं विद्यात् । कृश्न मृत्युर्न शंशय ॥५१॥
आद्रा भरणि असलेषा । जिठाअनेशतभिषाशाईछठा ॥
एहरिखेउगामइमयंका । तोमहीमंडलरूलइंकरंका ॥५२॥

ભાવાર્થઃ—વૃશ્ચીક, સીંહ, ધન, એ ત્રણ સંક્રાંતીમાં ચંદ્રમા વાંકો ઉગે; કન્યા, તુલા, એ સંક્રાંતીમાં ઉભો શુળીને આકારે ઉગે; મીન સંક્રાંતીમાં જમણી બાજુએ ઊંચો હોય; મેષ, કુંભ, વૃષભ, સંક્રાંતીમાં સમાન એટલે સરખો ઉગે; મિથુન, મકર, સંક્રાંતીમાં હળને આકારે ઉગે તો સારૂં ફળ આપે. ધન, કર્ક, સંક્રાંતીમાં નિર્મળ વાદળા વિના ઉગે તો સારો, અને ઉપર કહ્યાથી વિપરીત ઉગે તો માઠું ફળ આપે. સમ એટલે સરખો ચંદ્રમા ઉગે તો બહુ સારો. ઉત્તર દીશામાંથી ઊંચો ઉગે તો મોંઘવારી તથા ભય કરે. શુળીને આકારે ઉગે તો રોગાદિક પીડાનો ભય કરે. દક્ષીણ દીશામાં ચંદ્રમાનું શીંગડું એટલે અણી ઊંચી હોય તો સુકાળ કરે. રાતા રંગનો ચંદ્ર ઉગે તો રસવાળી વસ્તુ મોંઘી થાય. શુદ્ધ ધોળો ચંદ્ર ઉગે તો ઉત્તમ સારો વરસાદ થાય. ધુમાડા જેવો ચંદ્રમા ઉગે તો ભય તથા દુઃખ કરે, કાળા રંગનો ચંદ્રમા ઉગે તો દુનીઆમાં મરણનો વધારો થાય. આર્દ્રા, ભરણી, અશ્લેષા, જયેષ્ટા; સતભીષા, સ્વાંતિ એ છ નક્ષત્રમાં ચંદ્રમા ઉગે તો પૃથ્વી ઉપર ભયાનક તોફાન થાય. ચંદ્રમા ઉગવા સંબંધી જે હકીકત કહી છે, તે બીજનો ચંદ્રમા ઉગતો જાણવો. ॥૪૮—૫૨॥

रवी संक्रांतीनुं फल.

भान्नोदय विषवत्ती जगत्त विपत्ती ।
मध्ये दिने सकल शस्प विनाश हेतु ॥
अस्तंगते सकल शस्प समृद्ध वृध्यौ ।
क्षेमं सुभिक्ष्यम तुलं निसि चार्द्ध रात्रौ ॥५३॥

ભાવાર્થઃ—સૂર્યોદયમાં સંક્રાંતી બેસે તો વિષવતી કહીએ એટલે પ્રજામાં વિપત્તી થાય; મધ્યાન્ સમયમાં સંક્રાંતી બેસે તો

સર્વ ધાન્ય મોંઘુ કરે, અને ખેતીનો વિનાશ થાય; સૂર્યાસ્ત સમયમાં સંક્રાંતી બેસે તો સર્વ ધાન્યની વૃદ્ધિ થાય, સોંઘુ થાય; અર્ધ રાત્રિમાં સંક્રાંતી બેસે તો દુઃખનો નાશ થાય, સુભિક્ષ કરે, સર્વ વસ્તુ સમભાવે રાખે. ॥ ૫૩ ॥

લગ્ન ઘડી પળ પ્રમાણ.

घटी चतुष्क मापानां । प्रमाणां मेष मीनयोः ॥
सोडसः पला च घटा । चतुस्त्रो वृष कुंभयोः ॥५४॥
मिथुने मकरे पंच । घटी पंच पलाधिका ॥
धन कर्के कला पंच । एक चत्वारि सत्पले ॥५५॥
पल्याधी चत्वारि सद्भिः । कला पंचालि सिंघयोः ॥
एक त्रिंशत् पलान घट्टा । पंचेव तुल कन्ययोः ॥५६॥
सार्द्ध सप्त अजा मीन ॥ सार्द्ध अष्टो घटौ वृखा ॥
दश मकरे दश मिथुने । कर्के धने एकादश ॥५७॥
एकादश अलि सिंहो । कन्ये तुल एकादश ॥
भानुं संक्र मतो मांन । पलंहित्वा दिने दिने ॥५८॥
द्वादश लग्न घटि पल मांन । कृतिका भरण्यश्लेषा ॥
मघा मूलद्धिदवेत पूर्वा त्रयानवेता च । अधो वक्रा प्रकिर्त्तिता ।५९।
एषु कुप तडा गानि । पर्व देव ग्रहाणि च
विद्यारंभ निधी स्थाप्यं । निधानो खननं तथा ॥६०॥
गणितंयोतिषारंभं । खएवं बिल्व प्रवेशनं ॥
अधो मुखानि कार्याणि । तानि सर्वाणि साधयेत् ॥६१॥

ભાવાર્થઃ—મીન, મેષ, લગ્ન ત્રણ ઘડી ૪૫ પળ ભોગવે; વરખ, કુંભ લગ્ન, ચાર ઘડી ને ૧૫ પળ ભોગવે; મીથુન તથા મકર લગ્ન પાંચ ઘડી ને પાંચ પળ ભોગવે; ધન તથા કર્ક લગ્ન પાંચ ઘડી ને ૪૧ પળ ભોગવે; સીંહ તથા વૃશ્ચીક લગ્ન પાંચ ઘડી ને ૪૨ પળ ભોગવે; કન્યા તથા તુલા લગ્ન પાંચ ઘડી ને ૩૧ પળ ભોગવે. એ લગ્નની ઘડી તથા પળનું માન કહ્યું. હવે સંક્રાંતીનું ઘડી પળનું માન કહે છે. મેષ તથા મીન સંક્રાંતી સાડા

સાત ઘડી ભોગવે; વરખ તથા કુંભ સાડા આઠ ઘડી ભોગવે; મીથુન તથા મકર દશ ઘડી ભોગવે; કર્ક તથા ધન, સીંહ તથા વૃશ્ચીક અને કન્યા તથા તુલા અગીઆર ઘડી ભોગવે. કર્ક સંક્રાતીથી દીનમાન ઘટે. મેષ તથા તુલા સંક્રાંતીમાં દીવસ રાત્રી સરખાં હોય; મકરસંક્રાંતીથી દીનમાન વધે અને રાત્રી ઘટે; એમ અનુક્રમે દીવસ રાત્રી વધે તથા ઘટે. ॥ ૫૪–૬૧ ॥

નીચા મુખવાળા નક્ષત્રો.

કૃતિકા, ભરણી, અશ્લેષા, મઘા, મુળ, વિશાખા, ત્રણ પૂર્વા; એ નવ નક્ષત્ર નીચા મુખવાળા કહ્યાં છે, માટે એ નક્ષત્રોમાં કુવો તથા તળાવ કરાવવા નહીં. પણ દેવસ્થાન, નવું ઘર, વિદ્યાનો આરંભ તથા કોઇ વસ્તુ જમીનમાં થાપણ તરીકે મુકવી, જમીનમાંથી ધન કાઢવું, ગણીત વિદ્યા ભણવી, જ્યોતિષનો અભ્યાસ કરવો, એ સર્વે કામ નીચા મુખવાળા નક્ષત્રમાં કરે તો સિદ્ધ થાય.

चारपगां जनावर लेवानुं मुहूर्त्त.

रेवति श्विनी चित्राश्व । स्वाति हस्त पुनर्वसु ॥
अनुराधा मृगे ज्येष्टा । एता च पार्श्वतो मुखा ॥६२॥
एतेषा श्वंगजोष्दं च । अनड्वाहं मदंखरं ॥
वप्यनं कृष्य वाणिज्यं । गमनं क्रूर कर्मसु ॥६३॥
अर वृचक्रयं वाणि । तानि सर्वाणि कारयेत् ॥६४॥
रोहिण्याद्रा धनिष्टा च । पुष्यं त्रिणुतराणि च ॥
श्रवणं शतभिषाचैव । नवेत्युर्द्ध मुखा स्मृता ॥६५॥
एषु राष्याभिषेकंच । पट्टबंधतु कारयेत् ॥
आराम गृहे प्रासादे । प्राकार छत्र तोरणं ॥६६॥
धज चिह्नो पताका च । शंख चामर मोक्तिकं ॥
नारिणां अभिषेकं च । तानि सर्वाणि कारयेत् ॥६७॥

ભાવાર્થઃ—રેવતી, અશ્વની, ચિત્રા, સ્વાંતિ, હસ્ત, પુનર્વસુ, અનુરાધા, મૃગશર, જેષ્ટા એ નક્ષત્ર વાંકા મુખવાળા જાણવા. એ નક્ષત્રમાં હાથી, ઘોડા, ઊંટ, બળદ વિગેરે ખેતી વાવવામાં

તથા વેપાર વણજ કરવામાં તેમજ ગાડી રથ વિગેરે વાહનમાં પ્રથમ બેસવામાં સારા છે. રોહિણી, આર્દ્રા, ધનિષ્ઠા, પુષ્ય, ત્રણ ઉત્તરા, શ્રવણ, સતભીષા, એ નક્ષત્રો ઊંચા મુખના કહ્યાં છે. રાજ્યાભિષેક, પાટ અભિષેક બગીચા, મહેલ એ કામોમાં એ નક્ષત્રો સારા છે; વિશેષમાં ઊર્ધ્વમુખી નક્ષત્ર ધ્વજા, કળશ, પતાકા તથા સ્ત્રીઓને નવા આભુષણ પહેરવામાં સારા છે. ૬૭

राहू फल विचार.

निज राशौ ग्रहण दिने । त्रिषट् दशेकादश शुभौ राहू ॥
अपरे राहू प्राहू । जन्मस्थं विवर्जितं शशिवत् ॥६८॥
ग्राम स्त्री तीये नवम चतुर्थे । तथायु संख्या शुभदश्च राहू ॥
सुत्पांत्यः रंध्रां दशमश्च मध्ये । हीनो मुनि नेत्र रसास्तदादौ ॥६९॥

ભાવાર્થ:—પોતાની રાશીથી ગણતાં ત્રીજો, છઠ્ઠો, દસમો, અગીઆરમો રાહુ હોય તો શુભ ફળ આપે, પણ જન્મનો રાહુ વર્જીત કરવો. તે રાહુનું ફળ ચંદ્રમા સમાન જાણવું. પોતાની રાશીથી પાંચમો, ત્રીજો, નવમો, ચોથો, અગીઆરમો એ ગણત્રીના રાહુ હોય તો સારૂ ફળ આપે, શુભ કરે. પાંચમો, બારમો, આઠમો, દસમો મધ્યમ ફળ આપે, અને પહેલો, છઠ્ઠો, બીજો, સાતમો એ રાશીનો રાહુ અનિષ્ટ ફળ આપે. ॥ ૬૮–૬૯ ॥

घर करवानु तथा वसवानुं मुहूर्त्त.

देवगृहं स्वगृहं वा । प्रारभ्रं शोक कारणं भवति ॥
चैत्रे मास अवस्यां । वैशाखे विपुल धन हेतु ॥७०॥
चैत्रे शोक करं विद्यात् । वैशाखे च धनागम ॥
ज्येष्ट मासे भवेन्मृत्यु । आषाढे पशु नाशनं ॥७१॥
श्रावणे धन धान्यानि । शुन्य भाद्रपदेन च ॥
आश्विने कलहं घोरं । कार्त्तिके मृत्युदायकं ॥७२॥
मार्गशीर्ष धन प्राप्ति । पोषे च सर्व संपदा ॥
माघे अग्नि भयं विद्या । त्फाल्गुने च श्रियागम ॥७३॥

वास्तु मध्ये समाख्याता । चिरायु विश्व कर्मणा ॥
वैशाखे श्रावणे मार्गे । फाल्गुने क्रियते गृहं ॥७४॥

ભાવાર્થઃ—દેવગૃહ તથા પોતાના ઘરમાં પ્રવેશ કરવામાં જો ચૈત્ર માસ હોય તો શોક સંતાપ થાય તેમજ તે મકાન થોડો વખત રહી શકે; જો વૈશાખ માસમાં પ્રવેશ કરે તો ઘણું ધન પ્રાપ્ત થાય; જેઠ માસમાં પ્રવેશ કરે તો મૃત્યુ થાય; અષાડમાં પ્રવેશ કરે તો પશુનો નાશ થાય; શ્રાવણ માસમાં પ્રવેશ કરે તો ધન ધાન્યની સારી પ્રાપ્તિ થાય; ભાદરવામાં પ્રવેશ કરે તો મકાન શૂન્ય થાય; આસો માસમાં ઘર પ્રવેશ કરે તો કલેશ થાય; કારતક માસમાં પ્રવેશ કરે તો મૃત્યુ થાય; માગશર માસમાં પ્રવેશ કરે તો ધનની પ્રાપ્તિ થાય; પોષમાં પ્રવેશ કરે તો સંપદા મળે; મહા માસમાં ઘર પ્રવેશ કરે તો અગ્નિનો ભય થાય; ફાગણ માસમાં પ્રવેશ કરે તો લક્ષ્મીની પ્રાપ્તિ થાય; એ પ્રમાણે શિલ્પશાસ્ત્રમાં કહ્યું છે. ઘર બાંધવામાં વૈશાખ, શ્રાવણ, માગશર અને ફાગણ એ ચાર માસ ઉત્તમ કહ્યાં છે. ॥ ૭૦–૭૪ ॥

शेषनागनी विधि.

वैद्यां वृषे गृहे सिंघे । त्रिक मीने सुरालये ॥
मित्रा मित्रस्य स्थानेषु । शेषनाग विधीयते ॥७५॥
ईशानह धुरि आदिद । धुरे गणिजे मिन ॥
त्रिहू मासे कर्म करइं । शेष सिंहारभमंति ॥७६॥
सिरि च पइंगेहण मरइं । कडीयां मरज स्वामि ॥
पुठि कुडंबोपरिहरइं । कुसलं च वच्छे ठामि ॥७७॥

ભાવાર્થઃ—શેષનાગના યંત્ર પ્રમાણે મકાન તથા પરણવાની ચૉરીની ખૂંટી વિષે કહે છે. મીન રાશીથી અનુક્રમે સરોવર બનાવવામાં સમજવું. મીન લગ્ન અથવા સીંહ લગ્ન ઘર બાંધવામાં લેવું. અને સિંહ લગ્નથી શેષનાગનું ઘર જોવું. વરખ રાશીથી તથા વરખ સંક્રાંતીથી ચૉરીમાં શેષનાગનો વાસો સમજવો. દેવમંદીર વિષે મીન રાશીથી સમજવો. ઇશાન ખૂણેથી

લઇને ચાર ખૂણે ત્રણ ત્રણ સંક્રાંતીએ શેષનાગ સમજવો. સિંહ, કન્યા, તુલા એ ત્રણ સંક્રાંતીમાં ઇશાન ખૂણામાં શેષનાગનું ઘર હોય છે. એમ અનુક્રમે ત્રણ ત્રણ રાશી સમજવી. તેમાં જો મકાન બાંધતી વખતે શેષનાગના માથે ખીલી આવે તો સ્ત્રી મરે, કેડમાં ખીલી આવે તો ઘરધણી મરે, પુંઠે ખીલી આવે તો કુટુંબનો નાશ થાય, પૂંછ ઊપર ખીલી આવે તો સર્વે કાર્યની સિદ્ધિ થાય. ॥ ૭૫-૭૭ ॥

गुरुनुं फल.

एकदशो द्वातियस्य । नव सप्तम पंचम ॥
गुरु धर्मार्थ कामादि । भवेत्सिद्धि करस्तदा ॥७८॥

ભાવાર્થઃ—અગીઆરમા, બીજા, ત્રીજા, નવમા, સાતમા, પાંચમા, એ ગુરૂ મ્હોટા ધર્મકાર્ય કરવામાં સિદ્ધિદાયક કહ્યાં છે; માટે ગુરૂનું બળ જોઇ કામ કરવું. ॥ ૭૮ ॥

कुंडली जोवा विषे.

देहं १ द्रव्य २ पराक्रमौ ३ सुख ४ सुतं ५ शत्रु ६ कलत्रं ७ मृति ८ भाग्यं । ९ राज्यपदं १० क्रमेण गदिता लाभ ११ व्ययौ १२ लग्नतः ॥

भावा द्वादश तत्र सौख्य शरणं देहं मतं देहीनाम् ।
तस्मादेव शुभा शुभाख्य कलजो कार्योबुधै निर्णयः ॥१॥

सर्वांग योग यंत्र.

રવી	સોમ	મંગળ	બુધ	ગુરૂ	શુક્ર	શની
૧	૮	૮	૬	૨	૧-૪	૩-૫
૨	૫	૪	૩	૭	૮	૮
૬	૧	૭	૮	૫	૬	૭
લક્ષ્મિ	દુઃખ	લાભ	શોક	સુખ	ધીરજ	અન્ન

ભાવાર્થઃ—સર્વાંગ યોગ એટલે રવીવારે ૧, ૨, ૬ એ મુહુર્તમાં કામ કરે તો લક્ષ્મીની પ્રાપ્તિ થાય; અને એ જ પ્રમાણે સાતે વારનાં મુહુર્ત અને લાભાલાભ ઉપરના યંત્રથી સમજવા. મુહુર્ત એટલે બે ઘડી જાણવી.

રોગીને રોગથી મુક્ત થવાનો યંત્ર.

નંબર	નક્ષત્ર.	પાયો ૧ લો	પાયો ૨ જા	પાયો ૩ જા	નંબર	નક્ષત્ર.	પાયો ૧ લો	પાયો ૨ જા	પાયો ૩ જા	નંબર	નક્ષત્ર.	પાયો ૧ લો	પાયો ૨ જો	પાયો ૩ જા
૧	કૃતિકા.	દીન ૫	દીન ૧૦	મરણ	૧૦	ઊત્તરાફા.	દીન ૧૪	દીન ૭	દીન ૮	૧૯	ઊતરાષાઢા	દીન ૧૫	દીન ૧૨	દીન ૨૦
૨	રોહિણી	દીન ૯	દીન ૧૩	દીન ૧૦	૧૧	હસ્ત	દીન ૮	દીન ૪	દીન ૫	૨૦	શ્રવણ	દીન ૭	દીન ૨૦	દીન ૧૬
૩	મૃગશર	દીન ૭	દીન ૧૩	દીન ૧૦	૧૨	ચીત્રા	દીન ૩	દીન ૯	દીન ૧૦	૨૧	ધનીષ્ટા	દીન ૨૭	દીન ૨૦	દીન ૯
૪	આદ્રા	દીન ૧૫	દીન ૧૨	મરણ	૧૩	સ્વાતી	દીન ૧૦	દીન ૧૨	મરણ	૨૨	શતભીષા	દીન ૮	દીન ૧૮	દીન ૧૬
૫	પુનર્વસુ	દીન ૪૫	દીન ૭	દીન ૨૫	૧૪	વીશાખા	દીન ૪૮	દીન ૧૨	દીન ૨૫	૨૩	પૂર્વાભાદ્ર.	દીન ૯	મરણ	દીન ૧૨
૬	પુષ્ય	દીન ૭	દીન ૧૨	દીન ૨૧	૧૫	અનુરાધા	દીન ૭	દીન ૧૫	મરણ	૨૪	ઊતરાભાદ્ર	દીન ૧૦	દીન ૨૦	દીન ૨૦
૭	અશ્લેષા	દીન ૯	દીનમરણ	દીન ૪૪	૧૬	જેષ્ટા	દીન ૪૫	દીન ૧૬	મરણ	૨૫	રેવતી	દીન ૮	દીન ૬૭	મરણ
૮	મઘા	દીન ૭	દીન ૨૦	મરણ	૧૭	મૂલ	દીન ૧૫	મરણ	મરણ	૨૬	અશ્વની	દીન ૧૦	દીન ૭૭	દીન ૩૨
૯	પૂર્વાફા૦	દીન ૧૩	દીન ૭	મરણ	૧૮	પૂર્વાષાઢા	દીન ૯૦	દીન ૧૬	મરણ	૨૭	ભરણી	દીન ૯	મરણ	મરણ

ભાવાર્થ:—પ્રથમ રોગીને પુછવું કે કયે દિવસે રોગ થયો, તે પછી તે દિવસનું નક્ષત્ર જોવું. જે નક્ષત્ર હોય તે નક્ષત્રના ત્રણ ભાગ (પાયા) કરવા એટલે પહેલે પાયે વીસ ઘડી, બીજે પાયે વીસ ઘડી, ત્રીજે પાયે વીસ ઘડી, એમ એક નક્ષત્ર સાઠ ઘડી હોય છે. તેના ત્રણ ભાગ વીસ ઘડીના થયા. ત્યારે ધારો, કે રોગીને પુછતાં રોગીએ કૃતિકા નક્ષત્રના પહેલા પાયે રોગ થયો એમ કહ્યું; તો ઉપર યંત્રમાં જોવું તો ત્યાં પાંચ દીન મુકયા છે, તો જાણવું કે પાંચ દીવસમાં રોગી રોગથી મુક્ત થશે, જો બીજો પાયો હોય તો દસ દીનમાં રોગી રોગથી મુક્ત થશે, અને જો ત્રીજો પાયો હોય તો મરણ અથવા મરણાંતીક કષ્ટ; એમ સત્તાવીસે નક્ષત્ર ઉપલા યંત્રથી જોઇ લેવા. પણ બરાબર તેના નક્ષત્ર તથા પાયા ચોક્કસ કરીને બોલવું. જેમ તેમ બોલવું નહિ.

वर्षना च्यार स्थंभनो यंत्र.

સ્થંભ	માસ	તીથી	નક્ષત્ર
પાણીનો	ચૈત્ર શુદી	૧	રેવતી
તાપનો	વૈશાખ શુદી	૧	ભરણી
પવનનો	જેઠ શુદી	૧	મૃગશર
અન્નનો	અષાઢ સુદી	૧	પુનર્વસુ

ભાવાર્થ:—ઉપરના માસ, તીથી, નક્ષત્ર જે વર્ષમાં હોય તે વર્ષ સારૂં ગણાય છે. જેમકે, ચૈત્ર શુદી ૧ ને દીવસે રેવતી નક્ષત્ર હોય તો વરસાદ સારો થાય; વૈશાખ શુદી ૧ ને દીવસે ભરણી નક્ષત્ર હોય તો તાપ અનુકુળ પડે; જેઠ શુદી ૧ ને દીવસે મૃગશર નક્ષત્ર હોય તો પવન અનુકુળ વાય; અને અષાઢ શુદી ૧ ને દીવસે પુનર્વસુ હોય તો અન્ન સારૂં પાકે.

ગયેલી વસ્તુ મળવા ન મળવા વિષે.

નંબર.	નક્ષેત્રનાં નામ.	નંબર.	નક્ષેત્રનાં નામ.
૧	અશ્વનીમાં ગયેલી વસ્તુ દીન ૯માં મળે.	૧૫	સ્વાંતીમાં ગઈ વસ્તુ ન મળે.
૨	ભરણીમાં દીન ૧૫ માં મળે.	૧૬	વિશાખામાં દીન ૧૫ માં મળે.
૩	કૃતીકામાં દીન ૯ માં મળે.	૧૭	અનુરાધામાં કષ્ટથી મળે.
૪	રોહિણીમાં દીન ૭ માં મળે.	૧૮	જ્યેષ્ટામાં ગઇ વસ્તુ ન મળે.
૫	મૃગશરમાં દીન ૩૦ માં મળે.	૧૯	મૂળમાં દીન ૯ માં મળે.
૬	આદ્રામાં ગઇ વસ્તુ ન મળે.	૨૦	પૂર્વાષાઢામાં ગઈ વસ્તુ ન મળે.
૭	પુષ્યમાં દીન ૭ માં મળે.	૨૧	ઉત્તરાષાઢામાં દીન ૩૦ માં મળે.
૮	પુનર્વસુમાં દીન ૭ માં મળે.	૨૨	અભીચમાં દીન ૧૨ માં મળે.
૯	અશ્લેષામાં ગઈ વસ્તુ ન મળે.	૨૩	શ્રવણમાં દીન ૧૫ માં ગળે.
૧૦	મઘામાં દીન ૨૦ માં મળે.	૨૪	ધનિષ્ટામાં દીન ૧૧ માં મળે.
૧૧	પુર્વાફાલ્ગુણીમાં ગઈ વસ્તુ ન મળે.	૨૫	શતભીષામાં દીન ૧૧ માં મળે.
૧૨	ઉત્તરાફાલ્ગુણીમાં દીન ૭ માં મળે.	૨૬	પૂર્વાભાદ્રપદમાં ગઇ વસ્તુ ન મળે.
૧૩	હસ્તમાં દીન ૧૫ માં મળે.	૨૭	ઉત્તરાભાદ્રપદમાં દીન ૭ માં મળે.
૧૪	ચિત્રામાં દીન ૧૧ માં મળે.	૨૮	રેવતીમાં ગઇ વસ્તુ કષ્ટથી મળે.

ભાવાર્થઃ—ગયેલી વસ્તુ ક્યારે મળશે એમ કોઇ સવાલ પુછે તો તે દિવસનું નક્ષેત્ર જોઈ તેના દીવસ કહેવા અથવા નહિં મળે એમ કહેવું. તે વસ્તુ કઇ દીશામાં ગઈ છે તે જોવા વિષે આગળ જણાવેલ છે.

શુભ યોગ યંત્ર.

વાર.	તીથી.					નક્ષત્ર.							યોગ.
રવી	૧	૮	૯	હસ્ત	ઉત્તરાષા.	ઉત્તરાફા.	ઉત્તરાભા.	મુળ	રેવતી	અશ્વની	ધનિષ્ટા	પુષ્ય	શુભ
સોમ	૨	૯	અશ્લે	શ્રવણ	રોહીણી	મૃગશર	અનુરાધા	૦	૦	૦	૦	૦	શુભ
મંગળ	૧૩	૮	૬	૩	રેવતી	મૂળ	અશ્લેષા	ઊ. ભા.	મૃગશર	અશ્વની	૦	૦	શુભ
બુધ	૨	૧૨	૭	શ્રવણ	રોહીણી	પુષ્ય	અનુરાધા	મૃગશર	૦	કૃતિકા	૦	૦	શુભ
ગુરૂ	૫	૧૦	૧૫	૧૧	પુષ્ય	પુનવસુ	વીશાખા	રેવતી	અશ્વની	હસ્ત	પૂ. ફા.	૦	શુભ
શુક્ર	૧	૬	૧૧	૧૩	પુનર્વસુ	હસ્ત	ઊત્તરાષાઢા	રેવતી	અશ્વની	અનુરાધા	૦	પૂ. ફા.	શુભ
શની	૪	૯	૧૪	૮	પૂર્વાફા૦	રોહીણી	સ્વાંતી	સત.	શ્રવણ	૦	૦	૦	શુભ

ભાવાર્થઃ—જેમકે, રવીવાર અને ૧, ૮, ૯ એ તીથી તથા હસ્ત, ઊત્તરાષાઢા, ઊત્તરાફાલ્ગુણી, ઊત્તરાભાદ્રપદ, મૂળ, રેવતી, અશ્વનો, ધનિષ્ટા, પુષ્ય, એ નક્ષત્ર હોય તો શુભ યોગ જાણવો. એમ સાતે વારનું સમજવું.

પ્રથમ ભાગ સમાપ્ત.

श्री नरचंद्र जैन ज्योतिष

(भाग २ जो)

श्लोक.—रात्रि प्रभेद १ संज्ञा २ ग्रह भेदा ३ गोचरा
४ ष्टवर्गौच ५ सँवत्सर ६ मास
७ दिन ८ र्क्ष ९ शुद्धयः क्रांति साम्यं च १० ॥१॥
बलं ११ मीनं १२ च लग्नस्य षट्वर्गोदय शोधनं १३ ॥
प्रतिष्टायां व्रते वापि ग्रहा १४ स्त दोष १५ तद्गुणा ॥२॥
१६ ध्रुव १७ छायावि लग्ने च १८ द्वाराण्याष्टादश क्रमात् ॥
अथै तानि प्रवक्षंते जन्म शुद्धि विधित्सया ॥३॥

ભાવાર્થઃ—સાગરચંદ્રસૂરીકૃત નરચંદ્ર નામ પ્રથમ કીરણ પૂર્ણ કરી દ્વિતીય કીરણ પ્રારંભે છે. તેમાં મુખ્ય વિષય ૧૮ છે. તેનાં નામ-૧ બાર રાશીનો વિચાર. ૨ રાશી સંજ્ઞા વિચાર. ૩ ગ્રહ ભેદ વિચાર. ૪ ગોચર ગ્રહનો વિચાર. ૫ અષ્ટ વર્ગનો વિચાર. ૬ સંવત્સરનો વિચાર. ૭ માસનો વિચાર. ૮ દિનનો વિચાર. ૯ નક્ષત્ર શુદ્ધિનો વિચાર. ૧૦ ક્રાંતિ સામ્યનો વિચાર. ૧૧ ગૃહ બળનો વિચાર. ૧૨ મીન વિચાર. ૧૩ લગ્ન ષડવર્ગનો વિચાર. ૧૪ દિશા પ્રતિષ્ટા વિચાર. ૧૫ ગ્રહ વિચાર. ૧૬ ગ્રહ દોષ વિચાર. ૧૭ ગ્રહ ગુણ વિચાર. ૧૮ ધ્રુવ છાયા વિચાર. એ અઢાર વિષય અનુક્રમે વિસ્તારથી કહેવામાં આવે છે. ॥ ૧-૩ ॥

बार राशी विषे.

कुंभाकुंभ शिरास्तुला धृत तुलो धन्वश्च पश्चार्द्धको ।
विभ्र चापम मीन रात् मिथुनंदीणा गदा भृत्करं ॥
मीनो मीन युगं विपर्य मुषंशस्यां मियु कन्यका ।
नौस्वासौ हरिणानिनस्तु मकरो नामानु रुपापरे ॥४॥

ભાવાર્થઃ—મીન, કર્ક, એ રાશીઓ ઉત્તર દિશામાં; મીથુન,

તુલા, કુંભ, પશ્ચિમ દિશામાં; વરખ, કન્યા, મકર દક્ષિણ દિશામાં; અને મેષ, સિંહ, ધન, પૂર્વ દિશામાં રહે છે. ॥ ૪ ॥

राशी संज्ञा विषे.

पुं: स्त्री क्रूराक्रूराश्चर स्थिर द्विश्वभाव संज्ञा च ॥
अज वृष मिथुन कुलीरा पंचम नवमैः सहेंद्राद्याः ॥५॥

ભાવાર્થઃ—મેષ રાશી અનુક્રમે ગણતાં પુરૂષ તથા સ્ત્રી રાશીની સંજ્ઞા સમજવી. જેમકે, મેષ રાશીની પુરૂષ સંજ્ઞા છે, અને વરખ રાશીની સ્ત્રી સંજ્ઞા છે. એમ બારે રાશીની અનુક્રમે સંજ્ઞાઓ સમજવી.

વળી બીજી રીતે ક્રુર, અક્રુર સંજ્ઞા ઉપર પ્રમાણે સમજવી. જેમકે, મેષ રાશીની ક્રુર સંજ્ઞા અને વરખની અક્રુર સંજ્ઞા. વળી ત્રીજે પ્રકારે બાર રાશીની ચર, સ્થિર, દ્વી સ્વભાવ એટલે બે સ્વભાવવાળી એ ૩ પ્રકારે જાણવી. જેમકે, મેષ રાશી (ચર), વરખ રાશી (સ્થિર), અને મિથુન રાશી દ્વી સ્વભાવ એટલે ચર, સ્થિર. હવે રાશીની નવમાંશની રીત—દરેક રાશીના ત્રીશ અંશ હોય છે, અને તેના નવ પાયા થાય છે. જેમકે, મેષ રાશીનો નવમાંશ જોવો હોય તો મેષ રાશીથી ગણવું એટલે મેષ રાશીનો પહેલો અંશ મેષ અને બીજો અંશ વરખ. એ પ્રમાણે મેષ રાશીનો નવમો અંશ ધન રાશી જાણવી. વિશેષ યંત્રમાં જોવાથી જણાશે. ॥ ૫ ॥

રાશી દિશા યંત્ર.

ઇશાન	મે. સિં. ધ.	અગ્નિ.
કું. મી. વૃશ્ચિક.		વૃ. ક. મ.
વાયવ્ય.	મિ. તુ. કું.	નૈઋત્ય.

રાશી સ્ત્રી, પુરૂષ યંત્ર.

૨ સ્ત્રી / ૩ પુરૂષ	પુરૂષ ૧. મેષ	૧૨ સ્ત્રી. / ૧૧ પુરૂષ.
૪ સ્ત્રી.		૧૦ સ્ત્રી.
૫ પુરૂષ / ૬ સ્ત્રી.	૭ પુરૂષ	૯ પુરૂષ / ૮ સ્ત્રી

ક્રૂર અક્રૂર યંત્ર.

અક્રૂ. ૨ / ક્રૂ. ૩	૧ ક્રૂર.	અક્રૂ ૧૨ / ક્રૂ. ૧૧
અક્રુ. ૪		૧૦ અક્રૂ
૫ ક્રૂ. / અક્રૂ. ૬.	૭ ક્રૂર.	૯ ક્રૂ. / ૮ અક્રૂ.

ચર સ્થિર દ્વી સ્વભાવ યંત્ર.

૨ સ્થિ. / ૩ દ્વી.	૧ ચર	દ્વી. ૧૨ / સ્થિ. ૧૧
૪ ચ.		૧૦ ચ.
સ્થિ. ૫ / દ્વી. ૬	૭ ચર	૯ દ્વી. / ૮ સ્થિ.

राशी बलाबल विषे.

नो विश्रांमश्चरे लग्ने । विश्राम द्वितयं स्थिरे ॥
विश्रांम त्रितयं ज्ञेयं । द्वि श्वभावे द्विरात्मके ॥६॥
मेषाद्याश्चत्वारः सधन्वि मकराः क्षिपा बला ज्ञेया ॥
पृष्टोदया वि मिथुनास्त । एव मीनो ह्युभय लग्नं ॥७॥

ભાવાર્થઃ—મેષ રાશીથી ચાર રાશી એટલે મેષ, વરખ, મિથુન, કર્ક તથા ધન, મકર, મીન એ રાશીઓ રાત્રીએ બળવાન છે, અને સિંહ કન્યા, તુલા, વૃશ્ચિક, કુંભ એ દીવસે બળવાન છે. મેષ, વરખ, કર્ક, ધન, મકર એ રાશીની પૃષ્ટોદય સંજ્ઞા છે; મિથુન, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, કુંભ એ રાશીની શીર્ષોદય સંજ્ઞા છે; અને મીન રાશીની ઉભય સંજ્ઞા છે. ॥ ૬–૭ ॥

ग्रह परम उच्च अंश विषे.

अज वृष मृगांकना कर्क मीन वणिजां शकेष्किना ।
ह्युच्चाः दश शिख्यष्टा विंशति तिथींद्रिय विघन विंशेषु ॥८॥

ભાવાર્થઃ—મેષ રાશીનો રવી જેમ દશ અંશ સુધી પરમોત્કૃષ્ટ ઉંચનો કહેવાય છે તેમ વરખ રાશીનો ચંદ્રમા ત્રણ અંશ સુધી પરમ્ ઉંચનો કહેવાય છે; મકર રાશીનો મંગળ અઠ્ઠાવીસ અંશ સુધી પરમ્ ઉંચનો કહેવાય છે; બુધ, કન્યા રાશીનો પાંચ

અંશ સુધી પરમ્ ઉંચ કહેવાય છે; ગુરૂ કર્ક રાશીનો પાંચ અંશ સુધી પરમ ઉંચ કહેવાય છે; શુક્ર મીન રાશીનો સત્તાવીસ અંશ સુધી પરમ્ ઉંચનો કહેવાય છે; શની, તુલા રાશીનો વીશ અંશ સુધી પરમ્ ઉંચનો કહેવાય છે. રાહુ, મીથુન રાશીનો પરમ ઉંચનો કહેવાય છે. વિશેષ બીના નીચેના યંત્રથી જાણવી. ॥૮॥

ઉચ્ચ ગ્રહ યંત્ર.

રવિ	ચંદ્ર	મં.	બુ.	ગુ.	શુ.	શ.	ર.	ગ્રહ યંત્ર
મેષ	વૃષ.	મકર	કન્યા	કર્ક	મિન	તુલા	મિથુન	ઉચ્ચ ગ્રહ
૧૦	૩	૨૮	૫	૫	૨૭	૨૦	૦	પરમ ઉચ્ચ અંશ

परम् नीच ग्रह विषे.

उच्चानी चं सप्तम मर्कादीनां त्रिको संज्ञानि ।
सिंह वृषाज प्रमदाः कार्म्मुक भृतौल कंभ धरा ॥९॥

ભાવાર્થ:—ઉપર કહેલા ઉંચ ગ્રહની રાશીથી સાતમી રાશી નીચ રાશી સમજવી, અને ઉપર કહેલા અંશ પ્રમાણે પરમ નીચ ગ્રહ સમજવા. તુલા રાશીનો રવી નીચ સમજવો. ચંદ્રમા વૃશ્ચિક, મંગળ કર્કનો, બુધ મીનનો, ગુરૂ મકરનો, શુક્ર કન્યાનો, શનિ મેષનો, રાહુ ધનનો; એ સર્વે નીચના સમજવા. ॥ ૯ ॥

बार भुवन ग्रह कुंडली विषे.

तनु १ धन २ सहज ३ सुहृत ४ सुत ५ रिपु ६ जाया
७ मृत्यु ८ धर्म ९ कर्म १० आयो ११ व्यय १२ ॥१०॥
पातालहिबुक सुख वेस्मबंधु संज्ञं तथायुज ।
चतुर्थ नवपंचमं त्रिकोणं नवमाख्यं त्रित्रिकोणँ च ॥११॥

सप्तमकंया मित्र द्युनं द्युन मष्ट मष्टमं ।
च्छिद्रंधी पंचमं तृतियं दुश्चिक्यं विक्रमंवापि ॥१२॥
मध्ये मे पूर्णमंवरं च दशमं तथा तिमंरिष्युं ।
एकादशंतु कथयंति सूरय सर्वतो भद्रं ॥१३॥
केंद्रं चतुष्टयं कंटकं च लग्नास्त दशा चतुर्थानां ।
संज्ञा परतः पणफर मापोक्लम मस्य यत्पुरतः ॥१४॥
त्रिषडेकादशमान्युपचप भवनान्यथान्यानि ।
वर्गोत्तमान वांशाश्चरादिषु । प्रथमंमध्यांताः ॥१५॥

ભાવાર્થઃ—જન્મ કુંડળીમાં અથવા વર્ષ કુંડળીમાં લગ્નથી બાર ભુવનનાં નામ કહે છે—૧ તન ભુવન, ૨ ધન ભુવન, ૩ ભાઈ ભુવન, ૪ માતા ભુવન, ૫ પુત્ર ભુવન, ૬ શત્રુ ભુવન, ૭ સ્ત્રી ભુવન, ૮ આયુષ્ય ભુવન, ૯ ધર્મ ભુવન, ૧૦ પિતા રાજ્ય ભુવન, ૧૧ લાભ ભુવન, ૧૨ ખર્ચ ભુવન, એ બાર.

હવે બાર ભુવન વિસ્તારપૂર્વક કહે છે. ચોથા ભુવનનું નામ પાતાલહેબુક વાહન સુખસ્થાન, બંધુસ્થાન, તથા કેંદ્રસ્થાન કહેવાય છે. નવમા તથા પાંચમા ભુવનને ત્રિકોણસ્થાન કહ્યું છે. સાતમા ભુવનને યાત્રિમ તથા દ્યુન નામ કહ્યું છે, આઠમા ભુવનને છિદ્ર ભુવન કહ્યું છે. પાંચમા ભુવનને બુદ્ધિ તથા વિદ્યા ભુવન કહ્યું છે. ત્રીજા ભુવનને દુશ્ચિકય તથા પરાક્રમ ભુવન કહ્યું છે. દશમા ભુવનને અમ્બર તથા વેપાર ભુવન કહ્યું છે. અગીઆરમાં ભુવનને સર્વથી શ્રેષ્ટ એટલે લાભ ભુવન કહ્યું છે. એમ પંડિત પુરૂષો કહે છે. પહેલા, ચોથા, સાતમા, દશમા ભુવનોને કેંદ્ર ભુવનો કહે છે, તથા તેને કંટક સંજ્ઞા પણ કહી છે. વળી બારે ભુવનને ૧ પણ, ૨ ફર, ૩ આપોકિલમ એવી સંજ્ઞા કહી છે. એ બારે ભુવન યંત્રમાં જુવો. હવે બારે ભુવનની સંજ્ઞા કહે છે, ૩, ૬, ૧૧ ભુવનને ઉપચય સ્થાન કહે છે, તથા ગ્રહ વર્ગોત્તમ પ્રકાર કહે છે. બળવાન ચર રાશીના પહેલા નવમાંશમાં જે ગ્રહ

હોય તેને વર્ગોત્તમ કહે છે, એટલે અધિક બળવાન સમજવા. સ્થિર રાશીના મધ્ય નવમાંશમાં એટલે પાંચમાં નવમાંશમાં જે ગ્રહ હોય તેને વર્ગોત્તમી કહે છે, અને દ્વી સ્વભાવ રાશીના અંત્યના એટલે નવમાંશમાં જે ગ્રહ હોય તે પણ વર્ગોત્તમી કહેવાય છે. ૧૦-૧૫.

બાર ભુવન સંજ્ઞા યંત્ર.

ધન ૨ પણ. ફર	કેંદ્ર ચતુષ્ટયં કંટકં ચતનુ ૧ મૂર્તિ નામાનિ: તનુ ૧	ખર્ચ ૧૨, વ્યય રીપુ આપોક્લિમ
સહજ ૩. વિક્રમ આપોક્લિમ. ઉપચય. દુશ્ચિક.		લાભ ૧૧ પણ ફર સર્વતો ભદ્ર ઉપચય
સુખ ૪. કેંદ્ર, ચતુષ્ટય કંટક, ચતુરસ્ત્ર પાતાલ હિબુક, બંધુ, વાહન માતા.		કર્મ ૧૦ કેંદ્ર ચતુષ્ટય ઉપચય કંટક દશમ મધ્યમ પૂર્ણ અંબર
સુત ૫. પંચમ. ધી ત્રીકોણ પણ ફર	કલત્ર ૭ સ્ત્રી કેંદ્ર ચતુષ્ટય કંટક યામિત્ર અસ્ત સપ્તમ	ધર્મ ૯ ત્રીકોણ પણ ફર
રીપુ ૬ આપોક્લિમ ઉપચય		આયુષ્ય ૮ ચતુરસ્ત્ર છીદ્ર પણ ફર

નવમાંશ જાણવાનો પ્રકાર.

એક રાશીના નવ પાયા ગણાય છે, અને એક રાશીના ત્રીસ અંશ થાય છે. હવે જો તનો નવમાંશ કરવો હોય તો જે ગ્રહ સ્પષ્ટ છે તેના રાશી, અંશ, કલા વિકલા તે ત્રીશ અંશના નવ ભાગ જાણવા. ૩ અંશ, ૨૦ કલાનો પહેલો નવમાંશ થાય છે. એ રીતે નવ ભાગ સમજવા. જ્યારે નવમાંશ કરવો હોય ત્યારે સ્પષ્ટ ગ્રહની રાશી જોવી. જો રાશી ધન તથા સિંહ હોય તો મેષ રાશીને આદ્ય લઇને ગણતાં જેટલા ભાગમાં જે રાશી આવે તે રાશીનો નવમાંશ સમજવો.

દાખલા તરીકે-લગ્ન સિંહ એટલે ૪ રાશી, ૨૫ અંશ, ૩૦ કલા, ૪૩ વિકલા છે તેની નવમાંશમાં જોવાની રીતઃ—

૧	૨	૩	૪	૫	૬	૭
૩–૨૦	૬–૪૦	૧૦–૦	૧૩–૨૦	૧૬–૪૦	૨૦–૦	૨૩–૨૦

૮	૯
૨૬–૪૦	૩૦–૦

એ નવ ગ્રહ. માટે, ૪ રાશી, ૨૫ અંશ, ૩૦ કલાનો નવમાંશ ૮ માં ભાગમાં એટલે ૨૬–૪૦ માં આવ્યો. ત્યારે સિંહ રાશી હોય તો મેષ રાશીથી ગણતાં વૃશ્ચિક રાશીનો નવમાંશ લગ્નનો આવ્યો. એવી રીતે નવ ગ્રહ જોવા. ધન રાશી અને સિંહ રાશીનો નવમાંશ જોવામાં મેષ રાશીથી ગણવું; મેષ રાશીનો નવમાંસ જોવો હોય તો મેષ રાશીથી ગણવું; વરખ, કન્યા, મકર, રાશીનો નવમાંશ જોવો હોય તો મકર રાશીથી ગણવું; મીથુન, તુલા, કુંભ તથા વૃશ્ચિક રાશીનો નવમાંશ જોવામાં તુલા રાશીથી ગણવું; કર્ક રાશીનો નવમાંશ તથા મીન રાશીનો નવમાંશ કરવામાં કર્ક રાશીથી ગણવું; એવી રીતે પોતપોતાની રાશીના અંશ કલા પ્રમાણે નવમાંશ જાણવો. ઉપર બતાવેલા યંત્રમાં જે ઠેકાણે (૧) મુકયો છે તેની વર્ગોત્તમી સંજ્ઞા જાણવી. એટલે વર્ગોત્તમ સંજ્ઞાનો ગ્રહ જાણવો. ઉત્તમ જાણવો, બળવાન જાણવો, અને ૩–૨૦, ૬–૪૦ એ સંજ્ઞા અંશ કલાની જાણવી.

पाप सौम्य ग्रह दीशा विचार.

(मेषाद्या धनु सिंहश्च मकराद्या कन्ययोर्वृषः ।
तुलाद्या घट मैथुनं वृश्चि मीना कुलीराद्या ॥)

चर चतुष्टये मेष कर्क तुला मकरेषु प्रथम नवांशाः स्थिर चतुष्टये वृष सिंह वृश्चिक कुंभेषु पंचमाः नवांशाः द्विश्वभाव चतुष्टयेषु मिथुन कन्या धन मीनेषु नवमा नवांशां वर्गोत्तमाः प्राच्या दीसा रवि सित कुज राहुय मेंदु सौम्य वाक्य तयः क्षीणेंद्वर्कयमराः पापास्तैः संयुतः सौम्यः ॥ १६ ॥

ભાવાર્થ:—સૂર્યની પૂર્વ દીશા, શુક્રની અગ્નિકોણ, મંગળની દક્ષિણ, રાહુની નૈઋત્ય, શનિની પશ્ચિમ, ચંદ્રમાની વાયવ્ય, બુધની ઉત્તર, ગુરૂની ઈશાન; એ પ્રમાણે દીશાઓમાં ગ્રહ રહે છે. ઉપલી બાબતના પ્રશ્ન સમયે જે ગ્રહની રાશીનું લગ્ન હોય અથવા

જે ગ્રહ લગ્નમાં હોય તે દીશામાં ગયેલી વસ્તુ સિદ્ધ થાય. અથવા જે કંઈ કામ કરવું હોય તે પણ તે દીશામાં સિદ્ધ થાય. હવે ક્રુર તથા સૌમ્ય ગ્રહનો વિચાર કહે છે. ક્ષીણ ચંદ્રમાને ક્રુર ગ્રહ સમજવો; એટલે કૃષ્ણપક્ષની આઠમથી અમાવાસ્યા સુધી ક્ષીણ-ચંદ્રમા કહ્યો છે, અને રવી, મંગળ એ ક્રૂર ગ્રહ એટલે પાપગ્રહ કહેવાય છે; તથા પાપગ્રહની સાથે જો બુધ હોય તો તે પણ પાપ ગ્રહ કહેવાય છે. ચંદ્ર, બુધ, ગુરૂ, શુકર એ ગ્રહ સૌમ્ય (શ્રેષ્ટ) કહ્યા છે. વિશેષ યંત્રથી જણાશે. ॥ ૧૬ ॥

ગ્રહ દીશા યંત્ર.

ઇશાન. ગુરૂ	પૂર્વ રવી	અગ્નિ શુક્ર
ઉત્તર બુધ		દક્ષિણ મંગળ
વાયવ્ય ચંદ્ર	પશ્ચિમ શનિ	નૈઋત્ય રાહુ

ક્રુર તથા સૌમ્ય ગ્રહ યંત્ર.

ક્ષીણ ચંદ્ર	ક્રૂર	ચંદ્ર	સૌમ્ય
શનિ બુધ	ક્રૂર	ગુરૂ	સૌમ્ય
રવિ બુધ	ક્રૂર	શુક્ર	સૌમ્ય
મંગળ બુધ	ક્રૂર	બુધ	સૌમ્ય

ग्रह लींग संज्ञा विचार.

सप्तम ग्रह गोज्ञेयो त्रिधुं तुदा क्रांत वेश्मतः केतुः ।
कलीव स्त्री पुरुषाणां बुध शौरो शशी शितौ परेत्त्वेशा ॥१७॥

ભાવાર્થ:—રવી, મંગળ, ગુરૂ એ ગ્રહોની પુરૂષ સંજ્ઞા સમજવી; ચંદ્ર, શુકર, કેતુ, એ ગ્રહોની સ્ત્રી સંજ્ઞા સમજવી; અને બુધ, શની એ ગ્રહોની નપુસક સંજ્ઞા સમજવી. ॥ ૧૭ ॥

ग्रह वलावल विचार.

वलवान्मित्रस्वग्रहोच्चनवांशैष्वीक्षितः । शुभैश्चापि चंद्र सितौ स्त्री क्षत्रे
पुरु माच्याद्या जीव बुध शशांक शितौ उक्रेन्ये स्त्रिग्ध विपुलाश्च १८–१९

ભાવાર્થ:—જે ગ્રહ મિત્રની રાશીપર સ્થિત હોય, સ્વગ્રહી હોય, ઉંચનો અથવા નવમાંશકમાં પોતાની રાશીનો હોય, અને શુભ દ્દષ્ટિવાળો હોય તે બળવાન કહેવાય છે. બીજી સ્ત્રી રાશી એટલે વરખ કરક, કન્યા, વૃશ્ચિક, મીન, મકર એ રાશીપર બેઠેલો સ્ત્રી

ગ્રહ ચંદ્ર શુક્ર સ્થિત હોય તે બળવાન કહે છે. પુરૂષ રાશી એટલે મેષ, મીથુન, સિંહ, તુલા, ધન, કુંભ એ પુરૂષ રાશી ઉપર રવી, મંગળ, શની, ગુરૂ, બુધ એ સ્થિત હોય તો તે ગ્રહ બળવાન કહેવાય; એટલે તે ગ્રહ કાલ બલના ગણીતમાં બળ પામે છે. વિશેષ યંત્રમાં જોવાથી જણાશે. ॥ ૧૮-૧૯ ॥

ગ્રહ બલાબલ યંત્ર.

રાશી.	૨	૪	૬	૮	૧૦	૧૨	ચંદ્ર. શુક્ર.	બલવંત.	સ્ત્રી ક્ષેત્ર.
રાશી.	૧	૩	૫	૭	૯	૧૧	ર. શ. મ. બુ. ગુ	બલવંત.	પુરૂષ ક્ષેત્ર.

ग्रह भेद् विचार.

ग्रह युद्धे चोत्तरगा केंद्रेण समागताश्च रवि वर्जे ॥

वेष्टावनोज्ञेयाः काल बल च क्षतेत्वधुना ॥२०॥

ભાવાર્થઃ—જ્યારે ગ્રહોમાં માંહોમાંહે વિગ્રહ (યુદ્ધ) થાય ત્યારે રવી વર્જીને બીજા ગ્રહો લેવા. યુદ્ધમાં શુક્ર ગ્રહનો સદા જય થાય છે. ॥ ૨૦ ॥

द्विवस रात्री बल विचार.

अहनिसितार्क सुरेज्याग्र निशि ज्ञानत्त मिदं कुजु शौराः ॥

स्वदिनाद्व शुभशुभा बहुलोत्तर पक्षयावजिनः ॥२१॥

ભાવાર્થઃ—શુક્ર, રવી, ગુરૂ, એ ગ્રહો દીવસે બળ પામે છે, અને બુધ, ચંદ્ર, મંગળ, શની એ ગ્રહો રાત્રે બળ પામે છે.

नैसर्ग बल विचार.

वाक्यनिसित चंद्रार्कोल्लिनः नैसर्गिक ॥

बलमेतच्छलस्यामेस्यादधिकचिंता ॥२२॥

ભાવાર્થઃ—શની, બુધ, ગુરૂ, શુક્ર, ચંદ્ર, રવી એ ગ્રહો અનુક્રમે અંશોમાં એકએકથી ઓછા અંશમાં હોવાથી નૈસર્ગ બલ પામે છે. તથા દીશા બલમાં પૂર્વ દીશાથી બલ કહે છે. ગુરૂ પૂર્વ

દીશામાં બળવાન હોય છે એટલે પૂર્વ દીશામાં તે ફલ આપે છે. બુધ ઈશાનમાં, રવી ઉત્તરમાં, મંગળ વાયવ્યમાં, શની પશ્ચિમમાં, ચંદ્રમા નૈઋત્યમાં, શુક્ર દક્ષિણમાં એ પ્રકારે ઉપર કહેલા ગ્રહો દીગબલ કહેવાય છે. ॥ ૨૨ ॥

ग्रह दृष्टि विचार.

ये नव पंचमे चतुर्थाष्ट मेकतपाद ॥
दृष्या मते न पूर्ण निजा तथा च पूर्ण पश्यति ॥२३॥
रविजस्त्रृतिय दशमे । तृकोणमपि जीवाः ॥
चतुस्रंभूतार्क बुधहि मकराः कलत्रं च ॥२४॥
एकादशमपि भवनं सर्वे पश्यति खेचराः ॥
सम्यक् मूर्तौ च शकल दृष्ट्वा फलानि चैवं प्रयच्छति ॥२५॥
जन्मस्थ च द्वितियं च स्वस्थानाष्टाष्टमं तथा ॥
षष्टं द्वाद्वशमं न पश्यति शेषाणि पश्यंति ते ग्रहाः ॥२६॥
द्वितिये द्वादशे षष्टे मूर्तौचैकादशे तथा ॥
दीपहस्ता न पश्यंति जात्यंधाईव खेचरा ॥२७॥

ભાવાર્થઃ—જન્મ કુંડળીમાં જે ગ્રહ જે સ્થાનમાં હોય તે સ્થાનથી ગણુતાં ત્રીજા અને દશમાં સ્થાનમાં ગ્રહની પાંચ વસા દ્રષ્ટિ હોય છે, નવમા અને પાંચમા સ્થાનમાં દશ વસા દ્રષ્ટિ હોય છે, ચોથા અને આઠમા સ્થાનમાં ૧૫ વસા દ્રષ્ટિ હોય છે, અને સર્વે ગ્રહની સાતમા સ્થાનમાં ૨૦ વસા પૂર્ણ દ્રષ્ટિ હોય છે. વિશેષમાં શની ૩જા, દશમા સ્થાનપર વીસ વસા દ્રષ્ટિએ જુએ છે, ગુરૂ ૯મા, ૫મા સ્થાનપર વીસ વસા પૂર્ણ દ્રષ્ટિએ જુએ છે અને મંગળ ૪થા ૮મા સ્થાન ઉપર સંપૂર્ણ દ્રષ્ટિએ જુએ છે. વળી કેટલાક આચાર્યનો એવો મત છે, કે અગીઆરમાં ભુવનમાં બેઠેલો ગ્રહ સંપૂર્ણ ૨૦ વસા દ્રષ્ટિએ જુએ છે.

હવે જે ગ્રહોની દ્રષ્ટિ બીજા ભુવનો ઉપર ન પડે તે ભુવનનાં નામ કહે છે—૧લા, ૨જા, ૬ઠ્ઠા, ૮મા, ૧૧મા, ૧૨મા એ

સ્થાનો ઉપર એટલે જે ગ્રહ કોઈ પણ ભાવપર બેઠેલો હોય તે ભાવથી ઉપર કહેલા ભુવન ઉપર તેની દ્રષ્ટિ પડતી નથી. તેમાં આઠમા ભુવનમાં પોતાની રાશીથી જે ગ્રહ બેઠેલો હોય તે ગ્રહ દ્રષ્ટિથી જોતો નથી. ઉપરની બીના બીજી રીતે વિસ્તારપૂર્વક દ્રષ્ટાન્ત સાથે કહે છે. જેમકે, કોઇ પુરૂષના હાથમાં દીવો છે ને તે પુરૂષ દૂર બીજાને પ્રકાશ આપે છે પણ પોતાને પ્રકાશ આપી શકતો નથી તેમજ જે ગ્રહ સામી બાજુએ જુવે છે તે પાછળ જોઇ શકતો નથી. એ રીતે ઉપરનો ક્રમ સમજવો. વળી જાત્યાંધ પુરૂષના હાથમાં દીપક હોય ને તે પોતે જેમ જોઈ શકતો નથી તેમ દ્રષ્ટિ વિચાર સમજવો. ॥ ૨૩-૨૭ ॥

ग्रह मैत्री विचार.

शत्रूमंद शितौसमश्च शशिजो मित्राणि शेषारवेः ।
तीक्ष्ं शुर्हिमरस्मिजश्च सुहृदोशेषासम शीतगोः ॥
जीवेदूश्चकराः कुजस्य सुहृदोज्ञोरिः सिताकौंसमौ ।
मित्रौ सूर्य सितो बुध सिह मगुः शत्रू समाश्चापरे ॥२८॥
सूरे सौम्य सितावरी रवि सुता मध्योपरे अन्यथा ।
सौम्यार्की सुद्वदौ समौ कुज विधू शुक्रस्य शेषावरी ॥
शुक्रज्ञौ सुहृदौसमः सुरगुरुः शौरस्यचानेरयः तत्काले च ।
दशाय बंधु सहज स्वांतोषु मित्रं स्थिताः ॥२९॥
मित्रमुदाशीनो व्याख्यातायेे निसर्ग भावेन ॥
तेधि सुहृन्मित्र समास्तत्कालमुप स्थिताः ॥३०॥

ભાવાર્થઃ—સૂર્યના શત્રુ શુક્ર અને શની છે. સૂર્યને બુધનો સમભાવ છે. ચંદ્ર, મંગળ, ગુરૂ એ ગ્રહો સૂર્યના મિત્ર છે. ચંદ્ર ગ્રહના રવી, બુધ, મંગળ, શુક્ર, શની, ગુરૂ, સમભાવ છે; અને રાહુ શત્રુ છે. મંગળ ગ્રહને ગુરૂ ચંદ્ર, રવી મિત્ર છે; શુક્ર, શની, સમ છે; અને બુધ શત્રુ છે. બુધ ગ્રહને ચંદ્રમા શત્રુ છે; મંગળ, ગુરૂ, શની સમભાવ છે; અને રવી શુક્ર મિત્ર છે. ગુરૂને

રવી, ચંદ્ર, મંગળ મિત્ર છે; શની સમ છે; બુધ, શુક્ર શત્રુ છે. શુક્રને બુધ, શની, મિત્ર છે; મંગળ, ગુરૂ સમ છે; અને રવી શત્રુ છે. શનીને શુક્ર, બુધ મિત્ર છે; ગુરૂ સમ છે; રવી, ચંદ્ર, મંગળ શત્રુ છે. રાહુને શુક્ર, બુધ, શની મિત્ર છે; ગુરૂ સમ છે; રવી, ચંદ્ર, મંગળ શત્રુ છે. એ ગ્રહોનો મૈત્રીભાવ કહ્યો.

હવે સ્વભાવ મૈત્રી સ્થાન કહે છે. પોતાના સ્થાનથી ૨, ૩, ૪, ૧૦, ૧૧, ૧૨ માં કોઈ પણ ગ્રહ રહેલો હોય તો તે સ્વભાવ મૈત્રી અને ૧, ૫, ૬, ૭, ૮, ૯ માં કોઇ ગ્રહ હોય તે શત્રુ કહેવાય છે. ॥ ૨૮-૩૦ ॥

गोचर ग्रह विचार.

स्वापयितुः शिष्यस्य च गोच शुद्धौ गुरौस्त्र चंद्र बले ।
स्थापन दीक्षे कार्ये जन्मेंदुग्रहात्यु साग्राह्या ॥३१॥
सूर्य षट् त्रिदश स्थित स्त्रि दश षट् सप्ताद्य गश्चंद्रमाः ।
जीवःसप्तनवद्विपंचमगतोवक्रार्कजौषट्त्रिगौसौम्यः ॥३२॥
षट्द्वि चतुदशाष्टम गतः सर्वेषुपांतेः शुक्र सप्तम ।
षट् दशर्क्षसहिताशाद्दंलवत्राश कृत् ॥३३॥
न सुत धर्मेषु रविर्मध्यः शुभदः शशीतुशतपक्षे ।
ग्राह्यं तारा बलमपि शशी निक्षीणे च विबलै च ॥३४॥
रवि शशि जीवैः शवलैः शुभदः स्याद्गोचरोद्व तदभावे ।
ग्राह्याष्टक वर्गशुद्धिर्जन्मविल ग्रहेभ्यस्त्र ॥३५॥
केंद्रायाष्टद्विनवखर्कः स्वादार्किभौमयौश्च शुभः । षट् शप्तान्येषु
१२ सितात् षडा ६ य ११ धी ५ धर्म ९ गोजीवात् ॥३६॥

ભાવાર્થઃ—ગોચર ગ્રહ એટલે પોતાની નામ રાશીથી જે ગ્રહ જે રાશીનો હોય ત્યાં સુધી ગણવો. તેમાં દીક્ષાના કામમાં જન્મ રાશીથી ગ્રહો ગણવા અને જન્મ રાશી જાણવામાં ન હોય તો નામ રાશીથી ગણવું. તેમાં ચંદ્ર બલ સારો જોવો. હવે ગોચર ગ્રહનું ફળ કહે છે. રવી ૬, ૩, ૧૦, ૧૧ મો હોય તો

ઉત્તમ ફળ આપે છે; ચંદ્રમા ૩, ૬, ૭, ૧૦, ૧૧, નં. ૧ લે હોય તો ઉત્તમ ફળ આપે છે; મંગળ, ૬, ૩, ૧૧ મે હોય તો ઉત્તમ ફળ આપે છે; બુધ ૬, ૨, ૪, ૧૦, ૮, ૧૧ મે હોય તો ઉત્તમ ફળ આપે છે; ગુરૂ ૭, ૯, ૨, ૫, ૧૧ મે હોય તો શુભ ફળ આપે છે; શુક્ર ૭, ૬, ૧૦, ૧૧ મે હોય તો ઉત્તમ ફળ આપે છે; અને શની ૩, ૬, ૧૧ મે હોય તો શુભ ફળ આપે છે. જે ગોચર ગ્રહ કહ્યા તેમાં રવી મધ્યમ હોય તો ચંદ્રબલ ગ્રહણુ કરવો. જો ચંદ્ર શુકલ પક્ષમાં સારો હોય તો ઉત્તમ ફળ આપે, નહીં તો તારા બલ જોઈને શુભ કાર્ય કરવું. તારા બલ ન મળે તો ગુરૂ બળવાન જોઇ કાર્ય કરવું, અને રવી, ચંદ્ર, ગુરૂ બળવાન ન હોય તો અષ્ટ વર્ગ સુધી જન્મ લગ્નથી જોઇને શુભ કાર્ય કરવું. ॥ ૩૧–૩૬ ॥

अष्ट वर्ग फळ विचार.

उपचय ३६१११० गोर्कः चंद्रा दुपचय नवम्यांत्यंधी सुताः ।
सौम्यात् लग्ना दुपचय बंधु ४ व्यय १२ स्थितः शोभनमोक्तः ॥३७॥
प्रस्थावादन्येषामपि शश्युपचयेषु लग्नात्साद्य मुनिः । स्यात् कुजाश
नवधीस्वः सूर्यात्सव्रजष्ट स्मरग स्त्रि षडायसुतेषु सूर्य सुतात् ॥३८॥
ज्ञावर्कैंद्र त्रिसुतायाष्टगो गुरोर्व्यय मृत्यु केंद्रेषु ।
त्रिचतुः सुत नवदश सप्तममायगश्चंद्रमाः शुक्रमात् ॥३९॥
भोमः स्वादायाष्टद्वि केंद्रेगस्त्र्याय षट् सुतेषु बुधात् ।
जीवाद्दशाय शत्रु व्ययेविना दुपचय सुतेषु ॥४०॥
उदय दुपचय तनषुत्रिषडायेष्विं दुतः शमोदशमः ।
भृगुजा दंत्य षडष्टायेथ सिता केंद्राय तव च सुषु ॥४१॥
सौम्यौ त्यषष्ट नवायात्मजे विनात्स्वातृत ।
मुदशयुतेषु सुदस स्मरेषु शौरारयौर्ययायरिषु वसुषुगुरु ॥४२॥
जीवो भोमादद्यारया ११ ष्ट ८ केंद्र गोऽर्कारु धर्म सहेषु ।
स्वात्स त्रिकेषु शुक्रान्नवद्वालीभश्च धीरि पुरुषु ॥४३॥

शशिनः स्मर त्रिकोणार्थ लोभग स्त्रिरिपुधिवयेषुयमात् ।
नवदिक् सुखाद्यधीश्वाय शत्रूषु ज्ञात्सकामगो लग्नात् ॥४४॥
शुक्रो लग्ना दासुन नवष्टि लाभेषु सत्ययश्चंद्रात् ।
स्वात्सदिकसिता त्रिसुखात्मजाष्ट दिग्धर्मलाभेषु ॥४५॥
वस्वंत्यायेघर्को भवदिग्लाभस्वधो स्थितो जीवात् ।
ज्ञात्रि सुत न वारिघायस्त्रता प्रोक्तमेषु कुजात् ॥४६॥
स्वात् शौरि स्त्रि सुतायारिगः कुजादंत्य कर्म सहितेषु ।
स्वाष्टाय केंद्र गोर्कात् शुक्रात्यष्टांत्य लाभेषु ॥४७॥
त्रिषडायगः शशाकदुदयात्समुखाद्य कर्मगोथ गुरोः ।
सुण षट् व्ययाय गोज्ञाक्यायायदिप रिपु नवाष्टस्थः ॥४८॥
स्थानेथेतेषुहियाः शेषेव्वहिता भवंतितेष्टानां ।
अशुभशुभ विशेषफलं ग्रहा प्रयच्छंतिवारगता ॥४९॥
यत्र रेस्वा शुभं तत्र बिंदुभिः पादशोभनं ।
समाने न समं विद्या दष्टवर्गेपि लक्षितं ॥५०॥
राहू केतु सदावक्रो शीघ्र गोचंद्र भास्करौ ।
वक्राति चारणंचापि ज्ञेयं भोमादि पंचकैः ॥५१॥
कष्टस्यादेक रेखायांद्वाभ्यामर्थक्षयो भवेत् ।
त्रिभि क्लेशं विजानियात् चतुर्भिः समतामताः ॥५२॥
पंचभित्न सौख्यं स्यात् षडभिरर्थगमो भवेत् ।
सप्तभिः परमानंदश्चाष्टभिः सर्व कामकाः ॥५३॥
अथच्च च वुरेख मध्यफलंहिने हीनंततोधिकं ।
श्रेष्टं विफलं गोचर गणितं त्वष्टकवर्गे विनिर्दिष्टं ॥५४॥
अथससर्वासामीलनेफलं शशसप्तादशभिस्त्राष्टादशभिर्द्व ।
न क्षयः प्रोक्त कुमतिर्वाधव पीडा भवेत्थैको न विंशत्या ॥५५॥
विशंतिभिर्व्ययकलहो हृदिदुषं भवतिचैकविशत्याद्वा ।
विंशतिभिर्दैन्या पराभवोह्मफल कर्मकता ॥५६॥

नूनं त्रिवर्ग्रहानिर्भवेन्नराणां अधिक विंशत्या द्रव्य ।
क्षयस्वकस्माद्रेषाभिश्चतुरधिकविंशत्या ॥५७॥
करत लगत मपितु धनं नश्यतिनृणांतुपंच विंशत्या ।
षट् विंशत्या क्लेशासमतास्यात्सप्त विंशत्या ॥५८॥
अष्टाधिक विंशत्याद्रव्या गमनं तथा सुखं भवति ।
एको न विंशति भिलेकिषु नर स्त्रुज्यतामेति ॥५९॥
मानं सुकृता व्याप्ति स्त्रि सत्यानास्तिकोपि संदेहः ।
द्रव्य सुकृतं सौख्यं नृणामेकाधिकाभिरिमकाभिः ॥६०॥
रेखाधिक्यं शस्तं सून्याधिक्यं तथा धर्मं कथितं ।
एतत्सयोगस्युः षट् पंचाशमथै निशास्त्रमतां ॥६१॥

ભાવાર્થ:—એક રેખા ઉપર સૌમ્ય ગ્રહ તથા પાપ ગ્રહ હોય તો ધનની હાની કરે, ત્રણ ગ્રહો એક રેખા ઉપર હોય તો ક્લેશની પ્રાપ્તિ કરે, તે ગ્રહની ચાર રેખા હોય તો સમતા ફળ આપે, પાંચ રેખા હોય તો સુખ આપે, છ રેખા હોય તો ધન પ્રાપ્તિ કરે, સાત રેખા હોય તો પરમ આનંદ આપે, અને આઠ રેખા હોય તો સર્વ કામ સિદ્ધ કરે. જે ગ્રહની રેખા ત્રણ સુધી હોય તે હીન જાણવી અને અધીક હોય તે શુભ ફળ આપવા-વાળી છે. એ પ્રકારનું ફળ અષ્ટ વર્ગમાં જોવાથી જણાશે. ઉપરની સર્વ રેખાનો મેળાપ કરવાથી જો ૭, ૧૦, ૮ સંખ્યા આવે તો ધનનો ક્ષય કરે; ૧૯ આવે તો ખોટી બુદ્ધિ કરે, બાંધવમાં પીડા કરે; ૨૧ હોય તો ક્લેશ કરાવે; ૨૨ હોય તો દીનતા, ફળની નાસ્તિ કરાવે; ૨૩ હોય તો દ્રવ્યનો નાશ કરાવે; ચોવીસ હોય તો દુશ્મનાઈ કરાવે; ૨૫ હોય તો હાથમાં આવેલ પિતાના ધનનો નાશ કરાવે; ૨૭ હોય તો સમતા ફળ આપે, ૨૮ હોય તો ધનની પ્રાપ્તિ કરે, ૨૯ હોય તો મંદવાડ કરાવે; ૩૧ હોય તો શુભ કામમાં ખર્ચ કરાવે, મનુષ્યમાં અધિકપણું પામે. શૂન્ય રેખા કરતાં અધિક રેખા હોય તો તેનું ફળ સારૂં

છે. રેખા કરતાં શૂન્ય અધિક હોય તો માઠું ફળ સમજવું. (આ રેખા વિષયમાં ગ્રંથકર્તાએ એવી બારીકતા દેખાડી છે કે જેથી વાંચનાર અકળાયા વિના રહે નહિ પણ તેનો કાંઇક સારાંશ દેખાડેલ છે. વિશેષ વિદ્વાનને પુછીને વાકેફ થવું). ॥ ૩૭-૬૧ ॥

સૂર્યાષ્ટક યંત્ર

<table>
<tr><td>૧૦ | | | | |
૦૦૦</td><td>૯ | | | |
૦૦૦૦</td><td>| | | ૮ શ.
૦૦૦૦૦</td></tr>
<tr><td>૧૧
૦૦ | | | | | |</td><td></td><td>| | | ૭
૦૦૦૦૦</td></tr>
<tr><td>શુ. રા. ૧૨
| | | | ૦૦૦૦</td><td></td><td>૬ | | | |
૦૦૦૦</td></tr>
<tr><td>૧ બુ.
૪ ૦૦૦૦૦
| |</td><td>૩ | | | | |
૦૦૦</td><td>૫ ગુ. ચં.
| | |
૦૦૦૦૦</td></tr>
<tr><td>૨
૨ | | | |
૦૦૦૦</td><td></td><td>૪ મં.
| |
૦૦૦૦૦૦</td></tr>
</table>

ચંદ્રાષ્ટક યંત્ર

<table>
<tr><td>૧૦ | | | |
૦૦૦૦</td><td>૯ | | |
૦૦૦૦૦</td><td>૮ શ. ૦૦૦૦૦૦
| |</td></tr>
<tr><td>૧૧ ૦૦૦
| | | |</td><td></td><td>| | | ૭
૦૦૦૦૦૦</td></tr>
<tr><td>૧૨. શુ. રા.
૦૦૦૦ | | | |</td><td></td><td>૬ | | | |
૦૦૦૦૦</td></tr>
<tr><td>૧ બુ. | | |
૦૦૦૦૦</td><td>૦ ૦૦૦
૩ | | |</td><td>૫ ગુ. ચં.
૧ ૦૦૦૦૦</td></tr>
<tr><td>૨
૨ | | |
૦૦૦</td><td></td><td>૪ | | | | |
મં. ૦૦૦૪.</td></tr>
</table>

शुभ कार्यमां वर्जवा योग्य समय विचार.

रवि क्षेत्रगते जीवे जीव क्षेत्रगतैरवौदीक्षा ।
मुच्छापनं चापि प्रतिष्टांनैव कारयेत् ॥ ६२ ॥
सिंहस्ते देव गुरौ च कन्या विवाहिता पंच करोति भर्त्ता ।
विवादक्षौरं व्रतबंध दीक्षा यात्रा प्रतिष्टा च वर्जनीया ॥ ६३ ॥
शोक विवाहे मरणं व्रतेषु क्षौरे दलिद्रंनिफला च यात्रा ।
व्रती च मूर्खाप्य शुभाप्रतिष्टासिंहस्थेति सर्ववर्जनीया ॥ ६४ ॥

ભાવાર્થ:—જે માસમાં રવીની રાશીપર ગુરૂ હોય એટલે સિંહ રાશીનો ગુરૂ હોય અને ગુરૂ રાશી પર રવી હોય એટલે ધન તથા મીનના સૂર્ય હોય તે મલમાસ કહેવાય. તેમાં શુભ કાર્યોનો ત્યાગ કરવો. તે સમયમાં દીક્ષા ન દેવી અને ઘરની વાસ્તુ પણ ન કરવી. જો સિંહ રાશીનો ગુરૂ હોય અને તેમાં લગ્ન કરે તો તેના સ્વામીનો નાશ થાય. તેમાં પ્રથમ મુંડન, ઉપવીત સંસ્કાર, દીક્ષા, વાસ્તુ, દેવની પ્રતિષ્ટા; એ કાર્ય ન કરવાં. જો સિંહ રાશીના ગુરૂમાં લગ્ન કરે તો સ્વામીનો નાશ થાય. પ્રથમ મુંડન કરવાથી દરિદ્રી થાય, યાત્રા ગમન નિષ્ફળ થાય. ઉપવીત સંસ્કાર કરવાથી તે બાળક મૂર્ખ રહે, દીક્ષા દે તો અજ્ઞાન રહે અને પ્રતિષ્ઠા કરે તો વિઘ્ન થાય. તે કારણથી સિંહ રાશીનો ગુરૂ શુભ કામમાં ત્યાગ કરવો. પણ મેષ રાશીનો સૂર્ય થાય ત્યારે ઉપર કહેલાં શુભ કાર્યો કરવાથી સિંહ તથા ગુરૂનો દોષ લાગુ પડતો નથી. ॥ ૬૨–૬૪ ॥

ગૃહ વાસ્તુ, દેવ પ્રતિષ્ટા અને દિક્ષા મુહૂર્ત્ત.

हरि शयने अधिक मासे गुरु शुक्रास्ते न लग्न मन्वेष्यं ।
लग्नेशांशापयोनिचास्तगते च न शुभं स्यात् ॥ ६५ ॥
कुलिकार्द्धयाम भद्रा गंडांतो त्यात मुख्य दोष ।

युतंत्याज्यं सदादिनं च कुजवारोपि पुनःप्रतिष्ठायां ॥ ६६ ॥
त्र्येक द्वितीय पंचम दिनां निपक्षद्वयेपिशस्तानि ।
शुक्ले तिम त्रयोदश दशमांन्यपि प्रतिष्ठायां ॥ ६७ ॥
पक्षद्वितिएतुर्याष्ट षष्ट द्वादशांत्य नवम दिनाः ।
त्याज्याश्चतुर्दशापि च दीक्षायामुत्तमास्त्वन्ये ॥ ६८ ॥

ભાવાર્થ:—ગૃહ વાસ્તુ, પ્રતિષ્ટા મુહૂર્તમાં દેવ શયન હોય (અશાડ શુદી ૧૧ થી કારતક સુદી ૧૧ સુધી) અથવા કર્ક સંક્રાંતીથી તુલા સંક્રાંતી પર્યંત (અશાડ શુદી ૧૪ થી કારતક શુદી ૧૪ સુધી) દેવ શયન કહેવાય છે. તેમાં ઉપર કહેલ શુભ કાર્ય ન કરવું, અને અધિક માસ તથા ગુરૂ, શુક્રનો અસ્ત ત્યાગ કરવો. લગ્ન શુદ્ધિ જોવામાં લગ્ન તથા નવમાંશનો પતિ નીચ રાશીનો અથવા અસ્તનેઃ હોય તો તે લગ્ન ત્યાગ કરવું. હવે માસ શુદ્ધિ વિષે કહે છે. કુલીકયોગ, અર્ધ પ્રહર, ભદ્રા, ગંડાત યોગ, ત્રણ પ્રકારનો પાત તથા ઉત્પાત એટલે જે નક્ષત્ર ઉપર ગ્રહનો ગ્રહણાદિક ઉત્પાત હોય તે નક્ષત્ર વર્જ્ય કરવાં, અને મંગળવાર વર્જ કરીને સારો વાર ગ્રહણ કરવો. હવે તીથી પ્રકાર કહે છે. ૩, ૧, ૨, ૫ એ તીથીઓ બન્ને પક્ષની સારી જાણવી. શુકલ પક્ષની તેરશ તથા દશમ લેવી અને બન્ને પક્ષની ૪, ૮, ૬, ૧૨, ૧૫, ૯, ૧૪ એ તીથીઓ શુભ કાર્યમાં તથા દિક્ષામાં ત્યાગ કરવી. વિશેષ યંત્રમાં જોવાથી માલુમ પડશે. ॥ ૬૫–૬૮ ॥

ઉભય પક્ષ શુભાશુભ તીથી યંત્ર.

૩	૧	૨	૫	૧૩	૧૦	૦	કૃષ્ણપક્ષે શુકલપક્ષે શુભ
૪	૮	૬	૧૨	૧૫	૯	૧૪	ઉભય પક્ષમાં અશુભ

गुरु शुक्रना उदय अस्तनो विचार.

पूर्वाश्यां उपनो शुक्रो बाल्य भावादि न त्रयं त्याज्याः। पश्चिमायां च दशदिवशस्त्याज्याः ॥ पूर्वश्यामस्त्यभिलाषी शुवर्द्धिकभाचात्यक्ष परित्याज्यः। पश्चिमायां च दिन पंचक त्याज्याः ॥ गुरु पुनरुदयेस्तमने च पूर्व पश्चिमेः पक्षंत्याज्याः। आन्ये पुनरुदयास्तमने च पुरः प्रतीच्यौरपि ॥ गुरु शुक्रो दिन सप्तकं त्यजंति प्रस्तावात् स्वोपज्ञं शुक्रः। प्राच्यांद्वयपैसरयमनि शूक्रस्यास्तमनं दिवसभुक्तिः ॥ संख्या १ पक्ष च पंचदिवसान् भृगुजः। प्रवृद्ध स्त्रीन् बालकस्तदश चापिपुरः ॥ प्रतीच्योः सर्वत्र सूरि रुदयेऽस्तमने च पक्ष। प्रनैस्त्विमौ दिवस सप्तक मेव वर्ज्यौ ॥ ६९ ॥

ग्रहणस्य दिनं तदादिमंदिनंमागामि दिनानि सप्त च।
त्यज संक्र मवासुरं पुनः सह पूर्वेण च पश्चिमेन च ॥ ७० ॥

ભાવાર્થ—પૂર્વ દીશામાં શુક્ર ઉદય થાય ત્યાર પછી બાલ્યભાવના ત્રણ દિવસ ત્યાગ કરવા, પશ્ચિમમાં ઉદય થાય તો દશ દિવસ ત્યાગ કરવા, પૂર્વ દિશામાં અસ્ત થાય તો વૃદ્ધપણાના અસ્ત થતાં પહેલાં ૩ દિવસ ત્યાગ કરવા, પશ્ચિમદિશામાં અસ્ત થાય ત્યારે ૫ દિવસ અસ્ત પહેલાં ત્યાગ કરવા અને ગુરૂ ઉદય તથા અસ્તમાં પૂર્વ પશ્ચિમ દિશામાં ૧૫ દિવસ ત્યાગ કરવા. એટલે ૭ દિવસ ઉદયના ને ૭ દિવસ અસ્તના. કેટલાક આચાર્યનો એવો પણ મત છે, કે પૂર્વ, પશ્ચિમ ગુરૂ, શુક્ર અસ્ત ઉદયમાં સાત સાત દિવસ ત્યાગ કરવા. એટલે ૩ દિવસ ઉદય અસ્ત થતાં પહેલાં, એક દિવસ ઉદય અસ્ત થાય તે, ને ૩ દિવસ ઉદય અસ્ત થયા પછી; કુલ સાત દિવસ વર્જવા. ગ્રહણ (ચંદ્ર, સૂર્ય) ના ૭ દિવસ પૂર્વોકત રીતે વર્જવા. ॥ ૬૯–૭૦ ॥

दीक्षा नक्षत्र विचार.

दीक्षायां स्थापनायां चशस्तं मूलं पूनर्वसुः।
स्वातिर्मैत्रंकरः श्रोत्रं पोश्नं ब्राह्मूत्तरात्रायं ॥ ७१ ॥

प्रतिष्ठायां धनिष्टा च पुष्यः सौम्यं मघा अपि दिक्षाया ।
शस्यते सद्भिरश्विनी वारुणं तथा ॥ ७२ ॥

जन्मर्क्षे दशमे चैव षोडसेष्टादशे तथा ।
पंचविंशे त्रयोविंशे प्रतिष्टांनैव कारयेत् ॥ ७३ ॥

ग्रहणस्थ ग्रहै भिन्नं मुदितस्तमित ग्रहं क्रूरा ।
मुक्ताग्रगाक्रांतं नक्षत्रं परिवर्जयेत् ॥ ७४ ॥

ભાવાર્થ—મૂલ, પુનર્વસુ, સ્વાતિ, અનુરાધા, હસ્ત, શ્રવણ, રેવતી, રોહિણી, ત્રણ ઉત્તરા, મૃગશર, મઘા, પુષ્ય, અશ્વિની, સતભિશા એ નક્ષત્ર દિક્ષા, પ્રતિષ્ટામાં ગ્રહણ કરવાં. વળી પોતાના જન્મ નક્ષત્રથી ૧૦ મું, ૧૬ મું, ૧૮ મું, ૨૩ મું, ૨૫ મું, એ નક્ષત્ર પ્રતિષ્ટામાં ત્યાગ કરવાં, અને ગ્રહણના દિવસનું નક્ષત્ર શુક્ર, ગુરૂ અસ્તના દિવસનું નક્ષત્ર, અને જે નક્ષત્રપર ઉત્પાત ભિન્ન ક્રુર ગ્રહ હોય તે નક્ષત્ર વર્જ કરવું.

वेध, लत्तापात, एकार्गल विचार.

वेधै कार्गल लत्तापातोप ग्रह युतं च भंत्याज्यं ।
वेधै कार्गल दोषो पादांतरितौ न दोष करौ ॥ ७५ ॥

सप्तोर्द्ध सप्ततिर्यग रेखा कायास्तदग्रतः ।
पूर्वादौ कृतिकादीनि सप्त २ चतुर्दिशं ॥ ७६ ॥

एव मिष्ट भरेस्वायां ग्रहो यदि तदा व्यधः ।
ग्रह राहू हते शुद्धिश्चंद्र मुक्तार्द्ध वर्षयोः ॥ ७७ ॥

पढमो चउथपायं विधइत्वीयो अतइ अपायं च ।
तईउंय वीयपायं चउच्छ पढगपायं च ॥ ७८ ॥

उत्तोत्तरासौम्यमभीचि रोहिणी पुनर्वसुर्मघुफा च पोश्वा ।
भकरोत्तराभद्रपदे मघायमेऽनुराधसार्प्पीशतभेनिलपुनः ॥७९॥


त्यज्येदमूः क्रूर निवास दूषितं विवाहकाले ।
वहु दुःखदायकं पद प्रतिष्टा समयेपि ॥
निंदित कराग्र पादांतरितंतुसस्यात् ॥ ८० ॥

रवि वेधे च वैधव्यं कुज वेधे कुल क्षयं ।
बुद्ध वेधे भवद्वंध्या प्रवज्यां गुरु वेधतः ॥ ८१ ॥


अपुत्रा शुक्र वेधे न शौरे दाशी च दुखिता ।
राहु वेधे भवेद्वेश्या केतो स्वच्छंदचारीणी ॥ ८२ ॥

ભાવાર્થ—સૌમ્ય ગ્રહ ને પાપ ગ્રહનો વેધ હોય તો એકર્ગલ તથા લત્તાપાત દોષ વર્જ્ય કરીને શુદ્ધ લગ્ન જોવું. એ દોષ જોવા માટે સપ્તશલાકા ચક્ર કરવું. તે સપ્તશલાકા ચક્ર બનાવવાની રીત એવી છે, કે સાત રેખા ઉભી અને સાત રેખા આડી કરીને પૂર્વ દિશામાં કૃતિકાને આદ્ય લઈને ચાર દિશામાં નક્ષત્ર મૂકવાં, અને જે દિવસનું લગ્ન જોવું હોય તે દિવસનું નક્ષત્રનું ચિન્હ જુદું કરવું, ને તે દિવસે જે જે નક્ષત્રપર જે જે ગ્રહ હોય તે તે પોતપોતાના નક્ષત્રપર મૂકવા. જો ચંદ્રમા તથા રાહુ એક લીંટીપર આવે તો વેધ સમજવો. એવી રીતે સૌમ્ય ને પાપ ગ્રહ એક લીંટીમાં હોય તો વેધ સમજવો. વળી વિશેષ ખુલાસાથી કહે છે. રોહિણી તથા અભિજીતનો વેધ, પુનર્વસુ ને મુલનો વેધ, ઉત્તરા ફાલ્ગુણી ને રેવતીનો વેધ, અને હસ્ત ને ઉત્તરાભાદ્રપદનો વેધ સમજવો. પાપ ગ્રહ ને સૌમ્ય ગ્રહનો વેધ હોય તો દુઃખ પામ કરે, રવીનો વેધ કન્યાને વિધવા કરે, મંગળનો વેધ હોય તો કુળનો ક્ષય કરે, બુધનો વેધ હોય તો સ્ત્રી વંધ્યા થાય, ગુરૂના વેધથી સંતાનનો નાશ થાય, શુક્રના વેધથી સ્ત્રી પુત્રરહિત થાય, શનિશ્ચરના વેધથી સ્ત્રીને દુઃખ થાય, રાહુના વેધથી વેશ્યાપણું થાય, અને કેતુના વેધથી સ્વછંદાચારી થાય. ॥ ૭૫–૮૨ ॥

સપ્તશલાકા યાને વેધયંત્ર



એકાર્ગલ યંત્ર.



एकार्गल यंत्र विचार.

त्रयोदश तिरो रेषा एकोर्द्ध मस्तके ततः ।
न्यस्ते योगोक्त नक्षत्रे भवेदेकार्गलंस्तदा ॥ ८३ ॥
शूले मूर्द्धनि मृगो मघा च परिघे चित्रा तथा वैधृतौ ।
व्याघाते च पुनर्वसुर्निगदितः पुष्यश्च वज्रे स्मृतः ॥
गंडे मूल मघाश्विनी प्रथमके मैत्रो तिगंडे तथा ।
सर्प्पिश्च व्यतिपात इंदुतपनावेकार्गलस्थो यदा ॥ ८४ ॥

ભાવાર્થઃ—તેર રેખા આડી ને એક રેખા ઉભી કાઢવાથી ઉપર પ્રમાણે એકાર્ગલ યંત્ર થાય છે. લગ્નને દીવસે જો શૂલ યોગ હોય તો માથે મૃગશર નક્ષત્ર મુકીને બધાં નક્ષત્ર ગોઠવવાં, ને પરીઘ યોગ હોય તો મઘા નક્ષત્ર માથે ગોઠવવું. વૈધૃત યોગ હોય તો ચિત્રા નક્ષત્ર, વ્યાઘાત યોગ હોય તો પુનર્વસુ નક્ષત્ર, વ્રજ યોગ હોય તો પુષ્ય નક્ષત્ર, ગંડ યોગ હોય તો મૂલ નક્ષત્ર, અને અતીગંડ યોગ હોય તો અશ્લેષા નક્ષત્ર મસ્તક ઉપર ગોઠવવાં. સૌમ્ય ને પાપ ગ્રહ એક લીટીપર આવે તો એકાર્ગલ સમજવો. ॥ ૮૩–૮૪ ॥

लत्ता दोष विचार.

सूर्याष्ट त्रित्रिविंशर्तुपंच विंशाष्ट संष्याभे ।
सूर्यादीनां क्रमाल्लतैक विशतम सोग्रतः ॥ ८५ ॥
करोति यत्र नक्षत्रे राकातं रजनी करत ।
तश्चाष्टम नक्षत्रं सपरोहंति लत्तया ॥ ८६ ॥
अग्रते नवमे राहोः सप्त विंशे भृगो शुभे ।
केचिज्योतिर्विदः प्राहुलतातामपि वर्जयेत् ॥ ८७ ॥
रवि लत्तावित्त हरी नित्यं कौजी समादिशति ।
मरणंचांद्रीत्रासंकुर्याद्बौधी मृत्यु करोत्येवं ॥ ८८ ॥
शौरी मरणं कथति बंधु विनाशं बृहस्पतिर्लता ।
मरणं राहोर्लत्ता कार्यं विनाशं भृग वदति ॥ ८९ ॥

ભાવાર્થ:—લગ્નના દિવસના નક્ષત્રથી સૂર્ય ૧૨ માં નક્ષત્ર પર હોય, ચંદ્રમા ૮ માં નક્ષત્ર પર હોય, મંગળ ૩ જા નક્ષત્ર પર હોય, બુધ ૨૩ મા નક્ષત્ર પર હોય, ગુરૂ ૬ ઠ્ઠા નક્ષત્ર પર હોય, શુક્ર ૨૫ મા નક્ષત્ર પર હોય, શની ૮ મા નક્ષત્ર પર હોય, અને રાહુ ૨૧ મા નક્ષત્ર પર હોય તો લત્તા દોષ જાણવો. વળી કેટલાક આચાર્યો કહે છે કે, શુક્ર ૨૭ મા નક્ષત્ર પર હોય ને રાહુ ૯ મા નક્ષત્ર પર હોય તો લત્તા દોષ સમજવો. હવે તે દોષનું ફળ કહે છે. રવીની લત્તાથી ધનને હાની થાય, મંગળની લત્તાથી મૃત્યુ થાય, બુધની લત્તાથી ત્રાસ થાય, ગુરૂની લત્તાથી બંધુનો નાશ થાય, શનિશ્ચરની લત્તાથી મૃત્યુ થાય, રાહુની લત્તાથી મૃત્યુ થાય, અને શુક્રની લત્તાથી કાર્યનો વિનાશ થાય. ॥૮૫-૮૯॥

पात दोष विचार.

सार्प्पि पितृ देव चित्रा मैत्र श्रुति पौष्णभानि सूर्याक्षात् ।
यत्सरव्यन्यश्चन्यास्तत्संरव्याक्षे भवेत्पातः ॥९०॥
साध्यहर्षण शूलानां वैधृती व्यतिपातयो ।
यद्भगंडस्य चातेस्यात्तत्पातेन निपातितं ॥९१॥
पातेन पतितो ब्रह्मा पातेन पतितो हरिः ।
पातेन पतितः शंभूः पातः त्रीलोक्यपातक ॥९२॥

ભાવાર્થ:—સૂર્યના નક્ષત્રથી ગણવું, અને અશ્લેષા, મઘા, ચિત્રા, અનુરાધા, શ્રવણ, રેવતી, એ નક્ષત્ર આવે ત્યાં નિશાની રાખવી; ને તે લગ્ન દિવસના નક્ષત્રથી ગણતાં ઉપર કહેલાં નિશાનીવાળા કોઇ પણ નક્ષત્ર આવે તેને પાત દોષ કહે છે માટે તે વર્જવા. તેમજ સાધ્ય યોગ, હર્ષણ યોગ, શુલ યોગ, વૈધૃત, વ્યતિપાત, નક્ષત્ર ગંડાંત, એ પણ યોગ પાતની માફક શુભ કાર્યમાં વર્જવાં. ઉપર કહેલા પાત દોષથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર સરીખાં પણ પતિત થાય છે! માટે તે પાત દોષ સર્વથા ત્યાગ કરવો. ॥ ૯૦-૯૨ ॥

उपग्रह विचार.

विद्युत्मुख शूला शनिके उल्का वज्रकंपनिर्घाताः ।
ङ ५ ज ८ ढ १४ द १८ ध १९ फ २२ ब २३ भ २४
संख्ये रवि पुरत उपग्रहाधिष्णे ॥९३॥
विद्युत्पुत्र विनाशनिगदतिभच्छेबंधझटति शूलः ।
दशम दिनेऽशनिपातं पत्युर्घातं सदेवरं केतुः ॥९४॥
द्रव्य विनाशं चोल्का परपुरुष रता करोति वज्राख्या ।
कंपाश्यान्निधिनाशं कुल संहारं च निधर्म्म्यति ॥९५॥

ભાવાર્થઃ—સૂર્યના નક્ષત્રથી ગણતાં લગ્ન દિવસનું નક્ષત્ર જો ૫ મું, ૮ મું, ૧૪ મું, ૧૮ મું, ૧૯ મું, ૨૨ મું, ૨૩ મું, ૨૪ મું, એ સંખ્યાનું હોય તો તેને ઉપગ્રહ કહે છે. ઉપર કહેલા નક્ષત્રમાંથી ૫ મું નક્ષત્ર હોય તો તેને વિદ્યુત નામનો ઉપગ્રહ કહે છે; તેમાં લગ્ન કરવાથી પુત્રનો નાશ થાય. ૮ મા નક્ષત્રને શુલ ઉપગ્રહ કહે છે; તેમાં લગ્ન કરવાથી બંધન થાય છે. ૧૪ મા નક્ષત્રનો અશની નામનો ઉપગ્રહ હોય છે; તેમાં લગ્ન કરે તો પતિનો ઘાત થાય. ૧૮ મું નક્ષત્ર હોય તેને કેતુ ઉપગ્રહ કહે છે. તેમાં લગ્ન કરે તો દીયરનો નાશ થાય. ૧૯ મા નક્ષત્રને ઉલ્કા ઉપગ્રહ કહે છે; તેમાં લગ્ન કરવાથી દ્રવ્યનો નાશ થાય. ૨૨ મા નક્ષત્રને વજ ઉપગ્રહ કહે છે; તેમાં લગ્ન કરે તો નિધિનો નાશ કરે. ૨૩ મા નક્ષત્રને કમ્પ ઉપગ્રહ કહે છે; તેમાં લગ્ન કરવાથી કમ્પાયમાન કરે. અને ૨૪ મું નિર્ઘાત ઉપગ્રહ હોય તો સંહાર કરે. ॥ ૯૩-૯૫ ॥

क्रांति सांम्य विचार.

रविं दुभुक्त राशीनां योगे षट् द्वादशाद्भवा यदिस्युः ।
स्यात्तदाहेयः क्रांति सांम्यस्य संभवः ॥९६॥
मीन कन्नह मेसःसिंहस्स वृष मकरह धणु मिहुण ।
हक्कहवीछीवेउतुलकुंभहससिस्वरहकुंतहसांमिगणेउ ॥९७॥

षड्गाहतोग्निनादग्धोनागदष्टोपिजीवितिक्रांतिसांम्ये ।
क्रुतोद्वाहौ न जीवति मांनव क्रांति सांम्यः ॥९८॥

ભાવાર્થઃ—રવી અને ચંદ્રની ભોગવેલી રાશી ઉપર રવી ચંદ્રને ક્રાંતીસામ્ય યંત્રમાં મુકવાથી અને એક રેખા પર રવી ચંદ્ર આવવાથી ક્રાંતીસાંમ્યનો સંભવ થાય છે. મીન તથા કન્યાને, મેષ તથા સિંહને, વરખ તથા મકરને, તુલા તથા કુંભને, વૃશ્ચિક તથા કરકને, અને મિથુન તથા ધનને એવી રીતે ક્રાંતી સાંમ્ય થાય છે. તે ક્રાંતી સામ્ય દોષ એવો છે કે, કોઈ અગ્નિમાં પડયો હોય તો બચે, અને સર્પ કરડયો હોય તો ઝેર ઉતરે; પણ ક્રાંતી સાંમ્યમાં પરણેલો માણુસ જીવે નહીં. ॥ ९६–९८ ॥

प्रतिष्टा मुहूर्त्त लग्न विचार.

द्विश्वभाव प्रतिष्टा सुस्थिरं वा लग्न मुत्तमं ।
तदा भावे चरे ग्राह्यं तदामगुण भुषितं ॥९९॥
मिथुन धन राद्य भाग प्रमदाशाःशुभाःस्यु प्रतिष्टायं ।
मीन तुला धर केशरि नवांशका मध्यमा ज्ञेया ॥१००॥

ભાવાર્થઃ—ઘરની વાસ્તુ તથા પ્રતિષ્ઠાના મુહુરતમાં દ્વી સ્વભાવ લગ્ન (મીથુન, કન્યા, મીન.) ને સ્થિર લગ્ન (વરખ, સીંહ, વૃશ્ચિક, કુંભ) એને ગ્રહ કરવાં. તે બે લગ્ન સારાં ન આવતાં હોય તો બહુ ગુણયુકત ચર લગ્ન પણ ગ્રહણ કરવું. મિથુન તથા ધન લગ્નનો અરધો ભાગ પહેલો શુભ છે, અને મીન, તુલા તથા સીંહનો મધ્ય ભાગ શ્રેષ્ટ છે. ॥ ९९–१०० ॥

नवमांशक फल विचार.

इदानीमंशक फलं मेषांशे स्थपितं बिंबं वह्नि दाह ।
भयावहं वृषांशे मृतये कर्त्ता स्थापकश्च दिन त्रये ॥१॥
मिथुनांश शुभो नित्यं भोगदः सर्व सिद्धिदः ।
कुमारंतु हरेत्कर्कः कुलनाश मृतु त्रये ॥२॥

विनश्यति ततो देव षड्भिरब्दै न संशयः ।
सिंह्मसे सोक संतापः कर्तृ स्थापक शिल्पिनां ॥३॥
संजायते पुनः ख्यातो लोकैर्वादैवदेवहि भोगः ।
सदैव कन्यां सदेव देवश्य जायते ॥४॥
नैवधान्ययुतः कर्त्ता नंदते सुचिरं भुवि ।
उच्चाटन् भवेत्कर्तुबंधश्चेव भवेत्सदाः ॥५॥
स्थापकस्य भवेत रस्युस्तुलां शेवच्छरद्वये ।
वृश्चिकेपि महाकोपं राज पीडा समुद्भवं ॥६॥
अग्निदाहं महाघोरं दिनत्रये विनिर्दिशेत् ।
धन्वंशे धन वृद्धिः स्यात् सुभोगं प्रतिमाप्नुयात् ॥७॥
प्रतिष्टापक कर्त्तारोनदत्तः सुचिरं भुवि ।
मकरांशे महां मृत्युकर्त्ता स्थापक शिल्पिनां ॥८॥
वज्राद्धि नश्यते देव त्रि भिरब्दैर्न शंशयः ।
कुभांसेसिद्यते देवौ जळपाते न वच्छरात् ॥९॥
जलोदरेणकर्त्ता च त्रिभिरब्दै न शंशयः ।
मीनांशे पूज्यते देवो शक्राद्यैः ससुरासुरैः ॥१०॥
मनुजैश्च सदा पूज्यो विनाकारापकेन च ।
प्रतिष्टामंशकफलं विख्यातं शास्त्र बुद्धिनां ॥११॥

ભાવાર્થઃ—મેશના નવમાંશકમાં જો પ્રતિષ્ટા કરે અથવા દેવ મૂર્તિ સ્થાપન કરે તો અગ્નિનો ભય થાય; જો વરખના નવમાંશકમાં સ્થાપન કરે તો ૩ દિવસમાં પ્રતિષ્ટા કરવાવાળાનું મૃત્યુ થાય. મિથુનના નવમાંશકમાં સ્થાપના કરવાથી શુભ ફળ આપે છે અને સંપૂર્ણ સુખની પ્રાપ્તિ થાય છે. કર્કના નવમાંશકમાં સ્થાપના કરે તો કરનારના કુળનો ૬ માસમાં નાશ થાય. સિંહના નવમાંશકમાં સ્થાપન કરે તો ૬ વરસમાં વિઘ્ન થાય, અને શોક સંતાપ થાય. કન્યાના નવમાંશકમાં સ્થાપન કરે તો સંસારમાં

પ્રખ્યાતીપણું પામે, ભોગ સુખની પ્રાપ્તિ થાય; ને તે દેવની ઘણા લોક પૂજા કરે. તુલાના નવમાંશકમાં સ્થાપન કરે તો તે પુરૂષને દરિદ્રાવસ્થા પ્રાપ્ત થાય. વૃશ્ચિકના નવમાંશકમાં જો સ્થાપન કરે તો રાજાનો કોપ થાય, પીડા થાય, અને અગ્નિનો પણ ભય થાય. ધનના નવમાંશકમાં સ્થાપન કરવાથી ધનની વૃદ્ધિ થાય, ભોગ વૃદ્ધિ થાય, અને ઘણા વર્ષ સુધી સુખ ભોગવે. મકરના નવમાંશકમાં સ્થાપન કરવાથી તુરત મૃત્યુ થાય તથા દેવ પ્રતિમા ઊપર ૩ વરસમાં વજ્રપાત થાય. કુંભના નવમાંશકમાં સ્થાપન કરવાથી ૧૨ મહિનામાં જલપાત થાય અથવા કરનારને જલંધર થાય. મીનના નવમાંશકમાં સ્થાપન કરે તો તે પ્રતિમાની ઇંદ્રાદિક દેવતા પુજા કરે, અને મૃત્યુલોકમાં પણ સારી પુજા થાય. વળી બુદ્ધિમાન આચાર્યો કહે છે કે શુદ્ધ નવમાંશકમાં શુભ કામ કરવું તેથી શ્રેષ્ઠ ફળ થાય છે. ॥ १-११ ॥

लग्न ग्रह बल विचार.

वृश्चिक मिथुन धनुर्द्धर कुंभेषु शुभा यदि क्षण भवति ।
पंचम केतु नवांशे वृषा जयोर्नान्य राशीनां ॥१२॥
लग्नेंदोरस्तगः क्रूरो दुखस्थाव स्थितः रासी ।
वर्गोत्तमं विनाचांत्यो नवांशोपि न गृह्यते ॥१३॥
दीप्तः स्वस्थो मुदितः शांत शक्त प्रपीडितो दीनः ।
विकलखलश्च कथितो नव प्रकारो ग्रहो हरिणा ॥१४॥
स्वोच्चै भवतिहि दीप्तःस्वस्थःस्वगृहे सुहृद्गृहे मुदिताः ।
शांतः शुभ वर्गस्थः शक्तः स्फूट किरण जालश्च ॥१५॥
विकलो रवि लुप्तकरो ग्रहाभि भूतः प्रपीडितोज्ञेय ।
पाप गणस्थ च खलोदीनोनिचः समाख्यातः ॥१६॥
न जन्मराशौ नो जन्मराशि लग्नांतिमाष्टमे ।
न लग्नं साधिपे लग्नं षष्टाष्टमे गते विदुः ॥१७॥

जन्मराशि विलग्नाभ्यां रंध्रेशौरंध्र संस्थितौ ।
त्याज्यौ क्रूरांतरस्थौ च लग्न पीयूषरोचिषौ ॥१८॥
सति दर्शनेयदिश्यादंश द्वादशक मध्यगक्रूरः ।
इंदो लग्नस्य तथा न शुभो राहुस्तु सप्तमगः ॥१९॥
त्रयः सौम्य ग्रहा यत्र लग्नेस्युर्बलत्तराः
बलवत्तदपिक्षेयं शेषहीन बलै रपि ॥२०॥

ભાવાર્થઃ—વૃશ્ચિક, મિથુન, ધન, કુંભ, એ રાશીનો ચંદ્રમા શુભ કાર્યમાં શ્રેષ્ઠ કહેવાય છે; કેતુ પાંચમા ભવનમાં નવમાંશમાં શુભ કહેવાય છે; અને વરખ તથા મેષ લગ્નનો ચંદ્રમા શુભ કહેવાય છે. ક્રુર ગ્રહ ૬ ઠ્ઠા, ૮ માં સ્થાનમાં શુભ કહેવાય છે. ચંદ્રમા નવમા નવમાંશકમાં હોય તો ગ્રહણ કરવો નહી, પણ તે ચંદ્ર વર્ગોત્તમી હોય તો ગ્રહણ કરવો. હવે ગ્રહની નવ અવસ્થાનો ભેદ કહે છે. ૧. દિપ્ત અવસ્થા, ૨. સ્વસ્થ, ૩. મુદીત, ૪. શાંત, ૫. સુપ્ત, ૬. પ્રપીડિત. ૭. દીન, ૮. વિકલ, ૯. ખલ; એ પ્રમાણે નવ પ્રકારની ગ્રહની અવસ્થા કહી છે. જે ગ્રહ ઉંચનો હોય તેને દિપ્ત અવસ્થા કહે છે; સ્વગ્રહીની સ્વસ્થ અવસ્થા; મિત્રના ગ્રહને વિષે રહેલો ગ્રહ તે મુદિત કહેવાય છે; શુભ ગ્રહ સહિત જે ગ્રહ હોય તેને શાંત કહે છે; બળવાન ગ્રહ હોય તેને સુપ્ત કહે છે; રવીથી અસ્ત ગ્રહ હોય તે વિકલ કહેવાય છે; જે ગ્રહને પાપગ્રહ જુએ તે પ્રપીડિત કહેવાય છે; અને પાપગ્રહ અથવા નીચ ગ્રહ સહિત જે હોય તે દીન કહેવાય છે. હવે લગ્ન શુદ્ધિનો પ્રકાર કહે છે. શુભ કાર્યમાં જન્મ રાશી હોય તે લગ્ન ન લેવું, તથા જન્મ રાશીથી આઠમું લગ્ન, ને જન્મ લગ્નથી આઠમું લગ્ન તથા લગ્નથી ૬-૮ મે ચંદ્રમા હોય તો લગ્ન વર્જવું. જન્મ રાશીથી વા જન્મ લગ્નથી આઠમી રાશી અથવા લગ્ન, તથા આઠમી રાશીનો પતિ તેનું લગ્ન ત્યાગ કરવું; તથા ક્રુર ગ્રહ બે બાજુ હોય તે લગ્ન વર્જવું. એ રીતે નવમાંશક દ્વાદશાંશકમાં ક્રુર ગ્રહની વચમાં જો દ્વાદશાંશક નવમાંશક હોય તો વર્જ કરવો.

क्रूर ग्रहनी मध्यमां चंद्र होय तो वर्ज करवो, ने राहु ३-७ मे होय तो अशुभ छे. लग्नमां ३ शुभ ग्रह बळवान होय तेवुं लग्न लेवुं. पछे बीजा कोई ग्रह बळहीन होय तेनी हरकत नहीं. ॥ १२-२० ॥

लग्न प्रमाण पळ विचार.

मेष स्तत्वयमे २२५ रसेषुयमलै २५६ राशि वृषोभपलैः ।
पंचव्योमहुताशनैश्च मिथुनः ३०५ कर्कः कुवेदाग्निभिः ॥
३४१ सिंहः पाणिपयोधिपावक ३४२ मितैः कन्या कुलोक ।
त्रिकै ३३१ रेतेष्य क्रमत स्तुलादय ग्रहस्युर्गूर्जरे मंडले ।२१।
कुभुज २१ नगेंद्रिय ५७ सरवसु ८५ ।
मुनि निधि ९७ वस्वष्ट ८८ भुजरस ६२ क्षैः ॥
स्त्रं २७ उष सप्तलिप्ता सृणंनगै ७ कगुण ।
खयुग ४० सुर ३३ शिवै ११ शेषे ॥२२॥

भावार्थः—मेष राशीनी २२५ पळ, वरखनी २५६, मिथुननी ३०५, कर्कनी ३४१, सींहनी ३४२, कन्यानी ३३१, तुलानी ३३१, वृश्चिकनी ३४२, धननी ३४१, मकरनी ३०५, कुंभनी २५६, मीननी २२५; ए प्रमाणे लग्नी पळ समजवी. आ पळो गुजरात देशने अनुसरीने समजवी. ॥ २१-२२ ॥

लग्न स्पष्ट करवानो विचार.

सूर्याध्याशित राशेमानैं रवि भुक्त नाडिकाभिहते ।
संक्रांति भोग भुक्तै लब्धं यत् सूर्य भुक्तं तत् ॥२३॥
तस्मिनुदयत्र्यंशेदत्तेशेषं रवेर्भवेद्भोग्यं ।
इति दिन लग्ने कार्यनिशि लग्ने सप्तमस्यार्कात् ॥२४॥
वांछित लग्नस्याप्यथ भुक्तैन्यस्तैत्तदुदयेत्र्यंशं ।
दत्त नवांशपलानांत्र्यशं दद्यात्मवृतेश्च ॥२५॥

इच्छं संस्कृतमखिलं वांछित लग्नस्य भुक्त मिन भोग्यं ।
युतमांतरोदयै रपि षष्टि हृते नाडिकापलान्युन्यताः ॥२६॥
एवमपिविशानांशे स्थापन दत्तांतरांशपलिमिलिते ।
षष्टि हृतै घटिकाः स्युः पलानि शेषं प्रतिष्ठांशः ॥२७॥

ભાવાર્થઃ—પ્રથમ સૂર્ય સ્પષ્ટ કરી તેમાં અયનાંશા જોડવા. અયનાંશા કરવાની રીતઃ—શકમાંથી ૪૪૫ બાદ કરવા, શેષ રહે તેને ૬૦ ભાગ દેવાથી શેષ રહે તે ઘડી કહેવાય ને લબ્ધ રહે તે અંશ કહેવાય. રવીની રાશી પ્રમાણે પાંચ પાંચ પળ લેવી. તે સ્પષ્ટ અયનાંશા થાય. તે અયનાંશા રવીમાં જોડવાથી સાયનાર્ક થાય. તે સાયનાર્કની રાશી પ્રમાણે પળ લેવી અને તેને ૬૦ થી ભાગ દેતાં જે આવે તે ઘડી ને રહે તે પળ. તેને ગોમૂત્રીકા કાઢીને સાયનાર્કના અંશ, કલા, વિકલાથી ગુણવા. તે ગુણવાના બે પ્રકાર છે. એટલે પ્રભાત ઇષ્ટકાલથી અર્ધ રાત્રી પર્યંત ઇષ્ટ હોય તો સાયનાર્કના અંશને ત્રીસમાંથી કાઢીને ગુણવા ને અર્ધ રાત્રીથી પ્રભાત સુધી લગ્ન હોય તો જે અંશ, કલા હોય તે અંશથી ગુણવા. ૩ જગ્યા જુદા જુદાને ૬૦ નો ભાગ દઇને અંક ઉપરાઉપરી યુક્ત કરવા. એમ કરવાથી રવી ભુકત થાય છે. હવે ઇષ્ટ ઘડીની પળ કરવાની રીત કહે છે. ઇષ્ટ ઘડીને ૬૦ ગણા કરવા ને નીચે જે પળ હોય તેને યુકત કરવાથી પળ થાય ને રવી ભોગ્યમાં બીજી રાશીની જે પળો છે તે ઇષ્ટ ઘડીની પળોમાં હીન હોય તેટલી રાશીની પળો લેવી. તે ઇષ્ટ ઘડીની પળો હીન કરતાં જે રાશી સ્પષ્ટ હોય તે રાશી એક બાજુ મુકવી ને તેને ૬૦ ગણા કરી અશુદ્ધ રાશીનો ભાગ દેવો ને અંશ લેવાને શેષ રહે તેને ૬૦ ગણો કરીને અશુદ્ધ રાશીનો ભાગ દઇને ઘડી પળ લેવી અને તે લગ્નમાંથી અયનાંશા હીન કરવાથી સ્પષ્ટ લગ્ન થાય. લગ્ન સુક્ષ્મ પ્રકારે જોવાની રીતઃ—પ્રભાતે રવી જે રાશી, જે અંશે ઉદય થાય છે તે લગ્ન સમજવો. તેમાં ઉપર કહેલી પળો જોડવાથી લગ્નની ખબર પડે છે, અને સાંજ વેળા સાતમું

લગ્ન આવે એવું અનુમાન થાય છે. લગ્ન પત્રથી લગ્ન કરવાની રીતઃ—રવીની રાશી, અંશ પ્રમાણુ લગ્ન પત્રમાં જોવું ને તેમાં ઇષ્ટ ઘડીયુક્ત કરીને લગ્ન પત્રમાં જોવું. જોતાં જે અંશ રાશી આવે તે લગ્ન સમજવું. ૨૩-૨૭ ॥

राशि पति विचार.

कुज शुक्रे ज्ञेंदर्कज्ञ शुक्र कुज जीव शौरियम गुरवः ।
मेष्वा नवांशकानामज मकर तुला कुलीराद्याः ॥२८॥
स्वगृह द्वादश भागाद्रेकाणाः प्रथम पंचननपाना ।
हारेविषमेऽर्कंदोः समराशौचं प्रति क्षणं सो ॥२९॥

ભાવાર્થ:—મેષનો પતિ મંગળ, વરખનો શુક્ર, મિથુનનો બુધ, કરકનો ચંદ્રમા, સીંહનો રવી, કન્યાનો બુધ, તુલાનો શુક્ર, વૃશ્ચિકનો મંગળ, ધનનો ગુરૂ, મકર તથા કુંભનો શની, મીનનો ગુરૂ; એ પ્રમાણે રાશીના પતિ કહેલ છે. દ્રેષ્કોણુ ચક્ર બનાવવામાં પોતાની રાશીથી દશ અંશ પર્યંત હોય તો પ્રથમ તે રાશીનો દ્રેષ્કોણુ સમજવો. દશથી વીશ સુધી તે રાશીની પાંચમી રાશીનો દ્રેષ્કોણુ સમજવો, અને ૨૦ થી ૩૦ અંશ પર્યંત નવમી રાશીનો દ્રેષ્કોણુ સમજવો. એવી રીતે દ્રેષ્કોણુ સમજવો. વિશેષ યંત્રથી જાણવું. હોરામાં વિશમ રાશી હોય તો રવીની તથા સીંહની હોરા ૧૫ અંશ સુધી રહે. પાછલા ભાગમાં ૧૫ અંશમાં કર્કની ચંદ્રમાની હોરા રહે, સમ રાશીમાં ૧૫ અંશ સુધી કર્કની ચંદ્રમાની હોરા રહે અને પાછલા ભાગમાં રવીની હોરા રહે. ॥ ૨૮-૨૯ ॥

सप्तमांश विचार.

कुज यम जीवज्ञ सिताः पंचेंद्रि व्यवसु मुनिंद्रियांशानां ।
विष मेष समर्क्षेषुक्रमेण त्रिंशंशकाकल्पाः ॥३०॥
लिप्ताष्टादश १८०० नव ९०० ।
षट् ६०० द्वि ०० सार्द्धशत् १५० षष्टि ॥

६० मांन परिगणिताः गृहहोराद्रेष्काणा ।
नव भाग द्वादशांशक त्रिंशाः ॥३१॥

ભાવાર્થ:—સપ્તાંશમાં સાત ભાગ કરવા. તેમાં ૪ અંશ, ૧૭ ઘડીનો એક ભાગ થાય છે. પહેલો મેષ સપ્તાંશક કહેવાય છે. તે મેષ રાશીના ૪ અંશ, ૧૭ ઘડી સુધી મંગળનો સપ્તાંશક હોય છે. પછી શુક્રનો વરખ લગ્ન, બુધનો મીથુન, ચંદ્રમાનો કર્ક, રવીનો સીંહ, બુધનો કન્યા, શુક્રનો તુલા, અને વરખ રાશીમાં પહેલા ભાગમાં વૃશ્ચિકનો મંગળ, બીજામાં ધનનો ગુરૂ, ત્રીજામાં મકરનો શની, ચોથામાં કુંભનો શની, પાંચમામાં મીનનો ગુરૂ, પછી મેષનો મંગળ, વરખનો શુક્ર, એવી રીતે સપ્તાંશક થાય છે. વિશેષ યંત્રમાં જોવાથી જણાશે. નવમાંશકની રીત ઉપર કહેલી છે. વળી દ્વાદશાંકમાં ૧૨ અંશનો ભાગ લેવો એટલે ૨ અંશ, ૩૦ ઘડી સુધી ૧ ભાગ આવે છે. સ્પષ્ટ ગ્રહ પોતાની રાશીથી જે ભાગમાં આવે તે ભાગ સુધી ગણતાં જે રાશી આવે તે દ્વાદશાંશક સમજવો, અને ત્રીશાંશકમાં સમ રાશી તથા વિષમ રાશીમાં જુદા જુદા અધિપતિ સમજવા. ત્રીશાંશકમાં વિશમ રાશી મેષ, મીથુન, સીંહ, તુલા, ધન ને કુંભ રાશીમાં ૫ અંશ સુધી મેષ રાશી મંગળની લેવી; ૧૦ અંશ સુધી શનીની રાશી કુંભ લેવી; ૧૮ અંશ સુધી ગુરૂની રાશી ધન લેવી; ૨૫ અંશ સુધી મીથુન રાશી બુધની લેવી, અને ૩૦ અંશ સુધી તુલા રાશી શુક્રની લેવી. હવે સમ રાશીમાં ૫ અંશ સુધી વરખ રાશી લેવી, ૧૨ અંશ સુધી કન્યા રાશી લેવી, ૨૦ અંશ સુધી મીન રાશી લેવી, ૨૫ અંશ સુધી મકર રાશી લેવી, અને ૩૦ અંશ સુધી વૃશ્ચિક રાશી લેવી. એવી રીતે ત્રીશાંશક કરવો. ॥ ૩૦–૩૧ ॥

षड्वर्ग शुद्धि विचार.

इत्यार्या चतुष्टयस्यात्मीयकृतविंशति मिरार्याभिः
षड्वर्गशुद्धयेचाख्या गृहहोरा द्रेष्काणान्नव भाग द्वादशांशक ।
त्रिंशात् प्रत्येकं राशीनांवक्षेमुग्धाविवोधाय ॥ ३२ ॥

पंचद्वियमैर्मेषःषड्वाणयुगै २५६ वृषस्तदनुक । नःपंचख
दहनै ३०५ मिथुनः शशि । वारिधिवह्निभिः ३४१ कर्कः ॥३३॥
भुज जलधिवह्नि संख्यैः ३४२ सिंह कन्याः कुलोक दहनैश्चः ।
३३१ अंभःपलैस्फरे तेगौर्ज्जरमाने न विख्याताः ॥३४॥
उत् क्रमितो विज्ञेयं कुलादि षट्कं प्रमाण तस्त्वेवं ।
षद्या भक्त पलांकालब्धे नाम्यौ भवंत्यत्र ॥३५॥
मंगलकविबुध चंद्रादित्येंदुज शुक्र भौमधिषणानां ।
शनियम देव गुरूणा क्रमेणगेहानि मेषाद्या ॥३६॥
लग्नस्यार्द्ध होराद्वाभ्यां भक्तात्पलाकतो लब्धैः ।
होराके षष्टि हते शेषे द्वि हतेतु विपलानि ॥३७॥
रवि चंद्रो विषमांके राशौ भवतः समे च चंद्र रवि ।
होराधिपति सवलौ राशिपतेः सर्वदा ख्यातौ ॥३८॥
अथवह्नि हते राशौ लब्धे द्वेषकाणो माहुराचार्याः ।
तच्छेषे षष्टि हते वह्नि हते लब्धैतौ वर्णाः ॥३९॥
क्रमतस्तेषा मीशा आदिमपंच मनवक्षैनाघास्त्रु ।
होराधिपते वलवत्तरानि मान्सूरयः प्रोच्युः ॥४०॥
राशि पलांके नदैर्भक्ते लब्धं नवांशकस्य स्यात् ।
षष्टिघ्नेऽघो शेषे नंद हतैचांस त्रिपलानि ॥४१॥
अथ शेषं पुनरिक्षभ भागाःकुजः१ । शुक्र २ सौम्य ३
चंद्र मांस ४ रवि ५ ॥ बुध ६ कवि ७ कुज ८
गुरुव ९ शनि १० । शनि ११ गुरुवो १२ विपास्तेषां ॥४२॥
मेषाद्याथ सिंहाद्या चापाद्या ४ राशयः क्रमेण स्युः ।
चत्वारः २ छगमकर तुला कुलीराद्याः ॥४३॥
पूर्वेभ्य इमे फलदा भवंति लग्ने अधिकाधिक नृणं ।
नामा नयने जन्म निकिल वलवंतः स्युरिमाएव ॥४४॥
द्वादश भक्त फलांकालब्धं सद्वादशांशको भवति ।
षष्टिघ्ने रवि भक्ते लब्धं कथयंति न द्वर्णा ॥४५॥

अभिमतिराशिपतिः प्राग्वदूगएय ।
इति द्वादशांशकाधीशाः कुज १ कवि २ ॥४६॥
बुध ३ विधु ४ रवि ५ बुध ६ कवि ७ कुज ८ ।
गुरु ९ मंद १० शनि ११ गुरुव १२ ॥४७॥
आदिमवर्गेशेभ्यो बहु फलदा द्वादशांशकाधीशाः ।
कैरवपतिस्त्रु फलदो विशेषतो द्वादशांशकस्थः ॥४८॥
अथ शून्यवह्नि ३० भक्ते त्रिंशांशलब्धितो विदुर ।
राशौ रवि रसैर्हतेऽथ शेषे त्रिंशद्भक्तेतु वर्णाः स्युः ॥४९॥
पंचेप५षु वसु ८ हये७ द्रिये ५भागे कुज मंद जीव
बुध शुक्राः। विषमेषु पुनर्व्यत्य यतस्तत्रतत्पतयः ॥५०॥
पूर्वतमपंच वर्ग्याधिपेभ्यएतेबलाधि ज्ञेयाः ।
सागरचंद्रेणैषामाख्याता भाग संज्ञेति ॥५१॥
षड्वर्ग शुद्धि रेपागवेषणीयासुधीभिरादरतः ।
पृच्छा लग्ने जन्मनि विवाह दीक्षां प्रतिष्ठादौ ॥५२॥

ભાવાર્થઃ—ઉપર કહેલા શ્લોક પ્રમાણે પડ્ વર્ગ શુદ્ધિ પંડિતોએ કહી છે. તે પ્રશ્ન લગ્નમાં, જન્મ લગ્નમાં, વિવાહમાં, દિક્ષામાં, દેવ પ્રતિષ્ટામાં તથા ગ્રહ વાસ્તુમાં વિચારવી, અને ષડ્ વર્ગમાં ગ્રહ બળવાન હોય તે જોઇને લગ્ન શુદ્ધિ લેવી. એ ષડ્ વર્ગ વિચાર લગ્ન શુદ્ધિને માટે કહેલો છે. ॥ ૩૨-૫૨ ॥

વિશમ ત્રીશાંશ યંત્ર.

રાશી	અંશ	અંશ	અંશ	અંશ	અંશ
૦	૫	૧૦	૧૮	૨૫	૩૦
૦	૧	૧૧	૯	૩	૭
૨	૧	૧૧	૯	૩	૭
૪	૧	૧૧	૯	૩	૭
૬	૧	૧૧	૯	૩	૭
૮	૧	૧૧	૯	૩	૭
૧૦	૧	૧૧	૯	૩	૯

સમ ત્રીશાંશ યંત્ર.

રાશી	અંશ	અંશ	અંશ	અંશ	અંશ
૦	૫	૧૨	૨૦	૨૫	૩૦
૧	૨	૬	૧૨	૧૦	૮
૩	૨	૬	૧૨	૧૦	૮
૫	૨	૬	૧૨	૧૦	૮
૭	૨	૬	૧૨	૧૦	૮
૯	૨	૬	૧૨	૧૦	૮
૧૧	૨	૬	૧૨	૧૦	૮

संक्रांती नाम फल विचार.

रव्यादिषु संक्रांतिर्घोरा ध्वांक्षी महोदरी च तथा ।
मंदाकिनी च मंदा मिश्रानांन्माथ रात्रिचरी ॥५३॥
मंदा च कुरते वृष्टि मंदाकिनी रस क्षयं ।
ध्वांक्षीवीति महावाता घोरा शस्त्र भयंकरी ॥५४॥
महोदरा चोर भयं मिश्रका च जने शुभां ।
सर्वेषां कार्याणां च राक्षशी विफल प्रदा ॥५५॥

ભાવાર્થઃ—મેષાદિક બાર સંક્રાંતીનાં નામ કહે છે. તે નામ બવાદિક કર્ણના આધારે થાય છે. તે પ્રકાર આગળ આવી ગયેલ છે. વળી વિશેષ તેનું નામ તથા ફલ કહે છે. ૧ ઘોરા, ૨ ધ્વાક્ષી, ૩ મહોદરી, ૪ મંદાકિની, ૫ મંદા, ૬ મિશ્રા, ૭ રાત્રીચરી ઇત્યાદિક નામ કહ્યાં છે. વર્ષા ઋતુમાં મંદા સંક્રાંતી હોય તો વરસાદ સારો થાય, મંદાકિની સંક્રાંતી હોય તો રસ વસ્તુનો નાશ કરે, ધ્વાક્ષી નામની સંક્રાંતી હોય તો ઘણો પવન કરે, ઘોર સંક્રાંતી શસ્ત્રનો ભય કરે, મહોદરી સંક્રાંતી ચોરનો ભય કરે, મિશ્રા સંક્રાંતી મનુષ્યને ફળ આપે અને રાક્ષસી સંક્રાંતી ફલનો નાશ કરે. ॥ ૫૩-૫૫ ॥

दीनमान विचार.

प्रस्तावदिन प्रमाणं मृगादिनं नाम्यौ गौजरे ।
षड्विंशतिः सद्वादशपला वृद्धौ पलमेकं द्वादशक्षराः ॥५६॥
षड्विंशतिर्घटिकुंभोष्टचतुः पल संयुता ।
वृद्धौ पल द्विकं वर्णान द्विपंचा मद्भिदतिहि ॥५७॥
मीनेष्टा विंशति नाम्योश्चतुर्देश पलान्विताः ।
वृद्धो पल त्रिकं चाहुर्द्वा त्रिशर्द्धेण संयुता ॥५८॥
केवलं घटिका स्त्रिं शन्मेप संक्रांति वासराः ।
पल त्रिकं ततो वृद्धौद्वा त्रिशदक्षराणि च ॥५९॥

षट चत्वारिं च त्फलानिचैक त्रिंशद् घटी वृषे ।
वृद्धौ पल द्विकं वर्णाः द्विपंचाशत् प्रकीर्तिताः ॥६०॥
त्रित्रिंशन्मिथुने नाम्यः फल द्वादशकान्विताः ।
पल मेकं ततो वृद्धो प्रत्यहं द्वादशाक्षरा ॥६१॥
वह्नि त्रिंशद घटि कर्कऽष्ट चतुः फल संयुतः ।
पल मेकं ततोहीनं द्वादशाक्षर संयुतं ॥६२॥
शब्दादश पला घट्टाः सिंहे:त्रित्रिंशतिर्मताः ।
हानौ फल द्विकंवर्णा द्विपंचाशत् प्रकीर्त्तिताः ॥६३॥
एक त्रिंशद् घट्टाः पट् चत्वारिंशत्पलानि च ।
कन्या यांहां निशदिश्नाद:त्रिपली द्वादशशाक्षराः ॥६४॥
केवलं घटिका त्रिंशतुलायां मुख्यवासर ।
पल त्रिकं ततोहानौ द्वात्रिंशद्वर्ण संयुतं ॥६५॥
अष्टाविंशति नाम्यौलौचतुरदशा पलान्विताः ।
हानौ पल द्विकं तस्मात् द्विपंचाशत्तथाक्षराः ॥६६॥
षड्विंशति घटीचापेःऽष्ट चतुः पल संयुताः ।
एकं पलं ततोहानौ द्वादशाक्षर संयुतं ॥६७॥
रात्रौ त्रिंशद्भक्त पष्टिग्रं शेषमघ ततः कुर्यात् ।
त्रिंशद्भक्तं पुनरपि दिन भोगो:दिनकरहिस ॥६८॥
मकरादौ पट् त्रिंशत्याडशतिः पड द्विकं शतंन्वयनाः ।
उत् क्रमतो मेषादो:दिन वृद्धौ:मकरा पट्के च ॥६९॥
दिन हानौ कर्काद्ये पट् केप्येवविदुःपलानि बुधा ।
अभिमत दिवशस्य कृते भुक्तादिवसवसात् ॥७०॥
द्विमुनिंद्रियहि मरोचिपी १५७२ । ध्रवकेमेकरादिके गणकः
निक्षिप्य षष्टि भक्ते लब्धं ॥ दिनमानमभि विद्यात् ॥७१॥
उदयास्त भोग युक्ते षष्टि हृते मध्य राशि पल मिलि ।
ते लब्धं दिन घटिकाः स्युं पलानि वर्णाश्च दिनमानं ॥७२॥

गणिते भुक्ति भोग्याहेः सर्वाहैर्विभजेत्ततलब्धे ।
भोग्यं च भुक्तं च पष्टि घ्राच्छषतो वर्णाः ॥७३॥
रेसशरगुणतार्द्ध दिनै पल । मिलिते मधिही न वसु गुणुया ॥
षट पंचासन्नुतयां सप्तां गुल संकुच्छयया भक्तो ॥७४॥
लब्धं गतं शेष दिनं शेषं षष्ट्राहतंत्तया भक्तं ।
पल वर्णाद्यं विद्या दिनमानमभिष्टकाष्ट कालस्य ॥७५॥
पुनरपि षष्टिं हृतं तत्तपनन्वित मुख्य राशि फलहीनं ।
शेषयत्पुनरभिमत लग्न पलानि तिन छिद्धि ॥७६॥

ભાવાર્થઃ—ગુજરાત દેશમાં મકર સંક્રાંતીમાં તથા કુંભ સંક્રાંતીમાં ૨૬ ઘડીનો દીનમાન હોય છે. મકર સંક્રાંતીના દિવસે ૨૬ ઘડી ૧૨ પળનો દીનમાન હોય છે. તે દિવસથી ૧ પળ ને ૧૨ અક્ષર (વિપળ) દીન પ્રતિ વધે; ને કુંભ સંક્રાંતીના દિવસે ૨૬ ઘડી ૪૮ પળનો દીનમાન હોય છે, તે કુંભ સંક્રાંતીથી ૨ પળ ને ૫૨ વિપળ નિત્ય વધે. વધતાં વધતાં મીન સંક્રાંતીના દિવસે ૨૮ ઘડી ૧૪ પળ દીનમાન હોય. મીન સંક્રાંતીમાં ૩ પળ ને ૩૨ વિપળ નિત્ય વધે. તે વધતાં વધતાં મેષ સંક્રાંતીના દિવસે ૩૦ ઘડી ૦ પળનો દિવસ હોય, રાત દિવસ સરખો થાય; તે મેષ સંક્રાંતીથી ૩ પળ, ૩૨ વિપળ નિત્ય વધે. તે વધતાં વધતાં વરખ સંક્રાંતીના દિવસે ૩૧ ઘડી ૪૬ પળ દીનમાન હોય, અને વરખ સંક્રાંતીથી ૩ પળ ૫૨ વિપળ રોજ વધે. એમ વધતાં વધતાં ૩૩ ઘડી, ૧૨ પળ મિથુન સંક્રાંતીના દિવસે દીનમાન હોય અને મિથુન સંક્રાંતીથી ૧ પળ ને ૧૨ વિપળ રોજ વધે. મિથુન સંક્રાંતીથી વધતાં વધતાં કર્ક સંક્રાંતીના દિવસે ૩૩ ઘડી, ૪૮ પળ દિનમાન હોય. કર્ક સંક્રાંતીથી ૧ પળ ૧૨ વિપળ ઘટતાં ઘટતાં સીંહ સંક્રાતીના દિવસે ૩૩ ઘડી ૧૨ પળનો દિનમાન હોય. સીંહ સંક્રાંતીથી ૨ પળ, ૫૨ વિપળ રોજ ઘટતાં

કન્યા સંક્રાંતીથી દિવસે ૩૧ ઘડી ૪૬ પળનો દિનમાન હોય, અને કન્યા સંક્રાંતીથી ૩ પળ ને ૩૨ વિપળ રોજ ઘટે તે ઘટતાં ઘટતાં તુલા સંક્રાંતીના દિવસે ૩૦ ઘડી ૦ પળનો દિનમાન હોય એટલે રાત્રી દિવસ બરાબર જાણવો. તુલા સંક્રાંતીથી ૩ પળ, ૩૨ વિપળ નિત્ય ઘટતાં વૃશ્ચિક સંક્રાંતીના દિવસે ૨૮ ઘડી ૧૪ પળનો દીનમાન હોય; વૃશ્ચિક સંક્રાંતીમાં ૨ પળ ને ૫૨ વિપળ નિત્ય ઘટતાં ધન સંક્રાંતીના દિવસે ૨૬ ઘડી ૪૮ પળનો દિનમાન હોય; ધન સંક્રાંતીમાં ૧ પળ ને ૧૨ વિપળ નિત્ય ઘટતાં મકર સંક્રાંતીના દિવસે ૨૬ ઘડી ૧૨ પળનો દિનમાન હોય. હવે રાત્રી ઘડી પળ જાણવાની રીત કહે છેઃ—દિનમાનને સાઠમાં બાદ કરવાથી રાત્રીની ઘડી હોય. મકરના સૂર્યથી ૬ મહિના કર્કના સૂર્ય સુધી દિવસ વધે ને રાત્રી ઘટે, અને કર્કના સૂર્યથી ૬ માસ મકરના સૂર્ય સુધી રાત્રી વધે ને દિવસ ઘટે. એવી રીતે રાત્રીનો તથા દિવસનો દિનમાન સમજવો. હવે દિનમાન ગણીત કહે છેઃ—૧૫૭૨ તેમાં જે જે રાશીનો ધ્રુવ હોય તે મૂકીને ૬૦ નો ભાગ દેવાથી દિનમાન થાય. વળી તેને બીજી રીત કહે છે. ઉદય રવીની અંશ કલા વિકલાનું ભુકત ભોગ્ય (ગણીત) કરવું ને ૬૦ નો ભાગ દેવાથી દીનમાન ઘટીકા આવે. હવે દિવસનો માપ કરવાનો શંકુ (લાકડીના કકડા વડે મપાય તે) કહે છે. સાત આંગળનો શંકુ લઈને છાંયા માપવી, તેમાં ૬ ઉમેરવા અને ધ્રુવાંકુ ભાગ દેવાથી આવે તે ઘડી ને રહે તે પળ. ધ્રુવાંકુ એટલે માસ માસ અંક. આસો અને ચૈત્ર માસમાં ૧૪૪ ને ભાગ દેવાથી આવે તે ઘડી અને રહે તે પળ. ॥ ૫૬–૭૬ ॥

मेषादिक राशी मध्यपाद विचार.

त्रिद्व्येक खेंदु पक्षाग्नि युगेषु षट् सुरायुगाः ।
क्रमान्मीनादि राशीनां मध्यपादा प्रकीर्तिताः ॥७७॥

इत्यनेनानुमानेन नवांशस्यानुसारतः ।
कार्या षट् वर्ग संशुद्धिः स्थापनादक्षयो शुभाः ॥७८॥
यथा २ सोभनवर्गलाभंस्तथा २ स्थायन मुत्तमंस्यात् ।
नवांशकस्तावदवश्यमत्रसौम्यग्रहस्यैवविलोकनीया ॥७९॥
भृगोकोदम वारांश भुवनेक्षण पंचके ।
चंद्रासोदयवारेच दरशनेचननदीक्षयेत् ॥८०॥
अंशकया मित्र पादौ पश्यति लग्नास्तमस्तशुद्धिस्यात् ।
अंशकपतिस्तुलग्न यदि पश्यत्युदय शुद्धि स्यात् ॥८१॥
प्रतिष्ठा दिक्षयोर्ग्राह्या विशुद्धि रुदयास्तयोः ।
अथवोदय संशुद्धिः केवलैव निरीक्षते ॥८२॥

ભાવાર્થ:—મેષના ૨, વરખનો ૧, કર્કનો ૧, સીંહના ૨, કન્યાના ૩, તુલાના ૪, વૃશ્ચિકના ૫, ધનના ૬, મકરના ૫, કુંભના ૪, મીનના ૩, એ પ્રકારે મધ્ય પાદ સમજવા. એ અનુમાને લગ્ન લઈને શુદ્ધિ તથા નવમાંશ ષડવર્ગ શુદ્ધિ, દિક્ષા પ્રતિષ્ટાદિ કરવા. જો લગ્ન ઉપર શુભ ગ્રહની દષ્ટિ હોય તથા શુભ લગ્ન હોય તો સ્થાપન મુહુરત સારૂં સમજવું. શુક્રનો નવમાંશક તથા કૃષ્ણ પક્ષનો ચંદ્રમા હોય તો દીક્ષામાં વર્જ કરવો. નવમાંશકમાં સાતમી દષ્ટિ લગ્ન ઉપર શુભ હોય તો નવમાંશક શુદ્ધિ સમજવી. પ્રતિષ્ટા અને દીક્ષામાં ઉદય અસ્ત શુદ્ધિ જોઈને મુહુરત કરવું. ॥ ૭૭-૮૨ ॥

दिक्षा, प्रतिष्टा मुहूर्त्तमां चंद्रबल विचार.

शौरार्कक्षिति सूनवस्त्रि रिपुगाद्वित्रि स्थित चंद्रमा ।
एक द्वि त्रिख पंच बंधुषुबुंधुशस्तः प्रतिष्टा विधौ ॥
जीव केंद्र नवस्वधीषु भृगुजो व्योम त्रिकोणे तथा ।
पातालोदययोः सराहु शिखिनः सर्वेषपांत्ये स्थिताः ॥८३॥

खेर्कः केंद्रमवारिगः शशिधरः सौम्यो नवास्तारिगः ।
षष्टो देव गुरुः सितस्त्रि धन गोमध्या प्रतिष्टा क्षणे ॥
अर्के दुक्षितिजासुते सहज गोजीवोव्ययास्तारिगः ।
शुक्रो व्योम शुतेवि मध्यम फलः शौरिश्च सद्भिमतः ॥८४॥
भोमे लग्न कलत्रनै धन गते शुक्रोरि सप्ताष्टके ।
चंद्र रंध्रवि लग्न षष्ट निरते लग्नास्तगे भास्वति ॥
तद्वद्धानुसुते गुरु निधनगे सौम्येष्टया मित्रगा ।
जायां भो निधि लग्न भाजितमसिमाहुर्नपाणिग्रहः ॥८५॥
सर्वे परत्र वर्ज्या जन्म स्मरगः शिखिशशियुतश्च ।
शुभदस्त्रिशतु संस्थ परत्र मध्योविधुंतुदस्तद्वत् ॥८६॥
भौमेनार्केणवायुक्ते दृष्टेचाग्नेर्भयं भवेत् ।
पंचत्वंशनिनायुक्ते समृद्धि स्त्रिदुजन्मना ॥८७॥
सिद्धार्चि तत्वं जायेत् गुरुणायुत वीक्षते ।
शुक्र युक्ते चंद्र प्रतिष्टायां समृद्धयः ॥८८॥

ભાવાર્થ—દિક્ષા તથા પ્રતિષ્ટાના મુહૂર્તમાં શની, રવી, મંગળ લગ્નથી ત્રીજે તથા છઠે હોય, અને બીજે, ત્રીજે, પાંચમે, ચોથે કેંદ્રસ્થાને ચંદ્રમા હોય તો શુભ જાણવો. ગુરૂ ૧, ૪, ૭, ૧૦માં કેંદ્રસ્થાનમાં હોય અને શુક્ર ૯, ૧૦, ૧૧માં કેંદ્રમાં હોય તો શુભ જાણવો. રાહુ તથા કેતુ તે શિવાય પાપગ્રહ તથા શુભગ્રહ ૧૧માં ભવનમાં બધા સારા કહેવાય છે. જો રવી ૧૨ મે, છઠે હોય તથા તે શિવાય બીજા ગ્રહો પણ ૧૨ મે, છઠે હોય તો શુભ જાણવા, અને ગુરૂ, શુક્ર, ત્રીજે છઠે હોય તો; રવી, ચંદ્ર, મંગળ ને ગુરૂ એ ગ્રહો ૧૨મે, છઠે હોય તો અને શુક્ર બારમે હોય તો મધ્યમ ફળ સમજવું. હવે દિક્ષા પ્રતિષ્ઠામાં વર્જવા યોગ્ય લગ્ન કહે છે. મંગળ લગ્નમાં હોય તથા ૭મે ૮મે હોય તો વર્જ કરવો. શુક્ર ૬ઠે, ૭મે ૮મે હોય તો

વર્જ કરવો. ચંદ્રમા ૮ મે હોય, લગ્નમાં હોય, ૬ ઠે હોય, તથા સાતમે હોય તો વર્જ કરવો. શનિ ૭ મે લગ્નમાં હોય તો વર્જવો. ગુરૂ ૮ મે હોય તથા સૌમ્ય ગ્રહ પણ ૮ મે હોય તથા ૭ માં ભવનમાં સૌમ્ય તથા પાપગ્રહ હોય તો વિવાહ, દિક્ષા, પ્રતિષ્ટામાં વર્જવા. વિશેષ યંત્રથી સમજવું. વળી સંપૂર્ણ ગ્રહ લગ્નમાં ચંદ્રમા ને કેતુ હોય તો અશુભ ફળને આપવાવાળા જાણવા. ૭ મે તથા ૬ ઠે ચંદ્રમાનું ફળ અશુભ જાણવું. જો મંગળ તથા શની એક સ્થાનમાં હોય અથવા લગ્ન ઉપર દૃષ્ટિ પડતી હોય તો અગ્નિનો ભય થાય, અને ચંદ્રમા શનીથી યુક્ત હોય તો ધનની હાની કરે. જો ગુરૂની દૃષ્ટિ ચંદ્રમા ઉપર હોય અથવા ગુરૂએ સહિત ચંદ્રમા હોય તેમજ ચંદ્રમા બુધ, ગુરૂ, શુક્રથી સહિત હોય તો શુભ ફળ સમજવું. ॥ ૮૩-૮૮ ॥

દિક્ષા પ્રતિષ્ટા ઉત્તમ લગ્નયંત્ર.

ચં. ગુ. બુ.	ગુ. શુ. બુ.	૦૦૦૦૦૦૦૦ ૦
ર. ચં. મં શ.		ર. ચં. મં. બુ. ગુ.શુ.શ.રા.કે.
બુ. ગુ. શુ.		બુ. ગુ. શુ.
બુ. શુ. ગુ.	ગુરૂ.	ગુ. શુ.
ર. ચં ગુ. શ.		૦૦૦૦૦૦

દિક્ષા પ્રતિષ્ટા મધ્યમ લગ્નયંત્ર.

શુક્ર	ચંદ્ર	શુક્ર
શુ. ગુ.		ર. ચં. મં. બુ. ગુ. શુ. શ. રા.
ચંદ્ર		ર. ચં. શ.
ર. ચં મં. શ.	ચં. બુ. શુ.	ચં. બુ.
બુ. શુ. ચં.		૦૦૦૦૦૦૦

દિક્ષા પ્રતિષ્ટા અધમ લગ્નયંત્ર.

૦૦૦૦	ર. ચં. મં. શ. રા. કે.	૦૦૦
૦૦૦		૦૦૦
રા. કે.		૦૦૦૦૦૦૦
૦૦૦	ર. ચં. બુ. શુ. શ. રા. કે.	૦૦૦
ચં. શુ.		ચં.મં.બુ.ગુ.શ.

ગ્રહયુક્ત યંત્ર.

ર. ચં. મં.	અગ્નિ ભય.
ચં. શ.	મરણ.
ચં. બુ.	સમૃદ્ધિ.
ચં. ગુ.	મહાપ્રભા.
ચં. શુ.	સમદ્રય.

ગ્રહ હીન બલ ફલ યંત્ર.

રવિ હીન બલે	ગ્રહપતિ મરણ
ચંદ્ર હીન બલે	ભાર્યા મૃત્યુ
શુક્ર હીન બલે	ધન નાશ
ગુરૂ હીન બલે	સુખ નાશ

ग्रह निर्बळ फळ विषे.

सूर्येविबले गृहयो गृहणी मृग लंछने धनं भृगुजे ।
चावस्यतौनुसौख्यं नियमानाशसमुपयति ॥८९॥
उदयनभस्तल१० हिबुके४ श्वस्वमये ७ द्वत्रिकोणसंज्ञे ९ ।
५ सूर्य शनैश्वर वक्राः प्रासाद विनाशनं प्रकुर्वति ॥९०॥
क्रूर ग्रह संयुक्ते दृष्टवाशशिनि सूर्य ।
सुषरोति कर्तु कृत्वा प्रतिष्टाऽयनेयाम्ये ॥९१॥
अंश्चैव राहु भास्कर केतवः। भृगुपुत्र समायुक्ता स्त्रिकाग्रहाः ॥९२॥
स्थपति स्थापक कर्तृणां सयोजकाः ।
तस्मात्सर्व प्रयत्ने न सप्तमस्थान ॥९३॥
बलीयश्री सहदृष्टे केंद्रस्थे रवि नंदने ।
त्रिकोणगेचनेष्यंते शुभारंभामनीषिभिः ॥९४॥
निधन ८ व्यय १२ धर्मस्थः केंद्र गोवाधरासुप्तः ।
अपि सौख्य सहस्त्राणि विनाशयति पुष्टिमांन् ॥९५॥
गुण शत मपि दोषः कश्चिदेकोपि दृष्टिः ।
स्थगयति यदि नान्यस्त द्विरोधी गुस्ति ॥
पद्मिव परिपूर्ण पंचगव्यं न पुतं ।
मलिनयति सुरायाविदुरेकोपि सर्वः ॥९६॥
बलवति सूर्यस्य सूते बलहीने गारके बुद्धेचैव ।
मेष वृषस्थे सूर्यक्षपाकारे चार्हति स्थाप्या ॥९७॥

न तिथिर्न च नक्षत्रं नवारो न च चंद्रमाः ।
लग्नमेकं प्रशंसंति त्रिषडेकादशेरवौ ॥९८॥
हिबुको ४ दय १ नवश ९ वर १० पंचम गृहगः सितद्भवा ।
जीवाः लघुहंति लग्नदोषांस्तटरुहइवनिम्नगावेगा ॥९९॥
त्रिषडेकादशे संस्थाः क्षितिसुत रवि चंद्र सूर्य ।
सुतशिखिनः सनिध्यंदेवानां निवेशकाले प्रकुर्वंति ॥१००॥
बुध भार्गव जीवानामेकोपिहि केंद्रमाश्रितो बलवान् ।
यद्य क्रूर सहायसद्योऽरिष्टस्य नाशाय ॥१॥
लग्नं दोषशते न दूषितमहो चंद्रात्मजो लग्नगः ।
केंद्रोवाविमलीभकरोति सुचिरंयद्यर्क ॥
विंबाच्चुत शुक्रस्त द्विगुणं सनिर्मलवपुर्लग्नस्थितोनाशये ।
दोषाणामथ लक्ष मप्यपहरे लग्न स्थितो वाक्यति ॥२॥
येलग्नदोषाः नवांशदोषाः पापैकृता दृष्टिनिपातदोषाः ।
लग्नेरुस्तान्विमलीकरोति फलोयथांभःकतकद्रुमस्य ॥३॥
अनिष्टस्थांन संस्थोपि लग्ना क्रूरो न दोष कृत् ।
बुध भार्गव जीवास्तु दृष्टि केंद्र त्रिकोणगैः ॥४॥
सुतहिबुकवियद्विलग्नधर्मेश्वमरगुरुर्यदिदामवाचिंतोवा । यदि
शुभमुपयाति तच्छुभत्वं शुभमपि वृद्धिमुपैतित् प्रभावात् ॥५॥
कार्यमात्यंतिकंचत्स्यात्तदा वहु गुणान्वितं ।
स्वल्पदोष समाश्रत्पल संतत्सर्वमाचरेत् ॥६॥
प्रतिष्टा ग्रह बलं ग्रह दोष गुणाः ।
प्रस्तावात क्रूरेस्तनुगैर्मर्म च ॥
पंचम नवमे च कटकं भवति दशम ।
चतुर्थे शल्यंया मित्रे भवतितच्छिद्रं ॥७॥
मर्मणि विद्धे मरणं कंटकविधे च रोग परिवृद्धिः ।
शल्पे शस्त्रनिपातं छिद्रेछिद्रं च मत्रिगणं ॥८॥

त्रिषडष्टगतः सूर्यः सूर्यपुत्रस्तथैव च ।
धनत्रिलाभे चंद्रश्च भोम षट् त्रिनवस्थितः ॥९॥
लग्नाद्या षष्ट पर्यंत धर्म कर्मा युगेषु च ।
गुरुज्ञौददतूरेषा गुरूरस्तेकियन्मतं ॥१०॥
व्यायास्त सप्त सप्त षष्टे च एतद्वर्जं शुभप्रदः ।
शुक्रो रपाप्रदो ज्ञेया एतज्ञात्वा फलं वदेत् ॥११॥

ભાવાર્થઃ—સૂર્ય નિર્બળ હોય તેમાં પ્રતિષ્ટા કરે તો ઘરધણીનું મૃત્યુ થાય, ચંદ્રમા નિર્બળ હોય તેમાં વિવાહ કરે તો સ્ત્રીનું મૃત્યુ થાય, શુક્ર નિર્બળમાં શુભ કાર્ય કરે તો ધનનો નાશ થાય, અને ગુરૂ નિર્બળમાં દિક્ષા લે તો સુખનો નાશ થાય. જો રવી તથા શની સાથે ૧૦ મે, ૪ થે, ૭ મે, ૯ મે, ૫ મે હોય તો શુભ કામમાં વિનાશ થાય. ક્રૂર ગ્રહે સહિત ચંદ્ર હોય અથવા ક્રુર ગ્રહની દ્રષ્ટિ ચંદ્ર રવી પર હોય તો પ્રતિષ્ટા અને દિક્ષામાં વર્જ કરવો, મૃત્યુદાયક છે. જો મંગળ, શની, રાહુ, કેતુ, શુક્ર એ સાત ગ્રહ સાથે એક રાશી ઉપર હોય તો દિક્ષા લેનાર તથા પ્રતિષ્ટા કરનાર-કરાવનારનું મૃત્યુ સમજવું. તે માટે સપ્ત ગ્રહ યોગ વર્જ કરવો. વળી જો શની કેંદ્રસ્થાને બેઠા હોય અને તેના ઉપર મિત્રની દ્રષ્ટિ હોય અથવા શની ૯ મે, ૫ મે સ્થાને હોય અને મંગળ ૮ મે, ૧૨ મે, ૯ મે હોય તો હજારો-ગણા સુખનો નાશ કરનાર છે. જેમકે, કોઈ માણસમાં સો ગુણ સારા હોય પણ જો એક અવગુણ ભારે હોય તો સો સારા ગુણનો નાશ કરી એક અવગુણ પોતાનું પરીબળ દેખાડે છે; જેમ પંચામૃતના પાત્રમાં એક મદિરાનું બિંદુ નાખવાથી પંચામૃતની પવિત્રતાનો નાશ કરે છે; તેવી રીતે ઉપર કહેલા અશુભ ગ્રહ હોય તો સર્વે શુભ ગ્રહોની હાની કરે છે. વળી જો શનિશ્ચર બળવાન હોય અને મંગળ, બુધ બળહીન હોય તથા મેષ વરખ રાશી ઉપર સૂર્ય સ્થિત હોય તો ઉપરનું મુહૂર્ત લેવું સારૂં છે. જે લગ્ન શુદ્ધિમાં ૩, ૬, ૧૧ મે રવી હોય તો તે લગ્ન ઘણું

સારૂં કહેવાય છે. એવા લગ્નમાં તીથી, વાર, નક્ષત્ર એ સર્વેના દોષ દૂર થાય છે, વળી, ૧ લે, ૪ થે, ૫ મે, ૯ મે, ૧૦ મે શુક્ર તથા ગુરૂ હોય તો લગ્ન વચ્ચે આવેલા દોષો પણ દૂર કરે છે. જો ૩ જે, ૬ ઠે, ૧૧ મે, મંગળ હોય તથા રવી, ચંદ્ર, શની, કેતુ એ પાપગ્રહ હોય તો સારા કહેવાય છે. ॥ ૮૯-૧૦૦ ॥

બુધ, ગુરૂ, શુક્ર એ ત્રણ ગ્રહમાં એક પણ ગ્રહ જો બળવાન કેંદ્રસ્થાનમાં હોય તો ક્રૂર ગ્રહોનો દોષ નાશ કરવાવાળો થાય છે. જો બુધ કેંદ્રમાં વા લગ્નમાં બળવાન હોય તો સો દોષને દૂર કરે છે; શુક્ર કેંદ્રસ્થાનમાં બળવાન હોય તો બસો દોષનો નાશ કરવાવાળો છે, અને ગુરૂ લગ્નમાં તથા કેંદ્રસ્થાનમાં બળવાન હોય તો લાખ દોષને દૂર કરવા સમર્થ છે. વળી લગ્નના દોષ, નવમાંશના દોષ, પાપગ્રહ દૃષ્ટિના દોષ એ સર્વે દોષોને ગુરૂ દૂર કરે છે. જો અનિષ્ટ ગ્રહ લગ્નમાં બેઠો હોય અને લગ્ન પર તેની દૃષ્ટિ હોય, તે અનિષ્ટ દોષને બુધ, શુક્ર, ગુરૂ ત્રીકોણ (૯, ૫ મે) બેઠા હોય અથવા કેંદ્રસ્થાનમાં રહેલા હોય તો સર્વ દોષને દૂર કરે; જો ૫ મે, ૪ થે શુક્ર હોય અને લગ્નમાં ગુરૂ હોય તો સર્વ અશુભ દોષને દૂર કરીને શુભ ફળ આપે છે. વળી જે કામ ઉતાવળું કરવાનું હોય અને તેમાં ઘણાં શુભ ગુણ મળતા હોય અને સ્વલ્પ દોષ હોય તો તે દોષને ગણવા નહીં, ને શુભ કાર્ય કરવું. પ્રતિષ્ટા અને દિક્ષામાં ગ્રહ બલ જોવું અને ગ્રહના દોષ તથા ગુણને વિસ્તારપૂર્વક સમજવા. પાપગ્રહ લગ્નમાં હોય તો મર્મવેધ સમજવો તથા ૯ મે, ૫ મે, પાપગ્રહ હોય તો કંટક વેધ સમજવો. ૧૦ મે, ૪ થે પાપગ્રહ હોય તો શલ્ય વેધ સમજવો, અને સાતમે પાપગ્રહ હોય તો છીદ્ર વેધ સમજવો.

હવે ઉપરના વેધનું ફળ કહે છે. મર્મ વેધ હોય તો મૃત્યુ થાય, કંટક વેધ હોય તો રોગ થાય, શલ્ય વેધ હોય તો શસ્ત્રનો ઘા થાય, અને છિદ્ર વેધ હોય તો મંત્રીગણમાં સ્નેહ ઓછો થાય. ૩, ૬, ૮ મે સૂર્ય હોય તથા શની બીજે, ત્રીજે, ૧૧ મે

હોય અને ચંદ્રમા, મંગળ છઠે, ત્રીજે, ૯ મે હોય તો સારો. વળી લગ્નથી ૬ ઠ્ઠા ભાવ પર્યંત અને ૯ મા, દશમા ભાવમાં ગુરૂ તથા બુધ હોય તો સારૂં ફળ આપે. જો ૧૨ મે, ૮ મે, ૭ મે, છઠે એ ભાવને વર્જ કરી શુક્ર હોય તો સારૂં ફળ સમજવું. ॥ ૧-૧૧ ॥

ग्रह वसा विषे.

रवौशार्द्धस्त्रयोभागाश्चंद्रे पंचगुरो त्रयं ।
द्वौशुके द्वौबुद्धे चैव एते भागा विशोपमा ॥१२॥
मंदे भोमे तथा राहौ सार्द्धे प्रत्येक मिद्धयते ।
दुर्वलंबलं च लग्न ज्ञातव्यं ज्ञानवेदिभिः ॥१३॥
षटद्वैकादश पंचमोदिनकरस्त्रि ध्याय षष्ट शशी ।
लग्नात्सौम्यः कुजो शुभावपचये केंद्र त्रिकोणे गुरु ॥
शुक्रऽष्टमशुतद्वयेकादशोमंदगोलग्नांसादि गुरु ।
ज्ञचंडमह सासौरश्च दिक्षा विद्धौ ॥१४॥
रविस्त्रतीयोदशमःशशांकोजीवेंदुजावंतिमनासवर्ज्यौ ।
केंद्राष्टवर्ज्योभृगुजस्त्रिशत्रूसंस्थःशनिःप्रव्रजनेमतोन्ये: ॥१५॥
शुक्रां गोरकमंदानांनाभिष्टः सप्तमः शशीतमः ।
केतुतु दीक्षायां प्रतिष्टाव शुभाशुभौ ॥१६॥
कलह भय जीवनासधनहानिविपत्तिनृपतिभित्तिकरः ।
प्रवर्ज्यायांनेष्टौ भौम्यादियुतः क्षपानाथः ॥१७॥
लग्नांद्वाधवचित्तवैरिपुशशि शुक्रौ शुभानेषु च ।
प्रवर्जाचकुजेंदुजावुपचयेकेंदु त्रिकोणे गुरुः ॥
मंदोधीधननै धनत्र्यरिगतो धर्मे त्रिषष्टव्यये शुक्रः ।
केतु विधुंतुं दौत्रिरिपुगौलाभेनवाप्युत्तमाः ॥१८॥

ભાવાર્થઃ—રવીના ૩ા, ચંદ્રમાના ૫, ગુરૂના ૩, શુક્રના ૨, બુધના ૨ અને શની, મંગળ, રાહુના દોઢ દોઢ વસા જ્ઞાની પુરૂષો કહે છે. રવી ૬ ઠે, ૨ જે, ૧૧ મે, ૫ મે, અને ચંદ્રમા

ત્રીજે, ૬ ઠે લગ્નથી હોય; બુધ ને મંગળ કેંદ્રમાં (૯, ૫ મે) હોય; અને ગુરૂ, શુક્ર, ૮ મે, ૧૧ મે તથા શની લગ્નમાં નવમાંશમાં હોય તો વર્જ કરી દિક્ષામાં ચંદ્ર બલ શુદ્ધ લેવું. રવી ૩ જે, ૧૦ મે હોય; ચંદ્રમા તથા ગુરૂ કેંદ્રમાં હોય; ૮ મા ભાવમાં કોઇ ગ્રહ ન હોય; શુદ્ધ હોય, અને શની ૩ જે, ૬ ઠે હોય તો તે શુભ ફળ આપે છે. શુક્ર, મંગળ, ને શની એ શુભ સ્થાનમાં હોય તથા ૭ મે શુભ ગ્રહ હોય તો દિક્ષા પ્રતિષ્ટામાં શુભ ફળ આપે છે. જો ચંદ્રમા પાપગ્રહ (મંગળ) સહીત હોય તો કલહ, ભય, જીવનો નાશ, ધનની હાની, વિપદા, રાજ ભય એવું ફળ આપવાવાળો છે. લગ્નમાં ૪ થે, ૬ ઠે, ૨ જે, ચંદ્રમા શુક્રની સાથે હોય તેને પ્રવજ્યો યોગ કહે છે, મંગળ તથા ચંદ્રમા ઉપચય સ્થાનમાં વા કેંદ્રમાં હોય તથા ગુરૂ ત્રીકોણ સ્થાનમાં હોય; શની ૫ મે, ૨ જે, ૩ જે, ૬ ઠે, હોય તો શુભ ફળ આપે છે; અને શુક્ર ૯ મે, ૩ જે, ૬ ઠે, ૧૨ મે હોય તો ઉત્તમ સમજવો. એવી રીતે ઉત્તમ ગ્રહ બલ, લગ્ન બલ જોઈને દિક્ષા દેવાનું મુહૂર્ત જાણવું. ॥ ૧૨-૧૮ ॥

ध्रुव चक्र विषे.

ध्रुव चक्रे स्थितेतिर्यक् प्रतिष्टादी क्षणादिकं ।
उर्द्धस्थिते ध्वजारोपः स्वातप्रमुपमाचरेत् ॥१९॥
कित्तियउदयेतिरिउअठोयमघोदएधुदोहाइ ।
अणुराहुदएतिरिउंधणीउउदयंमिउदोय ॥२०॥
शनौ शुक्रे च सौमे च सार्द्धान्यष्टो प्रकीर्तिताः ।
ज्ञेष्टैाकुजेनवगुरैा सप्तैकादश भास्करे ॥२१॥
पदानि सिद्धिच्छाया स्युस्ता सुकार्याणि साधयेत् ।
तिथि वारर्क्षशीतांशुविद्यादिर्नविलोयेत् ॥२२॥
उदयाद्गत लग्न संख्यं संक्रांति भोग दिन संख्या च ।
सैकां विधिय विबुधः पृथक् पंचधात्रि लिख्येत् ॥२३॥

क्षिप्त्वा तत्र क्रमशस्तिथि १५ रवि १२
दश १० वसु ८ मुनि ७ समभजेन्नवभिः ।
शेषांकः सरसंख्यो यदि भवति तदादे निपुणः ॥२४॥
कलहः कृशानुमिति भूपभयं चैारविद्रवो मरणं ।
क्रमशोभवेत् प्रतिष्टा परिणयनादैा तदारिष्टं ॥२५॥
इत्येवं खेचरेंद्र प्रवल युते दोष मुक्ते च लग्ने ।
शास्त्रोद्देशानुसारिस्फुटशकुनवलेत्युज्वलेडागरूकेपीयुषां ॥
मुद्रवाहेक्षितिसलिलगते कार्यमाचम्रतेयैस्तेषां ।
प्रक्षीण लक्ष्मी परिवय रुचिरावासराः संभवंति ॥२६॥

ભાવાર્થઃ—ધ્રુવ ચક્ર દિક્ષા, પ્રતિષ્ટાના અને ધ્વજા રોપણુના મુહુર્તમાં જોવું, અને તે ધ્વજાકાર ચક્રમાં સ્વાતિ નક્ષત્રથી લઇને ફળ વિચારવું. કૃતિકા નક્ષત્રથી આઠ નક્ષત્ર એટલે મઘા સુધી, અને મઘાથી આઠ નક્ષત્ર અનુરાધા સુધી, અને અનુરાધાથી આઠ નક્ષત્ર સતભિષા સુધી, એમ ગણતાં ઉત્તમ, મધ્યમ, સમજવા. એટલે પ્રથમ આઠ ઉત્તમ, બીજા આઠ મધ્યમ, એમ અનુક્રમે સમજવા, ને સ્થિર લગ્ન લેવા.

છાયા લગ્નઃ—શનિ શુક્ર, અને સોમવારના દિવસે પોતાના શરીરની છાયા ભરતાં ૮૫ પગલાં છાયા થાય તે વખતે શુભ કાર્ય કરવું, તે છાયા લગ્ન કહેવાય છે; અને બુધવારે ૮ પગ, મંગળ અને ગુરૂવારે ૭ પગ, રવીવારે ૧૧ પગ છાયા થાય તે વખતે શુભ કામ કરવું. તે છાયા લગ્ન શુદ્ધિ હોય તો તીથી, વાર, નક્ષત્ર, ભદ્રા, કોઈ પણ દોષને જોવા કારણ નથી.

બુધ પંચકઃ—સંક્રાંતિના અંશને પાંચ જગ્યાએ લખવા, પછી એક જગ્યાએ ૧૫ થી ગુણવા, બીજી જગ્યાએ ૧૨થી, ૩જી જગ્યાએ ૧૦થી, ૪થી જગ્યાએ ૮થી, ૫મી જગ્યાએ ૭થી ગુણવા અને ૯નો ભાગ દેવો (પાંચ જગ્યાએ), તેમાં શેષ ૫ જે જગ્યા રહે તે બુધ પંચક સમજવો. તે શુભ કામમાં ક્લેશ કરે. ૧લી જગ્યાએ પાંચ રહે તેને કલાહ બાણ, ૨જી જગ્યાએ

પાંચ રહે તેને અગ્નિબાણ, ૩જી જગ્યાએ પાંચ રહે તેને નૃપ બાણ, ૪થી જગ્યાએ પાંચ રહે તેને ચોર બાણ, અને ૫મી જગ્યાએ પાંચ રહે તેને મૃત્યુ બાણ કહે છે. તે બુધ પંચક વિવાહ, પ્રતિષ્ટા, અને દિક્ષામાં વર્જ કરવા.

ઉપર કહેલા દોષને વર્જ કરીને, શુદ્ધ લગ્ન લેઇને, શાસ્ત્ર દેશાનુસાર શુકન બલ લેઇને શુભ કામ કરે તેને કોઇ પ્રકારે લક્ષ્મિ ક્ષિણ થાય નહિ; સદા સર્વદા તેને ત્યાં લક્ષ્મિ નિવાસ કરે. વિશેષ નીચેના યંત્રથી જાણવું. ॥ ૧૯–૨૬ ॥

ઉત્તમ દિક્ષા કુંડલી યંત્ર.

૨. ચં. શુ.	ગુરૂ.	શુક્ર.
ચં. મં. બુ. શુ		૨.સો.મં.શ.બુ
ગુરૂ.		મં. બુ. ગુ.
૨. બુ. શુ	ગુરૂ.	બુ. શુ.
૨.સો.મં.બુ.શુ.		શની.

મધ્યમ દિક્ષા કુંડલી યંત્ર.

૨.બુ.શુ.સૌ.શ.	ગુ. શુ.	શુક્ર.
૨.બુ શુ.શ.ગુરૂ		૨. બુ. ગુ. શુ.
શુ. ગુ.		ચં. બુ. ગુ.
બુ. ગુ. શુ.	બુ. ગુ.	બુ. ગુ. શુ.
બુ. ગુ. શુ. શ.		૦૦૦૦૦૦૦

ચંદ્ર યુક્ત ફળ યંત્ર.

ચં. ૨.	રાજભય.
ચં. શ.	વિપત્તિ.
ચં. શુ.	ધનહાની.
ચં. ગુ.	મરણ.
ચં. બુ.	ભય.
ચં. મં.	કલહ.

બુધ પંચક યંત્ર.

૧૫	૫	કલહ.
૧૨	૫	અગ્નિ ભય.
૧૦	૫	નૃપ ભય.
૮	૫	ચોર ભય.
૪	૫	મરણ.

ઉપરની દિક્ષા કુંડલીના બાર ભુવનમાં જે ગ્રહો દેખાડવામાં આવ્યા છે તે જ પ્રમાણે દિક્ષા વખતે લગ્નમાં ગ્રહ હોય તો ઉત્તમ મુહૂર્ત સમજવું, તે ન મળે તો જોડે મધ્યમ કુંડલી આપી છે તે જોઇ દિક્ષા દેવી.

इति श्री सागरचंद्रस्य पारंये प्राप्नुमिच्छति ।
गृह्यतांतत्तरीतुल्पं यंत्रकोद्धार दिप्पनं ॥२७॥

॥ इति श्री नरचंद्र जैन ज्योतिष प्रथम अने द्वितिय किर्ण समाप्तम् ॥

ભાવાર્થઃ—શ્રી નરચંદ્ર આચાર્ય રચિત આ નરચંદ્ર જૈન જ્યોતિષ નામે ગ્રંથ જ્યોતિષરૂપી સમુદ્રમાંથી ઉદ્ધાર કરી રચ્યો છે, માટે આ ગ્રંથ પણ સમુદ્રતુલ્ય છે. જે ભવ્ય જીવોને જ્યોતિષરૂપી સમુદ્ર પાર પામવાની ઇચ્છા હોય તેમણે આ ગ્રંથ યંત્ર, અર્થ સહિત મનન (અવલોકન) કરવો જેથી પાર [illegible]શે. ॥ ૨૭ ॥

શ્રી સાગરચંદ્રસુરિકૃત શ્રી નરચંદ્ર જૈન જ્યોતિષ પ્રથમ
અને દ્વિતીય કિર્ણ યંત્ર સહિત સમાપ્ત.

શ્રી ઠાણાંગ, જંબુદ્વીપપન્નત્તિ સૂત્રોને આધારે પાંચ સંવત્સર, તીથિ વિગેરે.

પાંચ સંવત્સરનાં નામઃ—૧ નક્ષેત્રસંવત્સર, ૨ યુગસંવત્સર, ૩ પ્રમાણુસંવત્સર. ૪ લક્ષણુસંવત્સર. ૫ શનિશ્ચરસંવત્સર.

પ્રથમ નક્ષેત્રસંવત્સરના બાર ભેદઃ—૧ શ્રાવણ, ૨ ભાદરવો, ૩ આસો, ૪ કારતક, ૫ માગશર, ૬ પોષ, ૭ મહા, ૮ ફાગણ. ૯ ચૈતર, ૧૦ વૈશાખ, ૧૧ જેઠ, ૧૨ અશાડઃ એ બાર. અથવા બ્રહસ્પતિ નામે ગ્રહ બાર વર્ષે સર્વ નક્ષેત્રના મંડળને ભોગવીને પૂર્ણ કરે, તેને નક્ષેત્ર સંવત્સર કહે છે.

બીજા યુગસંવત્સરનાં પાંચ ભેદઃ—૧ ચંદ્ર, ૨ ચંદ્ર, ૩ અભિવર્ધન, ૪ ચંદ્ર, ૫ અભિવર્ધન. એ પાંચ ભેદ. પ્રથમ ચંદ્ર સંવત્સરના ચોવીશ પખવાડીઆં, એમ ત્રણ ચંદ્ર સંવત્સરના થઇને ચોવીસ તરી બહોંતેર પખવાડીઆં, અને અભીવર્ધન સંવત્સરના છવીસ પખવાડીઆં; એમ બે અભિવધનનાં મળીને છવી દુ બાવન પખવાડીઆં જાણવાં. એકંદરે પાંચનાં થઇને ૧૨૪ એકસો ચોવીસ પખવાડીઆં થાય. તેને યુગ સંવત્સર કહે છે.

ત્રીજા પ્રમાણુ સંવત્સર તથા ચોથા લક્ષણુ સંવત્સરના પાંચ ભેદઃ—૧ નક્ષત્ર, ૨ ચંદ્ર, ૩ ઋતુ, ૪ આદિત્ય, ૫ અભિવર્ધન. નક્ષત્ર સરખાં આવે એટલે જે વખતે જે નક્ષત્રનો ચંદ્રમા સાથે જોગ જોડવો જોઇએ તે નક્ષત્ર જોગ જોડે. જેમકે, કાર્તકી પુનમે કૃતિકા, માગશરની પુનમે મૃગશર, પોષે પુષ્પ, માહાએ મઘા, ફાગણે ઉત્તરાફાલ્ગુણી, ચૈતરે ચિત્રા, વૈશાખે વિશાખા, જેઠે જેષ્ટા, અષાડે ઉત્તરાષાઢા, શ્રાવણે શ્રવણ, ભાદરવે ઉત્તરાભાદ્રપદ અને આસોએ અશ્વની; એ પ્રમાણે માસને નામે નક્ષેત્ર આવે તે સમ નક્ષેત્ર કહીએ; તથા સમ ઋતુ સરખી પરીણમે

એટલે ટાઢ વખતે ટાઢ, અને તાપ વખતે તાપ, વરસાદ વખતે વરસાદ હોય તેને નક્ષત્ર સંવત્સર કહે છે.

બીજો ચંદ્ર સંવત્સર ઉપર કહ્યું તેથી વિપરીત (બીજીરીતે) હોય. જેમકે, પુનમે ચંદ્રમા સાથે, તે પુનમના નામ પ્રમાણે નક્ષત્ર ન હોય, પણ બીજું હોય; તથા તાપ ઘણો, ટાઢ ઘણી, ઘામ ઘણો, વરસાદ ઘણો વરસે તેને ચંદ્ર સંવત્સર કહે છે.

ત્રીજો ઋતુ સંવત્સર વનસ્પતિના પ્રવાળ વીશમ રીતે પરીણમે; ઋતુ વિનાના ફળપુલ આપે; વરસાદ સરખી રીતે ન વરસે તેને ઋતુ તથા કર્મ સંવત્સર કહે છે.

ચોથો આદિત્ય સંવત્સર તે થોડા વરસાદે કરી પૃથ્વી, પાણી ફલપુલનો રસ આપે; સમ્યક્ પ્રકારે ધાન્ય નીપજે; તે આદિત્ય સંવત્સર કહે છે.

પાંચમો અભિવર્ધન સંવત્સર તે સૂર્યના તાપે કરી તપ્યા થકા ક્ષણ, લવ, દિવસ, ઋતુ, પરીણમે, અને નીચાં સ્થાનક જળે કરી ભરાય; તેને અભીવર્ધન સંવત્સર કહીએ. એ ત્રીજો પ્રમાણ, તથા ચોથો લક્ષણ સંવત્સર જાણવો.

પાંચમો શનિશ્ચર સંવત્સર અભિજીતાદિ ૨૮ નક્ષત્રને શનિશ્ચર મહા ગ્રહ ૩૦ વર્ષે ભોગવી લે. એ સંવત્સર અભિજીત, શ્રવણ, ધનિષ્ટા, જાવત ઉત્તરાષાઢા; એ અઠ્ઠાવીશ પ્રકાર જાણવા. એ સંવત્સરના બાર માસ તેના બે પ્રકાર-તે લૌકીક અને લોકોત્તર. લૌકીક એટલે વેદાંત, બ્રાહ્મણ શાસ્ત્ર આશ્રી; અને લોકોત્તર તે જૈન શાસ્ત્ર આશ્રી જાણવું. લૌકીક બાર માસ-શ્રાવણ, ભાદરવો આસો, કારતક, માગશર, પોષ, મહા, ફાગણ, ચૈતર, વૈશાખ, જેઠ, અને અષાઢ. લોકોત્તર એટલે જૈન પક્ષે બાર માસ—૧. અભિનંદી એટલે શ્રાવણ માસ, ૨ પ્રતીષ્ટિત, ૩ વિજય, ૪ પ્રીતિવર્ધન, ૫ શ્રીયાંશ, ૬ સીવ, ૭ શીશીર, ૮ હીમત, ૯ વસંત, ૧૦ કુસુમ સંભવ, ૧૧. નીદાઘ, અને ૧૨ વનવિરોધ.

એક માસના બે પક્ષ-૧ બહુલ પક્ષ, અને ૨ શુકલ પક્ષ.

એક પક્ષના પંદર દિવસ-૧ પુર્વાંગ, ૨ સિદ્ધ મનોરમ, ૩ મનોહર, ૪ યશોભદ્ર, ૫ યશોધરા, ૬ સર્વ કામ સમર્ધ, ૭ ઇંદ્રમુદ્ધો ભિષક્ત, ૮ સોમણુશ, ૯ ધનંજય, ૧૦ અર્થસિદ્ધ, ૧૧ અભિજાત, ૧૨ અત્યાશન, ૧૩ સતંજય, ૧૪ અગ્નિવેશ્મ, ૧૫ ઉપશમ; એ પંદર દિવસ કૃષ્ણપક્ષના. હવે તેજ પક્ષની તીથીઓનાં નામ-૧ નંદા, ૨ ભદ્રા, ૩ જયા, ૪ રીક્તા, ૫ પૂર્ણા. એ રીતે પાંચને ત્રણ વાર ગણતાં ૧૫ તીથી થાય.

હવે એ પક્ષની પંદર રાત્રીનાં નામ-૧ ઊત્તમા, ૨ સુનક્ષત્રા, ૩ એલાપત્યા, ૪ યશોધરા, સોમણુશા, ૬ શ્રી સંભૂતા, ૭. વિજયા, ૮ વિજયંતી, ૯ જયંતી. ૧૦ અપરાજીતા, ૧૧ ઇચ્છા, ૧૨ સમાહારા, ૧૩ તેજા, ૧૪ અતીતેજા, અને ૧૫ દેવાનંદા. એ પંદર રાત્રીની પંદર તીથીઓનાં નામ-૧. ઉગ્રવતી, ૨. ભોગવતી, ૩ યશોવતી, ૪ સર્વસિદ્ધા, ૫ શુભનામ, એ પાંચ ત્રણ વાર ગણુતા ૧૫ રાત્રીની તીથી જાણવી. એક રાત્રી-દીવસના ૩૦ મુહૂર્ત થાય તેનાં નામ-૧ રૌદ્ર, ૨ શ્વેત, ૩ મીત્ર, ૪ વાયુ, ૫ સુપીન, ૬ અભીચંદ્ર, ૭ માહેંદ્ર, ૮. બળવાન, ૯ બ્રહ્મ, ૧૦ બ્રહ્મસત્ય, ૧૧ ઇશાન, ૧૨ ત્વષ્ટા, ૧૩ ભાવિતાત્મા ૧૪ વૈશ્રમણ, ૧૫ વારૂણ, ૧૬ આનંદ, ૧૭ વિજય, ૧૮ વિશ્વેશન ૧૯ પ્રજાપત્ય, ૨૦ ઉપશમ, ૨૧ ગાંધર્વ, ૨૨ અગ્નિ વૈશ્ય, ૨૩, શત વૃષભ, ૨૪ આતપવાન, ૨૫ અમમ, ૨૬ ઊણવાન, ૨૭ ભૌમ, ૨૮ વૃષભ, ૨૯ સર્વાર્થ, અને ૩૦ રાક્ષસ.

અગીઆર કરણનાં નામ—૧ બવ, ૨ બાલવ, ૩ કૌલવ, ૪ સ્તિમિત લોચન, ૫ ગરાદી, ૬ વણીજ, ૭ વિષ્ટી, ૮ શકુની, ૯ ચતુષ્પદ, ૧૦ નાગ, અને ૧૧ કીસ્તુઘ્ન. તેમાં પ્રથમના સાત કરણ ચર, અને છેલ્લાં ચાર કરણ સ્થિર છે, શુકલપક્ષની એકમની રાત્રે બવ કરણ હોય, બીજને દીવસે બાલવ કરણ હોય, અને રાત્રે કૌલવ કરણ હોય; એમ તીથીના દીવસ રાત્રી ને કરણ

એક પછી એક લેતાં-મુકતાં જાવત્ પુનમના દીવસે વીષ્ટી અને રાત્રે બવ કરણ આવે. કૃષ્ણપક્ષના પડવાને દીવસે બાલવ અને રાત્રે કૌલવ કરણ આવે. એમ દીવસ રાત્રીનાં અનુક્રમે કરણ લેતાં મુકતાં જાવત્ ચૌદશને દીવસે વીષ્ટી અને રાત્રે શકુની કરણ આવે; અમાવાસ્યાને દીવસે ચતુષ્પદ અને રાત્રે નાગ કરણ આવે. શુકલ પક્ષના પડવાના દીવસે કીસ્તુઘ્ન ચર કરણ બદલાય અને સ્થિર કરણ હંમેશાં તેજ તીથીએ આવે.

ઉપર કહેલી બીનાઓમાં મુખ્ય કોણ છે તે કહે છે—સંવત્સરમાં મુખ્ય ચંદ્ર સંવત્સર, આયનમાં મુખ્ય દક્ષીણાયન, ઋતુમાં મુખ્ય પ્રાવૃટ્, માસમાં મુખ્ય શ્રાવણ, પક્ષમાં મુખ્ય કૃષ્ણ પક્ષ, અહોરાત્રીમાં મુખ્ય દીવસ, મુહુર્ત્તમાં મુખ્ય રૌદ્ર, કરણમાં મુખ્ય બાલવ અને નક્ષેત્રમાં મુખ્ય અભીજીત.

એક યુગના પાંચ સંવત્સર, દશ આયન, ત્રીશ ઋતુ, સાઠ માસ, એકસોવીશ પક્ષ. એક હજાર આઠસેં ને ત્રીશ અહોરાત્રી, અને ચોપન હજાર નવસેં મુહુર્ત થાય.

ઉપર બતાવેલાં નક્ષત્ર અશ્વનીથી ગણ્યા છે, અને સૂત્રમાં અભીજીત નક્ષત્રથી ગણ્યા છે. હવે તેનાં નામ—૧ અભીજીત, ૨ શ્રવણ, ૩ ધનિષ્ટા, ૪ સતભીષા, ૫ પૂર્વાભાદ્રપદ, ૬ ઉત્તરાભાદ્રપદ, ૭ રેવતી, ૮ અશ્વની, ૯ ભરણી, ૧૦ કૃતિકા, ૧૧ રોહિણી, ૧૨ મૃગશર, ૧૩ આર્દ્રા, ૧૪ પુનર્વસુ, ૧૫ પુષ્ય, ૧૬ અશ્લેષા, ૧૭ મઘા, ૧૮ પૂર્વાફાલ્ગુણી, ૧૯ ઉત્તરાફાલ્ગુણી, ૨૦ હસ્ત, ૨૧ ચિત્રા, ૨૨ સ્વાંતિ, ૨૩ વિશાખા, ૨૪ અનુરાધા, ૨૫ જયેષ્ટા, ૨૬ મૂળ, ૨૭ પૂર્વાષાઢા, ૨૮ ઉત્તરાષાઢાઃ એ અઠ્ઠાવીસ નક્ષત્ર કહ્યાં. તેમાંથી છ નક્ષત્ર ચંદ્રમાને બાહીરલે પંદરમે માંડલે દક્ષિણ તરફ જોગ જોડે છે, તેનાં નામઃ—૧ મૃગશર, ૨ આર્દ્રા, ૩ પુષ્ય, ૪ અશ્લેષા, ૫ હસ્ત, ૬ મૂલઃ એ છ.

ચંદ્રમાંથી ઉત્તર દિશે બાર નક્ષત્ર જોગ જોડે છે તેનાં નામઃ—૧ અભીજીત, ૨ શ્રવણ, ૩ ધનિષ્ટા, ૪ સતભીશા, ૫

પૂર્વાભાદ્રપદ, ૬ ઉત્તરાભાદ્રપદ, ૭ રેવતી, ૮ અશ્વની, ૯ ભરણી, ૧૦ પૂર્વાફાલ્ગુણી, ૧૧ ઉત્તરાફાલ્ગુણી, ૧૨ સ્વાંતિ.

ચંદ્રમાને ઉત્તર અને દક્ષિણ દિશે સાત નક્ષત્ર જોગ જોડે છે તેનાં નામઃ—૧ કૃતિકા, ૨ રોહિણી, ૩ પુનર્વસુ, ૪ મઘા, ૫ ચિત્રા, ૬ વિશાખા, ૭ અનુરાધા. તેમજ ૧ પૂર્વાષાઢા અને ૨ ઉત્તરાષાઢા; એ બે નક્ષત્ર સર્વ બાહીરલે માંડલે દક્ષીણે ચંદ્રમાને પ્રમર દીને જોગ જોડે છે, અને જ્યેષ્ટા નક્ષત્ર સદા ચંદ્રમાને પ્રમર દીને જોગ જોડે છે. અઠ્ઠાવીસ દેવનાં નામ તે આગળ કહ્યાં છે ત્યાંથી જોવું.

અભીજીત નક્ષત્રથી તારાની સંખ્યા—૩ ૩ ૫ ૧૦૦ ૨ ૨ ૩૨ ૩ ૩ ૬ ૫ ૩ ૧ ૫ ૩ ૬ ૭ ૨ ૨ ૫ ૧ ૧ ૫ ૪ ૩ ૧૧ ૪ ૪ એ અઠ્ઠાવીસ નક્ષત્રના અનુક્રમે તારા જાણવાં.

અઠ્ઠાવીસ નક્ષત્રનાં ગોત્રઃ—૧ મુદ્દગલાયન, ૨ સંખ્યાયન, ૩ અગ્રભાવ, ૪ કરણીલાયન, ૫ જાતુકર્ણ, ૬ ધનંજય. ૭ પુષ્પાયન, ૮ અશ્વાયન, ૯ ભાર્ગવેશ, ૧૦ અગ્નિવેષ, ૧૧ ગૌતમ, ૧૨ ભારદ્વાજ, ૧૩ લોહીત્ય, ૧૪ વાસીષ્ટ, ૧૫ અવમન્જાયન, ૧૬ માંડવ્યાયન, ૧૭ પીંગલાયન, ૧૮ ગોવલ્લાયન, ૧૯ કાશ્યપ, ૨૦ કૌશીક, ૨૧ દર્ભાયન, ૨૨ ચામરછાય, ૨૩ શૃંગાયન, ૨૪ ગોલવ્યાયન, ૨૫ તીગીછાયન, ૨૬ કાત્યાયન, ૨૭ અવધ્યાયન, અને ૨૮ વ્યાઘ્રાપત્ય. નક્ષત્રની આકૃતિ તેમજ નક્ષત્રની મુહૂર્તિ આગળ કહી છે ત્યાંથી જોવી.

અઠ્ઠાવીસ નક્ષત્રમાં બાર કુળ નક્ષત્ર છે, તેના નામઃ—૧ ધનિષ્ટા, ૨ ઉત્તરાભાદ્રપદ, ૩ અશ્વની, ૪ કૃતિકા, ૫ મૃગશર, ૬ પુષ્ય, ૭ મઘા, ૮ ઊત્તરાફાલ્ગુણી, ૯ ચિત્રા, ૧૦ વિશાખા, ૧૧ મૂળ, ૧૨ ઉત્તરાષાઢા અને ચાર નક્ષત્ર કુલોપકુળ છે તેનાં નામઃ—૧ અભીજીત, ૨ સતભિષા, ૩ આર્દ્રા, ૪ અનુરાધા. અને બાકી રહ્યા તે ઉપકુલ જાણવાં.

દરેક પુનમે નક્ષત્ર જોગ જોડે તેનાં નામઃ—શ્રાવણ માસની પુનમે ત્રણ નક્ષત્રમાંથી એક નક્ષત્ર જોગ જોડે; તે ૧ અભીજીત,

૨ શ્રવણ, ૩ ધનિષ્ટા. એ ત્રણમાંથી એક હોય, એમજ ભાદરવાની પુનમે પણ ત્રણમાંથી એક હોય; તે ૧ સતભીશા; ૨ પૂર્વાભાદ્રપદ; ૩ ઉત્તરાભાદ્રપદ. એ ત્રણમાંથી એક હોય. આસોની પુનમે બેમાંથી એક હોય તે ૧ રેવતી, ૨ અશ્વની, કાર્તકી પુનમે ૧ ભરણી, ૨ કૃતિકા, માગશરે રોહિણી કે મૃગશર; પોષે આર્દ્રા, પુનર્વસુ કે પુષ્ય; મહાએ અશ્લેષા કે મઘા; ફાગણે પૂર્વાફાલ્ગુણી કે ઊત્તરાફાલ્ગુણી; ચૈતરે હસ્ત કે ચિત્રા; વૈશાખે સ્વાંતિ કે વિશાખા; જેઠે અનુરાધા, જ્યેષ્ટા કે મુળ; અષાઢે પૂર્વાષાઢા કે ઉત્તરાષાઢા; એ નક્ષત્ર કહ્યાં તેમાંથી ગમે તે એક નક્ષત્ર પુનમે જોગ જોડે.

અમાસનાં નક્ષત્રઃ—શ્રાવણ વદી અમાસે અશ્લેષા કે મઘા એ બેમાંથી એક હોય; ભાદરવા વદી અમાસે પૂર્વાફાલ્ગુણી કે ઉત્તરાફાલ્ગુણી હોય; આસો વદી અમાસે હસ્ત કે ચિત્રા હોય; કારતક વદી અમાસે સ્વાંતિ કે વિશાખા હોય; માગશર વદી અમાસે અનુરાધા, જેષ્ઠા કે મુળ હોય; પોષ વદી અમાસે પૂર્વાષાઢા કે ઉત્તરાષાઢા હોય; મહા વદી અમાસે અભીચ, શ્રવણ કે ધનિષ્ટા હોય; ફાગણ વદી અમાસે સતભીષા, પૂર્વાભાદ્રપદ કે ઉત્તરાભાદ્રપદ હોય; ચૈત્ર વદી અમાસે રેવતી કે અશ્વની હોય; વૈશાખ વદી અમાસે ભરણી કે કૃતિકા હોય; જેઠ વદી અમાસે રોહિણી કે મૃગશર હોય; અશાડ વદી અમાસે આર્દ્રા, પુનર્વસુ કે પુષ્ય હોય. જ્યારે શ્રાવણની પુનમે જે નક્ષત્ર હોય તે જ નક્ષત્ર મહા વદી અમાસે હોય; એમ જ મહાની પુનમે જે નક્ષત્ર હોય તે જ નક્ષત્ર શ્રાવણની અમાસે હોય, એ પ્રમાણે પુનમે પુનમે તથા અમાસે અમાસે એમ છ છ મહીનાને આંતરે એના એ જ નક્ષત્ર આવે.

જ્ઞાન ભણવાનાં દસ નક્ષત્રનાં નામઃ—૧ મૃગશર, ૨ આર્દ્રા, ૩ પુષ્ય, ૪ પૂર્વાષાઢા, ૫ પૂર્વાભાદ્રપદ, ૬ પૂર્વાફાલ્ગુણી, ૭ મુલ, ૮ અશ્લેષા, ૯ હસ્ત, ૧૦ ચિત્રા, એ દસ નક્ષત્રમાં

જ્ઞાન ભણુવાનો અભ્યાસ કરે તો જ્ઞાનની વૃદ્ધિ થાય, અને વિઘ્નનો નાશ થાય. માટે એ નક્ષત્રમાં જ્ઞાન ભણવું શ્રેષ્ઠ છે. એમ ઠાણુંગ સૂત્રમાં કેવળજ્ઞાનીએ ફરમાવ્યું છે.

रात्रि दिवसनी पोरशी भरवानुं मान.

आसाढे मासे दुपया । पोष मासे चउप्पया ॥
चित्ता सोएसु मासेसु । तिपया हवइ पोरशी ॥१॥

ભાવાર્થ:—દક્ષિણુ દીશા તરફ મોં રાખી ઉભા રહેવું, પછી ડાબો પગ જરા આગળ જમીન ઊપર ઊભો રાખવો, અને ઢીંચણુ ઉપર આંગળી મુકવી; તે પગ અને આંગળીની નીશાનીનો છાંયો પશ્ચિમ દીશા તરફ પડે તે છાંયાની નીશાની રાખી જમણા પગથી છાંયો ભરવો એટલે જો અષાડ મહીનાની પુનમ હોય તો પગલાંની છાંયાએ પોરશી આવી જાણવી. એમ પોષ શુદી પુનમે ચાર પગલે પોરશી, આસો અને ચૈતરે ત્રણ પગલે પોરશી, એ ગાથાના અનુસારે સંક્ષેપથી પોરશી કહી. હવે વિસ્તારથી કહે છે. તે એવી રીતે કે અષાડથી પોષ મહિના સુધી દરેક મહિને ચાર આંગળ છાંયો વધારવો, અને પોષથી અષાડ મહિના સુધી દરેક મહિને ચાર ચાર આંગળ છાંયો ઘટાડવો. જેમકે, અષાડ શુદી પુનમે બે પગલે પોરશી, અને અષાડ વદી અમાસે બે પગલાં ને બે આંગળે પોરશી આવે. શ્રાવણુ શુદી આઠમે બે પગલાં ને ત્રણુ આંગળે પોરશી આવે, અને શ્રાવણુ શુદી પુનમે બે પગલાં ને ચાર આંગળે પોરશી આવે; એમ ભાદરવા શુદી પુનમે બે પગલાં ને આઠ આંગળે પોરશી આવે, અને આસો શુદી પુનમે બે પગલાં ને બાર આંગળે પોરશી આવે એટલે ત્રણુ પગલાં થયાં. એક પગલાના બાર આંગળ સમજવા. એમ જ કારતક શુદી પુનમે ત્રણુ પગલાં ને ચાર આંગળ; માગશર શુદી પુનમે ત્રણુ પગલાં ને આઠ આંગળ; પોષ શુદી પુનમે ત્રણુ પગલાં ને બાર આંગળ એટલે ચાર પગલાં.

મહા શુદિ પુનમથી ચાર ચાર આંગળ ઘટાડવા, એટલે મહા શુદિ પુનમે ત્રણ પગલાં ને આઠ આંગળે પોરશી આવે; ફાગણ શુદિ પુનમે ત્રણ પગલાં ને ચાર આંગળે પોરશી આવે; ચૈત્રશુદિ ત્રણ પગલે પુનમે અને વશાખ શુદિ પુનમે બે પગલાં ને આઠ આંગળે પોરશી આવે: જેઠ સુદિ પુનમે બે પગલાં ને ચાર આંગળે પોરશી આવે; અને અષાડ શુદિ પુનમે બે પગલે પોરશી આવે.

પોરશી ભરવાની બીજી રીત—દક્ષિણ દીશા તરફ મોં રાખી જમીન ઉપર બેસવું, અને ડાબા હાથની વેંત પશ્ચિમ દીશા તરફ જમીન ઉપર ઉભી રાખવી; તે વેંતનો જે છાંયો હોય તેને જમણા હાથની આંગળીએ નીશાન રાખવું, પછી તેજ વેંત જમીન ઉપર ઊંધી વાળવી, તેમાં અષાડ સુદિ પુનમે એક વેંત છાંયે પોરશી સમજવી. એમ મહિને મહિને બબ્બે આંગળ છાંયા પોષ સુદિ પુનમ સુધી વધારવી, એટલે પોષ સુદિ પુનમે બે વેંત છાંયે પોરશી આવે, અને પોષ સુદિ પુનમ પછી દરેક મહિને બબ્બે આંગળ છાંયો ઘટાડવો; એટલે અષાડ સુદિ પુનમે એક વેંત છાંયે પોરશી આવે.

પોરશીનું વિસ્તારથી માપ—અષાડ સુદિ પુનમે એક વેંત છાંયે પોરશી આવે. એક વેંતના બાર આંગળ સમજવા. અષાડ વદી આઠમે એક વેંત ને અડધા આંગળે પોરશી આવે; અષાડ વદી અમાસે એક વેંત ને એક આંગળે પોરશી આવે; શ્રાવણ સુદિ આઠમે એક વેંત ને દોઢ આંગળે પોરશી આવે; શ્રાવણ સુદિ પુનમે એક વેંત ને બે આંગળે પોરશી આવે; ભાદરવા સુદિ પુનમે એક વેંત ને ચાર આંગળે પોરશી આવે; આશો સુદિ પુનમે એક વેંત ને છ આંગળે પોરશી આવે; કારતક સુદિ પુનમે એક વેંત ને આઠ આંગળે પોરશી આવે; માગશર સુદી પુનમે એક વેંત ને દશ આંગળે પોરશી આવે; અને પોષ સુદિ પુનમે એક વેંત ને બાર આંગળે (બે વેંતે) પોરશી આવે.

પોષ મહીનાથી આંગળ ઘટાડવા એટલે મહા સુદી પુનમે

એક વેંત ને દશ આંગળે; ફાગણ સુદી પુનમે એક વેંત ને આઠ આંગળે; ચૈતર સુદી પુનમે એક વેંત ને છ આંગળે; વૈશાખ સુદી પુનમે એક વેંત ને ચાર આંગળે; જેઠ સુદી પુનમે એક વેંત ને બે આંગળે; અને અષાડ સુદી પુનમે એક વેંતે પોરશી આવે.

દીવસની ઘડી ભરવાની રીત એટલે કેટલી ઘડી દીવસ ચઢયો તેની સમજ કહે છે—પ્રથમની રીતે વેંતનો છાંયો ભરવો. જેમકે, છાંયો ભરતા એક વેંત ને આઠ આંગળ છાંયો છે, ત્યારે કેટલી ઘડી દીવસ ચઢયો તેની રીતઃ—વેંતના બાર આંગળ અને ઉપર આઠ આંગળ ઉમેરવા, એટલે બાર ને આઠ વીસ આંગળ થયા, તે વીસમાંથી અડધા બાદ કરવા એટલે દસ રહ્યા; એ દશમાં બીજા સાત ઉમેરવા એટલે સત્તર થયા; તેને એકસો વીસે ભાગતાં સત્તર સતા ઓગણીશાસો એટલે સાતનો આંક આવ્યો; તો સમજવું કે સાત ઘડી દીવસ ચઢયો. હવે બીજું ઉદાહરણ કહે છે-એક વેંત ને ચાર આંગળ છાંયા છે, તેનાં આંગળ સોળ થયા, તેમાંથી અડધા બાદ કરતાં આઠ રહ્યા, તેમાં સાત ઉમેરતાં પંદર થાય, તેને એકસો વીસે ભાગતાં પંદર અઠ્ઠા વીસુસો એટલે આઠનો આંક આવ્યો; માટે આઠ ઘડી દીવસ ચઢયો જાણવો. હવે ત્રીજું ઉદાહરણ કહે છે. જેમકે, બે વેંત છાંયા છે, એટલે ચોવીસ આંગળ છાંયા થઈ; તેમાંથી અડધા બાદ કરતાં બાર રહ્યાં; તેમાં સાત ઉમેરતાં ઓગણીશ થયા; તેને એકસો વીસે ભાગતાં ઓગણી છક ચૌદાતેરસો એટલે છ ઘડી દિવસ ચઢયો સમજવો; એ પ્રમાણે દિવસની ઘડીનુ પ્રમાણુ સમજવું.

કયે મહિને કેટલી ઘડીનો પહોર થાય તે કહે છેઃ—અષાડ સુદી પુનમે છત્રીસ ઘડીનો દિવસ અને ચોવીસ ઘડીની રાત્રી છે.* તે અષાડ સુદિ ૧૫ થી ગણતાં દરેક મહીને બે ઘડી દિવસ ઘટાડવો, અને બે ઘડી રાત્રી વધારવી; જેથી પોષ સુદી

* આ ગણત્રી સામાન્ય છે. વિશેષ આગળ જણાવેલ છે.

૧૫મે ચોવીસ ઘડીનો દીવસ, અને છત્રીસ ઘડીની રાત્રી થાય. એમ પોષ સુદ ૧૫ થી અષાડ સુદ ૧૫ સુધી બબ્બે ઘડી દરેક મહિને વધારવી અને રાત્રી બબ્બે ઘડી ઘટાડવી એટલે અષાડ સુદિ ૧૫ ને દિવસે છત્રીસ ઘડીનો દીવસ અને ચોવીસ ઘડીની રાત્રી થાય. તે દિવસ ને રાત્રીના પ્રમાણમાં ચોથા ભાગની પોરશી સમજવી એટલે અષાડ સુદી ૧૫મે છત્રીસ ઘડીનો દિવસ છે ત્યારે નવ ઘડીની પોરશી અને અષાડ વદી અમાસને દિવસે પોણા નવ ઘડીની પોરશી સમજવી. શ્રાવણ સુદી પુનમે સાડા આઠ ઘડીની પોરશી. એમ ભાદરવા સુદી પુનમે આઠ ઘડીની પોરશી. આસો સુદી પુનમે સાડાસાત ઘડીની પોરશી, અને એ પ્રમાણે પોષ સુદિ પુનમે છ ઘડીની પોરશી સમજવી. પોષ સુદી પુનમથી દિવસ વધે છે માટે મહિને બે ઘડી વધારતાં અષાડ સુદ પુનમે નવ ઘડીની પોરશી થાય. એવીજ રીતે દિવસ પ્રમાણે ચોઘડીયાં પણ સમજવાં. પોષ સુદિ પુનમે ત્રણ ઘડીનું ચોઘડીયું અને અષાડ સુદી પુનમે સાડાચાર ઘડીનું ચોઘડીઉં જાણવું.

નક્ષત્રને આધારે રાત્રીની પોરશીનું અનુમાન—જે મહિને જે નક્ષત્રો રાત પુરી કરે એટલે પશ્ચિમ દિશાએ સૂર્ય અસ્ત થાય તેની સાથેજ પૂર્વ દીશામાં નક્ષત્ર ઉદય થાય. તેને આધારે સમજવું કે, ચોથે ભાગે નક્ષેત્ર આવ્યું હોય તો સમજવું, કે પહોર રાત્રી ગઇ, મધ્યમાં આવ્યું હોય તો મધ્ય રાત્રી સમજવી, અને ચોથે ભાગે રહ્યું હોય તો પાછલી રાત્રી સમજવી. એને આધારે મહાત્માઓ ધર્મકરણી, નિદ્રા વગેરે પોતાના ધર્મ કૃત્યો કરે છે.

કયે મહીને કેટલા નક્ષત્રો રાત્રી પુરી કરે તે કહે છેઃ—શ્રાવણ મહિને ચાર નક્ષેત્ર રાત્રી પુરી કરે તેનાં નામઃ-૧ ઉત્તરાષાઢા ચૌદ દિવસ સુધી રહે, ૨ અભિજીત સાત દિવસ સુધી, ૩ શ્રાવણ આઠ દિવસ સુધી, ૪ ધનિષ્ટા એક દિવસ સુધી, એમ ચાર નક્ષેત્ર મળી એક મહિનો પુરો કરે. ભાદરવા મહિને ચાર નક્ષેત્ર રાત્રી પુરી કરે તેનાં નામઃ-૧ ધનિષ્ટા ચૌદ દિવસ, ૨ સતભીષા

સાત દિવસ, ૩ પૂર્વા ભાદ્રપદ આઠ દિવસ, ૪ ઉત્તરા ભાદ્રપદ એક દિવસ. આસો મહીને ત્રણ નક્ષેત્ર રાત્રી પુરી કરે. તેનાં નામઃ—૧ ઉત્તરા ભાદ્રપદ ચૌદ દિવસ, ૨ રેવતી, પંદર દિવસ, ૩ અશ્વની એક દિવસ. કારતક મહીને ત્રણુ નક્ષેત્ર રાત્રી પુરી કરે તેનાં નામઃ-૧ અશ્વની ચૌદ દિવસ, ૨ ભરણી પંદર દિવસ, ૩ કૃતિકા એક દિવસ. માગશર મહિને ત્રણુ નક્ષેત્ર રાત્રી પુરી કરે તેનાં નામઃ-૧ કૃતિકા પંદર દિવસ, ૨ રોહિણી ચૌદ દિવસ, ૩ મૃગશર એ દિવસ. પોષ મહિને ચાર નક્ષેત્ર રાત્રી પુરી કરે તેનાં નામઃ-૧ મૃગશર ચૌદ દિવસ, ૨ આદ્રા આઠ દિવસ, ૩ પુનર્વસુ સાત દિવસ, ૪ પુષ્ય એક દિવસ. મહા મહિને ત્રણુ નક્ષેત્ર રાત્રી પુરી કરે તેનાં નામઃ-૧ પુષ્ય ચૌદ દિવસ, ૨ અશ્લેષા પંદર દિવસ, ૩ મઘા એક દિવસ. ફાગણુ મહિને ત્રણુ નક્ષેત્ર રાત્રી પુરી કરે તેનાં નામઃ-૧ મઘા ચૌદ દિવસ, ૨ પૂર્વાફાલ્ગુણી ૧૫ દિવસ, ૩ ઉત્તરા ફાલ્ગુણી એક દિવસ. ચૈતર મહિને ત્રણુ નક્ષેત્ર રાત્રી પુરી કરે તેનાં નામઃ-૧ ઉત્તરા ફાલ્ગુણી ચૌદ દિવસ, ૨ હસ્ત પંદર દિવસ. ૩ ચિત્રા એક દિવસ. વૈશાખ મહિને ત્રણુ નક્ષત્ર રાત્રી પુરી કરે તેનાં નામઃ-૧ ચિત્રા ચૌદ દિવસ, ૨ સ્વાંતિ પંદર દિવસ, ૩ વિશાખા એક દિવસ. જેઠ મહિને ચાર નક્ષેત્ર રાત્રી પુરી કરે તેનાં નામ-૧ વિશાખા ચૌદ દિવસ, ૨ અનુરાધા આઠ દિવસ, ૩ જ્યેષ્ઠા સાત દિવસ. ૪ મુલ એક દિવસ, અષાડ મહિને ત્રણુ નક્ષેત્ર રાત્રી પુરી કરે તેનાં નામઃ-૧ મુલ ચૌદ દિવસ, ૨ પૂર્વાષાઢા પંદર દિવસ, ૩ ઉત્તરાષાઢા એક દિવસ. એ પ્રમાણે નક્ષેત્રના આધારે પોરશી સમજવી, શ્રી ઊત્તરાધ્યયન સૂત્રને આધારે આ અનુમાન ગણ્યું છે.

દીક્ષા વિષે.

દીક્ષા દેવાના નક્ષત્રઃ—૧ પુનર્વસુ, ૨ પુષ્ય, ૩ સ્વાંતી, ૪ અનુરાધા, ૫ હસ્ત, ૬ શ્રવણ, ૭ ધનિષ્ટા, ૮ રેવતી, ૯ રોહિણી, ૧૦ અશ્વની, ૧૧ સત્ભીષા, ૧૨ ઉત્તરાષાઢા, ૧૩ ઉત્તરાભાદ્રપદ, ૧૪ ઉત્તરાફાલ્ગુણી; એ ચૌદ નક્ષેત્રોમાં દીક્ષા દેવી.

દીક્ષા દેવાની તીથીઃ—એકમ, બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, દશમ, અગીઆરશ, બારશ, અને તેરશ.

દીક્ષા દેવાના વારઃ—શનિવાર, સોમવાર, બુધવાર, ગુરૂવાર અને શુક્રવાર. એ વાર અને ઉપર બતાવેલી તીથીમાં આગળ બતાવેલા ચંદ્રનું બળ જોઇને દીક્ષા દેવી, એમ મ્હોટા પુરૂષો કહે છે. (કોઇક પાનામાં લખ્યું છે.) વિશેષમાં ચૈતર અને જેઠ માસમાં દીક્ષા આપવી નહી. આપે તો વિઘ્ન થાય એમ અનુભવીઓ કહે છે.

ગરોળી વિચાર.

૧ જમતાં ભાણામાં ગરોળી પડે તો તે માણસ મહા સુખ પામે. ૨ ધોળી ગરોળી માથા ઊપર પડે તો છત્ર ધરાવે એટલે રાજ્ય તરફથી સુખ મળે. ૩ કાળી ગરોળી માથા ઊપર પડે તો કોઇ જાતનું દુઃખ ભોગવવું પડે. ૪ કાળી કે ધોળી ગમે તે ગરોળી કપાળ ઉપર પડે તો ધનનો લાભ થાય. ૫ આંખ ઉપર પડે તો પોતાના ધણી, સ્વામી કે પોષકનો નાશ થાય. ૬ ઉપલા હોઠ ઉપર પડે તો ધનનો નાશ થાય. ૭ નીચેના હોઠ ઉપર પડે તો હાથ બંધાવે. ૮ નાક ઉપર પડે તો રાજા તરફથી દુઃખ થાય. ૯ જમણે કાને પડે તો ધનની હાની થાય. ૧૦ ડાબે કાને પડે તો ધનની પ્રાપ્તિ થાય. ૧૧ કેડ ઉપર પડે તો કોઇ પણ જાતનું નુકશાન થાય. ૧૨ જમણા હાથ ઉપર પડે તો કલેશ, વઢવાડ થાય. ૧૩ ડાબા હાથ ઉપર પડે તો બંધન કરાવે. ૧૪ ગળા ઉપર પડે તો બાળકનો નાશ થાય. ૧૫ પેટ ઉપર પડે તો

પુત્ર તરફથી દુઃખ થાય. ૧૬ જમણી કેડ ઉપર પડે તો પુત્રી તરફથી પીડા તથા કલેશ થાય. ૧૭ પુંઠ ઉપર પડે તો રોગ થાય. ૧૮ કુંખ ઉપર પડે તો વિઘ્નનો નાશ થાય. ૧૯ ખોળામાં પડે તો પુત્રની આશા પુરી થાય. ૨૦ બરડા ઉપર પડે તો રાજ્ય તરફથી માન મળે. ૨૧ જમણા પગની ઘુંટી ઉપર પડે તો પોતાના વડીલને માથે દુઃખ આવે. ૨૨ ડાબા પગની ઘુંટી ઉપર પડે તો વડીલોને સુખી દેખે. ૨૩ પગની આંગળી ઉપર પડે તો સાસુ મરે. ૨૪ પગના તળીઆ ઉપર પડે તો દૂર મુસાફરી કરવાનું થાય.

ઉપર કહ્યા પ્રમાણે સર્વે બોલ સમજવા; પણ એટલો ફેર છે કે સર્વે ઠેકાણે ધોળી ગરોળી પડે તો સારી અને કાળી ગરોળી પડે તો અનિષ્ટ જાણવી.

ફાંકડું અથવા ચોથાના ઘર વિષે.

એકમ ને શનીવાર, બીજ ને શુક્રવાર, ત્રીજ ને ગુરૂવાર, ચોથ ને બુધવાર, પાંચમ ને મંગળાર, છઠ્ઠ ને સોમવાર અને સાતમ ને રવિવાર હોય તો એ દીવસે ફાંકડું અથવા ચોથાનું ઘર કહે છે. તે દિવસે શુભ કામ ન કરવું, વિહાર ન કરવો, ચાતુર્માસ જવું હોય તો તે દીવસે ગામમાં ન પેસવું. તે સિવાય કોઇ પણ શુભ કામ ન કરવું. ચંદ્રમા સન્મુખ હોય તો પણ શુભ કામ ન કરવું એમ કેટલાક આચાર્યો કહે છે.

ચોથાનું ઘર ગણવાની રીતઃ—મુસલમાનની જે તારીખ હોય તે તારીખ લેવી.× એ તારીખમાં બીજા બે ઉમેરવા અને રવીવારથી વાર ઉમેરવા. એ સર્વેને ભેગા કરી ચારે ભાગવાં. જે વધે તેટલાનું ઘર સમજવું. કાંઇ ન વધે તો ચોથાનું ઘર સમ-

---

× મુસલમાનની તારીખ લેવાનું કારણ એટલું છે, કે આપણામાં તીથી વધે તથા ઘટે તે વખતે માણસ ગણતાં ઘુંચાય તેથી તે તારીખ લીધી છે, બાકી તો જે બે ઉમેરવાના છે તે એકમ તે બીજ સમજવી.

જવું. તેમાં પરગામ જવું હોય તો, પહેલાનું ઘર શ્રેષ્ટ, ગામમાં અથવા ઘરમાં પ્રવેશ કરવો હોય તો બીજાનું ઘર શ્રેષ્ટ, અને રાજકાજના કામમાં ત્રીજાનું ઘર શ્રેષ્ટ સમજવું. જો ચોથાના ઘરમાં જાય અથવા કામ કરે તો મરે નહીં તો માંદો પડે.

ग्रह शान्ति करवानो जाप.

માણસોને એક પછી એક નવ ગ્રહ હમેશાં સારા માઠા આવે જાય છે. તે વખતે માઠા ગ્રહમાં માણસ આકુળવ્યાકુળ બની આમતેમ દોડાદોડ કરે છે; પણ તેમ ન કરતાં જાપ કરવાથી ગ્રહ શાન્ત થાય છે. તે જાપ કરવાની રીત નીચે પ્રમાણેઃ—

સુર્યની દશાનો જાપઃ—રાતાં વસ્ત્ર તથા રાતી નવકારવાળી ધારણ કરી પૂર્વ તથા ઉત્તર દીશા તરફ બેસી સવારમાં સૂર્યની દશા હોય ત્યાં સુધી ૐ ह्रॅं पद्मप्रभु नमस्तुभ्यम् मम शान्ति शान्तिः આ મંત્ર ભણી એક મણકો મુકવો, અને એમ એક આખી નવકારવાળી ફેરવવી.

ચંદ્રની દશાનો જાપઃ—ધોળાં વસ્ત્ર તથા ધોળી નવકારવાળી ધારણ કરી ઉપરની વિધિ પ્રમાણે ૐ ह्रॅं चंद्रप्रभु नमस्तुभ्यम् मम शान्ति शान्तिः એ પ્રમાણે મંત્ર ભણી એક નવકારવાળી ફેરવવી.

મંગળની દશાનો જાપઃ—રાતાં વસ્ત્ર તથા રાતી નવકારવાળી ધારણ કરી ઉપરની વિધિ પ્રમાણે ૐ ह्रॅं वासुपूज्य प्रभु नमस्तुभ्यम् मम शान्ति शान्तिः એ પ્રમાણે મંત્ર ભણી એક નવકારવાળી ફેરવવી.

બુધની દશાનો જાપઃ—પીળાં વસ્ત્ર તથા પીળી નવકારવાળી ધારણ કરી ઉપરની વિધિ પ્રમાણે ૐ ह्रॅं शान्तिनाथ प्रभु नमस्तुभ्यम् मम शान्ति शान्तिः એ પ્રમાણે મંત્ર ભણી એક નવકારવાળી ફેરવવી.

ગુરૂની દશાનો જાપઃ—પીળાં વસ્ત્ર તથા પીળી નવકાર-

વાળી ધારણ કરી ઉપરની વિધિ પ્રમાણે ॐ ह्रीं ऋषभदेव प्रभु नमस्तुभ्यम् मम शान्ति शान्तिः એ પ્રમાણે મંત્ર ભણી એક નવકારવાળી ફેરવવી.

શુક્રની દશાનો જાપઃ—ધોળાં વસ્ત્ર તથા ધોળી નવકાર-વાળી ધારણ કરી ઉપરની વિધિ પ્રમાણે ॐ ह्रीं सुविधिनाथ प्रभु नमस्तुभ्यम् मम शान्ति शान्तिः એ પ્રમાણે મંત્ર ભણી એક નવકારવાળી ફેરવવી.

શનિની દશાનો જાપઃ—ધોળાં વસ્ત્ર તથા કાળી નવકાર-વાળી ધારણ કરી ઉપરની વિધિ પ્રમાણે ॐ, ह्रीं, मुनीसुव्रत प्रभु नमस्तुभ्यम् मम शान्ति शान्ति. એ પ્રમાણે મંત્ર ભણી એક નવકારવાળી ફેરવવી.

રાહુની દશાનો જાપઃ—પીળાં વસ્ત્ર તથા પીળી નવકાર-વાળી ધારણ કરી ઉપરની વિધિ પ્રમાણે ॐ ह्रीं नेमीनाथ प्रभु नमस्तुभ्यम् मम शान्ति शान्तिः એ પ્રમાણે મંત્ર ભણી એક નવકારવાળી ફેરવવી.

કેતુની દશાનો જાપઃ—લીલાં વસ્ત્ર તથા લીલી નવકાર-વાળી ધારણ કરી ઉપરની વિધિ પ્રમાણે ॐ ह्रीं पार्श्वनाथ प्रभु नमस्तुभ्यम् मम शान्ति शान्तिः એ પ્રમાણે મંત્ર ભણી એક નવકારવાળી ફેરવવી.

अथ श्री ग्रह दर्पण फळ विषे.

સૂર્યના બારે ભાવનું ફળ.

૧ સૂર્ય પહેલાં ભાવ (લગ્ન)માં બેઠો હોય તો શરીર ઊંચું, સ્ત્રી અને વારસોથી દુઃખી, વાતપિત્તનો રોગી, પૈસાની તંગીવાળો, સ્વભાવે ક્રોધી, રક્ત વર્ણનો, અને ઘડી ઘડીમાં ચીડ-વાઈ જનારો (મિથ્યા વીર્ય સ્ખલીત કરનારો), પણ ઊંચનો અથવા સ્વઘરી એટલે પોતાની રાશીમાં બેઠો હોય તો તે મનુષ્ય

કીર્તિવાળો, બળવાળો, અને લાંબી નજરવાળો જાણવો, અને નીચનો હોય તો પ્રતાપી હોય પણ જ્ઞાનનો દ્વેષ કરે, દારિદ્રી તથા નેત્રના રોગવાળો હોય, અને ચંદ્રના ઘરમાં એટલે કર્ક રાશીમાં બેઠો હોય તો જ્ઞાની અને પાણીથી ટપકતી આંખોવાળો જાણવો. અને તે શનિના ઘરમાં એટલે મકર અગર કુંભ રાશીનો હોય તો છાતીની પીડાવાળો જાણવો. ગુરૂના ઘરમાં એટલે ધન અગર મીન રાશીનો હોય તો સ્ત્રીની સેવા કરનારો જાણવો. જો બુધના ઘરમાં એટલે મીથુન કે કન્યા રાશીનો હોય તો તેને કન્યાની પ્રજા હોય તેમજ સ્ત્રીહીન એટલે સ્ત્રીના સુખ વગરનો, અને જો શુક્રના ઘરનો એટલે વરખ યા તુલા રાશીનો હોય તો કૃતઘ્નિ અને સ્ત્રીના સુખ વગરનો, અને મંગળના ઘરનો એટલે મેષ યા વૃશ્ચિક રાશીનો હોય તો પ્રતાપી, વાચાળ, વેપારમાં કુશળ અને અંતરગળના રોગવાળો જાણવો.

૨ સૂર્ય બીજે ભાવે બેઠો હોય તો કુટુંબમાં કલેશ કરનાર, અપજશ પામનાર, અને ગરમીની પીડાવાળો જાણવો. મુખમાં રોગ, રાજાના દંડથી ધનનો નાશ, પણ તેમાં સ્વગ્રહી અથવા ઊંચનો હોય તો ધનવાન, વિદ્વાન, અને નેત્રનો રોગી, વેપારમાં કુશળ અને તેજસ્વી જાણવો. તેમજ પોતાના પરાક્રમથી ધન પેદા કરે, વાચાળ, તથા જ્ઞાની જાણવો. જો ગુરૂના ઘરમાં બેઠો હોય તો ધનવાન, વાચાળ, કુટુંબના સુખવાળો, તથા મિત્રને સારૂ ધન ખર્ચ કરનારો જાણવો. બુધના ઘરમાં બેઠો હોય તો જ્ઞાની, કુટુંબના કલેશવાળો, અને તેની પાસે ધન આવે જાય. જો શુક્રના ઘરમાં બેઠો હોય તો કુટુંબનો કલેષી, તથા ધન આવે તે ખર્ચી નાખે તેવો જાણવો, શનીના ઘરમાં બેઠો હોય તો ધન નાશ પામે. કુટુંબનો કલેશી જાણવો, અને જો ચંદ્રના ઘરમાં બેઠો હોય તો કુટુંબમાં સુખી જાણવો, મંગળના ઘરમાં બેઠો હોય તો પોતાના પરાક્રમથી ધન મેળવે તથા વાચાળ જાણવો.

૩ સૂર્ય ત્રીજા ભાવે સ્વગ્રહી અથવા ઊંચનો હોય તો બુદ્ધિશાળી, ભાંડુના અને ચાકરના સુખવાળો જાણવો. જો શુક્રના ઘરમાં

બેઠો હોય તો ભાંડુના કષ્ટવાળો, અને ચાકરના દુઃખવાળો જાણવો, ચંદ્રના ઘરમાં બેઠો હોય તો ભાંડુના સુખવાળો, સારા ઉદ્યમવાળો, ચાકરવાળો, સારા આચરણવાળો, સારા કર્મ કરનારો અને સારી કાન્તિવાળો જાણવો. જો બુધના ઘરમાં બેઠો હોય તો શૂરાતનથી કીર્તિવાળો, બુદ્ધિવાળો, અને થોડા ભાંડુવાળો જાણવો. જો મંગળના ઘરમાં બેઠો હોય તો તેને ભાંડુ હોય નહીં અથવા હોય તો ભાંડુ સાથે કુસંપ જાણવો, ગુરૂના ઘરમાં બેઠો હોય તો ભાંડુ સાથે મિત્રતા હોય, ચાકર દુષ્ટ મળે ને પોતાનું ધન પોતે ભોગવનારો જાણવો. જો શનીના ઘરનો હોય તો ભાંડુનો નાશ થાય, ચાકરો દુષ્ટ મળે અને નાસ્તિક થાય.

૪ સૂર્ય ચોથા ભાવે બેઠો હોય તો, સુખ શાન્તિ વિનાનો, ઉપાધીઓથી ભરપુર, અને માતા પિતાથી દુઃખી જાણવો, પણ સૂર્ય સ્વગ્રહી અથવા ઊંચનો હોય તો વાહનના સુખવાળો, વૈભવી, માતા પીતાના સુખવાળો, અને ભાગ્યશાળી જાણવો. એ ચોથા ભાવમાં મિત્ર, ઘર, ખેતર, વાડી, સુખ, માતા, વાહન, પશુ, ગાય, ભેંસ, કુવા, નવાણ એટલી બાબતોનું જોવાય છે, એ બાબતોનો સુખી જાણવો. જો શુક્રના ઘરનો હોય તો માતા પિતાનો દુઃખી, પશુની ઘાતવાળો, અને સ્થાનક નાશ પામે, જો બુધના ઘરનો હોય તો માતા પિતાનો સુખી, વૈભવવાળો, હંમેશાં માથાના રોગવાળો, અહંકારી, અને ગુપ્ત પીડાવાળો જાણવો. જો ચન્દ્રના ઘરનો હોય તો ખેતર, વાડી તથા ઘરના સુખવાળો જાણવો. મંગળના ઘરમાં બેઠો હોય તો મિત્ર ઘણા હોય, પણ તેનાથી વિરૂદ્ધ થાય. જો શનિના ઘરમાં બેઠો હોય તો શરીરે, ખોડવાળો, અહંકારી, વિરોધ બાંધનારો, અને તેનું શરીર ગરમ રહે તથા ઈંદ્રીની પીડાવાળો જાણવો.

૫ સૂર્ય પાંચમા ભાવે બેઠો હોય તો સ્વભાવે ક્રોધી, સત્ય પ્રીયતા, અને સંતતીથી દુઃખી જાણવો. પણ પોતાની રાશીનો અર્થાત્ ઊંચનો હોય તો તે માણસ પાંચમા ભાવનો સુખી જાણવો. અને એ પાંચમા ભાવમાં બુદ્ધિ, વિદ્યા, સંતાન, મંત્ર,

વિવેક, શક્તિ, વિગેરે જોવાય છે. એ તમામ બાબતનો સુખી જાણવો. અને જો શુક્રના ઘરમાં બેઠો હોય તો પુત્ર વગરનો, ભ્રમ બુદ્ધિવાળો, ક્રોધી, થોડી વિદ્યાવાળો જાણવો. જો બુધના ઘરમાં બેઠો હોય તો મંદ બુદ્ધિવાળો જાણવો, અને પુત્ર સાથે અણબનાવ થાય. જો ચંદ્રના ઘરમાં બેઠો હોય તો ઉતાવળી બુદ્ધિવાળો અને તેને કન્યાની પ્રજા થાય, મંગળના ઘરમાં બેઠો હોય તો એકાદ પુત્ર થાય, પણ તે પુત્ર પરાક્રમી હોય. જો શનિના ઘરમાં બેઠો હોય તો એક અથવા બે પુત્ર હોય. ઉતાવળી બુદ્ધિવાળો, પુત્ર સાથે કોઇ કોઇ વખતે વિરોધ થાય, મલેચ્છ રાજાની વિદ્યા થકી ધન પ્રાપ્તિ થાય. અને જો ગુરૂના ઘરમાં બેઠો હોય તો પુત્ર વગરનો, નિર્મળ બુદ્ધિવાળો, જ્ઞાની, ધર્મ તથા પુણ્ય ઉપર પ્રીતિવાળો થાય.

૬. સૂર્ય છઠ્ઠા ભાવે બેઠો હોય તો શત્રુઓનો નાશ, નિરોગી શરીરવાળો, મોસાળથી દુઃખી, અને મુસાફરીમાં હેરાન થનારો જાણવો. પણ પોતાની રાશીનો અથવા ઊંચનો હોય તો મોસાળ પક્ષથી સુખી, શત્રુ અને રોગ રહિત જાણવો. શુક્રના ઘરમાં બેઠો હોય તો રોગ અને શત્રુથી દુઃખી, મોસાળનો નાશ કરનારો જાણવો. બુધના ઘરમાં બેઠો હોય તો શત્રુ વગરનો, કફ પ્રકૃતિનો હોય. ચન્દ્રની રાશીમાં હોય તો દમીયલ જાણવો. ગુરૂના ઘરમાં બેઠો હોય તો રોગ, શત્રુનો નાશ કરનારો, મોસાળનો સુખી જાણવો. શનિના ઘરમાં બેઠો હોય તો રોગ, શત્રુનો વધારો કરનારો, મોસાળના સુખ વગરનો જાણવો. મંગળના ઘરમાં બેઠો હોય તો રોગ અને શત્રુ થાય નહિ અને મોસાળના સુખ વગરનો જાણવો.

૭. સૂર્ય સાતમે ભાવે બેઠો હોય તો સ્ત્રીથી દુઃખી, શરીરે નિર્બળ, આંખોની પીડાવાળો, અદેખો, અને નીંદ્રા રહિત જાણવો. પોતાની રાશી અથવા ઊંચનો હોય તો સ્ત્રીના સુખવાળો, અને વેપારમાં લાભ પામનારો જાણવો. જો શુક્રના ઘરમાં બેઠો હોય

તો મોટી ઉંમરે સ્ત્રી મળે પણ તે વ્યભિચારી હોય જેથી સ્ત્રીની સાથે અણબનાવ રહે. મંગળના ઘરમાં બેઠો હોય તો બે સ્ત્રીવાળો, મુસાફરી કરનારો જાણવો. બુધના ઘરમાં બેઠો હોય તો દારૂડીઓ, હલકો ખોરાક ખાનારો, નફ્ફટાઈથી ખુશ રહેનારો, ચન્દ્રના ઘરમાં હોય તો માનસિક ચિંતાવાળો, શરીરે ગરમીની પીડાવાળો જાણવો. શનિના ઘરમાં બેઠો હોય તો સ્ત્રીના સુખ વગરનો, વેપારમાં લાભ નહિ પામનારો, અને બીકણ જાણવો. ગુરૂના ઘરમાં બેઠો હોય તો વેપારમાં કુશળ અને લાભ મેળવનારો જાણવો.

૮. સૂર્ય આઠમા ભાવે બેઠો હોય તો પૈસાથી દુઃખી, લંપટ, જુઠુ બોલનાર, વ્યભિચારી, અભક્ષ વસ્તુ ખાનાર, મદિરા પાન સેવનાર, અને ગુહ્યનો રોગી જાણવો. પણ પોતાની રાશીનો અથવા ઊંચનો હોય તો લાંબુ આયુષ્ય ભોગવનારનો જાણવો. શુક્રના ઘરમાં બેઠો હોય તો પુત્રના સુખ વગરનો, દારિદ્રિ જાણવો. મંગળના ઘરમાં બેઠો હોય તો નેત્રનો રોગી, શરીરે ગરમીની પીડાવાળો જાણવો. બુધના ઘરમાં બેઠો હોય તો હમેશનો માંદો અને સ્ત્રી તથા વેપારની ચિન્તાવાળો, ગુરૂના ઘરમાં બેઠો હોય તો રોગી અને ધનથી દુઃખી જાણવો. શનીના ઘરમાં બેઠો હોય તો અલ્પ આયુષી અને ધન વગરનો જાણવો. ચન્દ્રના ઘરમાં બેઠો હોય તો દમનો રોગી જાણવો.

૯. સૂર્ય નવમા ભાવે બેઠો હોય તો, ધર્મ પર શ્રદ્ધા રાખનારો, કુટુંબથી દુઃખી, ધર્મ ક્રિયા અને તપ કરનારો હોય છે. પણ પોતાની રાશી અથવા ઊંચનો હોય તો પુણ્યશાળી, ધન, વૈભવ, અને પુત્રના સુખવાળો જાણવો. શુક્રના ઘરમાં બેઠો હોય તો થોડા ભાગ્યવાળો, મા બાપથી વિરોધ કરનારો જાણવો. બુધના ઘરમાં બેઠો હોય તો પુત્ર અને સ્ત્રીના સુખવાળો જાણવો. ગુરૂના ઘરમાં બેઠો હોય તો માબાપના સુખવાળો, મુસાફરીનો શોખીન જાણવો. શનીના ઘરમાં બેઠો હોય તો કમનસીબ, ધર્મ રહિત જાણવો. મંગળના ઘરમાં બેઠો હોય તો પાપ બુદ્ધિવાળો

નિશ્ચય કર્મ કરનારો હોય છે. અને ચન્દ્રના ઘરમાં બેઠો હોય તો મુસાફરીનો શોખીન, પરદેશથી ભાગ્યનો ઉદય થાય છે.

૧૦. સૂર્ય દશમા ભાવે બેઠો હોય તો, માને દુઃખી કરનારો, મિત્ર અને સગાંઓથી વેર રાખનારો, મજુરી કરી પેટ ભરનારો, સ્થાન વગરનો જાણવો. પણ જો પોતાની રાશીનો અથવા ઊંચનો હોય તો રાજદરબારના સુખવાળો, પિતાથી સુખ પામવાવાળો, માન આબરૂવાળો, રાજ વૈભવવાળો જાણવો. શુક્રના ઘરમાં બેઠો હોય તો માતા પિતાનું સુખ થોડું જાણવું. રાજ દરબારથી અપજશ અને વેપારમાં લાભ નહિ મેળવનારો જાણવો. જો ચન્દ્રના ઘરમાં બેઠો હોય તો કીર્ત્તિવાળો જાણવો, બુધના ઘરમાં બેઠો હોય તો રાજની મહેરબાની મેળવે. ગુરૂના ઘરમાં બેઠો હોય તો રાજથી ધન મેળવે. મંગળના ઘરમાં બેઠો હોય તો રાજ્ય તરફથી કીર્તિ મેળવે. શનીના ઘરમાં બેઠો હોય તો માતા પિતાના સુખ વગરનો, રાજદરબારથી અપમાન પામનારો અને વેપાર વગરનો હોય છે.

૧૧. સૂર્ય અગીયારમાં ભાવે બેઠો હોય તો મોટો અધિકારી બની રાજ્યથી ધન પેદા કરનારો, પ્રતાપી, શત્રુઓનો પરાજય કરનારો, પોતાના પરાક્રમથી ધન મેળવનાર, તામસ ગુણવાળો સંતતીથી દુઃખી હોય છે. પણ જો પોતાની રાશીનો અથવા ઉંચ રાશીનો હોય તો દરેક જગ્યાએથી લાભ મેળવનાર, વસ્ત્ર આભુષણ વિગેરેથી સુખી જાણવો, શુક્રના ઘરમાં બેઠો હોય તો લાભ વિનાનો, સંતાનથી દુઃખી જાણવો, શનીના ઘરમાં બેઠો હોય તો મૂર્ખ પુત્ર ઉત્પન્ન કરનારો, નીચ માણસથી નુકશાન પામનારો, અને સ્વભાવે ક્રોધ હોય છે. મંગળના ઘરમાં બેઠો હોય તો બુદ્ધિ અને સંતાનથી પીડા પામનારો, અને પૈસાનો લાભ મેળવનારો હોય છે. ગુરૂના ઘરમાં બેઠો હોય તો બુદ્ધિશાળી, છોકરાવાળો, અને હંમેશાં લાભ મેળવનારો હોય છે. ચન્દ્રના ઘરમાં બેઠો હોય તો વસ્ત્રાભુષણ અને સંતાનથી સુખી જાણવો. બુધના ઘરમાં બેઠો હોય તો કીર્તિવાળો અને ધનવાન જાણવો.

૧૨. સૂર્ય બારમા ભાવે બેઠો હોય તો, આંખોનો રોગી, શત્રુઓથી ઘેરાયલો અનીતિથી લાભ મેળવનાર, પૈસાનો ઉડાઉ, અને જરૂર પડે ત્યારે પૈસાની તંગીવાળો, મોટાઇ વિનાનો પણ જો પોતાની રાશીનો અથવા ઉંચ રાશીનો હોય તો પૂણ્યશાળી, કંજુસ, અને કોઇ વખત સારા કામમાં પૈસા ખર્ચનાર, શુક્રના ઘરમાં બેઠો હોય તો પાપી, ઉડાઉગીર જાણવો. શનીના ઘરમાં બેઠો હોય તો રોગી અને પાપના કામમાં પૈસા ખર્ચનારો હોય છે. મંગળના ઘરમાં બેઠો હોય તો પરદેશમાં રહેનારો, મતિભ્રષ્ટ, થનારો, દયાહીન હોય છે. બુધના ઘરમાં હોય તો ગરીબ, સુખ વગરનો હોય છે. ગુરૂના ઘરમાં બેઠો હોય તો સારા કામમાં પૈસો વાપરનારો ધન અને સુખ થોડું ભોગવનારો હોય છે. ચન્દ્રના ઘરમાં બેઠો હોય તો શુભ માર્ગમાં ધન ખર્ચનારો અને જળાશય બંધાવનારો હોય છે.

ચન્દ્રના બારે ભાવનું ફળ.

૧ ચન્દ્ર પહેલા ભાવે બેઠો હોય અને મેષ, વૃષભ, કે કર્કનો હોય તો ઉજ્વળ શરીરવાળો, અસ્થિર ચિત્તવાળો, આનંદી, ભાગ્યવાન, અને સારી કાંતિવાળો હોય છે. જો મંગળના ઘરમાં બેઠો હોય તો દારિદ્રી અને શરદીના રોગવાળો જાણવો, શુક્રના ઘરમાં બેઠો હોય તો હાડના દરદવાળો જાણવો. ને બુધના ઘરમાં હોય તો ભાગ્યશાળી અને સુખી, અને પોતાના કુળમાં મુખ્ય અધિકારી જાણવો. ગુરૂની રાશીમાં બેઠો હોય તો વિદ્વાન જાણવો. શનિની રાશીમાં બેઠો હોય તો કદ્રુપો, અને મોટા દાંતવાળો અને હંમેશાં રોગી જાણવો. જો સૂર્યની રાશીમાં બેઠો હોય તો નેત્રનો રોગી (મોતીયાના પાણી તથા ઝામરના દરદવાળો) જાણવો.

૨ ચન્દ્ર બીજા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો અથવા ઉંચનો હોય તો ધન કુટુંબથી સુખી, મંગળના ઘરમાં કે ક્ષીણ કળાનો હોય તો દારિદ્રી તથા કુટુંબથી દુઃખી જાણવો.

બુધના ઘરમાં બેઠો હોય તો ધન અને વૈભવથી સુખી જાણવો. ગુરૂની રાશીમાં બેઠો હોય તો વાચાળ અને પ્રતાપી જાણવો. શનીની રાશીમાં બેઠો હોય તો ધન વિનાનો જાણવો. સૂર્યની રાશીમાં બેઠો હોય તો દમની પીડાવાળો, કુટુંબથી દુઃખી જાણવો. શુક્રના ઘરમાં બેઠો હોય તો ધન અને કુટુંબથી સુખી જાણવો.

૩. ચન્દ્ર ત્રીજા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો અથવા ઊંચનો હોય તો પરાક્રમી, રાજ્ય મેળવનાર, સ્ત્રી સાથે વિનોદ કરનાર, ભાંડુથી સુખી અને વ્રત નિયમમાં રહેનારો જાણવો. મંગળના ઘરમાં હોય તો ભાંડુ વગરનો, આળસુ અને નિરૂદ્યમી હોય છે. બુધના ઘરનો હોય તો પરાક્રમ વિનાનો જાણવો. શુક્રના ઘરનો હોય તો મધ્યમ પરાક્રમી જાણવો. સૂર્યના ઘરનો હોય તો ચાડીચુગલી કરનારો, વાયડો હોય છે. ગુરૂના ઘરનો હોય તો ભાંડુના સુખવાળો, પરાક્રમી અને ધનવાળો હોય છે. શનીના ઘરનો હોય તો ભાંડુના થોડા સુખવાળો, પુણ્યશાળી, ભાગ્યવાન અને પરાક્રમી હોય છે.

૪ ચન્દ્ર ચોથા ભાવે બેઠો હોય તો ભાઇઓ અથવા મિત્રોની લાગવગથી રાજ્યમાં મોટો અધિકારી થાય, પુત્ર તથા સ્ત્રીઓથી સારૂં સુખ ભોગવે પણ આયુષ્યના પહેલા અર્ધા ભાગમાં તે સુખ મળે નહિ. પણ જો ચન્દ્ર ચોથા ભાવે પોતાની રાશીનો કે ઊંચનો હોય તો માતાનું સુખ, ઘર, ખેતર, વાડીનું સુખ મિત્ર અને વાહનનું સુખ, પશુ તથા સ્થાનકનું સુખ ભોગવે. અને જો મંગલના ઘરમાં હોય તો શરીરે દુઃખી, માતા અને મિત્રનું સુખ થોડું ભોગવે. જો શુક્રના ઘરમાં હોય તો માતા રોગી રહે, બુધના ઘરમાં હોય તો બીજી સ્ત્રીને ધાવીને મોટો થાય, ગુરૂના ઘરમાં હોય તો મીઠા ભોજન જમે અને અનેક જાતના વૈભવો ભોગવે. શનીના ઘરમાં હોય તો પરસ્ત્રી પર મોહ રાખે પણ માતા પિતાથી સુખી, ઘર, પશુ, વાહન, ખેતર અને ઘણા મિત્રો મળે, વૈભવ ભોગવે અને સૂર્યના ઘરમાં હોય તો પોતે તથા માતા રોગી રહે.

૫ ચન્દ્ર પાંચમાં ભાવે બેઠો હોય તો સંતાનથી, સુખી, નિર્મળ બુદ્ધિ, જમીન અને રત્ન લાભ મેળવે, પણ જો પોતાની રાશીનો અથવા ઊંચનો હોય તો તે પુરૂષની સ્ત્રી રૂપાળી હોય, વિદ્યા ભણે, ધનનો લાભ હમેશાં મળે, અને કન્યાની પ્રજા થાય. મંગળના ઘરમાં હોય તો જાડી બુદ્ધિ, વિદ્યા ભણે નહિ, સંતાન વગરનો, કદાચિત સંતાન થાય તો પુત્રીઓ થાય. શુક્રના ઘરમાં હોય તો મહામહેનતે પોતાના નિર્વાહ જેટલું ધન મેળવે પણ તે પુરૂષ બુદ્ધિનો બળીયો હોય. બુધના ઘરનો હોય તો, એકાદ પુત્રનું સુખ આપે, ગુરૂના ઘરનો હોય તો ધનવાન, પુત્રવાન, અને વૈભવવાળો હોય, શનીના ઘરનો હોય તો મંદ મતિ, નિચ કામ કરવાની બુદ્ધિ હોય; વિદ્યા ભણે નહિ અને મુર્ખ હોય. જો સૂર્યના ઘરનો હોય તો રાજવિદ્યા ભણે અને પુત્રવાન હોય.

૬ ચન્દ્ર છઠ્ઠા ભાવે બેઠો હોય તો મોટા માણસો સાથે લડાઈમાં જીતે, અને હારેલા શત્રુ તેની પાસે સલાહ કરવા આવે, પણ જો પોતાની રાશીનો કે ઊંચનો હોય તો મોસાળથી સુખી અને રોગ, શત્રુનો નાશ કરનાર જાણવો. મંગળના ઘરનો હોય તો શરીરે સદા રોગી રહે, શત્રુનો હંમેશાં ભય હોય, અને મોસાળ સુખ મળે નહિ. શુક્રના ઘરનો હોય તો વિધવા સ્ત્રી સાથે સંભોગ કરનારો, પાપકર્મ કરનાર થાય, બુધના ઘરનો હોય તો પાપી, કંકાસ કરનારો હોય છે; ગુરૂના ઘરનો હોય તો રોગ, શત્રુ હંમેશાં જારી રહે અને મોસાળ પક્ષથી હંમેશાં દુઃખી. શનીના ઘરનો હોય તો રોગ, શત્રુ રહિત, શત્રુ પોતાની મેળે જ શાંત થાય. મોસાળથી સુખી, અને સારે માર્ગે ધન ખર્ચનારો, સગા સંબંધી જોડે પ્રેમ રાખે. સૂર્યના ઘરનો હોય તો રોગી રહે.

૭ ચન્દ્ર સાતમા ભાવે બેઠો હોય તો વેપાર કરવાથી લક્ષ્મી મેળવનાર, રૂપવાળી સ્ત્રી ભોગવનાર, પરસ્ત્રીમાં પ્રીતિ રાખનાર, સ્વાદિષ્ટ ભોજન ખાનાર, લોભી હોય છે. પોતાની રાશીનો હોય તો મધુર બોલનારો, મીઠા સ્વરવાળો, ગાયનનો શોખીન,

સ્ત્રી તરફથી સુખી અને વેપારમાં કુશળ જાણવો. જો ઊંચનો હોય તો ભાગ્યશાળી, ચન્દ્રની દશા અંતર દશામાં ભાગ્યનો ઉદય થાય, મંગળના ઘરમાં એટલે વૃશ્ચિક રાશીમાં બેઠો હોય તો સ્ત્રી વ્યભિચારી મળે, શુક્રની રાશીમાં એટલે તુલા રાશીમાં બેઠો હોય તો પર સ્ત્રી લંપટ, તે પરદેશમાં વાશ કરનારો જાણવો. બુધના ઘરમાં હોય તો સ્ત્રી સાથે અણબનાવ રાખે, ગુરૂની રાશીમાં બેઠો હોય તો પૈસાથી લાભ મેળવનારો, વેપારમાં કુશળ અને સુખી જાણવો. શનીના ઘરમાં બેઠો હોય તો પોતાના કરતાં શ્યામ વર્ણની સ્ત્રી મળે. અને સૂર્યના ઘરમાં બેઠો હોય તો મોસાળનો સુખી જાણવો.

૮ ચન્દ્રમાં આઠમા ભાવમાં બેઠો હોય તો શરીરે શરદીના રોગવાળો, સમુદ્રની મુસાફરી કરનારો, પણ જો પોતાની રાશીનો કે ઊંચનો હોય તો લાંબા આયુષ્યવાળો, દેવ ઉપર પ્રીતિવાળો અને ધર્મનાં કામ કરનાર, અને જો વૃશ્ચિકનો હોય તો અલ્પ આયુષ્યવાળો, શરીરનો દુઃખી જાણવો. તુલાનો હોય તો અલ્પ આયુષ્યવાળો, કન્યાનો તથા મિથુનનો હોય તો દમનો રોગી, સીંહનો હોય તો વિશાળ પ્રકૃત્તિનો, ધન અગર મીનનો હોય તો મધ્યમ આયુષ્યવાળો, મકરનો હોય તો શરીરે દુઃખી, કુંભનો હોય તો દારિદ્રિ અને રોગી જાણવો.

૯ ચન્દ્ર નવમા ભાવે બેઠો હોય તો ધર્મ ઉપર પ્રીતિ રાખનારો, સદાચારી, પ્રતિષ્ટાવાળો, ભાગ્યશાળી હોય છે, પોતાના ઘરનો એટલે કર્કનો હોય તો શાસ્ત્રનો જાણકાર, પુણ્યવાન, તીર્થ-યાત્રાનો કરનાર, ઘર વાડી અને પુત્રથી સુખી, ભાગ્યશાળી જાણવો. જો વરખનો હોય તો તેની દશા અંતર દશામાં ભાગ્યનો ઉદય થાય, અને વેપારમાં સારો લાભ મેળવે. વૃશ્ચિકનો હોય તો નાસ્તિક. પાપ કર્મ કરીને, આજીવિકા ચલાવનારો, મિથ્યાભિમાની જાણવો. તુલાનો હોય તો મંદભાગી જાણવો. મિથુનનો હોય તો પિતાથી વધારે સુખી જાણવો. કન્યાનો હોય તો સ્ત્રીથી સુખી, અને વેપારમાં કુશળ, સિંહ રાશીનો હોય તો લાંબુ આયુષ્ય

જાણવું, ધનનો હોય તો વાહનનો સુખી, મીનનો હોય તો શરીરે સુખી જાણવો મકર અથવા કુંભનો હોય તો કમનસીબ અને પાપ કર્મ કરી આજીવિકા ચલાવનારો જાણવો.

૧૦ ચન્દ્રમા દશમાં ભાવે બેઠો હોય તો માણસથી, ચાકરથી સુખી હોય છે, જો કર્કનો હોય તો રાજદરબારના સુખવાળો, કીર્તિવાળો, વેપારથી દ્રવ્ય મેળવનાર. પિતાના સંપૂર્ણ સુખવાળો જાણવો. જો વૃશ્ચિકનો હોય તો પિતાના સુખ વિનાનો, વેપાર વિનાનો, રાજ્યના ભયવાળો, રોગ અને શત્રુથી ઘેરાયલો હોય છે. જો તુલાનો હોય તો પરસ્રીલંપટ હોય છે, જો વરખનો હોય તો શુભ માર્ગેથી ધન ખર્ચનારો, પિતાથી લાભ મેળવનારો હોય છે. મિથુનનો હોય તો માતા તરફથી સુખી જાણવો, કન્યાનો હોય તો બુદ્ધિશાળી, સારા કામ કરનારો જાણવો. જો સિંહનો હોય તો ધર્મિષ્ટ, કીર્તિવાળો, ભાગ્યશાળી જાણવો. ધનનો હોય તો વિદ્વાન, માતા પિતાના સુખવાળો હોય છે. મીનનો હોય તો પૈસેથી સુખી. વેપાર કરનારો હોય છે. મકરનો હોય તો પિતાના સુખ વિનાનો, માતાથી સુખી જાણવો. કુંભનો હોય તો ભાઈભાંડુથી દુઃખી અને રાજભયવાળો જાણવો.

૧૧ ચન્દ્ર અગીયારમાં ભાવે બેઠો હોય અને કર્કનો હોય તો સાસરાથી વારસો મેળવનારો, કર્ક રાશીમાં હોય તો બુદ્ધિશાળી, અનેક રીતે લાભ મેળવનારો, વસ્ત્ર આભુષણ મેળવનાર, સંતાનના સુખવાળો, સજ્જન જાણવો. જો વૃશ્ચિકનો હોય તો પોતાનો પૈસો પરસ્રી ગમનમાં ખર્ચનારો, પુત્રીની પ્રજાવાળો, જશ વિનાનો જાણવો, વરખ રાશીનો હોય તો ગુણવાન અને ધનવાન જાણવો. કન્યાનો હોય તો અનેક તરફથી લાભ મેળવનારો જાણવો; મિથુનનો હોય તો આવક કરતાં ખર્ચ વિશેષ રાખનારો જાણવો. સિંહનો હોય તો મધ્યમ લાભ મેળવનારો. ધનનો હોય તો મોસાળ પક્ષ તરફથી સારૂ સુખ પામે, મીનનો હોય તો કન્યાની પ્રજાવાળો, અને સારા મિત્રવાળો હોય, મકર અગર કુંભનો હોય તો અપજશ પામનારો જાણવો.

૧૨ ચન્દ્ર બારમા ભાવે બેઠો હોય અને કર્કનો હોય તો શુભ માર્ગે ધન ખર્ચનારો, વરખનો હોય તો મોજ શોખમાં પૈસા ઉડાઉનારો, આવક કરતાં ખર્ચ વિશેષ કરનારો જાણવો. જો વૃશ્ચિકનો હોય તો અલ્પ આયુષી, અભક્ષ ખાનારો, નઠારે માર્ગે પૈસા ખર્ચનારો, હંમેનો રોગી જાણવો. જો મેષનો હોય તો ભાઇ ભાંડુ વગરનો, અદેખો, મિત્રો સાથે લડનારો, આંખનો રોગી જાણવો, તુલાનો હોય તો ભાગ્યહિન, ક્રોધી, વ્યસની અને ધર્મની શ્રદ્ધા રહિત જાણવો, મિથુનનો હોય તો શરીરે દુઃખી, હંમેશાં માંદો રહે છે. કન્યાનો હોય તો પિતાથી દુઃખી, વેપાર વિનાનો, નોકરી કરનારો જાણવો. સિંહનો હોય તો જાતિ ભ્રષ્ટ, પાપ બુદ્ધિવાળો જાણવો. મીનનો હોય તો તેની મા સદા રોગી રહે અને પોતે પણ માતાને દુઃખ દેનારો. ધનનો હોય તો સ્ત્રી સુખ વિનાનો હોય છે. મકરનો હોય તો રોગ, શત્રુથી ઘેરાયલો હોય છે. કુંભનો હોય તો બુદ્ધિ વિનાનો, મૂર્ખ હોય છે.

મંગળના બારે ભાવનું ફળ.

૧ મંગળ પહેલે ભાવે બેઠો હોય અને જો મેષનો અગર, વૃશ્ચિકનો હોય તો શરીરે મજબુત, કદાવર, નિરોગી, દીર્ઘઆયુષી, કીર્તિવાળો હોય છે. જો કર્કનો હોય તો શરીરે ગરમીની પીડાવાળો, ક્રોધી, છાતી નિર્બળ, પાચનશક્તિ ઓછી, ચોરી કરનારો હોય છે. શુક્રની રાશીમાં બેઠો હોય તો બાહોશ, મજબુત હોવા છતાં પણ છાતીના દર્દવાળો હોય છે. બુધની રાશીમાં હોય તો મૂર્ખ અને અક્કલ વિનાનો હોય છે. સૂર્યની રાશીમાં હોય તો ભાગ્યશાળી, સ્વભાવે હસમુખો અને ધુર્ત હોય છે. ગુરૂના ઘરમાં હોય તો વિદ્વાન અને પૈસાવાળો. મકરનો હોય તો ભાગ્યશાળી, નિરોગી, સત્તાથી લાભ મેળવનારો હોય છે. જો કુંભનો હોય તો અલ્પ આયુષી, વાતપીતનો રોગી, કદ્રુપો, સંતાનની પીડાવાળો હોય છે.

૨ મંગળ બીજે ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો

હોય તો ધન ધાન્યથી સુખી, બહોળા કુટુંબવાળો, ભાગ્યશાળી હોય છે. શુક્રના ઘરનો એટલે વરખ અગર તુલાનો હોય તો વસ્ત્ર, આભુષણ અને પૈસેથી સુખી, શુભ કામમાં પૈસા ખર્ચનારો હોય છે પણ કોઇ વખત ભક્ષાભક્ષનો કરવાવાળો તેમજ કુટુંબ કલેશ કરનારો થાય છે. જો બુધના ઘરનો હોય તો ખર્ચાળ, નેત્રનો રોગી, પૈસા અને કુટુંબથી દુઃખી જાણવો. ચન્દ્રના ઘરનો હોય તો ખર્ચાળ, નેત્રનો રોગી, ધન અને કુટુંબ વગરનો, પાપ કર્મ કરનારો પણ જો ચન્દ્રમા બળવાન હોય તો લક્ષાધિપતિ, બુદ્ધિમાન, બહોળા કુટુંબવાળો જાણવો. જો સૂર્યની રાશીમાં બેઠો હોય તો ગુપ્ત ઇંદ્રિયોમાં રોગવાળો, ઘણી તૃષ્ણા-વાળો, પૈસાનો લોભી જાણવો, ગુરૂના ઘરનો હોય તો રાજ તરફથી ધન મેળવનારો, પ્રપંચી, અને મુસાફરી કરનારો હોય. શનિના ઘરનો હોય તો ધન અને કુટુંબ વિગેરેથી દુઃખી જાણવો.

૩ મંગળ ત્રીજે ભાવે બેઠો હોય અને તે મેષ અગર વૃશ્ચિકનો હોય તો ઘણો પરાક્રમી, ઉદ્યમી, ભાઇ બહેનોથી સુખી, ઘણા મિત્રવાળો હોય છે. ચન્દ્રના ઘરમાં બેઠો હોય તો ભાઇઓ તથા કુટુંબીઓ ઘણા હોય પણ તેની સાથે બનાવ રહે નહિ. વરખ અગર તુલાનો હોય તો કુટુંબ વગરનો, પોતાનાજ પરા-ક્રમથી ટકી રહેનારો જાણવો. કન્યાનો અગર મિથુનનો હોય તો ધર્મની આસ્થારહિત, કુટુંબ સાથે કલેશ કરનારો જાણવો. સૂર્યની રાશીમાં બેઠો હોય તો ભાઈ ભાંડુથી દુઃખી જાણવો. ધન અગર મીનનો હોય તો સારાં કૃત્ય કરનાર અને શ્રીમંત જાણવો. શનિની રાશીમાં બેઠો હોય તો કુટુંબ સુખ વગરનો, મિત્રનો દ્વેષ કરનારો, ધર્મ રહિત અને પાપકર્મ કરનારો હોય છે.

૪ મંગળ ચોથા ભાવે બેઠો હોય તો ત્રીસ વરસ પછી ભાગ્યનો ઉદય થાય. જો પોતાની રાશીનો હોય તો માતાના સુખ-વાળો, ઘર, ખેતર, વાડી, અને વાહનના સુખવાળો જાણવો. ચન્દ્રની રાશીમાં બેઠો હોય તો નાની ઉંમરમાં માતાના સુખ વગરનો

નોકરી કરી આજીવિકા ચલાવનારો, બુધની રાશીમાં બેઠો હોય તો માતાપિતાના સુખ વગરનો, પારકે ઘેર રહેનારો, કજીઓ કંકાસ કરનારો, હિણભાગી જાણવો. શુક્રની રાશીમાં બેઠો હોય તો માતા પિતાને દુ:ખ દેનારો, અકસ્માતથી મરે છે. સૂર્યની રાશીમાં બેઠો હોય તો ઘર વગરનો મિત્ર સાથે દ્વેષ કરનારો, અદેખો હોય છે. ગુરૂના ઘરમાં બેઠો હોય તો વાહન અને ધન, ધાન્યના સુખવાળો જાણવો. શનીના ઘરમાં બેઠો હોય અને તે મકરનો હોય તો સારો પણ કુંભનો હોય તો સ્થાનભ્રષ્ટ, મિત્રો તથા કુટુંબીજનોથી તજાયલો, પિતાના થોડા સુખવાળો, કજીયાખોર, પરદેશમાં ભટકનારો અને સુખ વગરનો જાણવો.

૫ મંગળ પાંચમે ભાવે બેઠો હોય તો કપટી, વિશ્વાસઘાત કરનારો, પાપી હોય છે. પણ જો પોતાની રાશીનો હોયતો વિદ્વાન, સંતાનથી સુખી, અનેક રીતે પૈસા મેળવનારો, તામસી સ્વભાવનો જાણવો. ચન્દ્રની રાશીમાં બેઠો હોય તો ધન અને સંતાનથી દુ:ખી, મંદ બુદ્ધિવાળો જાણવો. શુક્રની શશીમાં બેઠો હોય તો તામસ પ્રકૃતીનો, પાપ બુદ્ધિવાળો જાણવો. બુધની રાશીમાં બેઠો હોય તો વ્યભિચારી, અપમાન પામનારો, વ્યસની હોય છે. શનીની રાશીમાં બેઠો હોય અને મકરનો હોય તો પરાક્રમી, પુત્રના સુખવાળો, બુદ્ધિમાન હોય છે પણ જો કુંભનો હોય તો મંદ બુદ્ધિ અને થોડું બોલનારો, કપટી જાણવો. ગુરૂની રાશીમાં બેઠો હોય તો વિદ્વાન, રાજદ્વારી કામમાં નિપૂણ, નીતિવાળો, સંતાનથી દુ:ખી જાણવો. સૂર્યની રાશીમાં બેઠો હોય તો તેને એકજ પુત્ર હોય પણ તે પરાક્રમી હોય.

૬ મંગળ છઠ્ઠે ભાવે બેઠો હોય તો શત્રુઓ સામે યુદ્ધમાં જય મેળવનારો, ખચીળ હોય છે. જો પોતાની રાશીનો હોય તો મોસાળ પક્ષના પૈસા મેળવનાર, રોગ અને શત્રુ વિનાનો હોય છે. ચન્દ્રની રાશીમાં બેઠો હોય તો રોગ અને શત્રુથી ઘેરાયલો, મોસાળના સારા સુખવાળો હોય છે. સૂર્યના ઘરમાં હોય તો

બાહોશ, કીર્તિવાન, અને જાહેર કામ કરનારો, સંતાનથી દુઃખી જાણવો. ગુરૂના ઘરમાં બેઠો હોય તો શત્રુ જીત, સંતાન, અને વૈભવથી સુખી જાણવો. બુધના ઘરમાં બેઠો હોય તો કોડના રોગવાળો, શુક્રની રાશીમાં બેઠો હોય તો તેને કોડના રોગવાળી સ્ત્રી મળે, અને મોસાળના સુખ વગરનો જાણવો. શનીની રાશીમાં બેઠો હોય અને તે મકરનો હોય તો મોસાળ પક્ષથી સુખી અને કુંભનો હોય તો મોસાળનો નાશ કરનારો, ઘણા શત્રુઓવાળો, રોગીષ્ટ હોય છે.

૭ મંગળ સાતમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે મેષનો હોય તો સ્ત્રીથી સુખી, ધનવાન, અને છાતીના દરદવાળો હોય છે. વૃશ્ચીકનો હોય તો સ્ત્રીથી સુખી અને ખરચાળ હોય છે. અને જો કરકનો હોય તો, એક કરતાં વધારે સ્ત્રીવાળો, સ્ત્રી તરફથી દુખી, સુખ અને લાભ ઓછા મેળવનારો, જો બુધના ઘરનો હોય તો બે સ્ત્રીઓ થાય છતાં પણ છેવટે વૃદ્ધાવસ્થામાં સ્ત્રી તરફનું દુઃખ ભોગવવું પડે. શુક્રની રાશીમાં બેઠો હોય તો પરદેશમાં રહેનારો, મોસાળના આશ્રયમાં રહેનારો હોય છે. જો સૂર્યની રાશીમાં બેઠો હોય તો નિર્લજ, જુઠું બોલનાર, અને વ્યભીચારી હોય છે; અને જો મીન રાશીનો હોય તો નીચ, મિથ્યા વીર્ય સ્ખલીત કરનાર, અતિ કામી, રોગીષ્ટ હોય છે. જો ધન રાશીમાં હોય તો લુચ્ચો, વિશ્વાસઘાતી, મદીરાપાન કરનારો, અને નિર્લજ હોય છે. જો મકરનો હોય તો સ્ત્રી અને વેપાર વણજથી સુખી, પરદેશથી લાભ મેળવનારો, વેપાર કરનારો હોય છે. અને જો કુંભનો હોય તો મિથ્યાભિમાની, અભક્ષ વસ્તુ ખાનારો જાણવો.

૮ મંગળ આઠમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો કે ઉંચનો હોય તો દીર્ઘાયુષી, પૈસાની તંગીવાળો હોય છે. નીચનો હોય તો રોગીષ્ટ અને અલ્પાયુષી જાણવો; શુક્રની રાશીમાં બેઠો હોય તો ભાગ્યહીન; સ્ત્રી તરફની ચિંતાવાળો;

નેત્રનો રોગી; હરસની પીડાવાળો, અલ્પાયુષી જાણવો. બુધની રાશીમાં બેઠો હોય અને તે મીથુનનો હોય તો ગુપ્ત રોગવાળો, પૈસા તરફની ચિંતાવાળો, મોસાળથી દુખી હોય છે; કન્યાનો હોય તો પિતા અને ભાઈ ભાંડુથી દુઃખી, પરાક્રમ વિનાનો જાણવો. ગુરૂની રાશીમાં બેઠો હોય તો શરીર સુકું, દુર્બળ અને નિસ્તેજ હોય છે. શનીના ઘરમાં એટલે કુંભનો હોય તો આયુષ્ય થોડું અને હંમેશાં રોગથી ઘેરાયલો હોય છે.

૯ મંગળ નવમાં ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે મેષનો હોય તો વાહનના સુખવાળો, નોકર—ચાકરથી સુખી, ભાગ્યશાળી, સ્વધર્મ પર આસ્થાવાળો હોય છે. અને જો વૃશ્ચીકનો હોય તો ધનવાન, ભાગ્યશાળી, ધર્મિષ્ટ, શુભ માર્ગે પૈસાનો વ્યય કરનારો, નોકર છતાં પણ પોતાનું કામ પોતાને હાથે કરી લેનારો જાણવો, શુક્રના ઘરનો હોય તો પરાક્રમી, પિતાનું ધન મેળવનારો અને નાસ્તિક હોય છે. બુધની રાશીમાં બેઠો હોય તો ધર્મનો ખોટો ડોળ કરનારો હોય છે. સૂર્યની રાશીમાં બેઠો હોય તો ભાગ્યશાળી, ભાંડુ સાથે વિરોધ કરનારો હોય છે, મીનનો હોય તો તીર્થ યાત્રા કરનારો હોય છે. ધનનો હોય તો નોકરી કરનારો, સ્થાન સુખ વિનાનો, હોય છે. મકરનો હોય તો ધનવાન, બુદ્ધિવાન, પુત્રવાન, ધર્મિષ્ટ, આયુષ્યવાન, પુન્યશાળી, સંત પુરૂષની સેવા કરનારો, શુભ માર્ગે પૈસાનો વ્યય કરનારો હોય છે; અને કુંભનો હોય તો ધર્મ રહીત નાસ્તિક જાણવો.

૧૦ મંગળ દશમાં ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો હોય તો રાજદ્વારેથી લક્ષ્મી લાભ મેળવનારો, પિતા તરફથી સારો લાભ મેળવનારો, રાજદ્વારી બાબતોમાં કુશળ, વેપારથી લાભ મેળવનારો હોય છે; અને જો નીચનો હોય તો અપજશ પામનારો, વેપારથી હાની કરનારો, પિતાના થોડા સુખવાળો, અને કોઈ વખત રાજથી ભય પામનારો હોય, શુક્રની રાશીમાં બેઠો હોય તો પરાક્રમી, બાપ તરફથી પ્રીતિ મેળવ-

નારો જાણવો, બુધની રાશીમાં બેઠો હોય તો બાપને પીડા આપનારો, નોકરી કરી આજીવીકા ચલાવનારો હોય છે. સૂર્યની રાશીમાં બેઠો હોય તો શીલવાન, ભાગ્યશાળી, અને વેપારમાં ફુનેહબાજ હોય છે. ગુરૂની રાશીમાં એટલે ધનનો હોય તો ભાગ્યશાળી, શ્રીમંત, છતાં પણ લુચ્ચાઈ કરવામાં પ્રવીણ હોય છે. મીન રાશીનો હોય તો વેપારમાં લાભ મેળવનારો, સંતાનથી પિડીત હોય છે. શનીની રાશીમાં એટલે મકરનો હોય તો લાંબા આયુષ્યવાળો, શરીરે તંદુરસ્ત, નોકરી કરી આજીવિકા ચલાવનારો હોય છે. કુંભનો હોય તો શરીરે રોગિષ્ટ, છાતીના દર્દવાળો, માયા કપટ કરનારો હોય છે.

૧૧ મંગળ અગિઆરમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે મેષનો હોય તો તેને મોસાળ તરફથી સારી લેણા દેણી હોય, અને કોઈ વખતે મોટો લાભ થાય. વૃશ્ચિકનો હોય તો વાહનના સુખવાળો, ધન અને પુત્રની ચિંતાવાળો, રોગ અને શત્રુથી રહિત હોય છે. જો ચંદ્રમાના ઘરનો હોય તો લાભ લેવા જતાં નુકસાન ભોગવનારો, સંતાન સુખ વગરનો, ભાઇ ભાંડુ સાથે વિરોધ કરનારો, અલ્પાયુષી હોય છે. સૂર્યની રાશીમાં બેઠો હોય તો, સ્ત્રી અને ધનના સુખવાળો, વેપારથી લાભ મેળવનારો, અને લંપટ હોય છે. જો શુક્રની રાશીમાં, એટલે વરખનો હોય તો પુત્રના સુખવાળો, રોગ અને શત્રુ રહીત, વેપારમાં લાભ મેળવનારો અને સુખી હોય છે. તુલાનો હોય તો ધન, સ્ત્રી, પુત્રવાળો અને શુભ માર્ગે ખર્ચ કરનારો હોય છે. જો બુધની રાશીમાં, એટલે કન્યાનો હોય તો, રોગ શત્રુ વિનાનો, શરીરે તંદુરસ્ત, વેપારમાં કુશળ હોય છે. જો મિથુનનો હોય તો, ભાગ્યશાળી, વાહનથી સુખી, માતાનો પ્રેમ મેળવનારો, શત્રુને જીતનારો, ઘણી વખત પૈસાની ભીડ ભોગવનારો હોય છે. ગુરૂની રાશીમાં એટલે ધનનો હોય તો રોગ શત્રુથી ઘેરાએલો પણ વેપારના કામમાં કુશળ, પરાક્રમી, અને લાભ મેળવનારો હોય

છે. અને જો મીનનો હોય તો સંતાનથી દુઃખી, અને આવક કરતાં વધારે ખર્ચ કરનારો હોય છે. જો મકરનો હોય તો ધનવાન, ભાગ્યવાન, સટ્ટામાં તથા સોરટીમાં લાભ લેનારો, સંતાન થી દુઃખી હોય છે. કુંભનો હોય તો આવક કરતાં ખરચ વધારે રાખનારો હોય છે.

૧૨ મંગળ બારમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે મેષનો હોય તો બે સ્ત્રીવાળો, મંદ પરાક્રમી, શુભ માર્ગે ધનનો વ્યય કરનારો હોય છે. વરખનો હોય તો તેની પાસે ધન આવે અને જાય. સ્થિર રહે નહિ. મિથુનનો હોય તો મંદ બુદ્ધિવાળો, નોકરી કરનારો, ભાઈઓને પીડા આપનારો હોય છે. કર્કનો હોય તો ભાગ્યહીણ, સ્થાન સુખ વિનાનો મોસાળના આશ્રયમાં રહેનારો હોય છે. સિંહનો હોય તો અલ્પાયુષી જાણવો. કન્યાનો હોય તો એક કરતાં વધારે સ્ત્રીવાળો, અને સ્ત્રીના કાર્યમાં પૈસાથી પાયમાલ થનારો, નિર્ધન હોય છે. તુલાનો હોય તો શરીરે દુર્બળ કંઈક પરાક્રમી, શત્રુને જીતનારો, સ્ત્રી વિનાનો હોય છે. વૃશ્ચિકનો હોય તો બુદ્ધિવાન, શુભ માર્ગે ધનનો વ્યય કરનારો હોય છે. ધનનો હોય તો નોકરી કરી આજીવિકા ચલાવનારો, નીચ સ્ત્રી સાથે સંબંધ રાખનારો, લાભ અને સુખ વિનાનો હોય છે. મકરનો હોય તો ધર્મના કાર્યમાં પૈસા વાપરનારો, બાપની પુંજી ખરચી નાખનારો હોય છે. કુંભનો હોય તો ધન વિનાનો, દરિદ્રી, ભીખ માગી આજીવીકા ચલાવનારો હોય છે. મીનનો હોય તો અલ્પાયુષી અને રોગિષ્ટ જાણવો.

બુધના બારે ભાવનું ફળ.

૧ બુધ પહેલે ભાવે પોતાની રાશીનો હોય તો શરીરે તંદુરસ્ત, ખુબસુરત, શાંત સ્વભાવનો, દીર્ઘાયુષી, વિદ્વાન અને ભાગ્યશાળી જાણવો. જો મિથુનનો હોય તો તેની શીકલ પોતાની માતાના જેવી હોય છે. અને જો કન્યાનો હોય

તો તેની પિતાના જેવી શીકલ હોય છે. બુધ લગ્ને ગુરૂની રાશીનો હોય તો શરીરે દુઃખી, ધર્મ રહિત, અને કમઅક્કલવાળો જાણવો. મંગળની રાશીમાં બેઠો હોય તો જ્યોતિષ વિદ્યાનો જાણ, જંત્રમંત્રની વિદ્યામાં પ્રીતિવાળો, મીઠું બોલનારો, ખુબસુરત, આનંદી અને શાસ્ત્રનો જાણકાર હોય છે. શુક્રની રાશીમાં બેઠો હોય તો ભાગ્યશાળી, સ્વધર્મમાં પ્રીતિવાળો, શુભ માર્ગે ધનનો વ્યય કરનાર, દયાવાન અને જ્ઞાની હોય છે. ચંદ્રની રાશીમાં બેઠો હોય તો પાંડુ રોગવાળો, પરદેશમાં લાભ મેળવનારો, અસ્થીર પ્રકૃતિનો અને તીર્થ યાત્રાનો કરનાર હોય છે. સૂર્યની રાશીમાં બેઠો હોય તો સુવર્ણના જેવી કાન્તિવાળો, મોટા કુટુંબવાળો, ધન ધાન્યથી સુખી જાણવો. શનીની રાશીમાં બેઠો હોય તો માયા કપટ કરનારો, શરીરે ખોડવાળો અને અદેખો હોય છે.

૨ બુધ બીજે ભાવે બેઠો હોય અને મીથુનનો હોય તો વિદ્વાન, ધનવાન, બહોળા કુટુંબવાળો, કુટુંબ સાથે લેણાદેણીવાળો, શાસ્ત્રના ભેદને જાણનારો, પુત્રથી સુખી હોય છે. જો કન્યાનો હોય તો ધન ધાન્યથી સુખી, વેપારમાં મોટો લાભ મેળવનારો, બાહોશ હોય છે. ગુરૂની રાશીમાં બેઠો હોય તો કુટુંબ અને પૈસાનું દુઃખ ભોગવનારો હોય છે. મંગળની રાશીમાં બેઠો હોયતો પૈસાનો સંગ્રહ કરનારો, અને પૈસેથી સુખી હોય છે. શુક્રની રાશીમાં બેઠો હોય તો દરેક શાસ્ત્રનો જાણકાર અને સુખી હોય છે. ચંદ્રની રાશીમાં બેઠો હોય તો સ્વભાવે આનંદી, કોઇ વખત પૈસાની મુશીબત ભોગવનારો અને પારકે પૈસે મોજ કરનારો હોય છે. જો સુર્યની રાશીમાં બેઠો હોય તો દીર્ઘાયુષી, મોજીલો, કમાય તેટલું ખરચનારો, ઉદાર હોય છે. શનીની રાશીમાં બેઠો હોય તો પૈસાના સામાન્ય સુખવાળો હોય છે.

૩ બુધ ત્રીજે ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો કે ઊંચનો હોય તો ભાઇભાંડુના સુખવાળો, સારી લેણાદેણીવાળો,

સારા કામ કરનારો, મોસાળ પક્ષથી સારી લેણાદેણીવાળો જાણવો. ગુરૂની રાશીમાં બેઠો હોય તો મંદપરાક્રમી, ભાગ્યહીણ, મોસાળથી દુઃખી જાણવો. મંગળની રાશીમાં બેઠો હોય તો ભાઇ બેનના સરખા સુખવાળો, શરીરે નીરોગી, અને બુદ્ધિશાળી હોય છે. શુક્રની રાશીમાં બેઠો હોય તો ધનવાન, ધર્મીષ્ઠ અને સુખી હોય છે. ચંદ્રની રાશીમાં બેઠો હોય તો પૈસે અને સંતાનથી દુઃખી હોય છે. સુર્યની રાશીમાં બેઠો હોય તો ભાઇ અને બેનોથી અણબનાવ રાખનારો, શાંત પ્રકૃત્તિનો હોય છે. શનીની રાશીમાં બેઠો હોય તો બીકણ, ભાઇથી થોડી લેણાદેણીવાળો, મધ્યમ આયુષી હોય છે.

૪ બુધ ચોથે ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો કે ઉંચનો હોય તો ઘર, જમીન, પશુ અને વાહનથી સુખી હોય છે. તેમજ માતાના સંપૂર્ણ સુખવાળો હોય છે. જો ગુરૂની રાશીમાં એટલે ધન રાશીનો હોય તો પિતાના સુખવાળો, શરીરે તંદુરસ્ત, સામાન્ય વેપાર કરનારો હોય છે. જો મીન રાશીનો હોય તો માતાના દુઃખવાળો, સ્થાન સુખ વગરનો, મિત્ર સાથે થોડી લહેણાદેણીવાળો હોય છે. જો મંગળની રાશીમાં બેઠો હોય તો ધનના સામાન્ય સુખવાળો જાણવો. શુક્રની રાશીમાં હોય તો માતાપિતાના સામાન્ય સુખવાળો, બુદ્ધિશાળી હોય છે. જો ચંદ્રની રાશીમાં બેઠો હોય તો માતાથી વિરોધ કરનારો, મોસાળથી દુઃખી, ઘર અને જમીન વિનાનો, પરદેશમાં ભટકનારો હોય છે. જો શનિના ઘરમાં બેઠો હોય તો વાહનના અલ્પ સુખવાળો, પોતાના ઘરને વેચી નાંખનારો ખરચાળ હોય છે.

૫ બુધ પાંચમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો કે ઉંચનો હોય તો બુદ્ધિશાળી, ધનવાન, સંતાનના સંપૂર્ણ સુખવાળો હોય છે. જો ગુરૂની રાશીનો એટલે ધનનો હોય તો કંગાળ સ્થિતિનો, મૂર્ખ, સંતાન વગરનો હોય છે. જો મીનનો હોય તો શરીરે રોગિષ્ટ, થોડા આયુષ્યવાળો, અભણ, અને સંતાન વગરનો હોય છે. જો મંગળના ઘરમાં હોય

તો વિદ્વાન, અભિમાની, પુત્રની પીડાવાળો જાણવો. જો શુક્રની રાશીમાં હોય તો પુત્રના સુખવાળો, અને જ્ઞાની હોય છે. જો ચંદ્રની રાશીમાં હોય તો દત્તક પુત્ર રાખે. રવિની રાશીમાં બેઠો હોય તો સંતાન વિનાનો, જંત્ર મંત્રનો શોખિન, પાપ બુદ્ધિથી બીજાને છેતરનારો, ક્રોધી હોય છે. જો શનિની રાશીમાં બેઠો હોય તો થોડી પ્રજાવાળો, રાજદ્વારી બાબતનો અનુભવી હોય છે.

૬ બુધ છઠ્ઠા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો કે ઉંચનો હોય તો મોસાળથી સુખી, રોગ શત્રુ વિનાનો હોય છે. ગુરૂની રાશીનો એટલે ધનનો હોય તો શત્રુની બીકવાળો, ભાઇઓ સાથે વિરોધ કરનારો, કુમાર્ગે ખર્ચ કરનારો હોય છે. જો મીનનો હોય તો શત્રુથી ઘેરાએલો, રોગિષ્ટ, ભાગ્યહીણ અને ઉડાઉ હોય છે. મંગળની રાશીમાં બેઠો હોય તો શત્રુ જીત, થોડું ભણેલો પણ વાચાળ હોય છે. શુક્રની રાશિમાં બેઠો હોય તો લહીઆનું કામ કરી આજીવીકા ચલાવનારો હોય છે. ચંદ્રની રાશીમાં બેઠો હોય તો અભણ, દમ, અને શરદીના રોગવાળો, અને થોડું જીવનારો હોય છે. સૂર્યની રાશિમાં હોય તો મોસાળ સુખ વગરનો, શત્રુની સામે થનારો, સામાન્ય સુખવાળો હોય છે, શનીની રાશીમાં બેઠો હોય તો રોગ અને શત્રુથી ઘેરાએલો હોય છે.

૭ બુધ સાતમા ભાવે બેઠો હોય અને મીથુનનો હોય તો સુંદર સ્રીવાળો, પિતાના વિશેષ સુખવાળો, રંગ બે રંગી ચીજોનો વેપાર કરવાવાળો હોય છે. જો કન્યાનો હોય તો માતાના વિશેષ સુખવાળો, સુંદર મકાનવાળો, વાહનના સુખવાળો હોય છે. ગુરૂની રાશીમાં બેઠો હોય તો સ્રીથી દુઃખી હોય છે. મંગળની રાશીમાં બેઠો હોય તો ધન ધાન્યથી સુખી, ધર્મીષ્ટ, વેપારમાં કુશળ અને શુભ માર્ગે ધનનો વ્યય કરનારો હોય છે. શુક્રની રાશીમાં બેઠો હોય તો કીર્તિવંત અને ઉદાર હોય છે, ચંદ્રની રાશીમાં બેઠો હોય તો સ્રીનો દ્વેષ કરનારો, મોસાળથી દુઃખી, અને ભાગ્યનો નિર્બળ હોય છે, રવીની રાશીમાં બેઠો હોય તો કુપાત્ર સ્રીવાળો

હોય છે પણ રાજકાજમાં કુશળ અને આયુષ્યનો ટુંકો હોય છે. શનીની રાશીમાં બેઠો હોય તો તેની સ્ત્રી શ્યામવર્ણિ હોય છે.

૮ બુધ આઠમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો કે ઊંચનો હોય તો લાંબા આયુષ્યવાળો અને નીરોગી હોય છે. જો ગુરૂની રાશીનો એટલે મીનનો હોય તો અલ્પ આયુષી, અને રોગીષ્ટ હોય છે. જો ધન રાશીનો હોય તો મંદ બુદ્ધિનો; પૈસાની તંગાશવાળો હોય છે. મંગળની રાશીમાં બેઠો હોય અને જો મેષનો હોય તો–હમેશાં માંદો રહેનારો અને નોકરી કરી આજી-વીકા ચલાવનારો હોય છે. જો વૃશ્ચિકનો હોય તો ભાઈ–ભાંડુ સાથે ઓછી લેણા દેણીવાળો, અને મોસાળથી પણ દુઃખ પામનારો અને આયુષ્યનો બળવાન હોય છે. શુક્રની રાશીમાં બેઠો હોય અને તુળાનો હોય તો સ્ત્રી તરફની પીડાવાળો, ધનના અલ્પ સુખવાળો હોય છે. જો વરખનો હોય તો ભાગ્યહીણ, ઊડાઊ અને તંદુરસ્ત હોય છે. ચંદ્રની રાશીમાં બેઠો હોય તો અલ્પ આયુષ્ષી હંમેશાં શરદીના રોગથી પીડા પામનારો, પીતાના સુખથી રહીત હોય છે. સૂર્યની રાશીમાં બેઠો હોય તો કમનશીબ જાણવો. શનીની રાશીમાં બેઠો હોય તો પરદેશમાં ભટકનારો અને ધનના થોડા સુખવાળો હોય છે.

૯ બુધ નવમાં ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો કે ઊંચનો હોય તો પુન્યશાળી, પોતાના ધર્મ ઉપર પુરી આસ્તા વાળો, ભાગ્યશાલી હોય છે. ગુરૂની રાશીમાં બેઠો હોય તો ધર્મથી રહિત હોય છે. મંગળની રાશીમાં બેઠો હોય તો ધન, સ્ત્રી, પુત્ર આદિથી સુખી, અને શાસ્ત્રનો જાણકાર તેમ જ ગાયનકળાનો પણ શોખીન હોય છે. શુક્રના ઘરમાં બેઠો હોય તો રંગ બેરંગી ચીજોનો વેપાર કરનાર, વિદ્વાન, તંદુરસ્ત અને લાંબા આયુષ્ય-વાળો હોય છે. સુર્યની રાશીમાં બેઠો હોય તો પીતાથી અધીક સુખવાળો, પ્રતાપી, ધર્મ પર અશ્રદ્ધાવાળો અને વેપારમાં મોટો લાભ મેળવનારો હોય છે. જો શનીની રાશીમાં બેઠો હોય તો

નાસ્તીક અને બુદ્ધિનો ટુંકો હોય છે. ચંદ્રની રાશીમાં બેઠો હોય તો ધનનું સામાન્ય સુખ ભોગવનારો જાણવો.

૧૦ બુધ દશમાં ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો કે ઉંચનો હોય તો પિતાના તરફથી મોટો લાભ મેળવનારો, પવિત્ર ભાવાળો, રાજદ્વારેથી માન પામનારો, વેપારમાં કુશળ અને પિતાથી વિશેષ સુખવાળો હોય છે. જો ગુરૂના ઘરનો એટલે મીનનો હોય તો પીતાથી વિરોધ કરનારો, વેપારમાં નુકશાન ભોગવનારો અને જ્યાં ત્યાં અપજસ પામનારો હોય છે. ધનનો હોય તો સ્ત્રીથી દુઃખી અને માતાપિતાનો વિરોધ કરનારો હોય છે. જો મંગળની રાશીનો હોય તો કામ કરનારો, અને રાજસત્તા ભોગવનારો હોય છે. જો શુક્રની રાશીમાં બેઠો હોય તો મિત્ર અને માતાથી સારી લેણાદેણીવાળો, ધન અને સ્થાન સુખ-વાળો હોય છે. ચંદ્રની રાશીમાં બેઠો હોય તો બાપ સાથે અણુ બનાવવાળો હોય છે સુર્યની રાશીમાં હોય તો રાજસત્તાવાળો, રાજથી લાભ મેળવનારો હોય છે. શનીના ઘરમાં બેઠો હોય તો—મલેચ્છ જાતિમાં માન મેળવનારો, નીચ ધંધો કરી પૈસા મેળવનારો હોય છે.

૧૧ બુધ અગીઆરમાં ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે મિથુનનો હોય તો ધન અને કુટુંબથી સુખી, અનેક રીતે લાભ મેળવનારો, સુશોભિત વસ્ત્ર આભુષણથી સુખી જાણવો. કન્યાનો હોય તો વેપારમાં મોટો લાભ મેળવનારો, કન્યાની પ્રજાવાળો, દીર્ઘાયુષી હોય. જો ગુરૂના ઘરનો એટલે મીનનો હોય તો ધનથી દુઃખી, બુદ્ધિની નીચ વૃત્તિવાળો, નીચ ધંધો કરી આજીવીકા ચલાવનારો જાણવો, જો ધનનો હોય તો વેપારમાં અલ્પ લાભ મેળવનારો, બીકણ અને આયુષ્યનો ટુંકો હોય છે. જો મંગળની રાશીમાં બેઠો હોય એટલે કે જો મેષનો હોય તો શરીરે તંદુરસ્ત, માતાથી સુખી, ભણેલો અને સંતાનથી સુખી હોય છે. જો વૃશ્ચિકનો હોય તો ભાગ્યશાળી, મોસાળના સુખવાળો

અને શત્રુ વગરનો હોય છે. જો શુક્રની રાશીમાં એટલે વરખનો હોય તો ખરચાળ, ભાઇ બેનોના સુખવાળો અને કન્યાની પ્રજાવાળો હોય છે. જો તુલાનો હોય તો સ્ત્રી તરફથી ધનનો લાભ મેળવનારો તેમજ વેપારથી પણ મોટો લાભ મેળવનારો હોય છે. જો ચંદ્રની રાશીમાં એટલે કર્કનો હોય તો પિતા પાસેથી થોડો લાભ મેળવનારો, બોલવામાં શુરો, નિર્મળ ચેષ્ટાવાળો હોય છે. જો રવિના ઘરનો હોય તો ભાગ્યશાળી, શુભ માર્ગે ધનનો વ્યય કરનારો, બુદ્ધિનો તિવ્ર હોય છે. શનીની રાશીમાં બેઠો હોય એટલે મકરમાં બેઠો હોય તો સ્ત્રીથી લાભ મેળવનારો, વાહનથી સુખી હોય છે. જો કુંભનો હોય તો ભાઇ ભાંડુ સાથે સારી લેણાદેણીવાળો, મોસાળના સુખવાળો, શત્રુથી રહિત હોય છે.

૧૨ બુધ બારમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે મિથુનનો હોય તો શુભ માર્ગે ધનનો વ્યય કરનારો, ભાઇ ભાંડુને પોષનારો હોય છે. જો કન્યાનો હોય તો ભાગ્યની ઓછી લીલાવાળો, અને ઉદાર હોય છે. જો ગુરૂના ઘરનો એટલે ધનનો હોય તો કમભાગ્ય, રોગ અને શત્રુથી ઘેરાયેલો હોય છે. જો મીનનો હોય તો ભાઇ ભાંડુથી દુઃખી અને શત્રુથી પરાજય પામનારો, હંમેશનો માંદો રહે છે. મંગળની રાશીમાં એટલે મેષમાં હોય તો નિર્ધન અને બુદ્ધિનો ટુંકો હોય છે. જો વૃશ્ચિકનો હોય તો સ્ત્રીના અને પિતાના ઓછા સુખવાળો, વેપારમાં લાભ નહી મેળવનારો હોય છે. જો શુક્રની રાશીમાં બેઠો હોય એટલે વરખનો હોય તો શરીરનો રોગિષ્ઠ, માતાના ઓછાં સુખવાળો અને શત્રુ રહિત હોય છે. તુલાનો હોય તો મોસાળના સુખવાળો, રોગ રહિત, લાભમાં વિઘ્ન ભોગવનારો અને બુધની દશા અંતરદશામાં સખ્ત માંદગી ભોગવનારો હોય છે. જો ચંદ્રની એટલે કર્ક રાશીમાં બેઠો હોય તો દરિદ્રી, લાભને બદલે નુકસાની ભોગવનારો અને ધડાવગરનું ખર્ચ કરનારો હોય છે. જો રવીની રાશીમાં એટલે સિંહમાં બેઠો હોય તો રાજ્ય સેવા કર-

નારો, રાજ્યની નોકરી કરનારો હોય છે. જો શનીની રાશીમાં એટલે મકરમાં હોય તો નીચ જાતિ સાથે સંબંધ રાખનારો, અભણ, આયુષ્યનો ટુંકો હોય છે. કુંભનો હોય તો સ્થાન-સુખ વગરનો, સ્ત્રી તરફથી દુઃખી અને બહુ ખર્ચાળ હોય છે.

ગુરૂના બારે ભાવનું ફળ.

૧ ગુરૂ પહેલે ભાવે એટલે લગ્નમાં બેઠો હોય અને પોતાની રાશીનો એટલે ધનનો હોય તો વાહનના સુખવાળો અને વિદ્વાન, માતાથી સુખી, તેની મુખમુદ્રા આબેહુબ તેની માના જેવી હોય છે. જો મીનનો હોય તો સાત્વિક બુદ્ધિવાળો, શાસ્ત્રનો જાણકાર, સંતાનથી સુખી, શરીરે નિરોગી, પિતા તરફથી સારો લાભ મેળવનારો અને તેની મુખમુદ્રા આબેહુબ પોતાના પિતા જેવી હોય છે. જો કર્કનો હોય તો બહુ ભાગ્યશાળી, ખુબસુરત, ભાગ્યનો બળવાન, આઠ સંતાનના સુખવાળો, મોસાળના વિશેષ સુખવાળો હોય છે. જો મંગળની રાશીમાં એટલે મેષનો હોય તો ધર્મિષ્ટ, ચારિત્રવાન, જ્ઞાની, ધર્મને માર્ગે ધનનો વ્યય કરનારો અને શરીરે કાંઈક દુઃખી હોય છે. જો વૃશ્ચિકનો હોય તો ધનના વિશેષ સુખવાળો, જ્ઞાની અને સ્વધર્મમાં સંપૂર્ણ પ્રીતિવાળો હોય છે. શુક્રની રાશીમાં એટલે વરખમાં બેઠો હોય તો ગંભીર સ્વભાવનો, ભાગ્યહીણ અને શાંત પ્રકૃતિનો હોય છે. જો તુલાનો હોય તો સ્થૂળ દેહવાળો, ગંભીર સ્વભાવનો, નમ્ર વાણી બોલનારો હોય છે. જો બુધના ઘરમાં બેઠો હોય તો સ્ત્રીથી સુખી, વેપાર કરીને ધન મેળવનારો, અને ગંભીર સ્વભાવનો હોય છે. સૂર્યની રાશીમાં એટલે સિંહનો હોય તો તેજસ્વી, પ્રભાવશાળી, વિદ્વાન, અને જ્યોતિષનો જાણકાર હોય છે. શનીની રાશીમાં એટલે મકરનો હોય તો નીચ વૃત્તિવાળો, ભાઈભાંડુને દુઃખ દેનારો, નીચ રસ્તે પૈસાનો વ્યય કરનારો, વિશ્વાસઘાતી, સંતાનરહિત અને હંમેશાનો કજીયાખોર હોય છે. જો કુંભનો હોય તો નરમ સ્વભાવનો અને ધનના થોડા સુખવાળો હોય છે.

૨ ગુરૂ બીજે ભાવે બેઠા હોય અને પોતાની રાશીનો એટલે ધનનો હોય તો તિવ્ર બુદ્ધિવાળો, દીર્ઘ આયુષ્યવાળો, ભાગ્યશાળી હોય. છતાં કોઈ કોઇ વખતે જરૂર પડે ત્યારે ધનની ખેંચતાણુ રહે. જો મીનનો હોય તો થોડી મહેનતે ઘણો લાભ મેળવનારો મોસાળથી સંપૂર્ણ સુખી, પણ સમય આવે ધનની ભીડ ભોગવનારો હોય છે. જો કર્કનો હોય તો પિતાના સંપૂર્ણ સુખવાળો, સ્ત્રીથી લાભ મેળવનાર, અને ધનવાન હોય છે. જો રવીનો એટલે સિંહનો હોય તો નિરોગી, શત્રુરહિત, વ્યાપારમાં કુશળ અને રાજ્યસત્તા ભોગવનારો હોય છે. જો મંગળના ઘરનો એટલે મેષનો હોય તો શરીરે તંદુરસ્ત, પૈસાવાળો, લાંબા આયુષ્યવાળો અને પિતા તરફથી લાભ મેળવનારો હોય છે. જો વૃશ્ચિકનો હોય તો ભાઇભાંડુથી સુખી, અને મોસાળ પક્ષના મોટા કુટુંબવાળો હોય છે. જો શુક્રના ઘરનો એટલે વરખ રાશીનો હોય તો કુટુંબદ્વેષી, ધૂર્ત અને કંગાળ હોય છે. જો તુલાનો હોય તો નિર્ધન, હંમેશાં પૈસાની તંગાશવાળો, દીર્ઘાયુષી અને લોભી હોય છે. જો બુધના ઘરનો હોય તો ચોરીનું ધન સંગ્રહ કરનારો અને બુદ્ધિહીણુ હોય છે. સૂર્યના ઘરમાં બેઠો હોય તો રાજસત્તાથી પૈસો મેળવનારો તેમજ મોસાળ પક્ષથી પણુ લાભ મેળવનારો હોય છે. જો શનિના ઘરનો એટલે મકરનો હોય તો સ્થાનભ્રષ્ટ, મદ્ય પીનારો અને કુટુંબથી કલેશ કરી જાતિભ્રષ્ટ થનારો હોય છે. જો કુંભનો હોય તો ખર્ચાળ, પરાક્રમી, શત્રુ વિનાનો અને આવક કરતાં ખરચ વધારે રાખનારો ઉડાઉ હોય છે.

૩ ગુરૂ ત્રીજા ભાવે બેઠો હોય અને ત્રીજે ભાવે પોતાની રાશીનો એટલે ધનનો હોય તો રોગ શત્રુ વિનાનો, સુપાત્ર સ્ત્રીવાળો, ઘણા મિત્રોવાળો, વ્યાપારમાં સારો લાભ મેળવનારો અને ભાગ્યશાળી હોય છે. જો મીનનો હોય તો ઘણી ખુબસુરત અને ભણેલી સ્ત્રી-વાળો, શુભ માર્ગે ધનનો વ્યય કરનારો હોય છે. કર્કનો હોય તો લાંબા આયુષ્યવાળો, પુણ્યશાળી, પરાક્રમી ભાંડુથી સારી લેણુ-દેણુવાળો અને મહેનત વગર લાભ મેળવનારો હોય છે. જો શનીના ઘરનો એટલે મકરનો હોય તો નિર્ધન, ભાંડુથી દુઃખી

આળસુ, નિરૂદ્યમી, બુદ્ધિનો ટુંકો હોવા છતાં પણ આસ્તિક અને કાંઈક ધર્મના નિયમો પાળવાવાળો હોય છે. જો કુંભનો હોય તો શરીરના સામાન્ય સુખવાળો, સ્રીથી સુખી અને સ્વધર્મમાં પ્રીતિવાળો હોય છે. જો મંગળના ઘરનો એટલે મેષનો હોય તો સ્રી તરફથી લાભ મેળવનારો, પુણ્ય કામ કરનારો, એકજ ભાંડુના સુખવાળો હોય છે. જો વૃશ્ચિકનો હોય તો વાહનના સુખવાળો, નોકર ચાકરથી સુખી, પતિવૃતા સ્રીનો પતિ અને ગુરૂની દશા અંતરદશામાં સારો લાભ મેળવનારો હોય છે. જો શુક્રના ઘરનો એટલે વરખનો હોય તો ભાંડુથી દુઃખી, સ્રીથી પણ કોઇ કોઇ-વાર હેરાન થનારો હોય છે. જો તુલાનો હોય તો ધર્મિષ્ટ અને બુદ્ધિશાળી હોય છે. જો સૂર્યના ઘરમાં એટલે સિંહ રાશીનો હોય તો સારી સ્રીવાળો, બોલવામાં હુંશીયાર પણ ક્રુર હોય છે. જો બુધના ઘરમાં બેઠો હોય તો તીર્થયાત્રા કરનાર, ધર્મિષ્ટ અને બુદ્ધિમાન હોય છે.

૪ ગુરૂ ચોથા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે ધનનો હોય તો સારી સ્રીવાળો, પિતા અને માતાના સુખવાળો તેમજ ઘણી જમીનવાળો હોય છે. જો મીનનો હોય તો શરીર તંદુરસ્ત, મીઠું બોલનારો, આયુષ્યનો બળવાન અને ખુબસુરત હોય છે. જો કર્કનો હોય તો સદાચારી, ધર્મના કાર્યો કરનાર, ગાડી, ઘોડા, વાડી, બંગલાવાળો, શુભ માર્ગે ધનનો વ્યય કરનારો, માતાથી સંપૂર્ણ સુખી પણ પિતાના અલ્પ સુખવાળો હોય છે. જો શનીના ઘરમાં એટલે મકરનો હોય તો સ્થાન સુખથી રહિત, માતાના સુખ વગરનો, ભાઇ ભાંડુ સાથે કલેશ કરનારો અગર તેનાથી રહિત, રોગથી ઘેરાયેલો, નોકરી કરી આજીવિકા ચલાવનારો હોય છે. જો કુંભનો હોય તો પૈસાવાળો, મહેનતુ અને બુદ્ધિશાળી હોય છે. જો મંગળના ઘરનો હોય તો લાંબા આયુષ્યવાળો, ધર્મ કાર્યમાં પૈસા ખરચવાવાળો, સ્થાનથી સુખી, ગાય, ભેંસ રાખવા-વાળો અને બુદ્ધિશાળી હોય છે. જો શુક્રના ઘરમાં બેઠો હોય તો મિત્રો તેમજ સ્રી સાથે અણુબનાવ રાખનારો તથા પિતાના સુખવાળો

હોય છે. જો બુધના ઘરમાં બેઠા હોય તો સ્થાન રહિત, નોકરી કરી આજીવિકા ચલાવનારો, કાયાનો તંદુરસ્ત, પિતાના વિશેષ સુખવાળો હોય છે. જો સુર્યના ઘરમાં બેઠો હોય તો વાહન અને મિત્રોથી સુખી, સરસ રહેઠાણવાળો પણ નાની ઉમરમાં માતાના સુખથી રહિત હોય છે.

૫ ગુરૂ પાંચમા ભાવે બેઠા હોય અને પોતાની રાશીનો હોય તો ધર્મિષ્ઠ, વિદ્વાન અને પુત્રના સુખ વગરનો હોય છે. જો મીનનો હોય તો પૈસા મેળવવામાં તીવ્ર બુદ્ધિવાળો, ભાગ્યશાળી, શાસ્ત્રનો જાણકાર, વ્રત, નિયમ પાળવાવાળો અને સંતાનથી દુઃખી હોય છે. જો કર્કનો હોય તો મહાન પ્રતાપી, સાક્ષર, તત્વવેત્તા, આત્મજ્ઞાની અને ચાર પુત્રનો પિતા હોય છે. જો શનીના ઘરનો એટલે મકરનો હોય તો મેલી વિદ્યાનો જાણનારો, શંખણી જેવી સ્ત્રીવાળો, પરસ્ત્રી લંપટ, જુઠ્ઠો, લબાડ, વિશ્વાસઘાતી, સ્થાન વગરનો અને રખડેલ હોય છે. જો કુંભનો હોય તો ચતુર, ધર્મિષ્ટ અને મુસાફરીનો શોખીન હોય છે. જો મંગળના ઘરનો એટલે મેષનો હોય તો તંદુરસ્ત, દેખાવડો, ગંભીર મુખમુદ્રાવાળો, વિદ્વાન, પુત્રથી સુખી અને સ્વધર્મમાં પ્રીતિવાળો હોય છે. જો વૃશ્ચિકનો હોય તો તેજસ્વી આંખોવાળો, ભવ્ય કપાળવાળો, સ્વધર્મમાં પ્રીતિવાળો પ્રતાપી, વિદ્વાન અને પુત્રથી સુખી હોય છે. જો શુક્રના ઘરનો એટલે વરખનો હોય તો થોડું ભણેલો છતાં હલકટ, ચાડી કરનારો અને કદરૂપો હોય છે. જો તુલાનો હોય તો નમ્ર વાણીવાળો, ધર્મીષ્ઠ અને પુત્રનાં સુખ વિનાનો હોય છે. જો સૂર્યનાં ઘરનો હોય તો દયાળુ, મીઠું બોલનારો, ધર્મિષ્ટ, રાજ્ય અને પોતાના કુટુંબની પ્રીતિ મેળવનારો, શુભ માર્ગે ધન ખરચનારો અને ગંભીર વદનવાળો હોય છે.

૬ ગુરૂ છઠ્ઠે ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે ધનનો હોય તો મોસાળના સુખવાળો અને અલ્પ ધનવાળો હોય છે. મીનનો હોય તો રોગ શત્રુ વગરનો, પિતાના સુખવાળો અને ભાઈ-ભાંડુથી સુખી હોય છે. જો ઊંચનો એટલે ચંદ્રમાના ઘરનો હોય

તો મોસાળના આશ્રયમાં રહેનારો અને મોસાળથી થોડોક પણ લાભ મેળવનારો. શનીના ઘરમાં બેઠો હોય તો રોગ અને શત્રુથી ઘેરાએલો નીચ વૃત્તિવાળો અને અલ્પ આયુષ્યવાળો હોય છે. મંગળના ઘરમાં બેઠો હોય એટલે મેષનો હોય તો ધનવાન પણ પ્રપંચ કરનારો અને પિતાનું ધન ભોગવનારો હોય છે. વૃશ્ચિકનો હોય તો બીજાને લડાવી મારનાર, જુઠાબોલો અને વઢકણો હોય છે. શુક્રના ઘરનો એટલે વરખનો હોય તો શરીરે ગડ ગુમડની પીડાવાળો, મલીન અંતઃકરણનો, ઘાતકી અને રણસંગ્રામમાં શૂરવીર હોય છે, તુલાનો હોય તો શત્રુના ભયવાળો, પરાયા ઘરમાં ઘુસી જનારો, પરસ્ત્રી ગમન કરનારો, નિર્લજ અને તોફાની હોય છે. બુધના ઘરમાં બેઠો હોય અને મિથુનનો હોય તો પાપીષ્ટ, સાહસીક, ભાઇઓનો દ્વેષ કરનારો, નિર્ધન અને ગળાનાં દરદવાળો હોય છે. જો કન્યાનો હોય તો ધર્મરહિત, ભાગ્યહીન, લંપટ, ચાડી કરનારો અને નીચ કાર્ય કરી આજીવીકા ચલાવનારો હોય છે. જો રવિના ઘરનો એટલે સિંહ રાશીનો હોય તો જક્કી સ્વભાવનો, પિતાના સુખવાળો, મોસાળ વગરનો અગર મોસાળનો નાશ કરનારો હોય છે.

૭ ગુરૂ સાતમાં ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે ધનનો હોય તો પિતાના સુખવાળો, વેપારમાં કુશળ, પ્રતાપી અને સુન્દર સ્ત્રીનો પતિ હોય છે, જો મીનનો હોય તો માતાથી વિશેષ સુખવાળો, સ્વધર્મમાં પ્રીતિવાળો, વાહનના સુખવાળો, સુન્દર મકાનમાં રહેનારો, પરદેશથી કીર્તિ અને ધન મેળવનારો હોય છે. જો ચંદ્રમાના ઘરનો એટલે કર્કનો હોય તો ઉંચ કુળવાળો, સ્ત્રી પુત્રના સંપૂર્ણ સુખવાળો અને શુભમાર્ગે ધનનો વ્યય કરનારો હોય છે. શનિના ઘરમાં એટલે મકરનો હોય તો રોગીષ્ઠ, ભાગ્યહીન, ખરાબ સ્વભાવનો, સ્ત્રી તરફથી હમેશ દુઃખ ભોગવનારો, વેપારમાં ખોટ અને અપજશ મેળવનારો હોય છે. જો કુંભનો હોય તો સુન્દર ચહેરાવાળો, વિદ્યા અને વિનયવાળો હોય છે. જો મંગળના ઘરમાં એટલે મેષનો હોય તો આત્મિક સુખ ભોગવનારો, આનંદી, ધર્મચુસ્ત, રાજકાજનો કુશળ અને કીર્તિવંત હોય છે. જો વૃશ્ચિકનો

હોય તો ઘણી રીતે લાભ મેળવનારો, ચાર ભાઇઓના સુખવાળો, આયુષ્યવાન, ધનવાન અને વિદ્યાવાન હોય છે. શુક્રના ઘરમાં બેઠો હોય અને વૃષભનો હોય તો પર સ્ત્રી ગમન કરનારો, ભણેલો, પૈસાવાળો હોય છે. જો તુલાનો હોય તો સ્ત્રીનો દ્વેષ કરનારો, શૂરવીર અને સાહસ કામ કરનારો હોય છે. જો બુધના ઘરમાં એટલે મિથુનનો હોય તો ખુબસુરત, ગંભિર ચહેરાવાળો અને સ્ત્રીથી લાભ મેળવનારો હોય છે. કન્યાનો હોય તો પતિવ્રતા સ્ત્રીવાળો, વિદ્વાન, સાહસિક અને રાજનો માનીતો હોય છે. જો સુર્યના ઘરમાં એટલે સિંહ રાશીનો હોય તો ભાઇ, ભાંડુ અને કુટુંબના સંપૂર્ણ સુખવાળો, પીતૃભક્ત, વેપાર, વણજ અને પરદેશથી ધન અને કીર્તિ મેળવનારો હોય છે.

૮ ગુરૂ આઠમાં ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો હોય તો લાંબા આયુષ્યવાળો, શરીરે નીરાગી અને પૈસાથી સુખી હોય છે. ચંદ્રમાના ઘરનો એટલે કર્કનો હોય તો લાંબા આયુષ્યવાળો, ઘર અને વાહનથી સુખી હોય છે, શનીના ઘરમાં એટલે મકરનો હોય તો સ્ત્રી અને પિતાના સુખ વગરનો, આયુષ્યનો ટુંકો પણ પૈસાના સુખવાળો હોય છે. જો કુંભનો હોય તો રોગીષ્ટ, શત્રુથી ઘેરાએલો અને ધર્મનો દ્વેષ કરનારો હોય છે. મંગળના ઘરમાં એટલે મેષનો હોય તો આનંદી, સુખી અને લાંબા આયુષ્યવાળો હોય છે. જો વૃશ્ચિકનો હોય તો ધન, ધાન્યથી સુખી, સ્વતંત્ર વિચારનો પણ અલ્પ આયુષ્યનો હોય છે. જો શુક્રના ઘરમાં એટલે વૃષભનો હોય તો નમ્ર સ્વભાવનો, જ્ઞાની, રોગીષ્ટ (કોઢના રોગ વાળો) હોય છે. જો તુલાનો હોય તો સારા ભોગ ભોગવનારો, દાનવીર, તથા ભણેલો હોય પણ ખરાબ આચરણ કરનારો હોય છે. જો બુધના ઘરમાં બેઠો હોય તો ધનના સુખવાળો હોય છે. સુર્યના ઘરમાં બેઠો હોય તો ધન અને ભાઇઓથી દુઃખી, મધ્યમ આયુષ્યવાળો, અને રાજ્યના ભયવાળો હોય છે.

૯ ગુરૂ નવમાં ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે ધનનો હોય તો ભાગ્યશાળી, સ્વધર્મમાં પ્રીતિવાળો, ઉદાર

દીલનો અને ધર્મ કાર્યમાં પૈસા ખર્ચનારો હોય છે. મીનનો હોય તો દેવ ગુરૂની ભક્તિ કરનારો, તીર્થ યાત્રા કરનારો, મોસાળના સંપૂર્ણ સુખવાળો, સારા મિત્રોવાળો, વિદ્વાન અને શાસ્ત્રના ભેદને જાણનારો હોય છે. જો કર્કનો હોય તો ભાગ્યશાળી, ધન અને પુત્રના સંપૂર્ણ સુખવાળો, ધર્મિષ્ટ અને પ્રતાપી, શાસ્ત્રનો જાણકાર અને મર્મના ભેદનો સમજનાર, ગંભિર મુખમુદ્રાવાળો, પર્વતની ગુફામાં રહેવાવાળો, દયાળુ અને સંત–પુરૂષ જેવો હોય છે. શનીના ઘરમાં બેઠો હોય એટલે મકરનો હોય તો નાસ્તિક, કમનશીબ, ભણેલો છતાં ભીખ માગી ખાનારો હોય છે. કુંભનો હોય તો હુન્નર ઉદ્યોગમાં કુશળ, શરીરે તંદુરસ્ત અને ભાઈઓના સુખવાળો અને શાંત પ્રકૃતીનો હોય છે. મંગળના ઘરમાં એટલે મેષનો હોય તો કરકસર અગર વકીલાત કરનારો, સુન્દર ચહેરાનો અને પુત્રના સુખવાળો હોય છે. જો વૃશ્ચિકનો હોય તો નમ્ર વાણીવાળો, ગાયનકળામાં કુશળ, ચારીત્રવાન, શરીરે નિરોગી અને આનંદી હોય છે. શુક્રના ઘરમાં બેઠો હોય અને જો વૃષભનો હોય તો ધનના અને ઘરના સુખવાળો અને સ્રીથી સુખી હોય છે પણ કોઈ વખત પૈસાની સખત ભીડ ભોગવનારો હોય છે. જો તુલાનો હોય તો કુટુંબ અને સ્થાન સુખવાળો અને બુદ્ધિવાન હોય છે. જો બુધના ઘરમાં બેઠો હોય તો કીર્તિવાળો, સારાં કામ કરનારો, સજ્જન માણસની સોબત કરનારો, અને માબાપની સેવા કરનારો હોય છે. સુર્યના ઘરનો એટલે સિંહનો હોય તો દયળુ, ઘણા માણસનું પોષણ કરનારો, ધર્મિષ્ટ અને સજ્જન હોય છે.

૧૦ ગુરૂ દશમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે ધનનો હોય તો પિતા અને માતાના સુખવાળો, પૈસાવાળો અને પોતાના પિતાના જેવી આકૃતિવાળો હોય છે. જો મીનનો હોય તો માતા પિતાથી વિશેષ સુખવાળો, ગાડી ઘોડા અને વાડી બંગલાના સુખવાળો અને પોતાની સ્રીની સંપૂર્ણ પ્રીતિ મેળવનારો હોય છે. જો કર્કનો એટલે ચંદ્રમાના ઘરનો હોય તો ઘણા ભાઈઓના સુખવાળો, પિતાથી લાભ મેળવનારો, રાજસત્તા ભોગવનારો અને કોઈ વાર જમીનમાં દાટેલું ધન તેને મળી આવે

છે. જો શનીના ઘરમાં એટલે મકર રાશીમાં બેઠો હોય તો, પિતાનાં સુખ વગરનો, રાજ્યના ભયવાળો, વેપાર ધંધા વગરનો અને પરસ્ત્રી લંપટ હોય છે. જો કુંભનો હોય તો પૈસા અને વાહનના સુખવાળો હોય છે. મંગળના ઘરમાં બેઠો હોય તો એટલે મેષનો હોય તો પૈસાવાળો, સુખી અને તંદુરસ્ત હોય છે. જો વૃશ્ચિકનો હોય તો સ્થાન અને વાહનથી સુખી અને પૈસાવાળો હોય છે. જો શુક્રના ઘરમાં બેઠો હોય એટલે વૃષભનો હોય તો સાહસીક, બુદ્ધિશાળી, પરોપકારી અને ધનવાન હોય છે. જો તુલાનો હોય તો સારી આબરૂવાળો, ધન અને વાહનથી સુખી હોય છે. બુધના ઘરમાં બેઠો હોય તો માતાના સંપૂર્ણ સુખવાળો, ઘણી વિદ્યાવાળો અને સારો લેખક અગર કવિ હોય છે. સૂર્યનાં ઘરમાં બેઠો હોય તો ઘણો જ દયાળુ, શાસ્ત્રનો જાણકાર, શારી પ્રસિદ્ધિને પામેલો અને ધનથી સુખી હોય છે.

૧૧ ગુરૂ અગીયારમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે ધનનો હોય તો અનેક રીતે લાભ મેળવનારો, બહોળા કુટુંબવાળો, ભણેલો અને વિનયી હોય છે. જો મીનનો હોય તો પરાક્રમી સુન્દર સ્ત્રીવાળો અને વિદ્વાન હોય છે. જો ચંદ્રમાના ઘરનો એટલે કર્કનો હોય તો ખરાબ હૃદયનો, મોઢાની મીઠાશ-વાળો, પારકાના મનની પરીક્ષા કરનારો અને સ્ત્રી, ધન, વાહન વિગેરેથી સુખી હોય છે. જો શનિના ઘરમાં બેઠો હોય એટલે મકરનો હોય તો દરીદ્રી, લુચ્ચો અને દુઃખી સ્થીતિનો હોય છે. કુંભનો હોય તો ભાગ્યશાળી, પુત્રના સુખવાળો અને વિદ્વાન હોય છે. જો મંગળના ઘરમાં બેઠો હોય એટલે મેષનો હોય તો ઘણી સારી આબરૂવાળો, વેપારથી લાભ મેળવનારો અને ધર્મિષ્ટ હોય છે. જો વૃશ્ચિકનો હોય તો ઘણા મિત્રોવાળો અને દરેક કામમાં કુશળ હોય છે. સુર્યના ઘરમાં બેઠો હોય તો મહાન પરાક્રમી, વિદ્વાન અને મિત્રો સાથે સારી લેણાદેણીવાળો હોય છે. જો શુક્રના ઘરનો હોય એટલે વરખનો હોય તો અલ્પ ધનવાળો, લાભ અને નુકસાની બંને ભોગવનારો પણ માણસના સ્વભાવની

પરીક્ષા કરવામાં કુશળ હોય છે. જો તુલાનો હોય તો પૈસા અને વાહનથી સુખી, આબરૂદાર અને સતસંગ કરવાવાળો હોય છે. જો બુધના ઘરમાં બેઠો હોય તો એટલે મિથુનનો હોય તો દયાળુ ધર્મિષ્ઠ, સ્ત્રી, પુત્ર અને ધનથી સુખી હોય છે. જો કન્યાનો હોય તો રાજ્યનો દીવાન—અગર વકીલાત કરનાર, દેવ ગુરૂ ઊપર શ્રદ્ધા રાખનારો અને શ્રીમંત હોય છે.

૧૨ ગુરૂ બારમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે ધનનો હોય તો કંજુસ, લુચ્ચો, જુઠું બોલનાર અને ચાડી કરનાર હોય છે. મિનનો હોય તો ધન અને વાહનથી સુખી છતાં પણુ લુચ્ચો, છાલકા પેટનો અને અક્કલનો ટુંકો હોય છે. જો ચંદ્રમાના ઘરનો એટલે કર્કનો હોય તો સ્વજન ઉપર પ્રીતિવાળો, ધર્મને માર્ગે પૈસા ખરચનારો હોય છે. જો શનીના ઘરનો એટલે મકરનો હોય તો ધનની તંગાશવાળો અને ઊડાઉ હોય છે. કુંભનો હોય તો શરીરે દુઃખી અને રોગ શત્રુથી ઘેરાએલો, પારકા મર્મને બોલનારો, લંપટ અને ચાડી કરનારો હોય છે. શુક્રના ઘરમાં બેઠો હોય એટલે તુલાનો હોય તો ધન વગરનો, સંતાન વિનાનો અને અલ્પ બુદ્ધિનો હોય છે. વૃષભનો હોય તો લોભિષ્ટ, પિતાના ઓછા સુખવાળો, પૈસાનો ઊડાઉ અને કામ ધંધા વગરનો રખડેલ હોય છે. બુધના ઘરમાં બેઠો હોય એટલે મિથુનનો હોય તો પિતા તરફથી મળેલા પૈસા ઊડાવી નાખનારો અને નિરંતર વિષય સુખમાં પ્રીતિવાળો હોય છે. કન્યાનો હોય તો શાસ્ત્રનો જાણકાર છતાં હલકા વિચારવાળો અને શરીરે ચાઠાની નિશાનીવાળો, મશ્કરો અને હસમુખો હોય છે. સૂર્યના ઘરમાં બેઠો હોય તો સ્ત્રી અને ઘરના સુખવાળો, ખરચાળ અને લંપટ હોય છે. મંગળના ઘરમાં બેઠો હોય એટલે મેષનો હોય તો પૈસેથી ઘણો જ દુઃખી, જૂઠું બોલનારો, વિષયી અને લબાડ હોય છે. જો વૃશ્ચિકનો હોય તો રોગીષ્ટ, નોકરી કરી આજીવીકા ચલાવનારો, હલકા વિચારનો પણુ રાજ્યનો સેવક હોય છે.

શુક્રના બારે ભાવનું ફળ.

૧ શુક્ર પહેલા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે વૃષભનો હોય તો શરીરે સ્થુળ, દેખાવડો, વાંકડીયા વાળવાળો, ન્યાયી, પુત્ર અને સ્ત્રીના સુખવાળો હોય છે. તુલાનો હોય તો લાંબા આયુષ્યવાળો, સારા સ્વભાવનો, ઉંચ કુળમાં જન્મેલો અને પ્રમાણીક, નીષ્કપટી, લોકપ્રીય, સ્ત્રીઓને માનિતો, પરદેશવાસી અને પ્રતાપી હોય છે. જો ઉંચનો એટલે મિન રાશીનો હોય તો સ્વભાવે અમીર, મીઠાબોલો, શાણો, શરીરે નિરોગી, દેખાવડો, વાહનના સુખવાળો, ઘણા મિત્રોવાળો અને સુખી હોય છે, ધનનો હોય તો મોસાળ પક્ષના સુખવાળો, સુન્દર સ્ત્રીવાળો, સુન્દર વસ્ત્ર, આભુષણ ઉપર પ્રીતિવાળો અને સહેજમાં લોકોને આંજી નાખી પોતાનું કામ કાઢી લેનારો, સ્વાર્થી અને લંપટ-ઘણી સ્ત્રી ભોગવનારો હોય છે. મંગળના ઘરમાં બેઠો હોય તો-એટલે મેષનો હોય તો ધનવાન, સુન્દર સ્ત્રીઓનો ભોકતા, શ્રિમંત, વાકય ચાતુરીવાળો, ધર્મનો રોળ કરનારો, નિરોગી, દેહવાળો, દેખાવડો અને પરાક્રમી હોય છે. જો વૃશ્ચિકનો હોય તો ધન ધાન્યથી સુખી, મોજશોખમાં પૈસા ઉડાવનારો અને સ્ત્રીનો માનિતો હોય છે. જો બુધના ઘરમાં બેઠો હોય એટલે મિથુનનો હોય તો વિનયી, દયાળુ અને કડવાબોલો પણ બાહોશ હોય છે. કન્યાનો હોય તો કપટી, છળ ભેદવાળો, હલકા મિત્રોવાળો, પૈસાની મુશીબત ભોગવનારો, વેશ્યાગમન કરનારો. સ્વધર્મથી રહિત હોય છે. ચંદ્રના ઘરમાં બેઠો હોય તો પરદેશમાં ફરનારો, સુશોભિત, વસ્ત્ર, આભુષણ પહેરનારો, કોઈ કોઇ વખત દુઃખી સ્થીતી છતાં વાહનનું સુખ ભોગવનારો હોય છે. સુર્યના ઘરમાં બેઠો હોય તો પ્રપંચી, ક્રોધી અને કોઇ કોઈ વાર છેડાઇ જનારો, પિતાના જેવી મુખમુદ્રાવાળો, વાયુના રોગથી પિડીત અને ખરાબ સ્ત્રીવાળો હોય છે. શનીના ઘરમાં એટલે મકરનો હોય તો તેજસ્વી, વિદ્વાન, દેખાવડો, સ્ત્રી પુત્રના સુખવાળો અને લોકપ્રિય હોય છે. કુંભનો હોય તો કુટુંબમાં માનિતો, ખુબસુરત સ્ત્રીવાળો, ભાગ્યશાળી અને સુખી હોય છે.

૨ શુક્ર બીજા ભાવે બેઠો હોય અને વૃષભનો હોય તો સ્ત્રી તરફથી સારો લાભ મેળવનારો, ધનથી સુખી અને વિનયી, વિદ્વાન હોય છે. જો તુલાનો હોય તો ધર્મીષ્ટ, વૃત નિયમ પાળવાવાળો દીર્ઘ આયુષી, બહોળા કુટુંબવાળો અને સુખી હોય છે. જો મિનનો હોય તો વાહન, વાડી, અને સુન્દર ઘરનો ભોક્તા હોય છે. તેમજ લક્ષ્મી તેનો સંગ છોડતી નથી. ધનનો હોય તો પૈસાથી સુખી પણ રોગીષ્ઠ, પરોપકારી અને પીત્ત પ્રકૃત્તિનો હોય છે. મંગળના ઘરનો એટલે મેષનો હોય તો આયુષ્યનો બળવાન, પૈસાથી સુખી અને લંપટ હોય છે. વૃશ્ચિકનો હોય તો શરીરે સુખી, હલકો ખોરાક ખાનારો, નમ્ર અને દીર્ઘાયુષી હોય છે. બુધના ઘરમાં એટલે મિથુનનો હોય તો વાચાળ અને કડવાબોલો, ધન, પુત્ર, મિત્રથી સુખી અને શત્રુ વિનાનો, સુંદર સ્ત્રી અને સુંદર આભુષણનો ભોક્તા હોય છે. કન્યાનો હોય તો ભાઇ વિનાનો અગર ભાઇઓ સાથે અણબનાવવાળો, પૈસાથી દુઃખી, નિર્લજ અને ખરાબ કુટેવવાળો હોય છે પણ પાછળથી પિતા તરફથી સારો લાભ મેળવે. જો કર્કનો હોય તો દેખાવમાં સુંદર, સ્વભાવે નીચ, સ્વાર્થી અને અભિમાની હોય છે પણ ખરાબ આચરણનો હોવાથી કફના રોગવાળો હોય છે. સૂર્યના ઘરમાં બેઠો હોય તો સુખી, લાભ મેળવનારો, પણ થોડી બુદ્ધિને લીધે ક્રોધી હોય છે. શનીના ઘરમાં બેઠો હોય અને તે મકરનો હોય તો પૈસાવાળો હોય છતાં મવાલી જેવો ફરે, અને દેખાવમાં ગરીબ પણ નીચ હ્રદયનો હોય છે. કુંભનો હોય તો બુદ્ધિવાન, પિતાથી સંપૂર્ણ લાભ મેળવનારો, વિનયી, લોકનો માનીતો અને પરોપકાર વૃત્તિવાળો હોય છે.

૩ શુક્ર ત્રીજા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે વૃષભનો હોય તો ભાંડુથી સુખી અને સારી લેણાદેણીવાળો અને પરાક્રમી હોય છે. તુલાનો હોય તો દેવગુરૂની ભક્તિ કરનારો, શ્રદ્ધાળુ અને રાજદ્વારી બાબતનો કુશળ અને શોખીન હોય છે, તેમજ પિતા પાસેથી સંપૂર્ણ સુખ ભોગવનારો, પરાક્રમી હોય છે. જો મીનનો હોય તો ન્યાયમૂર્તિ, સત્યતાથી ચાલનારો, સ્વધર્મમાં

કુશળ, શાસ્ત્રના ભેદને જાણનારો, ઘણા ભાઈઓવાળો અને તેમાં પણ શ્રેષ્ટ સ્થાન ભોગવનારો હોય છે. જો ધનનો હોય તો મંદ પરાક્રમી, પોતાના નાના ભાઈઓવાળો, કુળની મર્યાદા સાચવનારો અને ભાઈઓ ઉપર પ્રેમ રાખનારો હોય છે. બુધના ઘરમાં એટલે મિથુનનો હોય તો સુંદર સ્ત્રીનો ભોક્તા અને ધનધાન્યથી સુખી હોય છે. જો કન્યાનો હોય તો ભાઈઓ સાથે વિરોધ કરનારો, ઉદ્યમ વિનાનો, મંદ પરાક્રમી, સુખ અને શાંતિ વિનાનો હોય છે. મંગળના ઘરમાં બેઠો હોય તો સાધારણ સ્થિતિનો, સારી બુદ્ધિવાળો અને બંધુ વર્ગમાં સ્નેહવાળો હોય છે. ચંદ્રના ઘરમાં એટલે કર્કનો હોય તો શુદ્ધ હૃદયનો અને સામાન્ય સુખવાળો હોય છે. રવીના ઘરમાં બેઠો હોય તો ઉદ્યમી, નરમાશથી સર્વના મનને જીતી લેનારો અને નસીબદાર હોય છે. જો શનિના ઘરમાં એટલે મકરનો હોય તો આળસુ, સ્ત્રી સંગ કરવાની ઈચ્છાવાળો, બુદ્ધિમાન છતાં અંતઃકરણનો મલીન હોય છે. જો કુંભનો હોય તો નીચ માણસોની મદદથી પરાક્રમ કરનારો, ચાડીયો અને પાપ બુદ્ધિવાળો હોય છે.

૪ શુક્ર ચોથા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે વૃષભનો હોય તો ભાગ્યશાળી, વાહનના સુખવાળો, સુંદર મકાનમાં રહેનારો અને સ્વધર્મમાં પ્રીતિવાળો હોય છે. જો તુલાનો હોય તો વ્યાપારમાં કુશળ, માતાના સંપૂર્ણ સુખવાળો, પોતાની માના જેવી કાંતિવાળો, શોકરહિત, ઘણા મિત્રવાળો, મિત્રનો માનીતો, વાડી, ગાડી, લાડી અને સુંદર મકાનના સુખવાળો હોય છે. મીનનો હોય તો મોસાળના સંપૂર્ણ સુખવાળો અગર મોસાળનો વારસો ખાનારો, કોઈ કોઈ વખત મોટો લાભ મેળવનારો, સઘળી રીતે સુખી હોય છે. ધનનો હોય તો ધનવાન, ધર્મિષ્ટ અને સુખી હોય છે. બુધના ઘરમાં બેઠો હોય એટલે મિથુનનો હોય તો સજ્જન માણસો પર પ્રેમ રાખનારો, આયુષ્યનો બળવાન અને બે ભાઈવાળો હોય છે. કન્યાનો હોય તો બુદ્ધિનો નીચ, ખરાબ રસ્તે પૈસા ઉડાવી દેનારો, માતાની સાથે વિરોધ રાખનારો, અગર માતાએ તજી દીધેલો, વિશ્વાસઘાતી અને સ્થાન રહિત પરદેશમાં

રખડી ખાનારો હોય છે. મંગળના ઘરમાં એટલે મેષનો હોય તો માબાપના સુખવાળો, સાહસિક, બુદ્ધિશાળી છતાં ખરાબ ભોગ ભોગવવાની ઇચ્છા રાખનારો, જો વૃશ્ચિકનો હોય તો માતાપિતા તથા ભાઇઓના સુખવાળો પણ ખરાબ સ્ત્રીનો પતિ હોય છે. સામાન્ય સુખી પણ સ્વભાવે થોડા ક્રોધવાળો હોય છે. જો ચંદ્રમાના ઘરનો હોય તો કુટુંબ ઉપર પ્રેમવાળો, મંદગતિનો એટલે ધીમે ચાલનારો, શાંત પ્રકૃતિનો, સુંદર સ્ત્રીવાળો, કાન્તિ અને કીર્તિવાળો હોય છે. જો રવિના ઘરમાં બેઠો હોય તો મિત્રની સાથે ક્રોધ કરનારો, ભાઇઓના ઓછા સુખવાળો, કોઈનો પણ વિશ્વાસ નહિ કરનારો અને મહેનત કરી આજીવિકા ચલાવનારો હોય છે. શનિના ઘરમાં એટલે મકરનો હોય તો હલકા માણસો સાથે રહેનારો, આયુષ્યનો બળવાન અને નોકરી કરનારો હોય છે. જો કુંભનો હોય તો સાચા બોલો, સુખની નોકરી કરવાવાળો અને સ્વભાવે ક્રોધી હોય છે.

૫ શુક્ર પાંચમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે વૃષભનો હોય તો બે પુત્રવાળો અને પુત્રથી સંતોષ પામનારો અને સફેદ વસ્તુનો વેપાર કરી લાભ મેળવનારો હોય છે. તુલાનો હોય તો સ્ત્રી, પુત્ર અને ધનથી સુખી પણ નોકરી કરનારો અને શુભ માર્ગે ધન ખરચનારો હોય છે. જો મીનનો હોય તો વિદ્વાન, સંતાનના સંપૂર્ણ સુખવાળો, સ્ત્રીનો પ્રેમ મેળવનારો, ધર્મના કાર્યમાં તેમજ જાહેરમાં પૈસા ખરચનારો અને પ્રસિદ્ધવક્તા હોય છે. જો બુધના ઘરમાં એટલે મિથુનનો હોય તો હુશીયાર, ઘોડાની સ્વારી કરવાવાળો અને આયુષ્યવાન હોય છે. કન્યાનો હોય તો મંદ બુદ્ધિનો, સંતાનથી દુઃખી થનારો, અગર પોતે સંતાનને દુઃખ દેનારો, નીચ અને રોગિષ્ટ હોય છે. મંગળના ઘરમાં એટલે મેષનો હોય તો પુત્ર મિત્રના સંપૂર્ણ સુખવાળો, બે સ્ત્રી ભોગવવાવાળો અને વિદ્વાન હોય છે. જો વૃશ્ચિકનો હોય તો રાજકાર્યમાં કુશળ, સ્થાન સુખવાળો, પુત્ર વિનાનો અને વાયુ પ્રકૃતિનો હોય છે. જો ચંદ્રમાના ઘરનો હોય તો સર્વ વિદ્યાનો જાણ, સ્ત્રીને સ્વાધિન, કન્યાની પ્રજાવાળો અને

પોતાની અમુક ખોડને લીધે જાહેરમાં બ્હીતો રહેનારો હોય છે. સૂર્યના ઘરનો હોય તો ક્રોધી, એક પુત્રવાળો, અગર મૃત પ્રજાવાળો હોય છે. જો શનિના ઘરમાં બેઠો હોય તો લડવૈયો, મુસાફરીનો શોખીન, બુદ્ધિશાળી અને તેજ સ્વભાવનો હોય છે.

૬ શુક્ર છઠ્ઠા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે વૃષભનો હોય તો મોસાળપક્ષે સુખી અને શત્રુ વગરનો હોય છે. જો તુલાનો હોય તો સ્ત્રી તરફથી ધન મેળવનારો, શરીરે નિરોગી અને શત્રુ જીત હોય. જો ઉંચનો એટલે મિનનો હોય તો મોસાળ પક્ષથી સુખી પણ રોગથી ઘેરાયેલો હોય છે. જો બુધના ઘરમાં બેઠો હોય તો લંપટ, વ્યભિચારી, ખરાબ રોગવાળો, શત્રુથી દુઃખ પામનારો, હલકા માણસો સાથે ફરી હલકી નોકરી કરી આજીવીકા ચલાવનારો, આયુષ્યનો ટુંકો હોય છે. મંગળના ઘરમાં બેઠો હોય તો લુચ્ચો, ચાડી કરનાર, સેવા કરવામાં કુશળ, અનેક બબતાનો જાણકાર, સત્ય બોલનારો, અને તેજ સ્વભાવનો હોય છે. ચંદ્રના ઘરમાં બેઠો હોય તો રોગિષ્ટ, ચીડિઓ સ્વભાવ, સુખ વિનાનો હોય છે. રવિના ઘરનો હોય તો ભાઈઓથી દુઃખી, અલ્પ આયુષી અને રોગિષ્ટ હોય છે. જો ગુરૂના ઘરનો એટલે ધનનો હોય તો જુઠાબોલો, ગંદો, મંત્ર જંત્ર અને કિમીયાનો ઢોંગ કરી લોકને છેતરનારો હોય છે. શનિના ઘરમાં એટલે મકરનો હોય તો શુરવીર, વેશ્યાગમન કરનારો અને મીઠું બોલનારો હોય છે. કુંભનો હોય તો ધન રહિત, ઊડાઉ, રોગિષ્ઠ અને ચોરી કરનારો હોય છે.

૭ શુક્ર સાતમાં ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો હોય તો સારા હુન્નરવાળો, શ્રેષ્ટ કુળમાં જન્મનારો, તેજસ્વી, પિતા, પુત્ર અને ભાઈઓના સુખવાળો, આનંદી અને સુંદર સ્ત્રીવાળો, વૈભવ ભોગવનારો હોય છે. જો ઊંચનો હોય તો ભાગ્યશાળી, સુન્દર મકાન અને વાહનથી સુખી, અને શરીરે દેખાવડો હોય છે. જો ધન રાશીમાં બેઠો હોય તો વ્યભિચારી, ઘણી સ્ત્રીઓ

ઉપર પ્રેમ કરનારો, પૈસાનો ઉડાઉ અને તેજસ્વી હોય છે. જો બુધના ઘરમાં બેઠો હોય તો સ્ત્રીના સુખવાળો પણ તેની સ્ત્રી નબળી ચાલની હોય છે. મંગળના ઘરમાં બેઠો હોય એટલે મેષનો હોય તો કફ વાયુના રોગવાળો, નમ્ર સ્વભાવનો, શરીરે તંદુરસ્ત, અને વૃશ્ચિકનો હોય તો સ્ત્રીને સ્વાધિન થનારો, બહુ વિષય કરનારો, સુસ્ત અને આળસુ હોય છે. ચંદ્રના ઘરનો હોય તો સુંદર દેખાવડી સ્ત્રીવાળો પણ સ્ત્રીલંપટ, અન્ય પુરૂષ સાથે વિષયસુખ ભોગવવાવાળી હોય છે. જો સૂર્યના ઘરનો હોય તો ખરાબ સ્વભાવનો, પરદેશમાં વાસ કરનારો, સ્ત્રી વિનાનો અગર હોય તો સ્ત્રીનો દ્વેષ કરનારો હોય છે, શનિના ઘરમાં બેઠો હોય તો દયાળુ સ્વભાવનો, શરીરે નિરોગી પણ તેની સ્ત્રી કપટી અને લુચ્ચી હોય છે.

૮ શુક્ર આઠમા ભાવે બેઠો હોય અને પોતાની રાશિનો અગર ઉંચનો હોય તો લાંબા આયુષ્યવાળો, શરીરે સુખી, ધનવાળો, મજબૂત શરીરવાળો, મધ્યમ કદવાળો હોય છે. બુધના ઘરમાં બેઠો હોય તો પૈસાથી સુખી, હૃદયનો રોગિષ્ટ, ક્રોધી હોય છે. કન્યાનો હોય તો કમનશિબ, નાસ્તિક, પાપકર્મ કરનારો જાણવો. મંગળના ઘરમાં એટલે મેષનો હોય તો આયુષ્યવાન, પાપકર્મથી રહિત અને ઉદાસી ચહેરાવાળો હોય છે. વૃશ્ચિકનો હોય તો આયુષ્યનો બળવાન, પૈસાથી સુખી, ન્યાયી, શ્રેષ્ઠ બુદ્ધિવાળો હોય છે. ચંદ્રમાના ઘરમાં બેઠો હોય તો રોગિષ્ટ, મુસાફરી કરનારો હોય છે. સૂર્યના ઘરમાં બેઠો હોય તો ગુપ્ત રોગવાળો હોય છે. ગુરૂના ઘરમાં બેઠો હોયતો ખરાબ સ્ત્રીનો પ્રેમ કરવાવાળો અને મુસાફરીનો શોખીન હોય છે. શનિના ઘરમાં બેઠો હોય તો રોગિષ્ટ, વ્યભિચારી અને શુદ્રને માન આપવાવાળો હોય છે.

૯ શુક્ર નવમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો એટલે વૃષભનો હોય તો ભાગ્યશાળી, ધનના વિશેષ સુખવાળો અને

ધર્મિષ્ટ હોય છે. જો તુલાનો હોય તો સુન્દર મકાનવાળો, વાહનથી સુખી અને સ્વધર્મમાં પ્રીતિવાળો હોય છે. મંગળના ઘરમાં એટલે મેષનો હોય તો ધર્મકાર્ય કરવામાં કુશળ અને શાસ્ત્રનો જાણકાર હોય છે. મિથુનનો હોય તો સ્વધર્મમાં પ્રીતિ, લાંબુ આયુષ્ય, યાત્રાનો કરનારો અને વિનયવાળો હોય છે. કર્કનો હોય તો વિષયી હોય છે છતાં સ્વધર્મમાં પ્રીતિ દેખાડનારો હોય છે. સૂર્યના ઘરમાં એટલે સિંહનો હોય તો નશીબદાર હોય છે છતાં પારકાની અદેખાઇ કરે છે. કન્યાનો હોય તો ધર્મથી રહિત અને ધર્મિષ્ટનો ડોળ કરી ધર્માદા પૈસા ખાઇ જનારો હોય છે. વૃશ્ચિકનો હોય તો ભાઇઓ સાથે સ્નેહવાળો, ધર્મિષ્ટ અને મધુર વાણીવાળો હોય છે. ધનનો હોય તો સ્વધર્મને જાણનાર, તીર્થ કરનાર હોય છે છતાં પર સ્ત્રીના સંગવાળો હોય છે. મકરનો હોય તો ભાગ્યશાળી, મીઠી વાણીવાળો અને શરીરે તંદુરસ્ત હોય છે. જો કુંભનો હોય તો પૈસાદાર, ધર્મિષ્ટ અને રાજ્યની નોકરી કરનારો હોય છે. મીનનો હોય તો પૈસાદાર, વાડી બંગલાવાળો, શાંત પ્રકૃતિનો, પોતાને યોગ્ય પવિત્ર સ્ત્રીવાળો અને ચારિત્રવાન હોય છે.

૧૦ શુક્ર દશમા ભાવે બેઠો હોય અને મેષનો હોય તો માતાપિતાના સુખવાળો, ધન ધાન્યથી સુખી ને ઘણા મિત્રોવાળો હોય છે. જો વૃષભનો હોય તો ઘણા ભાઇઓવાળો, દરેક માણસ સાથે સારી લેણાદેણીવાળો, પિતાથી સંપૂર્ણ લાભ મેળવવાવાળો હોય છે. મિથુનનો હોય તો ભાગ્યશાળી, વિષયી અને મોટા કુટુંબવાળો હોય છે. કર્કનો હોય તો વાહનથી સુખી અને મોટો વેપાર કરનારો હોય છે. સિંહનો હોય તો થોડી રાજ્યસત્તાથી અભિમાની, તેજ સ્વભાવનો, અતિશય જઠરાગ્નિવાળો હોય છે. કન્યાનો હોય તો પિતાથી દુઃખી, નોકરી કરી ગુજરાન ચલાવનારો, ભોગ ભોગવવાની વિશેષ ઈચ્છાવાળો હોય છે. તુલાનો હોય તો વિદ્વાન, માતાપિતાના સુખવાળો, અને સુંદર સ્ત્રીનો ભોક્તા હોય છે. વૃશ્ચિકનો હોય તો ભાગ્યશાળી, પોતાના કાર્યમાં કુશળ અને સુન્દર રહેઠાણ-

વાળો હોય છે. ધનનો હોય તો આયુષ્યનો બળવાન, તેજ સ્વભાવનો હોય છે. જો મકરનો હોય તો પૈસા અને સ્ત્રીના સુખવાળો, કીર્તિવાન, પરોપકારી અને બુદ્ધિવાન હોય છે. મીનનો હોય તો દાનેશ્વરી, તત્ત્વજ્ઞાનનો જાણકાર, પિતા, ગુરૂ અને સજ્જન પુરૂષોની સેવા કરનાર, રાજ્યનો માનીતો અગર રાજ્ય સાહેબીવાળો હોય છે.

૧૧ શુક્ર અગીયારમાં ભાવે બેઠો હોય અને મેષનો હોય તો પુત્રના સુખવાળો, ધન અને ધરતીનો લાભ મેળવનારો હોય છે. વૃષભનો હોય તો શુભ વિચારનો અને પુત્રના સુખવાળો, કોઇવખત અણચિંતવ્યો મોટો લાભ મેળવનારો, વાહન વિગેરેથી સુખી અને મિત્ર સાથે સારી લેણાદેણીવાળો હોય છે. મિથુનનો હોય તો લડાઇના કાર્યમાં કુશળ, તેજ સ્વભાવનો મિત્રોનું રક્ષણ કરનારો, સારા વૈભવવાળો, શત્રુ વિનાનો હોય છે. કર્કનો હોય તો પુત્રના સુખવાળો, શાંત પ્રકૃત્તિનો અને ભાગ્યશાળી હોય છે. જો સિંહનો હોય તો એકાંતવાસ કરનારો, વાડી અને બગાચાવાળી જગ્યામાં રહેનારો, સ્વભાવે આનંદી હોય છે. કન્યાનો હોય તો ખરાબ સ્ત્રીવાળો, ખોટા માર્ગે ધનનો વ્યય કરનારો, શત્રુ અને મિત્ર બંનેનો અનુભવ લેનારો બહુ પેક હોય છે. તુલાનો હોય તો પૈસાવાળો, શત્રુ જીત અને મોસાળથી સારો લાભ મેળવનારો હોય છે. વૃશ્ચિકનો હોય તો બુદ્ધિશાળી, બે પુત્રના સુખવાળો, ભાઈઓમાં માનીતો અને વેપાર કરવામાં કુશળ હોય છે. ધનનો હોય તો દયાળુ હૃદયનો, માતાના વિશેષ સુખવાળો અને ધર્મિષ્ટ હોય છે. મકરનો હોય તો ધનવાન, બુદ્ધિમાન અને આયુષ્યનો બળવાન હોય છે. કુંભનો હોય તો ઘણા પૈસાવાળો, અને પરોપકારમાં પ્રીતિવાળો હોય છે. મીનનો હોય તો શરીરે સુંદર, રોગ શત્રુ વિનાનો છતાં સ્વભાવે કપટી અને લુચ્ચો હોય છે.

૧૨ શુક્ર બારમાં ભાવે બેઠો હોય અને મેષનો હોય તો પરદેશ ફરવામાં પ્રીતિવાળો, ખરાબ રસ્તે ધનનો વ્યય કરનારો, શરીરે રોગિષ્ટ અને બેભાન જેવો હોય છે. વૃષભનો

હોય તો પિતાના પૈસાને ઊડાવી દેનારો, અને પરોપકાર કરવામાં પ્રીતિવાળો હોય છે. મિથુનનો હોય તો સુખ વિનાનો, નિર્ધન, ચોર અને ગંદો રહેનારો હોય છે. કર્કનો હોય તો રાજ્યની સેવા કરનારો, ભાઈઓથી દુઃખી હોય છે. સિંહનો હોય તો પૈસાથી દુઃખી, ધર્મથી રહિત હોય છે. કન્યાનો હોય તો નીચ, હલકા માણસનો સંગ કરનારો, જુઠાબોલો, ચાડી કરનારો, અને ખરાબ સ્ત્રી ભોગવનારો હોય છે. તુલાનો હોય તો ઘણાં માણસોનું પાલન પોષણ કરનારો, દયાળુ અને દાનવીર હોય છે. વૃશ્ચિકનો હોય તો પરસ્ત્રીમાં પ્રીતિવાળો, ખોટા ડોળ કરનારો અને ઊડાઉ હોય છે. ધનનો હોય તો મોઢે મીઠું બોલનારો, કપટી, જુઠાબોલો, ચાડી કરનારો, હૃદયનો કઠણ હોય છે. મકરનો હોય તો ગુપ્ત રોગવાળો અને કોઇ વખત ચોર અગ્નિ વિગેરેથી પૈસે પાયમાલ થનારો હોય છે. કુંભનો હોય તો આયુષ્યનો ટુંકો, ભાઈઓથી દુઃખી, મોટાં ખર્ચ રાખનારો અને મિનનો હોય તો શુભ રસ્તે ધનનો વ્યય કરનારો હોય છે.

શનિના બારે ભાવનું ફળ.

૧ શનિ પહેલા ભાવે બેઠો હોય તો દુષ્ટ કર્મ કરનારો, હલકા વિચારનો, વાયુના રોગવાળો, બે બૈરીવાળો, દારિદ્રિ, પિતાનો દ્વેષ કરનારો, રોગિષ્ટ, અને કદ્રુપો હોય છે. વૃષભનો હોય તો શૂરવીર, ચારિત્રવાન, અને બાત પીતનો રોગિષ્ટ હોય છે. મિથુનનો હોય તો કફ અને વાયુની પ્રકૃત્તિવાળો, ખરાબ માણુ-સની સોબત કરનારો, લુચ્ચો અને પરસ્ત્રીમાં પ્રીતિવાળો હોય છે. કર્કનો હોય તો, માતાનો દ્વેષ કરનારો, અભક્ષ કરનારો, અને નીચ માણુસનો સંગ કરનારો હોય છે. રવિના ઘરમાં બેઠો હોય તો પિતાનો દ્વેષ કરનારો, લડાઇખોર અને હલકા માણુસનો સંગ કરવાવાળો હોય છે. કન્યાનો હોય તો દુર્જન, અયોગ્ય કામ કરનારો, ક્રોધી, ખરાબ ગુણુવાળો અને હલકી નોકરી કરનારો હોય છે. તુલાનો હોય તો સુખ દુઃખ બન્નેનો અનુભવ

લેનારો, મધ્યમ કદનો, દેખાવડો, અને ઘણી જમીનવાળો હોય છે. વૃશ્ચિકનો હોય તો જમીનથી સુખી, પણ ચાડી કરનારો અને ગુપ્ત રોગની પીડાવાળો હોય છે. ધનનો હોય તો નાસ્તિક, સંતનો દ્વેષ કરનારો, કફ વાયુના રોગવાળો, હુન્નર કળામાં કુશળ અને સાહસીક હોય છે. મકરનો હોય તો શ્રેષ્ઠ પદ ભોગવનારો, ધનથી સુખી, દેખાવડો પણ ઘણી ઉપાધીવાળો હોય છે. કુંભનો હોય તો સારા ગુણથી સૌને પ્રિય અને પૈસે સુખી તેમજ શુભ માર્ગે ધનનો વ્યય કરનારો હોય છે. મીનનો હોય તો હુન્નરકળામાં કુશળ, મોટા મોટા માણુસોને વશ કરનારો હોય છે.

૨ શનિ બીજા ભાવે બેઠો હોય અને મેષનો હોય તો વિષય સુખનો લાલચુ, લુચ્ચો, અને પૈસેથી દુઃખી હોય છે. વૃષભનો હોય તો પૈસાવાળો, અને પુત્રથી સુખી હોય છે. મિથુનનો હોય તો નિર્ધન, ખરાબ સ્ત્રીનો સંગ કરનારો હોય છે. કર્કનો હોય તો કુટુંબનો દ્વેષ કરનારો, ઘાતકી, ચોર અને લુચ્ચો હોય છે. સિંહનો હોય તો નેત્રનો રોગી, વિષયી, દરિદ્રિ હોય છે. કન્યાનો હોય તો જુઠાબોલો અને દરિદ્રી હોય છે. તુલાનો હોય તો ધન અને કુટુંબથી સુખી, શાસ્ત્ર વિદ્યાનો જાણકાર હોય છે. વૃશ્ચિકનો હોય તો હલકા વિચારનો, ખરાબ મિત્રવાળો અને નિર્ધન હોય છે. ધનનો હોય તો પૈસાવાળો, લોભી, સારાં વસ્ત્ર આભુષણવાળો, લાંબુ આયુષ્ય ભોગવનારો અને કુટુંબનો દ્વેષ કરનારો હોય છે. મકરનો હોય તો મોટા કુટુંબવાળો, ભાઈ ભાંડુથી સારી લેણાદેણીવાળો, શરીરે તંદુરસ્ત, પરદેશથી પૈસા મેળવનારો હોય છે. કુંભનો હોય તો સ્થૂળ શરીરનો, રાજ્યનો માનીતો, નોકર ચાકર વિગેરેથી સાહેબી ભોગવનારો હોય છે. મીનનો હોય તો શત્રુને જીતનારો, પૈસેથી સુખી અને બુદ્ધિશાળી હોય છે.

૩ શનિ ત્રીજે ભાવે બેઠો હોય અને મેષનો હોય તો કુટુંબ વગરનો, અગર કુટુંબથી દૂર થયેલો, તોફાની, હલકા

અને નીચ કામોમાં પરાક્રમ દેખાડનારો, અવગુણવાળો હોય છે. વૃષભનો હોય તો પરાક્રમી, કન્યાની પ્રજાવાળો, જક્કી અને ખંતીલો હોય છે. મિથુનનો હોય તો ખરાબ સ્વભાવનો, ગંદો, અને ઉપકારને ભુલી જનારો હોય છે. કર્કનો હોય તો વિષયી અને હલકી સ્ત્રીઓને આધિન થનારો, ભાઇ વિનાનો અને કંગાળ હોય છે. સિંહનો હોય તો કુકર્મ કરનારો, ભાંડુ સાથે દ્વેષ કરનારો, મહેનત મજુરી કરી પેટ ભરનારો હોય છે. કન્યાનો હોય તો ગરીબ, ભાઇ વિનાનો, શાંત પ્રકૃતિનો અને પરસ્ત્રીની પ્રીતિવાળો હોય છે. તુલાનો હોય તો મહાન પરાક્રમી, ભાઇઓનો માનિતો. પૈસાદાર, સુખી હોય છે. વૃશ્ચિકનો હોય તો ખરાબ વર્તનવાળો અને પરસ્ત્રીમાં પ્રેમ રાખનારો હોય છે. ધનનો હોય તો બુદ્ધિવાન, વાહનના સુખવાળો અને મિત્રોથી સારી લેણાદેણીવાળો હોય છે. મકરનો હોય તો સુંદર મકાનમાં રહેવા-વાળો ધન અને પુત્રથી સુખી, રાજ્યનો માનિતો હોય છે. કુંભનો હોય તો કુટુંબ અને ભાઇઓના સુખવાળો, પરાક્રમી અને પરો-પકારી હોય છે, મીનનો હોય તો પૈસાવાળો, ઘણા મિત્રોવાળો, પણ કોઇ વખત લજ્જાને દૂર કરનારો હોય છે.

૪ શનિ ચોથા ભાવે બેઠો હોય અને મેષનો હોય તો સ્થાન વગરનો, માતાથી તજાએલો અગર માતાના સુખ વિનાનો, ખરાબ વર્તણુંકનો અને રખડેલ હોય છે. વૃષભનો હોય તો તેના બાપને બે સ્ત્રી હોય છે, ધર્મ પર શ્રદ્ધાવાળો અને મિત્રોમાં માનિતો હોય છે. મિથુનનો હોય તો લડવૈયો અને ખરાબ સ્ત્રી ભોગવનારો હોય છે. કર્કનો હોય તો સ્થાનના થોડા સુખવાળો અને હઠીલો હોય છે. સિંહનો હોય તો માતા પિતાનો દ્વેષ કરનારો, પોતાની સ્ત્રીને આધીન રહેનારો હોય છે. કન્યાનો હોય તો રોગીષ્ટ અને ખરાબ સ્ત્રીવાળો હોય છે, તુલાનો હોય તો માતાના સંપૂર્ણ સુખવાળો, સુન્દર સ્ત્રીવાળો, લાંબુ આયુષ્ય ભોગવનારો, પૈસા અને વાહનથી સુખી હોય છે. વૃશ્ચિકનો હોય તો માતાપિતાના સુખ વિનાનો, ખરાબ મિત્રવાળો, શત્રુરહિત હોય છે. ધનનો હોય તો પિતા કરતાં

માતાના વિશેષ સુખવાળો, પરદેશમાં રહેવાવાળો, વાહનના થોડા સુખવાળો, મિત્રોથી સુખી હોય છે. મકરનો હોય તો બુદ્ધિમાન, બંધુ વર્ગમાં માનીતો, સજ્જનનો સંગ કરનારો, માતાના સંપૂર્ણ સુખવાળો, સુંદર મકાનમાં રહેનારો, વાહનથી સુખી હોય છે. કુંભનો હોય તો ભાઇઓ સાથે સારી લેણાદેણીવાળો, ખંડિત રોગ અને શત્રુની ઉપાધિવાળો, સુંદર સ્થાનકનો ભોગવવાવાળો હોય છે. મીનનો હોય તો પૈસાવાળો, લોભી, કુટુંબઉપર પ્રેમવાળો, અને પરદેશમાં રહેનારો હોય છે.

૫ શનિ પાંચમા ભાવે બેઠો હોય અને મેષનો હોય તો નીચ બુદ્ધિવાળો, ધનથી દુઃખી, ખરાબ પુત્રવાળો હોય છે. વૃષભનો હોય તો પરદેશમાં વાસ કરનારો, ધનથી સુખી અને બુદ્ધિશાળી હોય છે. મીથુનનો હોય તો વિશ્વાસઘાતી, લુચ્ચો અને પૈસાથી દુઃખી હોય છે. કર્કનો હોય તો હુન્નર કળાનો જાણકાર, પુત્ર વિનાનો, સ્ત્રીની સાથે અણબનાવવાળો હોય છે. સિંહનો હોય તો લુચ્ચો, જુઠાબોલો, પુત્રના સુખથી રહીત હોય છે. કન્યાનો હોય તો મીજાજી, ઘડી ઘડીમાં છેડાઇ જનારો, પૈસાના અલ્પ સુખવાળો હોય છે. તુલાનો હોય તો લાંબા આયુષ્યવાળો, પૈસા અને પુત્રના સુખવાળો અને પોતાના કુળમાં શ્રેષ્ઠ ગણાય. વૃશ્ચિકનો હોય તો જુવાનીમાં પુત્ર વિનાનો અને છેવટે પુત્રવાળો થાય. ધનનો હોય તો પુત્રના સુખવાળો, પુષ્કળ પૈસાવાળો, પુત્ર ઘણા સારા હોય ને સારી આબરૂવાળો હોય, મકરનો હોય તો પુત્ર, સ્ત્રીના સુખ વિનાનો, ઘણા હથીઆરવાળો, ને ખરાબ સ્ત્રીમાં સંતોષ માનનારો. કુંભનો હોય તો પુત્રના સુખવાળો, બુદ્ધિવાળો, પૈસાદાર, જુઠાબોલો ને ચાલાક થાય. મીનનો હોય તો પુત્ર સુખ ને સ્વધર્મ વિનાનો, ચાલાક, ભોગ ભોગવનારો ને અભીમાની હોય છે.

૬ શનિ છઠ્ઠા ભાવે બેઠો હોય અને મેષનો હોય તો લડાઈમાં જીત મેળવે ને દુર દેશમાં છેવટે કીર્તિ મેળવે. વૃષભનો હોય તો બીલકુલ શત્રુ વિનાનો, હંમેશાં પૈસેટકે સુખી રહે, દિવાન થાય

અથવા ન્યાય આપે. મિથુનનો હોય તો દયાવાળો, હલકી સ્થીતીવાળો, સાધારણ સ્થીતીની બૈરીવાળો અને કલેશથી દુઃખી હોય. કર્કનો હોય તો જક્કી ને વિદુષક માફક ઘણું બોલી આનંદ કરે, વળી દરેકને મીઠું લાગે તેવું જ બોલે. સિંહનો હોય તો શત્રુને જીતે ને સ્ત્રીના કહ્યાપ્રમાણે ચાલનારો થાય. કન્યાનો હોય તો શત્રુ જીત. સુખી, જુઠાબોલો અને ભાઈના સુખવાળો હોય. તુલાનો હોય તો પોતાના સારાં કામ હોવાથી શત્રુ વિનાનો ને રણસંગ્રામમાં શત્રુઓને ત્રાસ પમાડે. વૃશ્ચિકનો હોય તો ખરાબ બૈરીની સેવા કરનારો, કામાધિન ને પૈસાવાળો હોય. ધનનો હોય તો શત્રુના પક્ષને હરાવનાર, આનંદ કરનાર, શાન્ત પ્રકૃતિવાળી ને સારા ગુણવાળી સ્ત્રી હોય ને પોતે સારા ગુણવાળો હોય. મકરનો હોય તો ઘોડાવાળો, ખેતીનું કામ કરનારો ને લુચ્ચો હોય. કુંભનો હોય તો અભિમાની, જુઠાબોલો, પરસ્ત્રીમાં સ્નેહ રાખનાર ને વિનયી હોય. મીનનો હોય તો માંકડાના મહોડાના આકારવાળો, જુઠું બોલનારો અને ઘણા ક્રોધવાળો હોય.

૭ શનિ સાતમા ભાવે બેઠો હોય અને મેષનો હોય તો સ્ત્રીથી દુઃખી, માર્ગ કે દેશાવરમાં લુંટાય, વેપારમાં નુકસાન, બુદ્ધિનો ટુંકો અને નીચ વૃત્તિનો, હલકા માણસની સોબત કરનારો હોય છે. વૃષભનો હોય તો ખરાબ સ્ત્રી સાથે પ્રેમ જોડનારો, ઘણોજ આળસુ ને ખરાબ ભોગને ભોગવે. મિથુનનો હોય તો જક્કીલો, કોડના રોગવાળો, પોતાના કામમાં સાવધ, કંપારીના રોગવાળો ને ખરાબ સ્ત્રીવાળો હોય. કર્કનો હોય તો રણસંગ્રામ કરનારો, જકકી, વિદુષક જેવો, સારી બૈરાથી આનંદમાં રહે. સિંહનો હોય તો સ્ત્રી ને પુત્ર વિનાનો. સિંહના સરખી આકરી પ્રકૃતિવાળો હોય. કન્યાનો હોય તો સ્ત્રી ને છોકરા વિનાનો, કળાઓમાં કુશળ, ચોર, સ્ત્રીને આધિન ને પ્રજામાં છોકરીવાળો હોય. તુલાનો હોય તો ઘોડા ને નોકર ઘણા હોય ને દયાવાળો હોય. વૃશ્ચિકનો હોય તો ઘણા શત્રુવાળો, સ્ત્રી ને પુત્ર વિનાનો, કફ ને વાયુના રોગવાળો હોય. ધનનો હોય તો પુત્રના સુખવાળો ને રાજ્યનાં કામ કરવામાં કુશળ હોય. મકરનો હોય તો

ઘણા પૈસાવાળો, રણસંગ્રામમાં અગ્રેસર તેમ શત્રુને જીતે ને કુળમાં શ્રેષ્ઠ હોય. કુંભનો હોય તો સારી બુદ્ધિવાળો, પુત્ર તથા સ્ત્રીના સુખવાળો ને પૈસાદાર હોય. મીનનો હોય તો વાહન, નોકર ને પુત્રવાળો તેમજ દયાળુ અને સ્ત્રી સુખ વિનાનો હોય.

૮ શનિ આઠમા ભાવે બેઠો હોય અને મેષનો હોય તો વાયુ ને કફના રોગથી ઘણોજ દુઃખી, અન્તે હથીઆરથી મરણ પામે. વરખનો હોય તો હંમેશાં ચાડી કરે, ને વાયુના રોગથી દુઃખી થાય. મીથુનનો હોય તો રકતપિત્તના રોગથી પીડાય, ઘણા માણસોનો દાસ, સ્ત્રીને આધીન ને લુચ્ચો હોય. કર્કનો હોય તો જલંદર કફ કે વાયુના રોગવાળો હોય. સિંહનો હોય તો ઘણા રોગવાળો, પર સ્ત્રીમાં પ્રીતિવાળો ને રાજ્ય સ્થાનમાં નોકરી કરે. કન્યાનો હોય તો આળસુ, ગંદો, હલકાં કામ કરનારો, વિનય વાળી બૈરીવાળો, રોગી ને જકકી થાય, તુલાનો હોય તો વાયુના રોગથી પીડાય, પૈસા વિનાનો, ચાડી કરનારો, બે બૈરીવાળો ને ખરાબ ખોરાક ખાય. વૃશ્ચિકનો હોય તો લુચ્ચો, રોગી શરીરવાળો, ને કોઇ પણ ગુપ્ત પીરા હોય છે. ધનનો હોય તો ઘોડાથી યા તો જલંદરના રોગથી તેનું મરણ નીપજે છે. મકરનો હોય તો પ્રથમ અવસ્થામાં રોગી હોય ને સ્ત્રીથી કે જલંદરના રોગથી તેનું મરણ થાય. કુંભનો હોય તો જલંદરનો રોગ, ગુપ્ત રોગથી પીડા પામે ને કફ પ્રકૃતિવાળો હોય. મીનનો હોય તો બાળક અવસ્થામાં રોગી, જલંદર ને ગુલ્મના રોગથી પીડાય ને ચપળ હોય.

૯ શનિ નવમે ભાવે બેઠો હોય અને મેષનો હોય તો સ્વ ધર્મનો નાશ કરે ને ઘણો અભિમાની હોય. વૃષભનો હોય તો સ્વ ધર્મમાં પ્રીતિવાળો, હંમેશાં શૂરવીર, પ્રધાન અથવા તો પોતાને ઈચ્છિત કોઈ ગામ કે શહેરનો સંભાળનારો થાય. મિથુનનો હોય તો બાપના એકઠાં કરેલા પૈસાને ભોગવનારો ને પહેલી અવસ્થામાં સ્વધર્મ પાળનાર ને છેવટે પોતાની જાતિના યોગ્ય આચારને નહી અનુસરનાર થાય. કર્કનો હોય તો ધર્મના કાર્યનો

નાશ કરનારો ને ગુરૂના ઘેર નકામો મહેનત કરનારો, અવસ્થા-વાળો ને લુચ્ચો હોય. સિંહનો હોય તો પૈસા, સ્વધર્મ ને શાસ્ત્ર વિનાનો, પોતાની સત્તાથી સર્વ જગ્યોએ માન પામે ને સારા ગુણ-વાળો થાય. કન્યાનો હોય તો સ્વધર્મ વિનાનો, હંમેશાં કોઇ પણ ચિન્તાવાળો, ચાલાક, પ્રજામાં છોકરીવાળો ને બે બૈરીવાળો હોય. તુલાનો હોય તો જક્કી, સ્વધર્મમાં પ્રીતિવાળો, ને રાજ્યનો માનીતો હોય. વૃશ્ચિકનો હોય તો ઘણો લુચ્ચો, સ્વધર્મ વિનાનો હલકા માણસોનો સંગવાળો ને રોગી હોય. ધનનો હોય તો પૈસા-વાળો, ઉદ્યોગી, રાજાનો માનીતો, વાણીનો કઠોર, બે બૈરીવાળો ને ઘણો કપટી હોય. મકરનો હોય તો સારા ગુણવાળો, ધર્મ વૃત્તિવાળો ને સાધારણ સ્ત્રીવાળો ને વિચાર વિના કાર્ય કરે, ખોટા ડોળ બતાવે, ને ઘણું બોલે. કુંભનો હોય તો ગાય ને બ્રાહ્મણ પર શ્રદ્ધાવાળો તીર્થ કે મુસાફરી કરે. મીનનો હોય તો રાજાનો નોકર, સુખી, પૈસાદાર ને શાન્ત પ્રકૃતિવાળો હોય.

૧૦ શનિ દશમે ભાવે બેઠો હોય અને મેષનો હોય તો મહા લુચ્ચો, હલકા માણસની સોબતવાળો, હંમેશાં પરસ્ત્રીમાં પ્રીતિ રાખે, રાજ્યના ભયવાળો હોય છે. વૃષભનો હોય તો લોભી, શત્રુની સામે જય મેળવનારો, માતાના સુખ વીનાનો હોય છે. મીથુનનો હોય તો ઘણા પૈસાવાળો, ઘણા શત્રુવાળો, રણ સંગ્રામ-માં જીત મેળવે ને પુજ્ય માણસો સાથે આનંદ કરે. કર્કનો શની હોય તો સ્વધર્મથી વિરૂદ્ધ વર્તનારો, પોતાના ગુણ સારા માની આનંદમાં રહે, સાહસ કામ કરનારો, પૈસાના સુખ વિનાનો હોય. સિંહનો હોય તો ઉદ્યોગ વિનાનો, વાંઝણી બૈરીવાળો ને તે સ્ત્રી ખરાબ હોય, પોતે સારી આબરૂવાળો હોય. કન્યાનો હોય તો અનેક હુન્નરમાં કુશળ, ને પૈસા વિનાનો હોય. તુલાનો હોય તો રાજાનો સેવક, બે સ્ત્રીઓ, હજારો ઘોડાની સાહેબીવાળો ને રાજાનો માનીતો હોય. વૃશ્ચિકનો હોય તો પીતાથી દુઃખી, વેપાર-માં નુકસાની ભોગવે, અને રાજ્યના ભયવાળો હોય છે. ધનનો

હોય તો પૈસાવાળો, નોકર ને પુત્રથી યુક્ત, રાજાનો માનીતો, યાતો રાજા જેવો અથવા રાજા હોય, પોતાને માનનારા દરેક ઉપર શ્રદ્ધાવાળો ને દયાળુ હોય. મકરનો હોય તો પૈસાવાળો, સારી આબરૂવાળો થાય. કુંભનો હોય તો તેજ સ્વભાવનો, સો ઘોડા રાખી શકનાર, શુરવીર, રાજાને શીકાર લાવી દેનાર થાય. મીનનો હોય તો દિવાન હોય યાતો રાજા હોય અથવા ઘોડાઓ રાખે ને ઘણુા પૈસાવાળો ને સારી કીર્તિવાળો હોય.

૧૧ શનિ અગીઆરમાં ભાવે બેઠો હોય અને મેષનો હોય તો મહા લુચ્ચો, ચોરી કરે, દુષ્ટ કર્મ કરે, ને પુત્ર માટે અનેક પ્રયાસ કરે. વરખનો હોય તો ઘણોજ સમર્થ, અને રાજાના ખોરાકને સંભાળનારો થાય. મિથુનનો હોય તો શુરવીર, ઘણા ઘોડા રાખનારો, અનેક આનંદ કરનારો, ને ગરીબ હાલતના ભાઇવાળો હોય. કર્કનો હોય તો વિનયમાં ઘણોજ કુશળ, શાન્ત પ્રકૃતિવાળો ને સામાની મર્યાદા સાચવનાર થાય. સિંહનો હોય તો પોતાની સ્ત્રીથી દુઃખી, પૈસાવાળો ને લુચ્ચો થાય. કન્યાનો હોય તો સારી બૈરીવાળો, પૈસા, ને વાહનથી સુખી થાય. તુલાનો હોય તો રાજાનો માનીતો, સેવા કરવામાં કુશળ, ને ઘોડા રાખવાવાળો હોય, તેમાં જરા સંશય નહિ. વૃશ્ચિકનો હોય તો ઘોડાના સુખવાળો, ઘણા પૈસા-વાળો તેમ ઉદ્યોગવાળો, બંધુ વર્ગમાં શ્રેષ્ઠ ને સમર્થ શત્રુને જીત-નારો હોય. ધનનો હોય તો પોતાના કાર્યમાં કુશળ, ઘણા ઘોડા રાખી શકનાર, સારા સારા રાજાઓ પણ તે પુરૂષને ગુરૂ તરીકે માને છે. મકરનો હોય તો દયાળુ, સારી બૈરીવાળો, પૈસાવાળો, ને ઘોડા રાખવાવાળો હોય. કુંભનો હોય તો મધુરી વાણીવાળો, ને વાકય ચાતુરીમાં પ્રવીણ હોય. મીનનો હોય તો રાજાના કુળમાં જન્મ, ગર્વવાળો, હુન્નરી, પુત્ર વિનાનો, સારા ચહેરાવાળો ને સુખી હોય.

૧૨ શનિ બારમે ભાવે બેઠો હોય અને મેષનો હોય તો દારૂ પીવામાં પ્રીતિવાળો, ખરાબ ભોજન કરે, ખરાબ મીત્રવાળો

હોય. વરખનો હોય તો જુઠું બોલે, ઘણો આળસુ હોય, હલકાં કાર્ય કરે, હલકા માણસનો સંગ કરે, ખરાબ બૈરીવાળો, પુત્ર વિનાનો ને પાપનાં કામ કરનારો થાય. મીથુનનો હોય તો હમેશાં ખર્ચવાળો, ભાઇઓએ ત્યાગ કરેલો, તોફાન કરે ને તેજ સ્વભાવનો હોય. કર્કનો હોય તો સ્ત્રીને આધીન, જક્કી હોય, વગર વિચારે કામ કરવામાં તૈયાર થાય. સિંહનો હોય તો મદોન્મત્ત ને કુટુંબ વર્ગમાં સ્નેહ વિનાનો હોય. કન્યાનો હોય તો લુચ્ચો, પૈસા ને પુત્ર વિનાનો, બીકણ સ્વભાવનો, ને ઘણો ગર્વિષ્ટ હોય. તુલાનો હોય તો ખરચાળ, બીકણ સ્વભાવનો, રણ સંગ્રામમાં જીતનારો, પરસ્ત્રીમાં પ્રીતિવાળો, ને હલકા વિચારનો હોય. વૃશ્ચિકનો હોય તો ઘણી રીતથી ખર્ચ કરે, રોગ અને શત્રુની બીકવાળો, અકસ્માત નુકસાન કે આફતમાં ફસાનારો હોય. ધનનો હોય તો વિષયી, પૈસાવાળો, ને કોઇ પણ બાબતમાં તેની આબરૂ ઘટે, ખરાબ બૈરી હોય, ઘણો કપટવાળો, ને લોભ પ્રકૃત્તિનો હોય. મકરનો હોય તો દાંતનાં રોગથી પીડાતો ને કફ પ્રકૃત્તિવાળો હોય. કુંભનો હોય તો અભિમાની, જાુઠું બોલે, સુખ વિનાનો, ગંદો, આળસુ ને જક્કી હોય. મીનનો હોય તો જક્કી, જુઠું બોલે ને પુત્રના સુખવાળો થાય.

રાહુ અને કેતુના બારે ભાવનું ફળ.

૧ રાહુ, કેતુ પહેલા ભાવે બેઠો હોય ને પોતાની રાશીનો યા ઊંચનો હોય અથવા મેષ, વરખ, કે કર્ક રાશીનો હોય તો દયાળુ હોય, વૈભવવાળો હોય અને સુખી હોય. અને જો રાહુ ગુરૂના ઘરનો અને કેતુ બુધની રાશીનો તથા એ બે ગ્રહો, તુલા, વૃશ્ચિક, મકર અને કુંભ રાશીના હોય તો પોતે મરેલો અથવા મરણ તુલ્ય સ્થિતિમાં અવતરે, તેમજ તેને મૃત પ્રજા થાય અને સૂર્યના ઘરનો હોય તો મોઢા ઉપર લાંછન થાય, જેમકે નાક કપાય વિગેરે.

૨ રાહુ, કેતુ બીજે ભાવે બેઠો હોય ને પોતાની રાશીનો

કે ઊંચનો હોય તો ધનવાળો અને કુટુંબી હોય. જો રાહુ ગુરૂના ઘરનો અને કેતુ બુધના ઘરનો હોય તો દરિદ્રી અને કુટુંબના સુખ વગરનો જાણવો. અને જો મંગળ, શનિ અને સૂર્યના ઘરનો હોય તો સંતાન તરફથી દુઃખી હોય અને હમેશાં શોકાતુર રહે તથા બે સ્ત્રી હોય, અને ચંદ્ર કે શુક્રના ઘરમાં બેઠો હોય તો તેનો દેહ શ્યામ રંગનો હોય, તથા દાઢી ઉપર નિશાની કે લાંછન હોય.

૩ રાહુ, કેતુ ત્રીજે ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો કે ઊંચનો હોય તો ભાંડુના સુખવાળો, પરાક્રમી, દાસ, ચાકરવાળો, અને સારો ઉદ્યમ કરનારો જાણવો. અને જો રાહુ ગુરૂના ઘરમાં અને કેતુ બુધના ઘરમાં બેઠો હોય તો ભાંડુ વગરનો નિરૂદ્યમી અને પરાક્રમહિન જાણવો, અને જો મંગળ, સૂર્ય અને શનિના ઘરમાં બેઠો હોય તો ભાંડુનું સુખ નાશ પામે, અને અલ્પ પરાક્રમી, અને વધરાવળના રોગવાળો હોય; અને જો શુક્ર કે ચંદ્રના ઘરમાં હોય તો, સારા ઉદ્યમવાળો, સમૃદ્ધિવાળો અને ગળે લાંછનવાળો જાણવો.

૪ રાહુ, કેતુ ચોથા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો કે ઊંચનો હોય તો ઘણાં વસ્ત્ર ઘરેણાંની સમૃદ્ધિવાળો જાણવો. જો ગુરૂના ઘરનો રાહુ અને બુધના ઘરનો કેતુ હોય તો વસ્ત્ર ઘરેણાં વગરનો દરિદ્રી હોય, અને જો મંગળ, શનિ કે સૂર્યના ઘરમાં બેઠો હોય તો માતાથી, ઘરજગ્યાથી, સ્ત્રીથી સુખી હોય ને રાજસેવક હોય. અને જો શુક્ર અથવા ચંદ્રના ઘરમાં બેઠો હોય તો મિત્રનું સુખ ખંડિત હોય.

૫ રાહુ, કેતુ પાંચમા ભાવે બેઠો હોય અને પોતાની રાશીનો કે ઉંચ્ચનો હોય તો મ્લેચ્છ બુદ્ધિવાળો, અને મ્લેચ્છ વિદ્યાવાળો, પુત્રના સુખવાળો જાણવો. અને જો ગુરૂના ઘરનો રાહુ અને બુધના ઘરનો કેતુ હોય તો મૂર્ખ હોય, તથા પુત્રના સુખ વગરનો જાણવો, અને જો મંગળ, સૂર્ય કે શનિના ઘરનો

હોય તો સ્વલ્પ પ્રજાવાળો, પરદેશવાસી અને રાજ્ય સેવક હોય, સર્પના દોષથી પુત્ર નાશ થાય. ક્ષણિક બુદ્ધિવાળો હોય. અને જો શુક્ર તથા ચંદ્રના ઘરનો હોય તો ગરમીની પીડાવાળો, તથા ગુહ્ય પીડાવાળો, કપટવાળો, અને પુત્રના સુખ વગરનો, ધીરજવાન અને રજોગુણી હોય.

૬ રાહુ, કેતુ છઠ્ઠા ભાવે બેઠો હોય અને પોતાની રાશિનો કે ઊંચનો હોય તો રોગ શત્રુ વગરનો જાણવો અને ગુરૂના ઘરનો રાહુ અને બુધના ઘરનો કેતુ હોય તો રોગ, શત્રુના ભય વગરનો જાણવો. અને જો મંગળ, શનિ કે સૂર્યના ઘરનો હોય તો રોગ શત્રુ વગરનો અને મોસાળ પક્ષનો સુખી, નિર્ધન અને ચોર હોય. જો શુક્ર તથા ચંદ્રના ઘરનો હોય તો ધીરજવાળો, સુખી, જીતેંદ્રિય અને રોગ શત્રુ વગરનો હોય.

૭ રાહુ, કેતુ સાતમા ભાવે બેઠો હોય અને પોતાની રાશિનો કે ઉંચનો હોય તો સ્ત્રીના સુખવાળો, પરદેશના સુખવાળો જાણવો. જો ગુરૂના ઘરનો રાહુ અને બુધના ઘરનો કેતુ હોય તો સ્ત્રીના સુખ વગરનો, પરદેશમાં રખડનારો જાણવો અને મંગળ, શનિ કે સૂર્યના ઘરમાં બેઠો હોય તો બે સ્ત્રી છતાં પણ સ્ત્રીના સુખ વગરનો જાણવો. જો શુક્ર અને ચંદ્રના ઘરમાં બેઠો હોય તો સ્ત્રીને ગડગુંમડાંનો રોગ હોય તથા પરદેશમાં ખંડિત સુખ મળે.

૮ રાહુ, કેતુ આઠમા ભાવે બેઠો હોય અને પોતાની રાશિનો કે ઊંચનો હોય તો મધ્યમ આયુષ અને નિરોગી હોય. અને જો ગુરૂના ઘરનો રાહુ અને બુધના ઘરનો કેતુ હોય તો થોડું આયુષ્ય, અને રોગી હોય અને જો મંગળ, શનિ કે સૂર્યના ઘરમાં બેઠો હોય તો બહુ રોગી અને દરિદ્રી હોય ને જો શુક્ર ને ચંદ્રના ઘરમાં બેઠો હોય તો મહામહેનતે ગુજરાન ચલાવે અને ખંડિત આરોગ્ય રહે.

૯ રાહુ, કેતુ નવમા ભાવે બેઠો હોય અને પોતાની રાશિનો

કે ઊંચનો હોય તો ભાગ્યશાળી, પુણ્યશાળી અને પરદેશથી સુખી જાણવો. જો ગુરૂના ઘરનો રાહુ અને બુધના ઘરનો કેતુ હોય તો કમનસીબ, નાસ્તિક તથા પરદેશમાં ભટકનારો જાણવો. જો મંગળ, શનિ કે સૂર્યના ઘરમાં બેઠો હોય તો પુત્રવગરનો ને શુદ્ર સ્ત્રીને ભોગવનારો, સેવક ધર્મહિન ને નાસ્તિક હોય. જો શુક્ર કે ચંદ્રના ઘરમાં બેઠો હોય તો અલ્પ પુત્રવાળો, આસ્તિક ને વેપારમાં કુશળ હોય તથા ભાગ્યશાળી હોય.

૧૦ રાહુ કેતુ, દશમા ભાવે બેઠો હોય અને પોતાની રાશિનો કે ઊંચનો હોય તો રાજસત્તાવાળો, કીર્તિવાળો ને શત્રુ વગરનો તથા પિતાના સુખવાળો જાણવો. અને જો રાહુ ગુરૂના ઘરનો ને કેતુ બુધના ઘરનો હોય તો શત્રુ વગરનો, રાજ સત્તાવાળો, પણ પિતાનો દ્વેષી હોય અને જો શુક્ર કે ચંદ્રના ઘરનો હોય તો રાજસત્તાવાળો, ને માતાપિતાના અને ઘર જગ્યાના સુખવાળો, વૈભવીને ધનવાન તથા સુખી જાણવો. જો મંગળ, શનિ કે સૂર્યની રાશિનો હોય તો રાજવૈભવી અને શત્રુ વગરનો જાણવો.

૧૧ રાહુ, કેતુ અગીઆરમા ભાવે બેઠો હોય અને પોતાની રાશિનો કે ઊંચનો હોય તો બુદ્ધિ સંતાનના સુખવાળો તથા-અનેક રીતથી લાભ મેળવનારો અને ધનવાળો જાંણવો. અને જો ગુરૂના ઘરનો રાહુ અને બુધના ઘરનો કેતુ હોય તો અલ્પ બુદ્ધિ-વાળો, અલ્પ સંતાનવાળો અને ઘણી મહેનતે થોડો લાભ મેળવનારો જાણવો. જો મંગળ, શનિ અને સૂર્યના ઘરમાં બેઠો હોય તો છળ ભેદી, કપટવાળો, થોડી વિદ્યાવાળો, અને મીઠું બોલનારો જાણવો. જો શુક્ર કે ચંદ્રના ઘરનો હોય તો થોડા સંતાનવાળો, રાજસેવક, થોડી બુદ્ધિવાળો, અને અનેક જાતનાં વસ્ત્ર, ઘરેણાં ને ભોજનના વૈભવવાળો, સમૃદ્ધિવાળો તથા સુખી જાણવો.

૧૨ રાહુ કેતુ બારમા ભાવે બેઠો હોય અને પોતાની રાશિનો કે ઊચનો હોય તો લોભી, પૈસાદાર અને શરીરે સુખી

જાણવો. અને ગુરૂના ઘરનો રાહુ અને બુધના ઘરનો કેતુ હોય તો કરજવાળો, દરિદ્રી તથા શરીરનો રોગી જાણવો અને જો મંગળ, શનિ ને સૂર્યના ઘરમાં બેઠો હોય તો શત્રુ વગરનો, થોડાં સંતાન વાળો, નિરોગી, સ્થૂળ દેહવાળો જાણવો. અને જો શુક્ર ને ચંદ્રના ઘરમાં બેઠો હોય તો નેત્રના રોગવાળો, પાપ કર્મ કરનારો, તથા છળભેદ ને કપટવાળો જાણવો, વળી નાસ્તિક બુદ્ધિને ઘણા ખર્ચ-વાળો તથા કરજદાર તેમજ દરિદ્રી ને શરીરે રોગી, સુસ્તીવાળો તથા થોડા આયુષ્યવાળો જાણવો.

ગ્રહોની દ્દષ્ટિનાં ફળ.

ગ્રહો પોતા થકી ત્રીજે અને દશમે એક પાયો દેખે તેનું ફળ $\frac{1}{4}$ આપે; પાંચમે અને નવમે બે પાયા દેખે તેનું ફળ $\frac{1}{2}$ આપે; ચોથે અને આઠમે ત્રણ પાયા દેખે તેનું ફળ $\frac{3}{4}$ આપે; સાતમે ચાર પાયા એટલે સંપૂર્ણ દેખે તેનું પુરેપુરૂ ફળ આપે. સર્વ ગ્રહો પોતાથી સાતમે ભાવે સંપૂર્ણ દ્રષ્ટિથી દેખે છે. તેમાં મંગળ ચાર, સાત ને આઠમા ભાવે સંપૂર્ણ દ્રષ્ટિથી દેખે છે. ગુરૂ પાંચ, સાત ને નવમા ભાવે સંપૂર્ણ દ્રષ્ટિથી દેખે છે. શનિ ત્રણ, સાત, ને દશમા ભાવે સંપૂર્ણ દ્રષ્ટિથી દેખે છે. રાહુ પાંચ, સાત, નવ ને બારમા ભાવે સંપૂર્ણ દ્રષ્ટિથી દેખે છે. બીજે, છઠ્ઠે, અગીઆરમે તથા બારમે કોઇ ગ્રહ દેખે નહિ.

દ્રષ્ટિ જોવાની રીત એવી છે કે, શુક્ર ચોથા ભાવે બેઠો હોય તો તેની સંપૂર્ણ ચાર પાયાની દ્રષ્ટિ દશમા ભાવ ઉપર પડે છે, એ પ્રમાણે ગ્રહોની દ્રષ્ટિ બાબતના નિયમો છે, તેને અનુસરી ગણત્રી કરીને દરેક ગ્રહની બાબત દૈવજ્ઞ (જોશી) લોકો જન્મોત્રીમાં ગ્રહોની દ્રષ્ટિ બાબત કોઠો લખે છે.

સૂર્યની દ્રષ્ટિનું ફળ.

૧ સૂર્ય પહેલા ભાવે દેખતો હોય તો અનેક દેશ પરદેશનું ભ્રમણ કરાવે, ભાગ્યમાં સારૂં ફળ થાય, પુણ્ય ઉપર થોડી પ્રીતિ

રહે, શરીરે કિંચિત પીડાકારી રહે, તેમ સ્ત્રીનું સુખ થોડું રહે. ૨ સૂર્ય બીજા ભાવે દેખતો હોય તો પિતાના ધનનો નાશ થાય, પોતાના પરાક્રમથી ગુજરાન ચલાવે, ચતુષ્પદ જાનવરનું સુખ હોય, અને શરીરે ગુપ્ત રોગી રહે. ૩ સૂર્ય ત્રીજા ભાવે દેખતો હોય તો પોતાથી પહેલું જે ભાંડું હોય તેનો નાશ કરે, પોતાનું પરાક્રમ સારૂં હોય, અને પોતાનાજ પરાક્રમથી ભાગ્યનો વધારો કરે, રાજ્ય સ્થાનથી મહેરબાની સારી હોય, એમાં સંશય જાણવો નહિ. ૪ સૂર્ય ચોથા ભાવે દેખતો હોય તો માતાને પીડાકારી હોય તેમજ ભાઈઓને પણ પીડા થાય, જશનો તથા સુખનો વધારો થાય. ૫ સૂર્ય પાંચમા ભાવે દેખતો હોય તો, પહેલા સંતાનનો નાશ કરે, શરીરે વાયુની પીડા રાખે, પોતાની સ્ત્રીનું સુખ થોડું હોય. ૬ સૂર્ય છઠ્ઠા ભાવે દેખતો હોય તો હમેશાં શત્રુનો નાશ કરે પણ પોતાના જમણા નેત્રમાં પીડા હોય, માતાનું સુખ હોય, તેમ મનુષ્યમાત્ર સાથે લેહેણાદેણી હોય. ૭ સૂર્ય સાતમા ભાવે દેખતો હોય તો શરીરમાં કામદેવનું જોર કમતી રાખે, સ્ત્રીનો નાશ થાય, શત્રુથી પીડા થાય, અને પોતાનું શરીર પાંડુ રોગથી પીડિત હોય. ૮ સૂર્ય આઠમા ભાવે દેખતો હોય તો, ગુહ્ય સ્થાનકે પીડા કરે અથવા પોતાના શરીરે પણ ગુપ્ત પિડા થાય, પિતાએ કરેલો ધંધો કરે નહિ, પિતાની વૃત્તિ પ્રમાણે ચાલે નહી, અને બીજો ધંધો કરે તથા અન્ય સ્ત્રી ઉપર પ્રીતિ કરે, ને વ્યભિચારી હોય. ૯ સૂર્ય નવમા ભાવે દેખતો હોય તો મોસાળપક્ષ, પિતાપક્ષ અને સ્વસૂર પક્ષ, એ ત્રણે પક્ષનો નાશ કરે, પાપ ઉપર પ્રીતિવાળો, દયા વગરનો અને છેલ્લી અવસ્થામાં સુખી જાણવો. ૧૦ સૂર્ય દશમા ભાવે દેખતો હોય તો કાર્ય સિદ્ધિવાળો, પોતાની પહેલી અવસ્થામાં માતાનો નાશ થાય અને જો સૂર્ય સ્વગ્રહી અથવા મેષ રાશીનો હોય તો માતાના સુખવાળો, અને ઘણો પરાક્રમી જાણવો. ૧૧ સૂર્ય અગીઆરમા ભાવે દેખતો હોય તો સારી વસ્તુની પ્રાપ્તિવાળો, સારી બુદ્ધિવાળો,

અને સારી રીતે પોતાનું ગુજરાન ચલાવનારો, પણ પહેલા પુત્રનો નાશ થાય; ૧૨ સૂર્ય બારમા ભાવે દેખતો હોય તો સ્થાનકનો નાશ થાય, અન્ય સ્થાનકમાં નિવાસ કરે, પોતાનું સ્થાનક છોડે, વાહનથી અથવા ચતુષ્પદ જનાવરથી પીડા થાય અને બાર વર્ષ સુધી મુશ્કેલીથી ગુજરાન ચલાવે.

ચંદ્રની દ્રષ્ટિનું ફળ.

૧ ચંદ્ર પહેલા ભાવે દેખતો હોય તો, વિકળ અને દુષ્ટ બુદ્ધિવાળો, મુસાફરી કરનારો અને તેથી સુખી, સુંદર શરીરવાળો અને કાન્તિ પણ સારી જાણવી; ૨ ચંદ્ર બીજા ભાવે દેખતો હોય તો કુટુંબના ઘણા સુખવાળો, તેમ પોતાનો વંશ પણ ઘણો વધે. પણ આઠમે વર્ષે જળ થકી અથવા પથ્થર વાગવાથી પોતાના શરીરે પીડા થાય; ૩ ચંદ્ર ત્રીજા ભાવે દેખતો હોય તો સારા ભાગ્યવાળો ને પરાક્રમી હોય, પહેલી અવસ્થામાં ઘણું ધન મેળવે ને તેથી સુખ ભોગવે તેમજ છેલ્લી અવસ્થામાં પણ ધનનું વિશેષ સુખ ભોગવનારો જાણવો; ૪ ચંદ્ર ચોથા ભાવે દેખતો હોય તો શરીરનો સુખી અને સ્ત્રીની સાથે ક્રીડા કરવાથી શરીરમાં કિંચિત્ રોગ અને પિતાના ઘણા સુખવાળો જાણવો; ૫ ચંદ્ર પાંચમા ભાવે દેખતો હોય તો પહેલી અવસ્થામાં પુત્રીનો જન્મ થાય, પોતે રાજા જેવો હોય, અગર પ્રધાન હોય, પરદેશમાં આજીવિકા ચલાવે; ૬ ચંદ્ર છઠ્ઠા ભાવે દેખતો હોય તો, હમેશાં શત્રુના વધારાવાળો, કફના રોગની પિડાવાળો, ધાતુક્ષયના દરદવાળો, તેમજ શરીરમાં કિંચિત્ દરદવાળો જાણવો; ૭ ચંદ્ર સાતમા ભાવે દેખતો હોય તો, સારી રૂપવાન સ્ત્રીવાળો, અતિ કામી, પરસ્ત્રીનો સંગ કરનારો, બીજા સાથે વાદ કરનારો, અને પોતાના વચન પ્રમાણે ચાલનારો જાણવો; ૮ ચંદ્ર આઠમા ભાવે દેખતો હોય તો, મૃત્યુ સરખી એક વખત પીડા ભોગવે, શરીરે ઘણા રોગવાળો, શરીર ઠંડુ રહે, અને પોતાના જન્મથકી આઠમે વર્ષે ઘણી પીડા હોય; ૯ ચંદ્ર નવમા ભાવે દેખતો હોય તો, પરદેશમાં રાજ કરવા

જેવું સુખ ભોગવે, ભાઈઓનું સુખ હોય, ધનના થોડા સુખવાળો, અને ખરચ વધારે કરનારો જાણવો; ૧૦ ચંદ્ર દશમા ભાવે દેખતો હોય તો ચતુષ્પદ જનાવરથી ગુજરાન ચલાવનારો, પુત્ર, સ્ત્રી, કુટુંબ ને કાકાના સુખવાળો પણ ધર્મ માર્ગે થોડી બુદ્ધિવાળો જાણવો; ૧૧ ચંદ્ર અગીઆરમાં ભાવે દેખતો હોય તો, ધનનો લાભ થાય, ધાર્યા મનોરથ સફળ થાય, પિડા માત્રનો નાશ થાય, પુત્ર, સ્ત્રી, આદિનું ઘણું સુખ મળે, સોના સરખી શરીરની કાન્તિ હોય, પણ સર્વ સુખ ધીમે ધીમે પ્રાપ્ત થાય; ૧૨ ચંદ્ર બારમા ભાવે દેખતો હોય તો, પોતાના પિતાનું સુખ થોડું હોય, રાજ્યથી જશ મળે, ન્યાય બુદ્ધિથી વર્તનારો અને હમેશાં સારી વસ્તુનો વધારો કરનારો જાણવો.

મંગળની દ્રષ્ટિનું ફળ.

૧ મંગળ પહેલાં ભાવે દેખતો હોય તો પોતાની એક સ્ત્રી મૃત્યુ પામે, સ્ત્રીનું સુખ થોડું હોય, નેત્રમાં વિકળતા હોય, પગને કિંચિત્ પિડા થાય, અને પહેલા પુત્રનો નાશ થાય; ૨ મંગળ બીજા ભાવે દેખતો હોય તો, કુટુંબનું સુખ થોડું હોય, ધનની પ્રાપ્તિ થાય, પણ ધીમે ધીમે ધનનો નાશ થાય; ગુદાસ્થાનમાં હર્ષની પીડા કરે, અને લોહી પડવાથી પિડા થાય; ૩ મંગળ ત્રીજા ભાવે દેખતો હોય તો, કુટુંબનું સુખ થોડું હોય, પરદેશમાં રાજદ્વારથી માન મળે, પોતાના ભાઇ, બેનના સુખનો નાશ કરે; ૪ મંગળ ચોથા ભાવે દેખતો હોય તો પોતાની માતાને પોતાના જન્મથી ચોથા મહિને પિડા કરે, રાજાથી કિંચિત્ ભય હોય, અને વાહનથી પરિતાપ થાય; ૫ મંગળ પાંચમાં ભાવે દેખતો હોય તો પહેલા સંતાનનો નાશ કરે, પેટમાં જઠરાગ્નિના ઘણા જોરવાળો અને હરકોઇ સ્થાનકે જમવાનું હોય તો માન છોડી જમવા જાય એવો બુભુક્ષત્ હોય; ૬ મંગળ છઠ્ઠા ભાવે દેખતો હોય તો, શત્રુ માત્રનો નાશ કરે, તેમ મોસાળ પક્ષના સુખનો નાશ કરે. લોહીથી અથવા લોહીની પિડાથી શરીરે પિડા પામે;

૭ મંગળ સાતમા ભાવે દેખતો હોય તો સ્ત્રીનો નાશ થાય, કેડનું દરદ થાય, ને તેથી વ્યાકુળ રહે, સ્ત્રી પુત્રાદિકના થોડા સુખવાળો જાણવો; ૮ મંગળ આઠમા ભાવે દેખતો હોય તો, હર્ષના રોગથી પિડાય, તેમજ કેદનું પણ દરદ થાય, પોતાના ઘરમાં કલેશ રાખે, હંમેશ ચિંતા રહે, ધન તથા કુટુંબના દુઃખવાળો જાણવો. ૯ મંગળ નવમાં ભાવે દેખતો હોય તો ભાગ્યનો સારો વધારો થાય, સાળાનું સુખ અને તેથી સંતોષ મળે; ભ્રાતૃના સુખનો નાશ થાય, ધર્મવાળો અને સારી બુદ્ધિવાળો જાણવો; ૧૦ મંગળ દશમાં ભાવે દેખતો હોય તો સર્વ પ્રકારની સિદ્ધિ મળે, સ્થાનકનું સુખ હોય, પરાક્રમ સારૂ રાખે અને પોતાના જન્મથી ચોથે વર્ષે પિતાના શરીરે પીડા થાય; ૧૧ મંગળ અગીયારમાં ભાવે દેખતો હોય તો આયુષ્ય લાંબુ હોય, સ્ત્રીને ગર્ભ રહે, પણ તેનો નાશ થાય, વૃદ્ધાવસ્થામાં પુત્રનું તેમજ બીજું પણ સુખ મળે; ૧૨ મંગળ બારમાં ભાવે દેખતો હોય તો પિતાના થોડા સુખવાળો પણ માતાનું સુખ ઘણું મળે, સર્વ શત્રુનો નાશ, મનુષ્ય પ્રત્યે સુખ સંતોષ વધારે રહે.

બુધની દ્રષ્ટિનું ફળ.

૧ બુધ પહેલા ભાવે દેખતો હોય તો વેપાર ઉપર પ્રીતિવાળો, ઘરેણા વસ્ત્રાદિ મેળવનારો, સંગ્રહ કરનારો, જીવનો ઉદાર ધાતુની પુષ્ટિવાળો અને ગર્વ વિનાનો જાણવો. ૨ બુધ બીજા ભાવે દેખતો હોય તો ધનના ઘણા સુખવાળો, સારા ભાગ્યવાળો, તેમજ તે પુરૂષ સારી રીતે ગુજરાન ચલાવનારો જાણવો. ૩ બુધ ત્રીજા ભાવે દેખતો હોય તો ભાઇ ભાંડુના સુખવાળો, વેપારથી ગુજરાન ચલાવનારો, ઘણો ડાહ્યો અને તીર્થ કરવામાં બુદ્ધિશાળી જાણવો. ૪ બુધ ચોથે ભાવે દેખતો હોય તો માતાના ઘણા સુખવાળો, રાજા તરફથી પણ સુખ મળે, દ્રવ્યનો વધારો થાય, પિતાના પૈસાનું ઘણું સુખ મળે. ૫ બુધ પાંચમા ભાવે દેખતો હોય તો કન્યાની પ્રજા થાય, એટલે ચ્યાર પુત્રી થયા પછી પુત્ર

થાય, ઘણા જશવાળો અને ઘણી સમૃદ્ધિવાળો જાણવો. ૬ બુધ છઠ્ઠા ભાવે દેખતો હોય તો ઘણું કરીને મોસાળ પક્ષના સુખવાળો, પરાયા માણુસ સાથે વાદ વિવાદ કરનારો અને તેને ઘણાજ પ્રકારની શત્રુતા ઉત્પન્ન થાય. ૭ બુધ સાતમા ભાવે દેખતો હોય તો ઘણી સ્વરૂપવાન્ સ્ત્રી મળે, શરીરનો સુખી, લાંબા આયુષ્યવાળો, અને સર્વ ધાતુના ક્રય વિક્રયના સુખવાળો જાણવો. ૮ બુધ આઠમા ભાવે દેખતો હોય તો ગમે તે પ્રકારની રિષ્ટની પિડા થાય તેને નાશ કરે, રાજ્ય સ્થાનકથી ઉદ્યમ વધે, તેમજ રાજ્ય સ્થાનકથી ગુજરાન ચાલે, પરદેશમાં રહેવાવાળો, તેમ ગીરી પર્વતની સમીપે મૃત્યુ કાળ જાણવો. ૯ બુધ નવમાં ભાવે દેખતો હોય તો ઘણો સુખી, ભાગ્યશાળી પરદેશની મુસાફરી કરનારો, પરદેશમાં કોઈ રાજા સાથે મેળાપ થાય અને તેથી માન વધે અને ગુજરાન ચાલે, પિતાના સુખવાળો જાણવો. ૧૦ બુધ દશમા ભાવે દેખતો હોય તો પોતાના પિતાથી અધિક ગુજરાન સારી રીતે ચલાવનારો, રાજાના માનવાળો, અને પિતાના ગામમાં સારી કીર્તિ મેળવનારો પિતાના ઘણા સુખવાળો, તેમજ પિતાએ મેળવેલા દ્રવ્યના પણ સુખવાળો જાણવો. ૧૧ બુધ અગિયારમાં ભાવે દેખતો હોય તો ભાગ્યશાળી, ઘણો લાભ મેળવનારો, સર્વ પ્રકારના સુખવાળો અને ઘણો પરાક્રમી જાણવો. ૧૨ બુધ બારમા ભાવે દેખતો હોય તો વિવાહાદિ શુભ કામમાં ધનનું ખર્ચ કરવાવાળો, પોતાના હેતુ માણસથી તથા બંધુજનોથી હંમેશાં દિવસે દિવસે વિરોધ કરનારો, છાતીમાં મોટા ગુમડાની તથા વાયુની પીડાવાળો જાણવો.

ગુરૂની દ્રષ્ટિનું ફળ.

૧ ગુરૂ પહેલા ભાવે દેખતો હોય તો સ્ત્રીના ઘણા સુખવાળો, ઘણા સારા ભાગ્યવાળો, ધનના સુખવાળો અને શુભ માર્ગે હમેશાં ધનનું ખર્ચ કરનારો જાણવો. ૨ ગુરૂ બીજા ભાવે દેખતો હોય તો ધનના સુખવાળો પણ પિતાના ધનના સુખ વગરનો, પિતાનો ધંધો ન કરે, અને બીજા ઉદ્યોગથી ગુજરાન

ચલાવનારો, કુટુંબ તથા હેતુ માણસના સુખવાળો જાણવો. ૩ ગુરૂ ત્રીજે ભાવે દેખતો હોય તો ભાઈ, ભાંડુના ઘણાં સુખવાળો, ભાગ્યશાળી, ધનવાન, અને સોના રૂપાનાં આભુષણથી સંતોષી જાણવો, ૪ ગુરૂ ચોથા ભાવે દેખતો હોય તો માતાપિતાના સુખવાળો, વાહન તથા દ્રવ્યના સુખવાળો બંધુજનના સુખવાળો ને ઘણા જશ વાળો જાણવો. ૫ ગુરૂ પાંચમે ભાવે દેખતો હોય તો સંતાનના તેમજ ધન તથા વિદ્યાના ઘણા સુખવાળો જાણવો. લગભગ પાંચ પુત્રનું સુખ હોય. ૬ ગુરૂ છઠ્ઠા ભાવે દેખતો હોય તો શત્રુનો વધારો થાય અને તેથી પરાજય થાય. પોતાના સ્થાનકનો તેમ જ દ્રવ્યનો નાશ થાય, માતાને પિડા રહે, ને હંમેશાં રીસાળ પ્રકૃતિવાળો રહે. ૭ ગુરૂ સાતમા ભાવે દેખતો હોય તો સારી રૂપવાન સ્ત્રીના સુખવાળો, દ્રવ્ય ઉપર પ્રીતિવાળો, લોભી. પૂર્ણ ભાગ્યશાળી અને થોડી કામી પ્રકૃતિ-વાળો જાણવો. ૮ ગુરૂ આઠમા ભાવે દેખતો હોય તો આઠમે વર્ષે પોતાને મૃત્યુ સરખી પીડા થાય, રાજા અથવા પ્રધાનથી ભય ઉત્પન્ન થાય, સ્ત્રી જાતિના સમાગમથી ધનનો તેમજ બુદ્ધિનો ક્ષય થાય. ૯ ગુરૂ નવમા ભાવે દેખતો હોય તો ધર્મનો વધારો થાય, રાજેન્દ્રના સરખી સમૃદ્ધિ હોય, શાસ્ત્રની રૂચીવાળો ને તે શાસ્ત્રને જાણનારો, પોતાને સ્વાધિન, નિયમ પ્રમાણે વર્તનારો અને પિતાના ઘણાં સુખવાળો જાણવો. ૧૦ ગુરૂ દશમા ભાવે દેખતો હોય તો કર્મ સિદ્ધિવાન, રાજાથી માન પામનારો, પુત્ર તથા સ્ત્રીના સુખવાળો, સારા શોભીતા ઘરમાં વૈભવ ભોગવવાળો જાણવો. ૧૧ ગુરૂ અગીઆરમા ભાવે દેખતો હોય તો ઘણા આયુષ્યવાળો, પુત્ર, સ્ત્રી, દ્રવ્ય એ સર્વના સુખવાળો, વ્યાધિ વગરનો અને મિત્રના સુખવાળો જાણવો. ૧૨ ગુરૂ બારમા ભાવે દેખતો હોય તો શુભ માર્ગે ધનનું ખર્ચ કરનારો, સર્વે બાબતની પીડાવાળો, શત્રુની ઉત્પત્તિવાળો, અને બુદ્ધિ તથા સર્વે મનોરથનો નાશ થાય.

શુક્રની દ્રષ્ટિનું ફળ.

૧ શુક્ર પહેલા ભાવે દેખતો હોય તો શરીરે સુખી, ઘણા

પરાક્રમવાળો, સારા ભાગ્યવાળો, અને શરીરનું સ્વરૂપ સારૂં હોય. ૨ શુક્ર બીજા ભાવે દેખતો હોય તો હમેશાં દ્રવ્યના અને કુટુંબના સુખવાળો, પોતાના પરાક્રમથી દ્રવ્ય મેળવે, વૈભવ ભોગવનારો, ને તેથી સુખી જાણવો. ૩ શુક્ર ત્રીજા ભાવે દેખતો હોય તો ભાઇ ભાંડુના સુખવાળો, પોતાના જન્મ પછી જે ભાંડુ થાય તે કાને બહેરૂ હોય, દેશાવરથી રાજાનું માન મળે. ૪ શુક્ર ચોથા ભાવે દેખતો હોય તો માતાના સુખવાળો, કર્મવાન, ધર્મવાન, તેમજ ચતુષ્પદ જનાવર અને વાહનના સુખવાળો જાણવો. ૫ શુક્ર પાંચમા ભાવે દેખતો હોય તો પુત્ર થોડા થાય, અને પુત્રીઓ ઘણી થાય. એકાદ પુત્ર હોય પણ ધન અને સ્ત્રીના સુખવાળો, ઘણો વિદ્વાન પણ તુચ્છ બુદ્ધિવાળો જાણવો. ૬ શુક્ર છઠ્ઠા ભાવે દેખતો હોય તો મોસાળના પક્ષના સુખવાળો, પોતાના પરાક્રમથી ભાગ્યવાળો, કિંચિત કષ્ટ અને શત્રુના વધારાવાળો જાણવો. ૭ શુક્ર સાતમા ભાવે દેખતો હોય તો ઘણી સારી સ્વરૂપવાળી સ્ત્રીના સુખવાળો, અને પ્રથમ પુત્રનો જ જન્મ થાય, દ્રવ્યનો સુખી, પણ પારકાના આશ્રયથી તે પુરૂષ જીવનારો જાણવો. ૮ શુક્ર આઠમા ભાવે દેખતો હોય તો હંમેશાં વ્યાધિવાળો, કષ્ટથી પૈસા મેળવનારો, સાધુ પુરૂષનો સમાગમ કરનારો ને તેથી સુખી જાણવો. ૯ શુક્ર નવમા ભાવે દેખતો હોય તો લાંબા આયુષ્યવાળો, તેની પાસે દ્રવ્ય વધારે હોય. પોતાના ગામમાં મુખત્યારપણું ભોગવે તથા કુટુંબવાળો ને તેથી જ જશવાન શ વર્ગને જીતનારો અને પોતાના કુળ ધર્મથી વર્તનારો જાણવો. ૧૦ શુક્ર દશમા ભાવે દેખતો હોય તો ભાગ્યશાળી, હંમેશા ચઢતી કળા હોય, પણ તે પરદેશમાં ભાગ્યશાળી ને સુખવાળો, પોતાના દેશમાં થોડા સુખવાળો, પરદેશથી ધન મેળવનારો, રાજાથી જશ મળે. તેમ ધનનું શુભ માર્ગે ખર્ચ કરનારો જાણવો. ૧૧ શુક્ર અગીયારમાં ભાવે દેખતો હોય તો લાંબા આયુષ્યવાળો, દ્રવ્યનો વધારો કરનારો, પોતાના ગામમાં સુખી તરીકે હોય, કુટુંબમાં માનકારી અને કુળધર્મની રીત પ્રમાણે ચાલનારો જાણવો. ૧૨ શુક્ર બારમા ભાવે દેખતો હોય

તો વિવાહાદિક શુભ માર્ગે ધનનું ખર્ચ કરનારો, પોતાના પિતાની સ્વર્ગ ગતિ કરનારો પણ તે પુત્રનું મૃત્યુ જલદી થાય.

શનિની દ્રષ્ટિનું ફળ.

૧ શનિ પહેલા ભાવે દેખતો હોય તો પોતાના જન્મથી ત્રીજે વર્ષે શરીરને પીડા થાય, ધન તથા મિત્ર હમેશાં નાશ પામે, અને શરીરે તાવ તથા પરમીયાની પીડા થાય. ૨ શનિ બીજે ભાવે દેખતો હોય તો ધનનો નાશ થાય, કુટુંબમાં શત્રુતા રહે અને તેરમે વર્ષે જળથી અથવા પથરા લાગવાથી શરીરે પીડાકારી થાય. ૩ શની ત્રીજે ભાવે દેખતો હોય તો ઘણો પરાક્રમી અને અતિશય બળવાન જાણવો, પણ ભાઇભાંડુનો દુઃખી, અને લાભનું ફળ મળવાની વખતે કંઇ નુકશાની થાય. ૪ શની ચોથે ભાવે દેખતો હોય તો જન્મના પહેલા વર્ષે શરીરે પીડા થાય, અને માતાપિતાને ચોથે વર્ષે પીડા થાય, પોતાનું માન તથા સ્થાનક ઓછું થાય. ૫ શનિ પાંચમે ભાવે દેખતો હોય તો હમેશ પુત્રાદિક સુખનો નાશ કરે, ધનનો પણ નાશ કરે, પણ શરીરે નિરોગી રહે. ૬ શનિ છઠ્ઠે ભાવે દેખતો હોય તો શત્રુ માત્રનો નાશ કરે તેમ મોસાળના સુખનો પણ નાશ કરે, નેત્રમાં તથા પગમાં પીડા કરે, અથવા પરમીયાની પીડા થાય. ૭ શનિ સાતમા ભાવે દેખતો હોય તો સ્રીના શરીરે પીડા કરે, તે પીડા મૃત્યુ તુલ્ય થાય, શરીરમાં પાંડુ નામે રોગ કરે, તેમ તાવની તથા અતિસારની પીડા કરે. ૮ શનિ આઠમા ભાવે દેખતો હોય તો ચોરીનો ભય થાય, પથર લાગવાથી પીડા કરે, રાજાનો ભય રહે તેમ ધનની હાનિ થાય. ૯ શનિ નવમા ભાવે દેખતો હોય તો મલેચ્છ જાતિથી ભાગ્યનો ઉદય થાય, બંધુજનના સુખ વગરનો અને પરદેશથી માન તથા પરાક્રમ વધે તેવો જાણવો. ૧૦ શની દશમા ભાવે દેખતો હોય તો પિતાના સુખનો નાશ કરે, તેમ માતાનું સુખ ઘણું હોય, પોતે ભાગ્યશાળી અને પોતાના પરાક્રમથી આજીવિકા ચલાવનારો જાણવો. ૧૧ શનિ અગીઆરમા ભાવે

દેખતો હોય તો વૃદ્ધ અવસ્થામાં પુત્રનું સુખ મળે, લાભ દેખેલો ખોવરાવે, પણ સર્વે પ્રકારના સુખનો લાભ આપે. ૧૨ શનિ બારમા ભાવે દેખતો હોય તો, ખોટે રસ્તે ધનની હાનિ થાય, તેમ હંમેશ ધનનો ખર્ચ કરે, સ્ત્રી તથા પુત્રથી હંમેશ કલેશ કરે અને અતિ કામી પુરૂષ જાણવો.

રાહુની દ્રષ્ટિનું ફળ.

૧ રાહુ પહેલા ભાવે દેખતો હોય તો શરીરે સુખવાળો, વાયુથી શરીરે પીડાકારી, ઘણો ક્રોધી, અને હંમેશાં રીસાળ તથા લોહીના પ્રકોપની પીડા ભોગવનારો જાણવો. ૨ રાહુ બીજે ભાવે દેખતો હોય તો કુટુંબનો દુઃખી, જળથી અથવા પથર લાગવાથી પીડાકારી થાય અને આઠમે વર્ષે શરીરે મહા પીડા કરે. ૩ રાહુ ત્રીજે ભાવે દેખતો હોય તો પોતાના પરાક્રમથી સર્વે મનોરથ સફળ થાય. ઘણા પ્રકારે સુખ ભોગવે, તેમ પુત્રનું પણ સુખ હોય, અથવા તે પુરૂષ જોડલાથી જન્મેલો હોય. ૪ રાહુ ચોથે ભાવે દેખતો હોય તો તે પુરૂષને માતાનું સુખ ન હોય, મ્લેચ્છ જાતિથી પોતાના ભાગ્યનો ઉદય થાય અને પોતાના પેટમાં હંમેશાં ગુપ્ત પીડા રહે. ૫ રાહુ પાંચમે ભાવે દેખતો હોય તો એક પુત્રનું સુખ હોય તેમ ભાગ્યશાળી અને રાજાથી યશ મળે તથા થોડા શ્રમથી સર્વે મનોરથ સફળ થાય. ૬ રાહુ છઠ્ઠે ભાવે દેખતો હોય તો શત્રુ માત્રનો નાશ થાય તેમ ધનની હાની થાય, લાભ થાય તેથી ચારગણું ખર્ચ કરે. ૭ રાહુ સાતમા ભાવે દેખતો હોય તો કામદેવની વૃત્તિ વધારે, અતિકામી હોય, સારૂ ભાષણ કરનારો હોય, અને રાહુની મહાદશા આવે ત્યારે પોતાની સ્ત્રીનો નાશ થાય. ૮ રાહુ આઠમા ભાવે દેખતો હોય તો પોતાનો વંશ થોડો હોય અથવા ન હોય, અતિ દુઃખીઓ હોય, વાયુથી પીડા પામનારો, અને નીચ કર્મ કરી આજીવિકા ચલાવનારો જાણવો. ૯ રાહુ નવમા ભાવે દેખતો હોય તો નવયોવના સ્ત્રીના વીલાસનું સુખ ભોગવનારો, પોતાના સહોદરથી કિંચિત્

પીડા થાય, તથા પોતાનું ધન પોતાનો પુત્ર ચોરીથી લઇ જાય. ૧૦ રાહુ દશમા ભાવે દેખતો હોય તો પોતાની છેલ્લી અવસ્થામાં કર્મવાન્ હોય, ને માતાપિતાના સુખવાળો જાણવો. ૧૧ રાહુ અગીઆરમા ભાવે દેખતો હોય તો લાંબા આયુષ્યવાળો, ધનવાળો, રાજાથી માન પામનારો, પોતાની બુદ્ધિથી પોતે થોડું ચાલનાર, અને પરવશ બુદ્ધિવાળો જાણવો. ૧૨ રાહુ બારમા ભાવે દેખતો હોય તો મનમાં હમેશાં આનંદી, રોગ, શત્રુનો નાશ થાય, પણ ખોટે રસ્તે ધનનું ખર્ચ કરે ને નેત્રમાં પીડાકારી હોય.

સમજુતીઃ—રાહુ માથું છે ને કેતુ ધડ છે તેથી કેતુની દ્રષ્ટિ હોય જ નહિ.

ગ્રહોની ગ્રહના ઉપરની દ્રષ્ટિનું ફળ.

૧ ગ્રહોના ભાવ ઉપરની દ્રષ્ટિ બાબત જણાવ્યું. હવે ગ્રહોની ગ્રહના ઉપરની દ્રષ્ટિ બાબત કહે છે. ૨ હરેક રાશીમાં રહેલા ગ્રહો ઉપરની પ્રત્યેક ગ્રહની દ્રષ્ટિનું ફળ પૂર્વના આચાર્યે અતિ વિસ્તારથી જે કહેલું છે તે સઘળા ફળનો સમાવેશ સંક્ષેપમાં અહીં કર્યો છે. ૩ ઊંચમાં રહેલા ગ્રહને ઊંચનો કે સ્વગ્રહનો ગ્રહ દેખતો હોય, અગર સ્વગ્રહમાં રહેલા ગ્રહને ઊંચનો ગ્રહ દેખતો હોય તો તે માણસ રાજની સત્તાના આશ્રયવાળો, ધન અને વૈભવવાળો, પરાક્રમી અને હીંમતવાળો, સ્ત્રી અને પુત્રના સુખવાળો, શત્રુના પક્ષને વશ કરનારો તથા સ્વધર્મ પાળનારો થાય છે. ૪ ઊંચમાં રહેલા ગ્રહને તેનો મિત્ર ગ્રહ દેખતો હોય તો શરીરના સુખવાળો, સુંદર દેહવાળો, ઘણી જાતનો ઉદ્યમ ને વેપાર કરનારો, જશ અને જીત મેળવનારો, લોકપ્રિય અને ઉમદા કામ કરનારો માણસ હોય છે. ૫ ઊંચમાં રહેલા ગ્રહને તેનો સમગ્રહ દેખતો હોય તો શરીરના દુઃખવાળો, વિદ્યામાં નિપૂણ અને કામમાં આળસુ, ધન અને વૈભવ મેળવવામાં હોંશવાળો માણસ થાય છે. ૬ ઊંચમાં રહેલા ગ્રહને તેનો શત્રુ ગ્રહ દેખતો હોય તો શરીર રોગી, મિત્ર કે કુટુંબમાં વિરોધ કરનારો, ધનનો નાશ કરનારો, લોકમાં નિંદા

પામનારો માણસ થાય છે. ૭ પોતાની રાશિમાં રહેલા ગ્રહને તેનો મિત્ર ગ્રહ દેખતો હોય તો રાજના આશ્રયવાળો, સારા ઉદ્યમથી ધન અને કીર્તિ મેળવનારો, પરોપકારી કામ કરનારો, શરીરે સુખી, ધર્મદાન તથા સ્વધર્મ ઉપર રૂચી રાખનારો માણસ થાય છે. ૮ પોતાની રાશીમાં રહેલા ગ્રહને તેનો સમગ્રહ દેખતો હોય તો થોડા પરાક્રમ ને ધંધાવાળો, શરીરે સુખી તથા દુઃખી, અને માનસિક ચિંતાવાળો, કુટુંબના માણુસથી ઉદાસ, અને પરાયા માણુસથી સંતોષ પામનારો માણુસ થાય છે. ૯ પોતાની રાશીમાં રહેલા ગ્રહને તેનો શત્રુ ગ્રહ દેખતો હોય તો મિત્ર અને કુટુંબના માણુસ સાથે વિરોધ કરનારો, ધનનો નાશ કરનારો, તથા શરીરે રોગી, પુત્ર અને સ્રીની પીડાવાળો, શત્રુની બીક ભોગવનારો માણુસ થાય છે. ૧૦ મૂળ ત્રિકોણુ રાશિમાં રહેલા ગ્રહો ઉપરની દ્રષ્ટિનું ફળ ઊંચમાં કે સ્વગ્રહની રાશીમાં રહેલા ગ્રહ પ્રમાણે સમજવું. ૧૧ મિત્ર ગ્રહની રાશીમાં રહેલા ગ્રહને ઊંચનો કે સ્વગ્રહનો ગ્રહ દેખતો હોય તો શરીરે કાન્તિવાળો તથા કીર્તિવાળો શરીરે મજબૂત તથા નીરોગી, ધન અને ઉદ્યમવાળો, વૈભવી અને સારાં કામ કરનારો, ચતુર માણુસ થાય છે. ૧૨ મિત્ર ગ્રહની રાશીમાં રહેલા ગ્રહને તેનો મિત્ર ગ્રહ દેખતો હોય તો રોગ તથા શત્રુ વગરનો, જશ અને કીર્તિ મેળવનારો, વિદ્યા અને કળા મેળવનારો સુખી માણુસ થાય છે. ૧૩ મિત્ર ગ્રહની રાશીમાં રહેલા ગ્રહને તેનો સમ ગ્રહ દેખતો હોય તો શરીરના તથા ધનના મધ્યમ સુખવાળો, પરદેશમાં મુસાફરી કરી રોજગાર કરનારો તથા માનસિક ચિંતાવાળો જાણુવો. ૧૪ મિત્ર ગ્રહની રાશીમાં રહેલા ગ્રહને તેનો શત્રુ ગ્રહ દેખતો હોય તો શરીરે રોગી અને પોતાના ઘર સંસારથી દુઃખી, લોકોમાં નિંદા પામનારો, શત્રુના ભયવાળો તથા સ્રીના દુઃખવાળો અને નિરૂદ્યમી માણુસ થાય છે. ૧૫ સમગ્રહની રાશીમાં રહેલા ગ્રહને ઉંચનો કે પોતાની રાશીનો ગ્રહ દેખતો હોય તો શરીરે સુખી, ધન અને વૈભવવાળો, વહેવાર અને વેપારથી અનેક રીતે ધન મેળનારો, ને રાજના આશ્રયવાળો માણુસ થાય છે. ૧૬ સમગ્રહની

રાશીમાં રહેલા ગ્રહને તેનો મિત્ર ગ્રહ દેખતો હોય તો શત્રુને વશ કરનારો, ઉદ્યમથી સંતોષ મેળવનારો, વેપારથી અને ઉદ્યમથી ધન મેળવનારો, રાજના આશ્રયવાળો, અને સુખી માણસ થાય છે. ૧૭ સમગ્રહની રાશીમાં રહેલા ગ્રહને તેનો સમગ્રહ દેખતો હોય તો શરીરે મધ્યમ, સુખી, કુટુંબના માણસથી માનસિક ચિંતાવાળો, અને મહા મેહેનતે રોજગાર ચલાવનારો થાય છે. ૧૮ સમગ્રહની રાશીમાં રહેલા ગ્રહને તેનો શત્રુ ગ્રહ દેખતો હોય તો શરીરે દુઃખી અને શત્રુથી નુકશાન વેઠનારો, ઉદ્યમથી ધનને ગુમાવનારો, નઠારા વિચારનો અને નઠારી સોબતવાળો માણસ થાય છે. ૧૯ શત્રુ ગ્રહની રાશીમાં રહેલા ગ્રહને કોઈ ઉંચનો કે પોતાની રાશીનો ગ્રહ દેખતો હોય તો મહા મેહેનતે પોતાનો રોજગાર ચલાવનારો, માનસિક ચિંતા ભોગવનારો અને ઘરડા માણસના આશ્રયવાળો માણસ થાય છે. ૨૦ શત્રુ ગ્રહની રાશીમાં રહેલા ગ્રહને તેનો મિત્ર ગ્રહ દેખતો હોય તો લડાઈમાં સલાહ કરનારો, ઘણી મેહેનતે થોડું ધન મેળવનારો, નીચ માણસના આશ્રયવાળો, શરીરે સુખી તથા દુઃખ વેઠનારો માણસ થાય છે. ૨૧ શત્રુ ગ્રહની રાશીમાં રહેલા ગ્રહને તેનો સમગ્રહ દેખતો હોય તો કુટુંબમાં વિરોધ પાડનારો, મહા મેહેનતે ધંધો ચલાવનારો, અને શત્રુની બીક ભોગવનારો માણસ થાય છે. ૨૨ શત્રુ ગ્રહની રાશીમાં રહેલા ગ્રહને તેનો શત્રુ ગ્રહ દેખતો હોય તો શરીરે દુઃખી, ધનનો નાશ કરનારો, નીચ વિચારને તાબે રહેનારો, રાજની હરકત વેઠનારો, અને લોકમાં નીંદા પામનારો માણસ થાય છે. ૨૩ જે ગ્રહ દેખનારો છે તેને દ્રષ્ટા ગ્રહ કહે છે. ૨૪ જે ગ્રહ દ્રષ્ટિ ઝીલનારો છે, તેને દ્રષ્ય ગ્રહ કહે છે. ૨૫ દ્રષ્ટા અને દ્રષ્ય એ બંને શુભ ગ્રહ હશે તો તેનું દ્રષ્ટિ ફળ વધારે શ્રેષ્ઠ ગણવું. વળી આ બન્ને શુભ ગ્રહની રાશીમાં રહેલા હશે તો તેનું અતિ ઉત્તમ ફળ સમજવું. ૨૬ દ્રષ્ટા અને દ્રષ્ય એ બે ગ્રહો પાપ ગ્રહ હશે તો તેનું દ્રષ્ટિ ફળ હલકા દરજ્જાનું ગણવું. ૨૭ દ્રષ્ટા પાપ ગ્રહ હોય અને દ્રષ્ય શુભ ગ્રહ હોય તો તેનું દ્રષ્ટિ ફળ મધ્યમ પ્રકારનું જાણવું. ૨૮ દ્રષ્ટા શુભ ગ્રહ

હોય અને દ્રષ્ય પાપ ગ્રહ હોય તો તેનું દ્રષ્ટિ ફળ જે કહેલું છે તે બરાબર ગણવું. ૨૯ ઉપરના દ્રષ્ટિ ફળો ઘણું કરીને દ્રષ્ય ગ્રહોના અધિકાર ઉપર વધારે આધાર રાખનારા સમજવા. ૩૦ નીચના ગ્રહને કોઈ ઉંચનો કે પોતાની રાશિનો ગ્રહ દેખતો હોય તો મહા મહેનતે ધન અને કીર્તિ મેળવે તથા વિરોધમાંથી છુટનારો, સ્ત્રી વગરનો, રાજનો આશ્રય મેળવનારો, તથા કીર્તિ મેળવનારો થાય છે. ૩૧ નીચના ગ્રહને તેનો મિત્ર દેખતો હોય તો શરીરે મધ્યમ સુખી, મહેનત કરીને પણ થોડું ધન મેળવનારો, શત્રુથી છુટનારો, વેપારવાળો, કુટુંબ સાથે હળીમળી ચાલનારો, પણ થોડા જશવાળો હોય છે. ૩૨ નીચના ગ્રહને તેનો સમગ્રહ દેખતો હોય તો લોકોમાં નિંદા પામનારો, નિર્ધન તથા નિરોગી, વળી ઉદ્યમમાં તથા રોજગારમાં નિષ્ફળ થનારો, રોગ તથા શત્રુની ચઢાઇવાળો માણસ થાય છે. ૩૩ નીચના ગ્રહને તેનો શત્રુ ગ્રહ દેખતો હોય તો શરીરે રોગી તથા નિર્ધન, શત્રુથી દુઃખ વેઠનારો, રાજની હરકત વેઠનારો, પરદેશમાં મુસાફરી કરનારો, લોકોમાં નિંદા પામનારો, ક્રોધી તથા કપટી માણસ થાય છે. ૩૪ આ પ્રસંગે સમજવું કે આ દ્રષ્ટિ ફળથી ગ્રહોના ભાવફળને કે ભાવ ઉપરની ગ્રહોની દ્રષ્ટિ ફળને કાંઇ હરકત લાગતી નથી, પણ તેની દ્રષ્ટિ અને દ્રષ્ય ગ્રહનો દશા અને અંતર દશામાં તે ફળ બાબત ઉમેરો થાય છે. ૩૫ વળી પાપ ગ્રહની રાશિમાં રહેલા દ્રષ્ટા અને દ્રષ્ય ગ્રહ કરતાં એ બંને શુભ ગ્રહની રાશિમાં રહેલા હોય તો તે ચઢતા દરજ્જાના જાણવા તેમજ પાપ ગ્રહની રાશિમાં રહેલાં દ્રષ્ટા ગ્રહ કરતાં શુભ ગ્રહની રાશિમાં રહેલા દ્રષ્ટા ગ્રહને પણ ચઢીઆતો ગણવો; અને પાપ ગ્રહની રાશિમાં રહેલા દ્રષ્ય ગ્રહ કરતાં શુભ ગ્રહની રાશિમાં રહેલા દ્રષ્ય ગ્રહને પણ કાંઇક શ્રેષ્ઠ જાણવો. ૩૬ નીચના દ્રષ્ટા ગ્રહને શત્રુ ગ્રહની રાશિમાં રહેલા દ્રષ્ટા ગ્રહ પ્રમાણે અધિકાર મળેલો છે એમ સમજવું. ૩૭ અસ્તના દ્રષ્ટા તથા દ્રષ્ય ગ્રહને શત્રુ ગ્રહની રાશિમાં રહેલા દ્રષ્ટા તથા દ્રષ્ય ગ્રહના જેવોજ અધિકાર મળેલો છે. ૩૮ દ્રષ્ટા તથા દ્રષ્ય ગ્રહો એક બીજાની મહાદશા અને અંતરદશામાં પોતાની દ્રષ્ટિનું ફળ આપશે.


श्री चमत्कार चिंतामणि

(आचार्य श्री मीतिविजयगणी विरचित).

श्लोकः—न चलेत खेचरा स्थापितै किंचचक्रे
नते स्पष्टगाः स्थापितैः किंग्रहेंद्रैः ।
आभावा वितः स्पष्टताकोत्र हेतुः
फलै रेव सर्व ब्रुवेतानि तस्मात् ॥ १ ॥

ભાવાર્થઃ—કુંડળી સ્થાપન કરી, પણ જો તેમાં ગ્રહ એક પણ ન હોય તો તે કુંડળી ચક્ર શા કામનું? અર્થાત્ નકામું અને કદિ જો કુંડળીમાં ગ્રહ સ્થાપન કર્યો, પણ જો તે ગ્રહ સ્પષ્ટ ન હોય તો તે ગ્રહથી પણ શું થાય? અર્થાત્ કાંઈ નહિ. કદિ ગ્રહ સ્પષ્ટ કર્યો, પણ ફળ સિદ્ધિ વિના સ્પષ્ટ ગ્રહ પણ શા કામના? અર્થાત્ નકામા; જેથી સઘળા ગ્રહની ફળ સિદ્ધિ કહે છે.

સૂર્ય ગ્રહ ફળ સિદ્ધિ.




૧ પહેલા ભવનમાં સૂર્ય હોય તો તે પુરૂષ ઉંચી નજરવાળો હોય અને મનમાં સ્ત્રી, કુટુંબ અને મીત્ર તરફથી ચિંતાતુર રહે, તેમ જ શરીરની અંદર વાત, પિત્ત અને કફના રોગથી દુઃખ ભોગવનાર, અને દરેક કામમાં લાભ અને હાનિ પામે. દેશાવરમાં ફરવું થાય. સુખ અને દુઃખ બન્નેનો અનુભવી

હોય. ૨ બીજા ભવનમાં સૂર્ય હોય તો તે પુરૂષ ભાગ્યવાન હોય, તેમ જ પોતાને ઘેર ચાર પગવાળાં જાનવર જેવાં કે ગાય, ભેંસ, ઘોડા, બળદ વિગેરેનું સુખ હોય, તેમ જ સારે માર્ગે ધન ખર્ચનાર હોય, પણ કુટુંબ તથા સ્ત્રી સાથે કુસંપ રાખે, કંઇક સારૂ કામ કરવા જતાં નુકશાન પામે. ૩ ત્રીજા ભવનમાં સૂર્ય હોય તો તે પુરૂષ જન્મથી જ અધિક પ્રતાપી અને બળવાન હોય, પણ સ્ત્રી તરફના દુઃખથી પરદેશ ફરવું થાય. શત્રુનો નાશ કરવાવાળો હોય, અને સંગ્રામમાં શૂરવીર તથા રાજ તરફથી માન પામવાવાળો થાય. ૪ ચોથા ભવનમાં સૂર્ય હોય તો તે પુરૂષ સદા સારો હોદ્દો ભોગવે, અને તેમાં યશ તેમ જ લાભ પામે, પણ મિત્ર સાથે કલેશ રહે, પરદેશ ફરવું થાય, સંગ્રામમાં વૈરી તરફથી દુઃખ ભોગવવું પડે, કદિ પણ તેનું ચિત્ત સ્થિર હોય નહિ. ૫ પાંચમા ભવનમાં સૂર્ય હોય તો તે પુરૂષને મોટા દિકરા તરફથી દુઃખ પડે, ક્રોધી પ્રકૃતિવાળો હોય, મંત્રાદિક વિદ્યામાં કુશળ હોય, કપટથી વસ્તુને ગ્રહણ કરનારો થાય તેમ જ આળસમાં વખત કાઢનાર અને પેટના રોગથી મરણાંતિક કષ્ટ ભોગવનાર થાય. ૬ છઠ્ઠા ભવનમાં સૂર્ય હોય તો તે પુરૂષ વૈરીનો નાશ કરવાવાળો, તથા મિત્ર અને વૈરી તરફના દુઃખથી ખર્ચના બોજા તળે આવવું પડે, તથા મોસાળ પક્ષની પોતાના જન્મ પછી હાની થાય, ચાર પગા જનાવરથી દુઃખ ભોગવે, માર્ગે ચાલતાં ચોરાદિકથી ભય થાય. ૭ સાતમા ભવનમાં સૂર્ય હોય તો તે પુરૂષને સ્ત્રી તરફનો સંતાપ હોય, તેમજ શરીરમાં પીડા અને વ્યાપારમાં લાભ થોડો, ચિંતાથી નિદ્રાનો નાશ થાય. ૮ આઠમા ભવનમાં સૂર્ય હોય તો તે પુરૂષ પરસ્ત્રીલંપટ હોય, તેનાથી દુઃખ ભોગવે, પરદેશની સ્ત્રી મળે, પરદેશની વસ્તુ ઉપર પ્રીતિ રાખનાર, તેમજ ભોગવનાર થાય, ચોરાદિકથી ધનનો નાશ થાય, તેમજ ગુહ્ય સ્થાનમાં ભગંદર રોગ હોય. ૯ નવમા ભવનમાં સૂર્ય હોય તો તે પુરૂષ દુષ્ટ વિચારવાળો, તેમજ સદા ચિંતા કરવાવાળો હોય, તપ–ધર્મ ઉપર પ્રેમ વિનાનો અને ખોટા દંભ દેખાડવાવાળો હોય, ભાઇ વર્ગથી દુઃખ ભોગવે. ૧૦ દશમા ભવનમાં

સૂર્ય હોય તો તે પુરૂષને રાજ્ય જેવી સાહ્યબી મળે, પોતાની માતાને પોતાના જન્મ પછી પીડા થાય, પોતાને વાયુની પીડા રહે, તેમજ વ્હાલા સગાનો વિયોગ ભોગવનાર થાય. ૧૧ અગ્યારમાં ભવનમાં સૂર્ય હોય તો તે પુરૂષ ધનવાન હોય, રાજ્ય દરબાર તરફથી માન પ્રતિષ્ઠા પામે, પોતાના પ્રતાપથી શત્રુનો નાશ થાય. અને ઘણા વૈભવ ભોગવનાર થાય, પણ દીકરા દીકરીની ચિંતા હોય. ૧૨ બારમાં ભવનમાં સૂર્ય હોય તો તે પુરૂષને આંખે દર્દ હોય તેમજ શત્રુનો નાશ કરવાવાળો, લાલચુ, લાંચખોર, શરીર પીડીત રહે, પોતાના જન્મ પછી કાકાને હાની થાય, અને પીતાને રસ્તે ચાલતા દુઃખ પડે.


ચંદ્ર ગ્રહ ફળ સિદ્ધિ.



૧ પ્રથમ ભવનમાં ચંદ્ર હોય તો તે પુરૂષ મંદ વીર્યવાન, શક્તિહીન, સુકુમાલ, પણ વરખ અને કર્ક એ બે રાશિ સિવાયનો ચંદ્ર દેહ સ્થાનમાં હોય તો વિશેષે કરીને બળહીન અને શરીરે દુર્બળ હોય, જો મેષનો ચંદ્ર હોય તો તેનું શરીર સુકકું હોય, અને એ શિવાય બીજી રાશિઓનો ચંદ્ર દેહસ્થાનમાં હોય તો બાપનું સુખ થોડું અને ન્યાયવાળો થાય. ૨ બીજા ભવનમાં ચંદ્ર હોય તો તે પુરૂષ દેવ સરખી સાહ્યબી પામે, દેશ પરદેશમાં કીર્તિવાળો થાય, સ્ત્રી વલ્લભ હોય તેમજ કુટુંબ ઉપર પ્રીતિ થોડી રાખનાર હોય. ત્રીજા ભવનમાં ચંદ્ર હોય તો તે પુરૂષ પોતાના પરાક્રમથી ધન મેળવે, તપ ઉપર પ્રીતિવાળો હોય, સ્ત્રીઓના હાવભાવથી પણ પોતાનો તપ છોડે નહિ, પોતાના કુટુંબ તથા

બંધુ વર્ગનું સુખ ઘણું હોય, નીર્મળ, પ્રતાપવંત, જશવંત હોય, અને ધર્મ ધ્વજા ફરકાવનાર થાય. ૪ ચોથા ભવનમાં ચંદ્ર હોય તો તે પુરૂષને માતા તથા મિત્ર તરફનું સુખ સારૂં હોય, રાજાના તરફથી અધિકાર પામવાવાળો હોય, નાની વયમાં સુખ થોડું પણ સ્ત્રી તરફનું સુખ સારૂં હોય. ૫ પાંચમાં ભવનમાં ચંદ્ર હોય તો તે પુરૂષને સંતાન સુખ મળે, નિર્મળ બુદ્ધિવાળો, જમીનથી અન્ન, ધનનો લાભ મળે, તથા વેપારમાં વ્યાજથી લાભ થાય. ૬ છઠ્ઠા ભવનમાં ચંદ્ર હોય તો તે પુરૂષ રૂપવાન, અને જીતેલા શત્રુ પાછા સામા થાય, કફ વગેરે રોગોની ઉત્પતિ થાય, લાંચ, ચાડી–ચુગલીમાં ધનનો નાશ થાય, અને શત્રુઓ ઠામ પડે નહિ. ૭ સાતમાં ભવનમાં ચંદ્ર હોય તો તે પુરૂષને સ્ત્રીનું સુખ સારૂં, ધનનો લાભ, રસ્તે ચાલતાં સ્ત્રી મોહીત થાય, પરમ પ્રીતિ ધરવાવાળો, અને મીઠા ભોજન જમનાર, પણ લોભ પ્રકૃતિ વિશેષ હોય, શરીર નિર્બળ, પણ તે પુરૂષનો અંધારીઆમાં જન્મ હોય તો દુશ્મન તરફથી દુઃખ રહે. ૮ આઠમા ભવનમાં ચંદ્ર હોય તો તે પુરૂષનું ઘર વૈદ, ડોકટરથી ભરેલું હોય, અર્થાત સદા રોગી, ખાધું પાચન નહિ થવાથી દવા હંમેશ ચાલે, પાણી–કુવા વાવ, નદીનો ભય, અને તેથી ઘાત થાય. ૯ નવમા ભવનમાં ચંદ્ર હોય તો તે પુરૂષના સન્મુખ મંગળીઆ, જેવાકે–બ્રાહ્મણ, ચારણ, યાચકો સદા સ્તુતિ કરનાર હોય, ત્રણે અવસ્થા સુખી હોય, ભુકતભોગી, નીરોગી, અને ચંદ્રમાનીપેરે ચઢતી કળાવાન હોય. ૧૦ દસમા ભવનમાં ચંદ્ર હોય તો તે પુરૂષને બાપનું સુખ થોડું, લક્ષ્મીવાન, રાજા તરફથી માન, નવીન નવીન સાહ્યબી ભોગવનાર, તેમજ ધર્મિષ્ઠ હોય. ૧૧ અગીયારમાં ભવનમાં ચંદ્ર હોય તો તે પુરૂષને રાજ્ય તરફથી ધન અધિકાર, વસ્ત્ર વગેરેથી સારો સત્કાર થાય, લોકમાં જશવંત, સ્ત્રી તથા લક્ષ્મી તરફથી ઘણો સુખી હોય, જશ અને શોભા ઘણી હોય, પણ દીકરીની વસ્તી વધારે હોય. ૧૨ બારમા ભવનમાં ચંદ્ર હોય તો તે પુરૂષને આંખ અને શત્રુનો ભય રહે, ધનનો વય સારા કામમાં થયા કરે, પીત્રાઇઓ તરફથી કલેશ સહન કરવો પડે તથા સ્ત્રી તરફનો પ્રેમ થોડો હોય.


મંગળ ગ્રહ ફળ સિદ્ધિ.



૧ પહેલા ભવનમાં મંગળ હોય તો તે પુરૂષને લોઢા તથા અગ્નિથી ઘાત, માથામાં દર્દ રહ્યા કરે, નીડરપણે રહેવાવાળો હોય, અને તેની સ્ત્રીને બાળક થાય તો બુદ્ધિહીન થાય, પ્રસુતી વખતે સ્ત્રીને પીડા, અને ફરજંદની પ્રાપ્તિ થોડી થાય. ૨ બીજા ભવનમાં મંગળ હોય તો તે પુરૂષને કુટુંબ ઝાઝું હોય કે ધન ઝાઝું હોય તો તેથી શું ? એટલે ધન કે કુટુંબ એના કામમાં આવે નહિ. છેવટે તેનું ધન તેને છોડીનેજ ચાલ્યું જાય. ૩ ત્રીજા ભવનમાં મંગળ હોય તો તે પુરૂષ જાતે ધર્મ કરવાથી પાછો પડે, પણ વ્યાવહારિક કાર્યમાં કુશળ હોય, પણ ભાંડુ તરફથી કાંઇક દુઃખ ભોગવે. ૪ ચોથા ભવનમાં મંગળ હોય તો તે પુરૂષને મીત્ર સુખ થોડું, પરંતુ રાજ્ય તરફથી ભૂમિ, વસ્ત્ર તથા ધનની પ્રાપ્તિ થાય. ૫ પાંચમા ભવનમાં મંગળ હોય તો તે પુરૂષને જઠરાગ્નિનું જોર સારૂ, શરીરે બળવાન, પુત્ર સુખ થોડું, કદાચીત થાય તો એક પુત્રનું સુખ ભોગવે, બુદ્ધિશાળી હોય, પણ તે બુદ્ધિ પાપ માર્ગે પ્રવર્તાવે, ચિત્ત સદા કલેશમય રહે. ૬ છઠ્ઠા ભવનમાં મંગળ હોય તો તે પુરૂષ વેરીનો નાશ કરે, સંગ્રામમાં શૂરવીર, પારકા મનુષ્યથી લેણાદેણી, મોસાળ પક્ષ તરફથી અણબનાવ, અને એકવાર ધન જાય તો પણ પાછું મેળવે. ૭ સાતમાં ભવનમાં મંગળ હોય તો તે પુરૂષ સ્ત્રી તરફથી દુઃખી, વેપારમાં લાભ નહિ, રીસાળ પ્રકૃતિ હોવાથી કાર્યની સિદ્ધિ થાય નહિ. ૮ આઠમા ભવનમાં મંગળ હોય તો તે પુરૂષ શરીરે ગડ–ગુમડની પીડાવાળો, પૈસારહિત, દુઃખી મીત્ર–સ્નેહી ઉપર ગમે તેટલો ઉપકાર કરે, છતાં પણ મીત્ર તેના ઉપર શત્રુપણું રાખે.

૯ નવમાં ભવનમાં મંગળ હોય તો તે પુરૂષને મોટા ભાઇ ન હોય તેમજ મોટા સાળાનું સુખ ન હોય અને વેપારમાં લાભ થોડો મળે. ૧૦ દસમાં ભવનમાં મંગળ હોય તો તે પુરૂષ પોતાના ગામમાં તથા જ્ઞાતિમાં આગેવાન હોય, રાજ્યકાર્યમાં કુશળ અને ખનીજપદાર્થના વેપારમાં લાભ મેળવે. ૧૧ અગીયારમાં ભવનમાં મંગળ હોય તો તે પુરૂષને પુત્રનું સુખ થોડું, વેરી તરફથી દુઃખ ભોગવે, પણ કોઇ શત્રુ સામો ફાવી શકે નહિ. ધનનો લાભ થાય, વાહનનું સુખ થાય, અને ચાડી ચુગલીનું ખોટું આળ આવે. ૧૨ બારમા ભવનમાં મંગળ હોય તો તે પુરૂષને દેહ સુખ થોડું, તેમજ સ્ત્રી સુખમાં ખામી, લબાડ, ચોરથી ભય, રોગ શત્રુથી ઘેરાયલો, પણ ઇંદ્ર જો રક્ષણ કરે તો લોઢાની ઘાતથી બચે.


બુધ ગ્રહ ફળ સિદ્ધિ.



૧ પહેલા ભવનમાં બુધ હોય તો તે પુરૂષ શરીરે નીરોગી, રૂપવાન, જસવંત, અને શાંત પ્રકૃતિવાળો હોય. ૨ બીજા ભવનમાં બુધ હોય તો તે પુરૂષ બુદ્ધિવાન, ધનવાન, ઉદાર વૃત્તિવાળો, સભામાં શોભે તેવો, તથા સુખ સાહ્યબીવાળો હોય. ૩ ત્રીજા ભવનમાં બુધ હોય તો તે પુરૂષને વેપારી વર્ગથી મીત્રતા, ભાંડુવર્ગનું સુખ સારૂં, પુણ્યવંત, પોતાના કૂળના આચાર પ્રમાણે વર્તવાવાળો, શાંત, તથા કોઇ કોઇથી વશ થતું ન હોય તો તેને બુદ્ધિબળથી વશ કરનારો, વિનયવંત, ત્યાગી અથવા ભોગી હોય. ૪ ચોથા ભવનમાં બુધ હોય તો તે પુરૂષને સારા મિત્રનો સમાગમ થાય, તેમજ રાજદરબારમાં ઉંચો અધિકાર પામે, પોતાના હાથ નીચે ઘણા માણસો આજીવિકા ચલાવે, બાપના ધનથી રહીત હોય, પોતાના ધનથી નિર્વાહ કરે. ૫ પાંચમાં ભવનમાં બુધ હોય તો તે પુરૂષ ધન મેળવવાની ઇચ્છા હંમેશા કરે, બુદ્ધિશાળી હોય,

કપટ સહિત પાપ કરવામાં તત્પર રહે, પ્રથમ પુત્રનો નાશ થાય. ૬ છઠ્ઠા ભવનમાં બુધ હોય તો તે પુરૂષ ધનવંત તેમ ધનથી વેગળાપણું, શત્રુનો નાશ કરવાવાળો, સાધુના ઉપદેશ સાંભળવાવાળો, વાયુ પ્રકૃતિવાળો, સારા માર્ગે ધન ખરચવાની બુદ્ધિવાળો અને શરીરે નિર્બળ હોય. ૭ સાતમા ભવનમાં બુધ હોય તો તે પુરૂષને સ્ત્રીનું સુખ સારૂં, તુચ્છ વીર્યવાન, બુધ તથા સૂર્ય એ બંને ગ્રહો સાતમા સ્થાને ભેગા હોય તો કંચનમય કાયાવાળો, તેમજ પૈસાનો અંહકાર કરનાર ન હોય. ૮ આઠમા ભવનમાં બુધ હોય તો તે પુરૂષનું સો વર્ષનું આયુષ્ય હોય, દેશાવરમાં પ્રખ્યાતી પામવાવાળો, વેપાર તેમજ રાજ્ય તરફથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય, સ્ત્રીનું સુખ સારૂં, અને બુદ્ધિવંત હોય. ૯ નવમા ભવનમાં બુધ હોય તો તે પુરૂષ ધર્મિષ્ઠ અને બુદ્ધિવંત હોય, સાધુપણું પામે, તીર્થ યાત્રા કરનાર, પોતાના કુળની કીર્તિનો વધારનાર, રાજથી માન પામનારો, અને દુષ્ટ મનુષ્યનો નિગ્રહ કરનારો થાય. ૧૦ દસમા ભવનમાં બુધ હોય તો તે પુરૂષ થોડા વચનનો બોલનાર, સુખી, એકના ઉપર ગુસ્સે થાય તો બીજાના ઉપર પ્રસન્ન થાય, રાજા જેવો ઉંચા મનવાળો, અને પિતાથી અધિક સુખી હોય. ૧૧ અગીયારમાં ભવનમાં બુધ હોય તો તે પુરૂષને દરેક ચીજમાં લાભ થાય, જો આ સ્થાને બુધ ન હોય તો દરેક રીતે દુઃખી, અને શરીરે નિર્બળ હોય. ૧૨ બારમા ભવનમાં બુધ હોય તો તે પુરૂષ શત્રુઓથી ઘેરાયલો રહે અને ધનનો નાશ થાય.


ગુરૂ ગ્રહ ફળ સિદ્ધિ.



૧ પહેલા ભવનમાં ગુરૂ હોય તો તે પુરૂષ કાંતિવાન, તેમ શરીરે સુખી પણ વીર્ય થોડું, દેવગતિએ જવાવાળો, ભલા અને સારા માર્ગે ધન ખર્ચનાર હોય. ૨ બીજા ભવનમાં ગુરૂ હોય તો તે પુરૂષ કવિ, બુદ્ધિમાન, તત્ત્વવેત્તા, મોઢાના રોગવાળો, કષ્ઠથી ધન મેળવે, પણ ધન રહે નહિ. ૩ ત્રીજા ભવનમાં ગુરૂ હોય તો તે પુરૂષને નાના ભાઇનું સુખ થોડું, મીત્રે કરેલા ઉપકારને ભુલી જનાર, ભાગ્યનો ઉદય છતાં વેપારમાં પૂરો લાભ મળે નહિ. ૪ ચોથા ભવનમાં ગુરૂ હોય તો તે પુરૂષ ઘરના આંગણે ઘોડાના હણહણાટ સાંભળનાર, બ્રાહ્મણો તેની સ્તુતિ કરે, વૈરી સેવક થઇ રહે પણ ગુપ્ત ચિંતાથી પીડીત હોય. ૫ પાંચમા ભવનમાં ગુરૂ હોય તો તે પુરૂષ સદા આનંદ કરવાવાળો, વાકય ચાતુર્યવાળો, સર્વ કામમાં કુશળ, પણ પુત્ર છતાં દુઃખ ભોગવે. ૬ છઠ્ઠા ભવનમાં ગુરૂ હોય તો તે પુરૂષ નિરોગી શરીરવાળો, શત્રુનો નાશ કરનાર, પોતાની બુદ્ધિથી કામ કરવાવાળો, પોતાના બાહુબળથી લક્ષ્મી મેળવી પરણે, લક્ષ્મી વડે સદા આનંદ ભોગવે, પણ મોસાળ-પક્ષથી દુઃખી. ૭ સાતમા ભવનમાં ગુરૂ હોય તો તે પુરૂષ ધન-વાન, બુદ્ધિવાન, સ્ત્રી તરફનું સારૂં સુખ ભોગવનાર, પૈસા તરફ લોભવૃત્તિ વધારે, સંતાન ઘણાં હોય, અંહકારી હોય, અને દિવ્ય કાન્તિવાન હોય. ૮ આઠમા ભવનમાં ગુરૂ હોય તો તે પુરૂષ શરીરે રોગી, રોગથી ઘેરાયલો પણ અંત વખતે સદ્બુદ્ધિ થવાથી સારી ગતિ પામે. ૯ નવમા ભવનમાં ગુરૂ હોય તો તે પુરૂષ ચાર મજલાવાળા મકાનમાં આનંદ કરનાર, રાજાને વ્હાલો, બ્રાહ્મણોનો સત્કાર કરનાર, ભાંડુનો વિનયવંત પણ સદા અહંકારી, તમજ ધર્મ શ્રદ્ધા રહિત હોય. ૧૦ દસમા ભવનમાં ગુરૂ હોય તો તે પુરૂષ સુશોભિત મકાન ભોગવનાર, પિતાથી અધિક સુખ ભોગવનાર, ચંદ્રમાથી અધિક કાંતિવાન, પુત્ર સુખથી અસંતોષી, સદા તેના ઘેર અન્ન ઘણું નીપજે, તથા અતીથી પોષાય તેવો હોય. ૧૧ અગીયારમાં ભવનમાં ગુરૂ હોય તો તે પુરૂષ સંપત્તિવાળો, બુદ્ધિ-વંત, પાંચ સંતાનની પ્રાપ્તિવાળો તથા શુભ કાર્યમાં ધન ખર્ચનાર

હોય. ૧૨ બારમા ભવનમાં ગુરૂ હોય તો તે પુરૂષ અહંકારથી ધન ખર્ચનાર, પારકા ધનને ઉચાપત કરવાની બુદ્ધિવાળો, જેથી છેવટે પૈસાનો નાશ થાય.


શુક્ર ગ્રહ ફળ સિદ્ધિ.



૧ પહેલા ભવનમાં શુક્ર હોય તો તે પુરૂષ શરીરે સુંદર (દેખાવડો), સારી સોબત કરવાવાળો, ઘણી સ્ત્રીઓવાળો, ભાગ્યશાળી તથા સારૂં સુખ ભોગવનાર થાય. ૨ બીજા ભવનમાં શુક્ર હોય તો તે પુરૂષ મીઠી વાણી બોલનાર, બુદ્ધિમાન તથા ડહાપણવાળો, સુખી, અને સારાં વસ્ત્ર પહેરનાર હોય. ૩ ત્રીજા ભવનમાં શુક્ર હોય તો તે પુરૂષને સ્ત્રી સુખ સારૂં, ભાઇનું સુખ સારૂં હોય, પુત્ર સુખ થોડું, સંગ્રામમાં કાયરતા ભોગવનાર હોય. ૪ ચોથા ભવનમાં શુક્ર હોય તો તે પુરૂષ મોટાઇપણું પામવાવાળો, બીજા કોઇ તેને કોઈ પ્રકારે દુઃખી કરી શકેજ નહિ. બીજાં રૂઠયા તોયે શું અને તુઠયા તોયે શું? માતાનું સુખ સારૂં, બીજાની માગ્યા વગર આવેલી ભેટોથી સંપૂણ ભરેલો હોય. ૫ પાંચમા ભવનમાં શુક્ર ન હોય તો તે પુરૂષને પુત્ર હોય તોયે શું અને ન હોય તોયે શું? લક્ષ્મી ઉપાર્જન કરી તોયે શું અને ન કરી તોયે શું? મંત્ર તથા મીઠા ભોજનથી બીજાને ઉપકાર ન કરે તોપણ શું? ભણ્યા અને વાક્ચાતુરી ન આવડી તો ભણ્યા તોયે શું

અને ન ભણ્યા તોયે શું? ૬ છઠ્ઠા ભવનમાં શુક્ર હોય તો તે પુરૂષને શત્રુનો વધારો થાય, ધનનો ખર્ચ ઘણો, પણ સારા માર્ગે ખર્ચે. શત્રુ હાનસ્તો હોય પણ કામ બગાડે. કોઈની પણ મદદ લેવાથી ઉલટો દુઃખી થાય. ૭ સાતમા ભવનમાં શુક્ર હોય તો તે પુરૂષને સ્ત્રી સુખ થોડું, પણ કદાપી પવિત્ર સ્ત્રી મળી હોય તો તે પોતાના ઘરમાં સુખ આપે, પણ પરદેશ તેની સંગાતે ફરી શકે નહી, જેથી સ્ત્રીના મોહમાં આતુર રહે. ૮ આઠમા ભવનમાં શુક્ર હોય તો તે પુરૂષ જૂઠું બોલનાર, લાંબા આયુષ્યવાળો, ગાય, ભેંસ, પ્રમુખ પશુનું સુખ ભોગવે. સંગ્રામમાં જય પામે તેમજ ધન જેમ ખર્ચે તેમ વૃદ્ધિ પામે. ૯ નવમા ભવનમાં શુક્ર હોય તો તે પુરૂષ ગામમાં વગર વ્યાજે રૂપીઆ ધીરનાર હોય, એના ઘરમાં દાન ધર્મની ધ્વજા ફરકયા કરે, પણ ભાઈઓને તાબે રહેનાર હોય. ૧૦ દશમા ભવનમાં શુક્ર હોય તો તે પુરૂષ પોતાના ગોત્રના બળને રૂંધનાર, પરદેશમાં ફરીને ધન ક્ષય કરનાર, દરેકને પોતાના સરખો જાણનાર, તોલ માપથી ધનનો વધારો કરનાર, લોકમાં દેખાવ માત્રથી ઉજળો હોય. ૧૧ અગીયારમાં ભવનમાં શુક્ર હોય તો તે પુરૂષ પુત્રવાન, જશવંત, મોટી ઋદ્ધિવાળો, બુદ્ધિવાળો, લક્ષ્મીવાન, લાભ મેળવનાર તથા દાનનો દાતાર, કાન્તિવાન, અને રાજા જેવી સાહ્યબી ભોગવવાવાળો હોય. ૧૨ બારમા ભવનમાં શુક્ર હોય તો તે પુરૂષને લાભ થોડો, જ્યારે નુકશાન વધારે હોય, સારૂં સુખ ભોગવે, સારા કામનો કરનાર, શત્રુ વધારે છતાં તેજમાં દબાઈ જાય, પ્રતાપી અને મોસાળપક્ષે સુખી હોય.

શની ગ્રહ ફળ સિદ્ધિ.




૧ પહેલા ભવનમાં શનિ હોય તો તે પુરૂષને બળ, બુદ્ધિ અને પરાક્રમ હોય જ નહિ. ઝેર, દૃષ્ટિ કે પાણી વિકારથી દુઃખ રહ્યા કરે, કાંઇક વિદ્વતાવાળો પણ અહંકારનો ભરેલો હોય. ૨ બીજા ભવનમાં શનિ હોય તો તે પુરૂષ સર્વભક્ષી થાય, મીત્ર સાથે પણ કલેશ કરવાવાળો હોય, સુખ રહિત, કોઇને કાંઇ પણ આપવાની ઇચ્છા રહિત, તથા કુટુંબથી કંટાળેલો હોય. ૩ ત્રીજા ભવનમાં શનિ હોય તો તે પુરૂષના ચિત્તમાં ઉદ્વેગ રહ્યા કરે, ક્રોધી પ્રકૃતિવાળો, ઉદ્યમી હોય, પણ જૂઠું બોલનાર, વખતો વખત ધારેલાં કામમાં વિઘ્ન આવ્યા કરે, કોઇ માણસ તેનો સત્કાર, સન્માન કરે તો પણ તેની કદર જાણનાર ન હોય. ૪ ચોથા ભવનમાં શનિ હોય તો તે પુરૂષ પીતાના સુખથી રહિત, ધન તથા ઘરના દુઃખનો પીડેલો, મીત્ર તરફથી અપવાદ સહન કરવાવાળો, માબાપને દુઃખદાયી, ગાડી, બળદ તરફથી દુઃખ ભોગવે અને શરીરે વાયુની પીડા રહ્યા કરે. ૫ પાંચમા ભવનમાં શનિ હોય તો તે પુરૂષ પ્રજા તરફથી દુઃખી, લક્ષ્મી આવે અને જાય, બુદ્ધિશાળી, આનંદી પણ ધર્મશાસ્ત્રથી રહિત, મીત્રાદિકથી કલેશ અને મંત્રાદિકથી દુઃખ પામે. ૬ છઠ્ઠા ભવનમાં શનિ હોય તો તે પુરૂષને રાજા તથા ચોરનો ભય રહે, બળ, બુદ્ધિથી તેને કોઇ સંગ્રામમાં જીતી શકે નહિ, અર્થાત શત્રુનો નાશ કરે, ભેંસના વેપારમાં લાભ, અને મોસાળપક્ષે દુઃખી. ૭ સાતમા ભવનમાં શનિ હોય તો તે પુરૂષને મિત્ર તથા સ્ત્રી તરફથી મનમાં ઉદ્વેગ રહ્યા કરે, સ્ત્રી તથા પોતે રોગિષ્ટ હોય, કામમાં કાયરતા, ઉત્સાહ તથા પરાક્રમ રહિત જાણવો. લાલચુડો પણ બુદ્ધિથી કાંઇક વેગળો હોય. ૮ આઠમા ભવનમાં શનિ હોય તો તે પુરૂષને વ્હાલેશ્રીનો વિયોગ, શત્રુનો કલેશ, ધનનો નાશ, શરીરે રોગી, ક્રોધમય દૃષ્ટિવાળો, તેની પાસે કોઇ માણસ ફાવી શકે નહિ.

૯ નવમાં ભવનમાં શનિ હોય તો તે પુરૂષની મતિ બહુ ઉજળી હોય, પણ આચારથી ભ્રષ્ટ, યોગશાસ્ત્રમાં પ્રવીણ, રાજાથી લાભ, મીત્ર તથા ખર્ચાથી દુઃખી, અનાથનો પાલનહાર, સુખ

ભોગવે યા તો સાધુ થાય. ૧૦ દસમા ભવનમાં શનિ હોય તો તે પુરૂષ માબાપના સુખથી રહીત, સર્વત્ર પ્રસિદ્ધ પામે, ખરાબ કામ કરવામાં આગેવાન, છેવટ સુખી થાય, લડાઇમાં અધિકાર પામે, પણ પૈસાથી દુઃખી હોય. ૧૧ અગીઆરમાં ભવનમાં શનિ હોય તો તે પુરૂષ સ્થિર ચિત્તવાળો, આયુષ્યવાન, લક્ષ્મીવાન, શરીરે રોગ રહિત અને સંતાનથી સુખી, સો માણુસને પહોંચી વળે એવો શૂરવીર પણ પ્રપંચી હોય. ૧૨ બારમા ભવનમાં શનિ હોય તો તે પુરૂષ ખરાબ આચારવાળો, નિર્લજ હોય, પણ જો શનિ લગ્નનો માલીક હોય તો લક્ષ્મી વધે, ઘરની બહાર પ્રશંસા ઘણી હોય, પણ ઘરમાં આવે તો દીલગીરી ભોગવે, આંખની પીડા ભોગવે, પણ વૈરીનો નાશ કરનાર હોય.

રાહુ ગ્રહ ફળ સિદ્ધિ.




૧ પહેલાં ભવનમાં રાહુ હોય તો તે પુરૂષ પોતાના તેજથી બીજાને દબાણ કરનાર હોય, પોતાના તથા પારકાના કામનો કરનાર, અર્થાત પરોપકારી પણ સ્ત્રી ઘણી હોય. ૨ બીજા ભવનમાં રાહુ હોય તો તે પુરૂષને કુટુંબથી વિરોધ ઉપજે, સિંહની માફક નિડર હોય, પૈસાનો રક્ષણ કરનાર, કુટુંબનો પરાભવ કરનાર, અને પોતાને શસ્ત્રથી પીડા ઉપજે, તેમજ કોઇક વખત દુશ્મનના કબજામાં સપડાય. ૩ ત્રીજા ભવનમાં રાહુ હોય તો તે પુરૂષ બળવાન હોય, સર્વ સ્નેહી ઉપર પ્રીતિ રાખનાર. જેથી તેનો મહીમા ઘણો હોય, અને જો કેતુ હોય તો નિર્ભાગ્ય હોય. ૪ ચોથા ભવનમાં

રાહુ હોય તો તે પુરૂષની માતાને રોગ ઘણો હોય, ચિતમાં ઉદ્દ્વેગ રહ્યા કરે, જેથી બહારના સુખ નકામા થઇ પડે, પણ જો રાહુ મેષ, વરખ કે કર્કનો હોય તો દરેક બાબતે સુખી અને કન્યા, મીથુન રાશિમાં હોય તો રાજતુલ્ય સુખ ભોગવવાવાળો હોય. ૫ પાંચમા ભવનમાં રાહુ હોય તો તે પુરૂષને સંતાન સારા થાય, સ્ત્રી તરફથી દુઃખ ભોગવનાર, પેટના દર્દથી પીડાતો, અને તે પુરૂષ નિર્ભાગી હોય. ૬ છઠ્ઠા ભવનમાં રાહુ હોય તો તે પુરૂષ બળ, બુદ્ધિ ને વીર્યવંત હોય, વૈરી તરફથી મૃત્યુ, મોસાળ તથા કુટુંબ તરફનું સુખ ઓછું હોય. ૭ સાતમા ભવનમાં રાહુ હોય તો તે પુરૂષની સ્ત્રીનો નાશ થાય, એટલે સ્ત્રી તરફનું દુઃખ ભોગવવું પડે, અથવા તે પુરૂષને સ્ત્રી કાળા રંગની મળે, અને તે પુરૂષ ધાતુ, ક્ષય, ભગંદર, કઠોદર ઈત્યાદિ રોગવાળો જાણવો, રોગથી પીડાયા કરે, જેથી ગમે તેટલા ઉપાય કરેલા નકામા થઇ પડે. ૮ આઠમા ભવનમાં રાહુ હોય તો તે પુરૂષને રાજા તથા પ્રજા મોટો કરી માને, પણ કુટુંબ તરફથી નિંદિત હોય, એકવાર ભાગ્યોદય, જયારે વારંવાર ધન ક્ષય થાય, પીતાના ધન તરફનું સુખ થોડું, કંઠમાળના રોગવાળો હોય. ૯ નવમા ભવનમાં રાહુ હોય તો તે પુરૂષ લીધેલી પ્રતિજ્ઞા છોડે નહિ, કુટુંબનો ત્યાગ કરે, પણ બીજા લોક બહુ માન આપે, તમાસો જોવાનો આનંદી અને બંદીજનની સ્તુતિથી નિદ્રાનો ત્યાગ કરે. ૧૦ દસમા ભવનમાં રાહુ હોય તો તે પુરૂષ ધનનો અંહકારી, ખર્ચનો કરનાર, જગતમાં જશવંત, હંમેશા માણસોના વચ્ચે બેસનાર, લોકોના કામથી આરામ લઇ શકે નહિ, મીત્રના દુઃખથી દુઃખી અને જો તે ઠેકાણે કેતુ હોય તો તે પુરૂષ ખરાબ કામનો કરવાવાળો જાણવો. ૧૧ અગીયારમાં ભવનમાં રાહુ હોય તો તે પુરૂષ બોલતાની સાથે ધન મેળવે, મહેનતની તેમજ પરદેશમાં જવાની જરૂર ન રહે, સામા માણસની પાસેથી ધન ચાલ્યું આવે, પણ પ્રપંચી હોય, કુટુંબ તરફથી શત્રુ ભાવ ઉભો થાય. ૧૨ બારમા ભવનમાં રાહુ હોય તો તે પુરૂષ રાજાની શોભા પામે, ભંડાર ભરપૂર, ઘણાં પ્રકારના ધનનો સંચય

કરનાર, તેથી દેશમાં શ્રેષ્ઠ ગણાય, ધન–ધાન્યથી ભરેલો રહે, કેટલાક આચાર્યનો એવો મત છે કે, જો બારમાં સ્થાને રાહુ બીજા ગ્રહો સહિત કે રહિત હોય તો જે ઉદ્યમ કરે તે નિષ્ફળ થાય, ધન વધે નહિ ને તૃષ્ણા અનંતી થાય, જેથી દુઃખ ભોગવે.

કેતુ ગ્રહ ફળ સિદ્ધિ.



૧ પહેલા ભવનમાં કેતુ હોય તો તે પુરૂષને કુટુંબથી કલેશ, રોગિષ્ટ, સ્ત્રી તરફની ચિંતા, ઘણું દેશાટન કરવાથી શરીર દુર્બળ થાય, અને મન સદા ચિંતાતુર રહે. ૨ બીજા ભવનમાં કેતુ હોય તો તે પુરૂષના ધનનો નાશ થાય, કુટુંબ સાથે અણુબનાવ, રાજા તરફથી પૈસાની ચિંતા, હંમેશા ખોટું વચન બોલનાર, પણ જો કેતુ સ્વગ્રહી કે ઉંચનો હોય તો સર્વ કામમાં સારૂં ફળ આપે. ૩ ત્રીજા ભવનમાં કેતુ હોય તો તે પુરૂષના વૈરીનો નાશ થાય, પોતાના ભુજા બળથી પૈસો પેદા કરે, ભાંડુ સુખ થોડું અને પોતાના કુટુંબનો વિયોગ ભોગવનાર હોય. ૪ ચોથા ભવનમાં કેતુ હોય તો તે પુરૂષની માતાને પીડા, સજ્જન સાથે કલેશ, પીતાના ઘરમાં ન રહે ચોપદ (પશુ) તરફથી દુઃખ, અને વાયુના રોગથી પીડીત હોય. ૫ પાંચમા ભવનમાં કેતુ હોય તો તે પુરૂષને સંતાન તરફથી દુઃખ, બુદ્ધિથી પૈસો મેળવે, કેટલીક વખત ક્રુર કર્મ કરવામાં કુશળ, સાહસિક, નિર્દયતાથી પોતાના કુટુંબ તથા પારકાને દુઃખ દેવાવાળો તેમજ દયાહીન હોય. ૬ છઠ્ઠા ભવનમાં કેતુ હોય તો તે પુરૂષના શત્રુનો નાશ, ચોપદનું

સુખ થોડું, મોસાળ તરફથી દુઃખી, ધનની પ્રાપ્તિ થોડી, તથા કોઈ સાથે પ્રેમ વગરનો હોય. ૭ સાતમા ભવનમાં કેતુ હોય તો તે પુરૂષને મુસાફરી કરતાં ધનનો નાશ, વેપાર કરે તો કોઈક વખત જ થોડો લાભ, સ્ત્રીથી દુઃખી, પોતાના શરીરે દુર્બળ, પણ જો કર્કનો કેતુ હોય તો શુભ ફળનો દેનાર હોય. ૮ આઠમા ભવનમાં કેતુ હોય તો તે પુરૂષ ધન તથા ચોપદથી દુઃખી, શરીરનો રોગીષ્ઠ, માણસો તરફથી મનમાં ગુપ્ત ચિંતા રહ્યા કરે. ૯ નવમા ભવનમાં કેતુ હોય તો તે પુરૂષ મલેચ્છો તરફથી ધન મેળવે, ભાઈઓને પીડાકર્ત્તા, શરીરે નિરોગી, ધર્મરહિત, અને દાન પુણ્ય વગરનો હોય. ૧૦ દસમા ભવનમાં કેતુ હોય તો તે પુરૂષને પીતાનું સુખ થોડું હોય, પરાક્રમી, શત્રુ વગરનો, મહેનત કરીને આજી-વિકા ચલાવનારો, કુટુંબને પીડા કરનારો હોય, પણ જો કન્યા રાશિનો કેતુ દસમા સ્થાને હોય તો વેપારમાં સુખી રહે. ૧૧ અગીઆરમાં ભવનમાં કેતુ હોય તો તે પુરૂષ વિદ્વતાનો દંભ દેખાડનાર, પૈસાથી સુખી, સંતાનથી પીડા પામનારો, શરીરે સુંદર, વાયુ પ્રકૃત્તિને લઈ કુટુંબને પીડા કરે, નીચ ધંધો કરે, અને મલેચ્છોથી ધન મેળવે. ૧૨ બારમા ભવનમાં કેતુ હોય તો તે પુરૂષ માથા તથા નેત્રના દર્દવાળો, બુદ્ધિની ભ્રાંતિથી ખોટે રસ્તે પૈસાનો વ્યય કરનારો, શત્રુ વગરનો, મોસાળપક્ષને દુઃખ દેનાર, અને શરીરે દુર્બળ હોય.

સાતમી દ્રષ્ટિનુ ફળ–દરેક ગ્રહો પોતે જે ઘરમાં રહીને પૂર્ણ દ્રષ્ટિ તે

૧

રવિ, ચન્દ્ર–મુસાફરી કરે ૭
મંગલ–સ્ત્રીને પહેલું બાળકનાશકરે. ૭
બુધ–ઉદાર અને વેપારમાં પ્રીતિ. ૭
ગુરુ–સ્ત્રી ધનથી સુખ. ૭
શુક્ર–ધન, પરાક્રમી, શરીરે સુખી. ૭
શનિ–જન્મથી ત્રણ વરસે ધન મિત્રનો નાશ. ૭
રાહુ–રોગી. ૭

(દરેક ગ્રહ પોતાથી એટલે જે ઘરમાં બેઠો છે ત્યાંથી પોતાની દૃષ્ટિ પહોંચે છે તે કોષ્ટક ૩–૧૦ એક પાદ દૃષ્ટિ ૫–૯ બે પાદ દૃષ્ટિ ૪–૮ ત્રણ પાદ દૃષ્ટિ અને ૭માં સંપૂર્ણ દૃષ્ટિ).

૨

ચન્દ્ર–કુટુંબવાળો. ૮
મંગળ–કુટુંબનું સુખ થોડું. ૮
બુધ–ધન સુખ, ૮
ગુરુ–પિતાના ધનનું સુખ નાશ. ૮
શુક્ર–દ્રવ્યથી સુખી, પરાક્રમી. ૮
શનિ–ધનનાશ, કુટુંબ કલેશ, (૧૩ વરસે જગ પથ્થરથી પીડા. ૮
રાહુ–કુટુંબથી દુઃખ. ૮

૩

રવિ–પોતાથી ભાઇબેનનો નાશ. ૯
ચન્દ્ર–પરાક્રમી. ૯
મંગળ–કુટુંબમાં કલેશ. ૯
બુધ–ભાંડું સુખ. તીર્થની યાત્રા. ૯
ગુરુ–ભાંડુ સુખ. ૯
શુક્ર–પોતાના પછી બહેરાં જન્મે, પરદેશે રાજ્યમાન મળે. ૯
શનિ–પરાક્રમી. ૯
રાહુ–સર્વ મનોરથ સિદ્ધ. ૯

૪

રવિ–માતાને પીડાકારી. ૧૦
ચન્દ્ર–શરીરે સુખી. ૧૦
મંગળ–રાજ્યથી ભય, માતાને પીડા ચાર માસ. ૧૦
બુધ–દ્રવ્ય, કીર્તિ. ૧૦
ગુરુ–માતા, પિતા, બંધુથી સુખી. ૧૦
શુક્ર–કર્મ, ધર્મ, વાહન સુખ. ૧૦
શનિ–રોગી, માતાપિતાને ચાર વરસે પીડા. ૧૦
રાહુ–નીચથી ભાગ્યોદય, માતાનું સુખ, કર્મી. ૧૦

૫

રવિ–પહેલું સંતાન નાશ. ૧૧
ચન્દ્ર–પહેલી પુત્રી જન્મે. ૧૧
મંગલ–પહેલું સંતાન નાશ. ૧૧
બુધ–પહેલી ચાર પુત્રીને પછી પાંચ પુત્ર, જશ. ૧૧
ગુરુ–સંતાન, ધન વિદ્યા સારી. ૧૧
શુક્ર–પુત્ર થોડા, તુચ્છ મતિ. ૧૧
શનિ–પુત્ર નાશ, નિરોગી. ૧૧
રાહુ–પુત્ર, મનોરથ સિદ્ધ. ૧૧

૬

રવિ–શત્રુ નાશ. ૧૨
ચન્દ્ર–રોગ વધારે. ૧૨
મંગલ–શત્રુનો નાશ. ૧૨
બુધ–મોસાળથી સુખી. ૧૨
ગુરુ–રોગી, શત્રુનો ઉદય. ૧૨
શુક્ર–પરાક્રમી, શત્રુ વધારે. ૧૨
શનિ–મોસાળને શત્રુ નાશ. ૧૨
રાહુ–શત્રુ નાશ, ખરચ ઘણું. ૧૨

૭ સાતમા ઘરે જુવે તે નીચેના આંક ઉપરથી જોવું.

૭

रवि-શત્રુ પીડા. ૧
चन्द्र-સ્ત્રી મળે. ૧
मंगल-કેડ દુઃખ, પુત્ર દુઃખ. ૧
बुध-દીર્ઘાયુષ્ય, ધાતુનો વેપાર. ૧
गुरु-પૂર્ણ ભાગ્યશાળી. ૧
शुक्र-પહેલો પુત્ર, દ્રવ્યથી સુખી. ૧
शनि-પોતે રોગી, અને સ્ત્રી પાંડુ રોગી ૧
राहु-ભોગની ઇચ્છા, ને સ્ત્રી મરે કે ત્યાગે. ૧

૮

रवि-વ્યભિચારી. ૨
चन्द्र-પીડા ભોગવે. ૨
मंगल-હરસનો રોગ, કલેશ ચિંતા. ૨
बुध-ઉદ્યમની વૃદ્ધિ, પરદેશે ૨
गुरु-આઠમે વરસે મૃત્યુથી પીડા. ૨
शुक्र-રોગી, કષ્ટથી ધન મળે. ૨
शनि-ચોરીનો ભય. ૨
राहु-વંશ થોડોને, દુઃખી. ૨

૯

*

रवि-દયાહીણ. ૩
चन्द्र-પરદેશમાં દુઃખી, ૩
मंगल-સુખ વધારે, સારા ભાઇનો નાશ. ૩
बुध-રાજ્યથી માન, પરદેશે મુસાફરી. ૩
गुरु-ધર્મને રાજ્ય સરખી સિદ્ધિ. ૩
शुक्र-કીર્તિ, ધનથી સુખી. ૩
शनि-નીચથી ભાગ્યોદય. ૩
राहु-ભાઈથી ચિંતા, પીડા. ૩

૧૦

卐

रवि-માતાથીપીડા, ઉંચનું સુખ. ૪
चन्द्र-ઢોરથી સુખ. ૪
मंगल-સર્વરિદ્ધિ, જન્મથી ચાર માસ પિતાને પીડા. ૪
बुध-પિતાથી અધીક કર્મા. ૪
गुरु-રાજ્યથી માન પામનાર. ૪
शुक्र-પરદેશ ભાગ્યની ચડતી કળા. ૪
शनि-પોતાના પરાક્રમથી સુખી. ૪
राहु-છેલ્લી વયમાં સુખી. ૪

૧૧

+

रवि-બુદ્ધિવાન. ૫
चन्द्र-ધન લાભ. ૫
मंगल-દીર્ઘ આયુષ્ય. ૫
बुध-સર્વ લાભ. ૫
गुरु-રોગી, નેત્રથી સુખ. ૫
शुक्र-કુટુંબમાં, ગામમાં માન. ૫
शनि-ઘડપણમાં પુત્રથી સુખ. ૫
राहु-રાજ્યથી સુખ,પરવશબુદ્ધિ. ૫

૧૨

o|

रवि-પોતાનું સ્થાન નાશ. ૬
चन्द्र-પિતાનું સુખ થોડું. ૬
मंगल-પિતાનું આયુષ્ય થોડું માતાનું સર્વ સુખ. ૬
बुध-છાતીમાં ગુમડાં, વાયુ, ભય વિરોધ. ૬
गुरु-બુદ્ધિક્ષય, ધનવ્યય, ખર્ચઘણું. ૬
शुक्र-શુભ માર્ગે ધન ખર્ચે. ૬
शनि-ધનની હાનિ. ૬
राहु-રોગ. શત્રુ નાશ આનંદ. ૬

* બારે કોઠામાં નિશાની મુકી છે તે જ નિશાની ૭મા કોઠામાં છે. ૧ નીશાની મેળવીને ગ્રહ જોવા. તે નિશાનીવાળા કોઠામાં એક બીજા ગ્રહ સનમુખ જુએ છે. અને પોતાનું કામ કરે છે. માટે નિશાની મેળવીને જુઓ.

श्री स्त्री—पुरुष लक्षणशास्त्र*

પુરુષનાં લક્ષણ.

જે પુરૂષના પગનાં તળીઆં પરસેવા રહિત લાલ કમળના મધ્ય ભાગ જેવી કાન્તિવાળાં, માંસથી ભરેલાં, ચીકાશ સહિત, સરખાં ખાડા ખડીઆ રહિત હોય તે રાજસંપત્તિ પામવાવાળો હોય ॥ ૧ ॥ પગથી ચાલવાવાળાનાં પણ પગનાં તળીઆં કોમળ હોય, પુરેપુરી ઉર્ધરેખા દેખાતી હોય તો તે પુરૂષ પૃથ્વીનો માલીક હોય. ॥ ૨ ॥ જે પુરૂષનાં પગનાં તળીઆં ખરાબ મેલાં હોય તો તે કુંટુંબનો નાશ કરવાવાળો થાય અને જો પાકી ગએલી માટીની બરોબર હોય તો તે દ્વિજ હત્યા કરનારો થાય, જો પીળાં હોય તો તે ન કરવા જેવા (નિંદનીક) કામનો કરવાવાળો થાય, અને જો કાળાં હોય તો તે મદીરા પીવાવાળો થાય. ॥ ૩ ॥ જેનાં પગનાં તળીઆં પીળી માટીના રંગ જેવાં હોય તો તે જે ખાવાયોગ્ય વસ્તુ નહી તેને ખાવાવાળો થાય, અને જો ન્હાનાં હલકાં હોય તો તે દારિદ્રી થાય, અને જે રેખા વગરનાં કઠણ, નિસ્તેજ, ફાટેલાં ઠરડાએલ હોય તો તે પુરૂષ દુઃખી થાય. ॥ ૪ ॥ જે પુરૂષનાં પગનાં તળીઆં વચમાં ખાલી હોય તો તે સ્ત્રીને મૃત્યુ દેનાર થાય, અને જો માંસ રહીત, સુક્કાં અને દુર્બળ હોય તો તે રોગી રહે અને જો ખરબચડાં, મેલાં હોય તો તે રસ્તે ચાલવાવાળો થાય ॥ ૫ ॥ જે પુરૂષની હાથની હથેળીમાં શંખ, છત્ર, અંકુશ, વજા, ચંદ્રમાં, આદિ-આકાર પ્રગટ દેખાતો હોય તો તે પુરૂષ પૂર્ણ ભાગ્યશાળી જાણવો. ॥ ૬ ॥ જે પુરૂષની હથેળીમાં શંખાદિક રેખાના આકાર જેવી વચમાંથી તુટેલી રેખા હોય, અથવા કોઇ પણ રેખા વચમાં આડી પડી હોય તો તે પુરૂષ પાછલી અવસ્થામાં લક્ષ્મિ અને અનેક પ્રકારનાં સુખ પામે. ॥ ૭ ॥ જે પુરૂષની હથેળીમાં ગાય, ભેંસ, ગીધ, ઉંદર, કાગડો, એવા આકારની રેખા

* (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યન ૮ની ટીકા તેમજ બીજા ગ્રંથના આધારે).

પડી હોય તો તે પુરૂષથી દારીદ્ર દૂર નથી, અર્થાત્ તે હમેશાં દુઃખી રહે. ॥ ૮ ॥ જે પુરૂષનો અંગુઠો સર્પની ફેણુને આકારે ગોળ હોય, માંસથી ભરેલો હોય તે શુભ છે અને જેના અંગુઠામાં નસો દેખાય, નાનો, ચપટો અને ચક્રરહિત પહોળો એવો અંગુઠો હોય તો તે અશુભ જાણવો. ॥ ૯ ॥ જે પુરૂષની આંગળી ચીકાશ-વાળી, ગોળ, સુંવાળી, જોડાજોડ, કમળની પાંખડીના આકારે, સીધી હોય તો તે પુરૂષ હાથીની સાહ્યબીવાળો હોય. ॥ ૧૦ ॥ જે પુરૂ-ષના પગની આંગળીઓ છુટી છુટી, પહોળી, ચપટી, સુક્કી, ન્હાની, વાંકી, પાતળા આકારવાળી, અને નસો દેખાઇ તેવી હોય તો તે પુરૂષ દાસપણું પામે. ॥ ૧૧ ॥ જે પુરૂષના પગની આંગળી અંગુઠાની પાસેની તર્જની આંગળીથી મ્હોટી હોય તો તે સ્ત્રીના સંભોગને પામવાવાળો થાય, અને જો અંગુઠાથી ન્હાની હોય તો તે પ્રથમ અશુભ છે પછી સ્ત્રીનું મરણ કલેશ, અને દુઃખ પ્રાપ્ત થાય. ॥ ૧૨ ॥ જે પુરૂષનાં પગની વચલી, મધ્યમા આંગળી લાંબી હોય, તો તે કાર્યનો નાશ કરનાર હોય, અને જો ન્હાની હોય તો દુઃખ અને બહુ પાસે બરોબર હોય તો પુત્રની ઉત્પત્તિ થોડી હોય અને તે પુરૂષની આવરદા પણ થોડી હોય. ॥ ૧૩ ॥ જે પુરૂષની છેલ્લી ટચલી આંગળી લાંબી હોય તો તે પુરૂષ ધનવાન હોય, અને જો તે આંગળી બહુ ટુંકી હોય તો પરદારા ગમન કરવાવાળો હોય. ॥ ૧૪ ॥ જે પુરૂષની પરદેશીની (પર+આદેશ) આંગળીથી ટચલી આંગળી ટુંકી અને જાડી હોય તો તે પુરૂષની માતા ન્હાનપણુમાંજ મરણુ પામે. ॥ ૧૫ ॥ જે પુરૂષનાં નખ નીર્મળ, પરવાળાના રંગ જેવા, ચીકણા, કાચબાની પીઠ જેવા ઊંચા, તેજવાળા, અરીસા જેવા અને પાતળા હોય તે સુખ આપનાર હોય છે. ॥ ૧૬ ॥ જે પુરૂષના પગના નખ મ્હોટા, ભાંગલા, સુપડાના આકાર જેવા, લાંબાં, કાળા, ધોળા અને તેજ રહીત હોય તો તે દારીદ્રિ હોય. ॥ ૧૭ ॥ જે પુરૂષની પગની પાની માંસમાં ડુબેલ અને કમળની કળી જેવી હોય તે પુરૂષ લક્ષ્મિ પામે અને જો નરમ અને કુતરાના રૂંવાટા

જેવી રૂવાંડાવાળી ખરડાયેલી હોય તો તે પુરૂષ બંદીખાનામાં પડે. ॥ ૧૮ ॥ જે પુરૂષની પગની પાની પાડાનાં આકારવાળી અને ચપટી હોય તો તે પુરૂષ દુઃખી હોય, અને તેજ પાની રૂંવાટાવાળી હોય તો સદા સંતાનરહિત હોય. ॥ ૧૯ ॥ જે પુરૂષના પગ માંસથી ભરેલા, ચીકણા જેમાં નસો નહિ, ચમકદાર, નરમ રૂંવાડા અને પરસેવા વગર, પહોળા કાચબાની પીઠ જેવા ઉંચા પગની પીઠ અર્થાત થાપી એટલે પગના તળીયાનું ઉપરનું પાસુ ચાંપવું હોય તો બહુજ ઉત્તમ અર્થાત સુખ આપનાર હોય. ॥ ૨૦ ॥ જે પુરૂષની પગની ઘુંટીઓ જો કમળની જડના જેવી નરમ ગોળાકાર હોય તો લક્ષ્મિ અને સ્ત્રી તે પુરૂષને પ્રીતિથી નક્કી રમાડે અર્થાત ભોગવે ॥ ૨૧ ॥ જો પુરૂષની બરાબર ઘુંટીઓ હોય તો સુખસહિત હોય અને જો મ્હોટી ઘુંટીઓ હોય તો તે મ્હોટા આયુષ્યવાળો અને જો ન્હાની ઘુંટીઓ હોય તો થોડા આયુષ્યવાળો હોય અને જો ઉંચી ઘુંટીઓ હોય તો વિજયી અર્થાત્ જય પામવાવાળો હોય. ॥ ૨૨ ॥ જે પુરૂષનાં પગની પીંડીની નળી માસમાં પેઠી હોય એટલે ડુબેલી હોય અને હરણની જાંગની બરોબર હોય અને જેની પીંડીમાં છેટે છેટે થોડાં થોડાં નરમ રૂવાટાં હોય અને ક્રમથી ગોળાશવાળા હોય તો તે પુરૂષને લક્ષ્મિ પ્રાપ્ત થાય. ॥ ૨૩ ॥ જે પુરૂષની પગની પીંડી સિંહ, વાઘ, મીનની બરોબર હોય તો તેને લક્ષ્મિ મળે છે અને જો રીંછની બરોબર જાંગ હોય તો બહુધા મરણ અથવા બંધન આદિ દરિદ્રતા પ્રાપ્ત થાય છે ॥ ૨૪ ॥ જે પુરૂષના પગની પીંડી મ્હોટી, લાંબી અને બાંધેલ પીંડ જેવી હોય તો મુસાફરી કરાવનારી હોય છે અને કુતરા, ગીધ, ઉંટ, ગધેડા અને કાગડાના જેવી પીંડી હોય તો તે અશુભ જાણવી ॥ ૨૫ ॥ જે રાજાઓના શરીરમાં સુંદર ચીકણા ભ્રમરના સમાન કાળાં, નરમ અને પાતળાં રૂંવાડા હોય તો તે શોભાયમાન હોય છે. ॥ ૨૬ ॥ જે પુરૂષ રૂવાડાંવાળો હોય તો તે સુંદર હોય છે, બહુ રૂંવાડાવાળો પંડિત હોય છે, બહુ જ ગુચ્છેગુચ્છાવાળો ધનવાન હોય છે ॥ ૨૭ ॥ રાજાઓને એકજ રોમ હોય છે,

અને વેદપાઠી, ધનવાન, વિદ્વાનોને બબ્બે રોમ હોય છે. પ્રથમ અને પછી લઇને દારીદ્રિઓને રોમમાં અધિકતા એવીજ જાણવી જોઇએ ॥ ૨૮ ॥ રોમરહિત પુરૂષ સન્યાશી અને વૈરાગી હોય, મ્હોટા રોમવાળો નીચ હોય, ભુરા રોમવાળો પાપી હોય, અને સુક્કા ખરબચડાં અણીએથી ચીરાએલાં જેહનાં રૂંવાડાં હોય તે દારીદ્રિ જાણવો ॥ ૨૯ ॥ જે પુરૂષના હાથીનાં જેવા ઢીંચણ હોય તે ભોગી હોય, મ્હોટા ઢીંચણવાળો રાજા હોય, દબાએલા તેમ વળેલા સાંધાવાળા જેનાં ઢીંચણ હોય તે બહુધા સો વર્ષના આયુષ્યવાળો હોય ॥ ૩૦ ॥ જે પુરૂષ ઉંડા ઢીંચણવાળો હોય તે સ્ત્રીને વશ હોય, ચંદ્રમાના જેવા ગોળ અને બહુ મોહોટા ઢીંચણવાળો હોય તે રાજ્યકર્તા હોય, લાંબા ઢીંચણવાળો મ્હોટા આયુષ્યવાળો હોય અને ન્હાના ઢીંચણવાળો સુંદર અને સ્વરૂપવાન હોય ॥ ૩૧ ॥ જે પુરૂષનો ઢીંચણ માંસરહિત અને જાંગ સુક્કી અને પાતળી હોય તેને પરદેશમાં મૃત્યુ પમાડે અને જેની જાંગ ઘડા જેવી હોય તે દરિદ્રતાને આપે અને જેની જાંગ તાડના ફળ જેવી હોય તે બહુજ દુઃખ આપનારી જાણવી ॥ ૩૨ ॥ જે પુરૂષની બન્ને જાંગો બળહીન હોય તો તે પુરૂષ વધ અને બંધનને સદા ભોગવે અને જેની એજ જાંગો ઉંચીનીચી હોય તો તે દરિદ્રતાને પામે ॥ ૩૩ ॥ જે પુરૂષની જાંગો માંસથી બહુ ભરેલી, કેળના સ્થંભ જેવી નરમ અને નાના રૂવાડાંવાળી હોય તો તે પુરૂષ રાજા હોય ॥ ૩૪ ॥ જે પુરૂષની બન્ને જાંગો ચીકાશવાળી, નરમ અને ક્રમથી મ્હોટી હોય તે લક્ષ્મિને આપનાર હોય, અને તેજ જાંગ પહોળી હોય તો તે પુરૂષ સ્ત્રીને વલ્લભ હોય, અને જે પુરૂષની જાંગ મળેલી હોય તે ગુણવાન હોય ॥ ૩૫ ॥ જે પુરૂષની જાંગ આગળથી મ્હોટી અને વચમાં નીચી હોય તો તે પુરૂષને ચલાવનારી હોય, અને જેની જાંગ કઠણ, ચપટી, પહોળી અને માંસરહિત હોય તો તે પુરૂષ કુરૂપવાન હોય ॥ ૩૬ ॥ જે પુરૂષની કમર લાંબી, મ્હોટી અને પહોળી હોય તો તે ધનવાન હોય, અને જેની કમર સિંહના જેવી હોય તે રાજા હોય, અને જેની કમર વાઘના જેવી હોય

તે પૃથ્વીનો સ્વામી હોય ॥ ૩૭ ॥ જે પુરૂષની કમર રોમ સહીત હોય તે દારીદ્રી હોય, જેની કમર નાની હોય તે કુરૂપવાન હોય, જેની કમર કુતરા, વાનર અને ઉંટની બરોબર હોય તે દુઃખી રહે અને જેની કમર સાંકડી હોય તે પાપી હોય ॥ ૩૮ ॥ જે પુરૂષની કમરનો પીંડ દેડકા જેવો હોય તે પુરૂષ રાજા હોય, જેની કમરનો પીંડ સિંહના જેવો હોય તેઓ નાના દેશનો રાજા હોય, જેની કમરનો પીંડ બહુમાંસથી ભરેલો હોય તે ધનવાન હોય અને જેની કમરનો પીંડ વાઘના જેવો હોય તે દેશનો રાજા હોય ॥ ૩૯ ॥ જે પુરૂષનો કમરનો પીંડ ઉંટ અને વાંદરાની બરોબર હોય તે પુરૂષ નિશ્ચે ધનધાન્યથી રહિત રહે, અને કમરનો ભાગ જો માંસથી ભરેલો હોય તે પુરૂષ દારીદ્રી હોય, જેનો નાની કમરનો પીંડ ઉંચો હોય તે પુરૂષનું વાઘથી મૃત્યુ થાય ॥ ૪૦ ॥ જે પુરૂષની ગુદા માંસથી ભરેલી, નરમ, વળેલી અને લાલ હોય તો તે શુભ અને જો તે સિવાય બીજા પ્રકારની હોય તો તે અશુભ જાણવી ॥ ૪૧ ॥ જે પુરૂષનાં અંડકોષ સ્વભાવેજ લાંબા અને સારી બનાવટના હોય તો તે પુરૂષ સાત સમુદ્રની ભૂમિનું પાલન કરવાવાળો અર્થાત માલીક થાય ॥ ૪૨ ॥ જે પુરૂષના અંડકોષ બરાબર સુંદર હોય તો રાજા થાય, લાંબા હોય તો મોટી આવરદાવાળો હોય અને જો એકજ વર્ષણુ ઊંચો હોય તો તે પુરૂષનું જળથી મરણ અથવા કુળનો નાશ કરવાવાળો થાય ॥ ૪૩ ॥ જે પુરૂષનાં વૃષણુ ઊંચાં નીચાં હોય તો સ્રીનો લોલપી રહે અને જો જમણો વૃષણુ ઊંચો હોય તો પ્રથમ સંતાનમાં પુત્ર થાય અને જો ડાબો વૃષણુ ઊંચો હોય તો દુઃખ સાથે કઠીણતાથી પુત્રી થાય ॥ ૪૪ ॥ જે પુરૂષનાં સુકકાં અને મોટાં વૃષણુ હોય તો તે દરીદ્રી થાય અને જો ઘોડાના જેવાં વૃષણુ હોય તો સુંદર સ્રીનો ભોગવવાવાળો થાય અને પ્રમાણુથી અડધાં હોય તો તે પુરૂષ લાંબુ આયુષ્ય ભોગવે નહી ॥ ૪૫ ॥ જે પુરૂષની ઇંદ્રિ સામાન્ય ઊંડી, ઊંચી, ટુંકી, નાની કોમળ અને સારી, સામાન્ય ગરમ, શિથિલ, સીધી અને ગોળ, વળી જેમાં નસો દેખાતી ન હોય તે પુરૂષ ધન ધાન્યવાળો હોય ॥ ૪૬ ॥ જે

પુરૂષની ઈંદ્રિ મોટી ગાંઠ અર્થાત મોટી સોપારી જેવી હોય તો તે પુરૂષ અતિ સુખી હોય, અને જે પુરૂષની ઈંદ્રિ નાની બદામ જેવી હોય અને જો વાળથી ઢંકાયલી હોય તો તે પુરૂષ રાજા થાય અને જેની ઈંદ્રિ વાઘ, ઘોડા, સિંહ, એમાંની કોઇની ઈંદ્રિની બરોબર મોટી હોય તો તે નિશ્ચય ભોગી અને સમર્થ હોય ॥ ૪૭ ॥ જે પુરૂષની ઈંદ્રિમાં નસો દેખાતી હોય, મજબૂત ચામડી-વાળી અને દુબળી સ્વચ્છ, નાની, નરમ, સારી ગંધવાળી હોય તો સારૂ ભાગ્ય અને ધન્ય આપનારી હોય છે ॥ ૪૮ ॥ જે પુરૂષની ઈંદ્રિ નાની હોય તો તે ધનવાન હોય અને જેની ઈંદ્રિમાં નસો નીકળી હોય, તો તે સંતાન રહિત અથવા થોડા પુત્રવાળો હોય અને જેની ઈંદ્રિ જમણી તરફની વાંકી હોય તો તે પુત્ર-વાળો થાય, અને જેની ઈંદ્રિ ડાબી તરફની વાંકી હોય તો તે પુત્રીવાળો હોય અર્થાત કન્યાનું સંતાન હોય ॥ ૪૯ ॥ જે પુરૂષ બરાબર બેઠાથી ઈંદ્રિ પગની પાનીને ન અડકે તો તે સુખી હોય અને જો ઈંદ્રિ જમીનને સ્પર્શ થાય તો નિશ્ચય દુઃખી હોય છે ॥ ૫૦ ॥ જે પુરૂષની ઈંદ્રિ મોટી નીચે વળેલી અને જેનો આગળનો ભાગ સીધો હોય તેમજ લાંબી, ઊંચી, ઢીલી, મેલ સહિત, વાંકી, સદા સુકકી રહે તે પુરૂષ નિર્ધન હોય. ॥ ૫૧ ॥ જે પુરૂષની દુંટી કમળના ફુલ જેવી, ચક્રાકારવાળી હોય તો તે પુરૂષ સમુદ્ર સહિત પૃથ્વીનો રાજા થાય ॥ ૫૨ ॥ જે પુરૂષની દુંટી મોટી, અને જેવા ક્રમથી પાંસળીઓની વચમાં ઊંચી નીચી હોય તો તે પુરૂષ નગરીનો સ્વામી અને ગાયોનો અધીકારી સદા રહે ॥ ૫૩ ॥ જે પુરૂષની પેટ વચ્ચે વાંકી લીટીઓ એક, ત્રણ, પાંચ, હોય તો તે મનુષ્ય દરીદ્રિ ને દુઃખી હોય, વળી જો તે લીટી કાંઇક વચમાંથી નીચે ઊંચે નમી ખંડીત હોય તો દુઃખી થાય અને ડાબી તરફથી જો તે નમી હોય તો મૂર્ખ રહે ॥ ૫૪ ॥ જે પુરૂષ નાની કૂખવાળો હોય તો તે રાજા થાય, બરાબર કૂખવાળો બળવાન, ભોગી હોય, ઊંચી કૂખવાળો ધનહીન હોય, અને ઊંચી નીચી કૂખવાળો કપટી હોય ॥ ૫૫ ॥ જે પુરૂષની કુખ ગંભીર હોય તો તે પુરૂષને

ઉંચેથી નીચે પડી જવાની ઘાત હોય ॥ ૫૬ ॥ જેના પસવાડા માંસથી ભરેલા હોય, અને તેમાં જમણી તરફ નરમ રૂવાંટા હોય અને પસવાડા ગોળ હોય તો તે પૃથ્વીપતિ રાજા હોય ॥ ૫૭ ॥ જે પુરૂષ નીચા પસવાડાવાળો હોય તે અનેક પ્રકારના ભોજન રહીત હોય અને માંસ રહીત પસવાડાવાળો ધનેકરી રહીત હોય છે. જેનાં મોટાં હાડકાવાળાં વાંકાં પસવાડાં હોય તો તે પુરૂષ બીજાનો દુત્ત થાય ॥ ૫૮ ॥ જે પુરૂષનું પેટ બધી પ્રકારથી બરાબર હોય તો તે પુરૂષ ધનવાન હોય, અને જે પુરૂષનું પેટ સિંહની બરાબર હોય તો તે ચક્રવર્તિ રાજા થાય ॥૫૯॥ જે પુરૂષ દેડકાના પેટ જેવો હોય તે રાજા હોય, બળદના જેવા પેટવાળો પરસ્ત્રી ભોગી હોય, ગોળ પેટવાળો સુખી હોય, અને માછલી, વાઘ જેવા પેટવાળો સુંદર ભાગ્યવાન હોય ॥૬૦॥ જે પુરૂષ હાંડલા જેવા પેટવાળો હોય તે દરીદ્રી હોય, ઘડા જેવા પેટવાળો કુરૂપ હોય, સદા દુઃખી રહે, અને સર્પ જેવા પેટવાળો બીકણુ તથા ચોર હોય ॥ ૬૧ ॥ જે પુરૂષનું પેટ વચમાં પાતળું અને સાંબેલા જેવો આકાર હોય તો તે રાજા હોય ॥ ૬૨ ॥ જે પુરૂષના પેટ ઉપર અનુક્રમે એક, બે, ત્રણ, ચાર લીંટીઓ હોય તો તે શસ્ત્રથી મરે, સ્ત્રીથી ભોગ અને આચાર્યપદ તેમજ ઘણા પુત્રો પામે ॥ ૬૩ ॥ કાપા રહિત પેટ રાજાનું હોય, સુખ ભોગવનારનુ હોય, સીધી લીટીઓ હોય તો તે પાપી જાણવો ॥ ૬૪ ॥ ઉંચુ હૈયું, માંસથી ભરેલું એવી છાતી હોય તો રાજા, પહોળી છાતીવાળો પુરૂષ ઘણાં ધનવાળો અને મોટી આવરદાવાળો જાણવો ॥ ૬૫ ॥ જે પુરૂષની છાતીમાં નસો દેખાતી હોય, નમેલા વાળ હોય તો તે પુરૂષ દરીદ્રતા પામે ॥ ૬૬ ॥ રાજાની છાતી પહોળી, પર્વતની સીલા જેવી કઠણ ઉંચી હોય છે ॥ ૬૭ ॥ બહુ કઠણ છાતીવાળો ધનવાન, અને માંસથી ભરી ઉપરથી રૂંવાડાં સહિત એવી છાતીવાળો શૂરવીર હોય છે. નાની છાતીવાળો દરીદ્રી અને ઉંચી નીચી છાતીવાળાનું અકાળે મરણ થાય છે વળી ધનરહિત હોય છે ॥ ૬૮ ॥ જે પુરૂષનાં બન્ને સ્તન ગોળ, ચીકણાં, નરમ, બરાબર હોય તો સુખ આપનાર અને ઉંચાં નીચાં હોય તો દુઃખ

દેવાવાળાં જાણવાં ॥ ૬૯ ॥ માંસથી ભરેલાં બન્ને સ્તન સારી નોકવાળા રાજાને હોય છે અને લાંબાં લબડતાં હોય તો દરીદ્રી જાણવો ॥ ૭૦ ॥ છાતીની બન્ને સંધી મોટી ધનવાનને હોય, અને જેની છાતી ઉંચી નીચી હોય તે દુઃખી જાણવો ॥ ૭૧ ॥ જે પુરૂષના બન્ને ખંભા બરાબર માંસના ભરેલા હોય તો ધન સુખને આપવાવાળા જાણવા ॥ ૭૨ ॥ જે પુરૂષના બન્ને ખંભા માંસ રહીત હોય તો ભાર ઉપાડવાવાળો જાણવો અને જો વાંકા, બહુ પાતળા, નાના, બહુવાળવાળા હોય તો કંકાસ કરનારો જાણવો ॥૭૩॥ જેના ખભા વાંકા, નમેલા, વગર માંસના રૂવાંડાવાળા દુબળા હોય તો તે અભાગી પુરૂષ લક્ષ્મિનું નામ પણ સાંભળે નહિ તો પામે કયાંથી ॥ ૭૪ ॥ જેના સારા નમેલા જોડબંધ ખભા બાહુથી કાંઈક ઉંચા હોય તો ધનવાન અને શૂરવીર થાય છે ॥ ૭૫ ॥ જેના ખભા કોમળ, પાતળાં, રૂંવાડાં પરસેવો અને મેલથી રહીત; સારી ગંધવાળી અને મોટી ઉંચી કાખ ધનવાનની હોય છે, અને ધન વિનાની વિપરીત જાણવી ॥ ૭૬ ॥ જે પુરૂષની ડાબી તરફની ભુજા ભરેલી, ગોળ, સીધી, ઘુંટણ સુધી લાંબી લેંઘાતી, ફેણ જેવા મોટા હાથ, અને હાથીની સૂંઢ જેવા હાથ હોય તો રાજા થાય ॥ ૭૭ ॥ જે પુરૂષના ગાયના પુંછડાના આકારે મોટાં, ખરડાએલાં, નાનાં રોમ, બહુ રૂંવાટાંએ કરીને સહિત મોટી ભૂજા માંસથી ભરેલી બન્ને ભૂજા પ્રશંસનીય છે ॥ ૭૮ ॥ બહુ જાડી ભૂજાવાળા દુઃખી, અને બહુ રોમોની ભૂજાવાળાના બહુ ચાકર હોય, ઉંચીનીચી ભુજાવાળો ચોરી કરવામાં તત્પર હોય, અને બરોબર મોટી ભુજાવાળો એક ઠેકાણે ન રહે ॥ ૭૯ ॥ રાજાના હાથની આંગળીઓ તેજદાર, માંસથી ભરેલી, છિદ્રરહીત, સ્વાભાવિક લાલ કઠણ અને મોટી હોય છે ॥ ૮૦ ॥ લાંબા, પહોળા, લાલ નખવાળા હાથ હોય તે ધનવાન થાય છે. સુકા માંસ વિનાના હોય તે દરીદ્ર થાય છે ॥ ૮૧ ॥ જે પુરૂષના હાથના પોંચા માંસથી ભરેલા, કઠણ, મળેલી સાંધવાળા હોય તે રાજા જેટલું સુખ પામે ॥ ૮૨ ॥ દરીદ્રિ માણસના પોંચા માંસરહીત, રૂંવાટા સહીત, કઠણ નસો દેખાતી

હોય તેવા અને ખરાબ રંગની હાથની પીઠ હોય છે ॥ ૮૩ ॥ ગોળ હથેળીવાળો ધનવાન હોય છે, ઉંચી હથેળીવાળો દાન આપવામાં પ્રીતિવાળો હોય છે, નીચી હથેળીવાળો પિતાના ધનને છાંડનારો હોય છે, ઉંચી નીચી હથેળીવાળો ધનરહિત હોય છે, લાલ હથેળી-વાળો ધનવાન થાય છે, પીળી હથેળીવાળો અભક્ષનું ભક્ષણ કરવા-વાળો હોય છે. અને ધોળી કે કાળી હથેળીથી દરીદ્રી થાય છે ॥૮૪॥ જે પુરૂષની હથેળીમાં ઘણી રેખાઓ હોય તે થોડી આયુષ્યવાળો જાણવો, જેની હથેળીમાં બીલકુલ રેખાઓ ન હોય તે દરીદ્રી સમજવો ॥ ૮૫ ॥ પુરૂષના જમણા હાથની રેખાઓ અને સ્ત્રીનાં ડાબા હાથના રેખાઓ ફળદાયક હોય છે ॥ ૮૬ ॥ જે પુરૂષની હથેળીની વચ્ચે અંદરના મ્હોંવાળી બે માછલીઓ હોય તો તે પુરૂષ ધનવાન થાય પણ કૃપણ રહે, દાતાર ન થાય ॥ ૮૭ ॥ જે પુરૂષના હાથમાં વગર તુટેલી ગંભીર પૂર્ણ લાલ કમળની પાંદડી બરાબર ગોળ, એવી રેખાઓ હોય તો તે શ્રેષ્ટ જાણવી ॥ ૮૮ ॥ સરખતી રંગ જેવી રેખાથી સુખી હોય, લાલ રેખાઓથી દાનેશ્રી, ઉંડી પાતળી રેખાથી બુદ્ધિવાન હોય ॥ ૮૯ ॥ જે પુરૂષના હાથમાં વીખરેલી, તુટેલી, ખડબચડી અને ફાટેલી રેખાઓ હોય તો તે દરીદ્રી જાણવો ॥ ૯૦ ॥ હાથના મૂળના ભાગથી નીકળીને તર્જનીની વચમાં પહેલી ત્રણ રેખાઓ હોય તો તે રેખા ગોત્ર દ્રવ્ય અને આવરદાની જાણવી ॥ ૯૧॥ જેની હાથની રેખાઓ છિન્ન ભિન્ન થઇ હોય તો તે થોડા સંતાનવાળો, થોડા ધનવાળો અને થોડી આવરદાવાળો હોય છે. અને મોટી છિન્ન ભિન્ન વિનાની પૂર્ણ રેખાથી બહુ ધન, બહુ સંતાન, અને બહુ આવરદાવાળો હોય છે ॥૯૨॥ જેની રેખા પોંચાથી અંગુઠાની પાસેની તર્જની આંગળીના મૂળ સુધી જાય તો તે પુરૂષને ઘણા ભાઇ તથા મોટું કુટુંબ હોય છે ॥૯૩॥ નાની રેખાઓથી વંશ થોડો હોય અને મોટી રેખાઓથી વંશ મોટો હોય ॥૯૪॥ જે પુરૂષની છેલ્લી આંગળીથી નીકળેલી રેખા વચલી આંગળીને ઓળંગીને આગળ ગએલી હોય તો તે પુરૂષનો સો વરસનો આવરદા જાણવો ॥૯૫॥ દરેક મનુષ્યની આવરદાની

રેખા દરેક આંગળી દીઠ વીસ અથવા પચીસ વર્ષની ગણાય છે. ॥ ૯૬ ॥ જો રેખા અંગુઠા અને તર્જનીની વચમાં જાય તો તે પુરૂષ રિદ્ધિસિદ્ધિવાન, જ્ઞાનમાં પૂર્ણ અને ચતુર હોય છે. જો તે રેખા અંગુઠાથી સીધી જાય તો પૃથ્વીનો રાજા થાય. ॥ ૯૭ ॥ રેખા પોંચાથી નીકળીને વચલી આંગળી સુધી જાય તો તે રાજા તથા સેનાધિપતિ અગર ધર્મગુરૂમાં પૂજનીક થાય. ॥ ૯૮ ॥ જો ઉર્દ્ધરેખા હાથની જડથી નીકળીને અનામીકા આંગળી સુધી જાય તો તે પુરૂષ સોદાગાર, શાહુકાર અને રાજાઓનો પૂજનીક થાય. ॥ ૯૯ ॥ જેની ધન રેખામાં કાકપદની બરાબર રેખા હોય તો બહુ ધન એકઠું કરે, અને પછી તરત ખરચી નાંખે. ॥ ૧૦૦ ॥ જેના હાથના પોંચામાં ત્રણ જવમાળા પ્રગટ હોય તો નિશ્ચે મોટો ધનપતિ થાય. જેના હાથના મૂળમાં બેવડી સુંદર જવમાળા હોય તો તે પુરૂષ રાજાનો મંત્રી, મોટી બુદ્ધિવાળો અને ચતુર થાય. ॥ ૧૦૧ ॥ જેના હાથનાં મૂળમાં સુંદર એકવડી જવમાળા હોય તો તે પુરૂષ ધન ધાન્યે કરીને સહીત, ઉત્તમ પુરૂષ ગણાય છે ॥ ૧૦૨ ॥ જો તે જવમાળા પુરી હોય તો તે પુરૂષને પુરી સંપદા અને જો થોડી હોય તો થોડી સંપદા મળે ॥ ૧૦૩ ॥ જો આવરદાની ઉર્દ્ધરેખા આંગળીના મૂળ સુધી ગઈ હોય અને પ્રગટ હોય તો તે પુરૂષ સદા ધર્મમાં તત્પર હોય ॥ ૧૦૪ ॥ જો રેખા બધી આંગળીઓના બધા પર્વોમાં હોય અને જવમાળા પણ પ્રગટ દેખાતી હોય તો તે પુરૂષ પુણ્યવંત પુરૂષોમાં પૃથ્વીનું રાજ્ય પામે ॥ ૧૦૫ ॥ જે પુરૂષને કનીષ્ટિકા આંગળીની આયુષ્યની રેખાની વચમાં જેટલી રેખા હોય તેટલી સ્રીઓ અથવા વિવાહ થાય. જો તે પ્રમાણે સ્રીને હોય તો તેટલા પુરૂષ થાય ॥ ૧૦૬ ॥ કાંઇક થોડી, કાંઇક બહુ તેવી વિષમ રેખાઓ હોય અને તુટેલી હોય તો તે ખોટી તે પ્રમાણે સ્રીનું પણ જાણવું. ॥ ૧૦૭ ॥ માણસના અંગુઠાના મૂળમાં જેટલી મોટી રેખા હોય તેટલાજ પુત્ર અને પાતળી રેખાઓથી પુત્રી જાણવી. ॥ ૧૦૮ ॥ પોંચા અને આયુષ્ય રેખાની વચમાં જેટલી મોટી રેખા

હોય તેટલા ભાઇ, અને નાની હોય તેટલી બ્હેનો સમજવી. ॥ ૧૦૯ ॥ આવરદાની રેખા જેટલી તુટેલી હોય ત્યાંથી જલદી મરણ સમજવું અને પુરેપુરી હોય તો પુરેપુરૂ આયુષ્ય સમજવું. ॥ ૧૧૦ ॥ જો હાથમાં માછલી, મગર, શંખ, કમળ, હોય તો સદા સારૂ ફળ આપનાર હોય. તેનાં મોં જો બહાર નીકળેલાં હોય તો–પાછલી અવસ્થામાં સુખ મળે. ॥ ૧૧૧ ॥ માછલીના ચિન્હવાળો સર્વ વસ્તુનો ધણી થાય, મગરનાં ચિન્હવાળો હજાર માણુસનો ધણી થાય, શંખના ચિન્હવાળો લક્ષાધિપતિ હોય અને કમળના ચિન્હવાળો ક્રોડપતિ હોય. ॥ ૧૧૨ ॥ જો હથેળીમાં તેજ ચિન્હ તુટેલાં હોય, ચોખ્ખાં ન દેખાતાં હોય તો તેનું ફળ કાંઇજ નહી. ॥ ૧૧૩ ॥ જેની હથેળીમાં ઊંચો પર્વત દેખાતો હોય તો તે પુરૂષ પોતાની ભૂજા બળથી રાજ્ય પામે. ॥ ૧૧૪ ॥ જેની હથેળીમાં રથ, પાલખી, હાથી, ઘોડો, બળદ, આદિ આકાર પ્રગટ દેખાતા હોય તો તે પુરૂષ પારકી સૈન્યાને જીતનાર થાય. ॥ ૧૧૫ ॥ જેની હથેળીમાં નાગ પુરો દેખાતો હોય તો તે પુરૂષ સુવર્ણ રત્નનો ધણી થાય. ॥ ૧૧૬ ॥ સુખી પુરૂષના હાથમાં શ્રીવત્સના આકારે, રાજાના હાથમાં ચક્રને આકારે, પદવીધરના હાથમાં વજ્રના આકારે અને ઊત્તમ બુદ્ધિવાળાના હાથમાં માછલીના આકારે રેખા હોય છે. ॥ ૧૧૭ ॥ જેના હાથમાં તલવાર, અંકુશ, ધનુષ્ય, બાણુના આકારે રેખા હોય તો તે પુરૂષ નિશ્ચય રાજા થાય. ॥ ૧૧૮ ॥ જેના હાથમાં મંદીર, માળાના આકારે રેખા હોય તો તે પુરૂષ ધનવાન હોય છે. અને કમંડળ, કળશ, સાથીઓ, ધજાને આકારે હોય તો તે પુરૂષ નવનિધાનનો માલીક થાય. ॥ ૧૧૯ ॥ જેના હાથમાં દંડ સહીત છત્ર અને ચામર હોય તો તે સમુદ્રપર્યંત રાજનો માલીક થાય. ॥ ૧૨૦ ॥ જેના અંગુઠાના પર્વમાં જવનું ચિન્હ પ્રગટ દેખાતું હોય તો તે પુરૂષ સાહસીક જશ મેળવનાર થાય. ॥ ૧૨૧ ॥ જેના અંગુઠાના મૂળમાં જવનું ચિન્હ હોય તો તે પુરૂષ પુત્રવાન અને શાસ્ત્રનો જાણુ હોય, અને જેના

અંગુઠાની વચમાં જવનું ચિન્હ હોય તો તે ધન, સંપતીએ કરીને સદા શોભાવાળો હોય. ॥ ૧૨૨ ॥ જેના અંગુઠાના મૂળમાં જવમાળાની ત્રણ લીટીઓ હોય તો તે પુરૂષ હાથીઓની રિદ્ધિ સહિત રાજ્ય પામે અગર રાજ્ય મંત્રી હોય. ॥ ૧૨૩ ॥ જેના હાથમાં જવમાળા બેવડી હોય અથવા એક હોય તો તે ધનવાન હોય. ॥ ૧૨૪ ॥ જે પુરૂષના અંગુઠાની નીચે કડાને આકારે ચિન્હ હોય તો તે મનુષ્ય પાછલી અવસ્થામાં સૂળના રોગથી મરણ પામે. ॥ ૧૨૫ ॥ જેના હાથની રેખા ચોખ્ખી દેખાતી ન હોય, કકડા થયા હોય, બહુ પાતળી હોય તેની પાસે લક્ષ્મિ રહે નહી. ॥ ૧૨૬ ॥ ધનવાનનો અંગુઠો સિદ્ધો, ઊંચો, ગોળ અને જમણી તરફ નમેલો હોય છે ॥ ૧૨૭ ॥ ભાગ્યવાન, બુદ્ધિમાન પુરૂષના હાથની આંગળી નિરંતર નમેલી રહે છે, મોટી આવરદાવાળા માણસની આંગળી મોટી અને સીધી હોય છે ॥ ૧૨૮ ॥ જે પુરૂષની કનિષ્ટિકા–નાની આંગળી નિરંતર અનામિકા આંગળીના પર્વને ઓળંગીને લાંબી હોય તો તે પુરૂષ ધનવાન હોય છે. ॥ ૧૨૯ ॥ લાંબી આંગળીઓએ કરીને મોટા આવરદાવાળો હોય, મોટા પર્વવાળી આંગળીથી ભાગ્યવાન હોય, અને સીધી, પાતળી આંગળીથી દરીદ્રી હોય છે ॥ ૧૩૦ ॥ ધન રહિત પુરૂષની આંગળી મોટી હોય છે, હથીઆરવાળા પુરૂષની બ્હાર નમેલી હોય છે, અને ચાકરોની આંગળી નાની અને ચપટી હોય છે. જેના અંગુઠાની આંગળી પ્રગટ ઓછી વધતી જેમકે પાંચથી છઠ્ઠી હોય તો તે પૃથ્વીમાં ધન ધાન્યે કરી રહીત થોડી–આવરદાવાળો હોય છે ॥ ૧૩૧ ॥ જેની કનિષ્ટિકા આંગળીમાં છિદ્ર હોય તો તે ઘડપણમાં સુખી થાય, અનામિકામાં છિદ્ર હોય તો જુવાનીમાં સુખી થાય અને વચલી આંગળીમાં છિદ્ર હોય તો બાળપણમાં સુખી હોય ॥ ૧૩૨ ॥ જે પુરૂષના હાથના નખ મોટા, વાંકા, લુખા ધોળા અને મેલા હોય તો તે ધન ધાન્યથી રહિત હોય. ॥ ૧૩૩ ॥ જે પુરૂષના નખ ઉપર સફેદ છાંટા હોય તો તે ભીખારી થાય, અને જેના નખ ગુંસીના જેવા હોય તો તે નપુંસક હોય અને

ચપટા કપાએલા ફાટેલા નખથી દરીદ્રી સમજવો. ॥ ૧૩૪ ॥ કાચબાની પીઠ સમાન નખવાળો રાજા હોય, ઘોડાની પીઠ જેવા નખવાળો ભોગી પુરૂષ થાય અને વાઘના નખ જેવો કપટી અને સંપતીવાન થાય ॥ ૧૩૫ ॥ પાપીનું મુખ બીહામણું હોય છે, વાંઝીઆનું મુખ નીચુ અને વાંકુ હોય છે, નિર્ધનનું મુખ લાંબુ હોય છે, અને ભાગ્યવાનનું મુખ ગોળ હોય છે. ॥ ૧૩૫ ॥ જેના હોઠ ગુલાબના રંગ જેવા હોય તો તે બુદ્ધિમાન જાણવો, અને પરવાળાના રંગ જેવા હોય તો તે પુરૂષ નિશ્ચે રાજા થાય. ॥ ૧૩૭ ॥ મોટા હોઠવાળો સારા આચરણવાળો હોય છે, લાંબા હોઠવાળો ભોગી હોય છે, બહુ નાના, બહુ મોટા હોઠવાળો બીકણુ હોય છે, અને બહુ નાના હોઠવાળો દુઃખી પણ હોય છે ॥ ૧૩૮ ॥ જેના દાંત ભયંકર, જાડા અને જુદા જુદા કાળા રંગનાં ઊંચા નીચા હોય તો તે પુરૂષ નિંદનીક જાણવો. ॥ ૧૩૯ ॥ બત્રીશ દાંતવાળો રાજા હોય છે, એકત્રીસ દાંતવાળો ભોગી, ત્રીસ દાંતવાળો થોડા ધનવાળો, અઠ્ઠાવીસ દાંતવાળો બહુ સુખી અને ઓગણત્રીસ દાંતવાળો દરીદ્રી અને દુઃખનું પાત્ર હોય છે. ઉપર નીચેના દાંતો વધારે ઓછા હોય તો દુઃખી જાણવો. ॥ ૧૪૦ ॥ જેને નીચેના દાંત બહાર માસની અંદર નીકળે તે રાજદત્ત કહેવાય એટલે શુભ છે, અને જો ઉપરના દાંત બહાર માસમાં નીકળે તો તે અશુભ છે. ॥ ૧૪૧ ॥ જન્મથી લઇને બે વર્ષ સુધીમાં બધા દાંત પુરા આવે છે અને સાતમા વર્ષથી દશમા વર્ષના અંત સુધી ફરી આવે છે. ॥ ૧૪૨ ॥ જે પુરૂષની જીભનો આગલો ભાગ સાંકડો હોય તેમ જ ચીકણો, લાલ કમળનાં ફુલની પાંખડી જેવો હોય તેને રાજ્ય સુખ મળે. ॥ ૧૪૩ ॥ સફેદ જીભવાળો મનુષ્ય આચારથી ભ્રષ્ટ હોય છે, કાળી જીભવાળો ધનહીન હોય છે, અને કાબરી જીભવાળો પાપી હોય છે ॥ ૧૪૪ ॥ જે માણસની પીઠ વાંકી હોય તો તે નિર્ધન જાણવો, અને રૂંવાડાવાળી પીઠવાળો દુઃખ પામે છે. મોટી પીઠવાળો ભાઇથી દુઃખ પામે છે. ॥ ૧૪૫ ॥ જે મનુષ્યની ગરદન ભેંસના જેવી હોય

તે શૂરવીર હોય છે, લાંબી ડોકવાળો ઘણું ખાનાર હોય છે, વાંકી ગરદનવાળો ચાડીઓ થાય છે, અને મોટી ડોકવાળો શ્રેષ્ટ વાતનો નાશ કરે છે. ॥ ૧૪૬ ॥ ગધેડા અને ઊંટ જેવી ડોકવાળો દુઃખી હોય છે, બગલાની ડોક જેવી વાંકી ડોકવાળો પાખંડી હોય છે, અને ચપટી સુકી નસો નીકળેલી ડોકવાળો ધન રહીત જાણવો. ॥ ૧૪૭ ॥ જે પુરૂષની દાઢી મૂછ લાલ હોય તે પરસ્ત્રીનો ભોગવનાર અને ચોર હોય છે, અને મોટા રૂંવાડાં, લૂખા, પાતળા, તૂટેલા ફાટેલા તથા ખરાબ રંગના નખોથી નીચતા મળે છે. ॥ ૧૪૮ ॥ જે પુરૂષની વીશ વર્ષની અંદર તથા એકવીસ વર્ષની અંદર જો મોઢાની મૂછો નીકળે તો વીર્યને ઉત્પન્ન કરવાવાળી હોય છે. ॥ ૧૪૯ ॥ જે પુરૂષનું ગંડસ્થ માંસથી ભરેલું હોય તો ભોગી જાણવો. સીંહ અને હાથી જેવા ગંડસ્થ હોવાથી ઉત્તમ પુરૂષ રાજા હોય છે. ॥ ૧૫૦ ॥ જે પુરૂષના કપાળની નીચે માંસ ન હોય, નાની મૂછોવાળો, રૂંવાડા સહીત હોય તે પુરૂષ પાપી અને દુઃખ પામવાવાળો જાણવો. ॥ ૧૫૧ ॥ અભાગી પુરૂષનું મુખ પહોળું, સંતાનરહિત પુરૂષનું મુખ સ્ત્રીના જેવું, દગાબાજ કપટીનું મુખ હાંલ્લા જેવું, અને કૃપણનું મુખ બહુ નાનું હોય છે. ॥ ૧૫૨ ॥ જેની જીભ પાતળી, લુખ્ખી, વાંકી, પહોળી, મેલવાળી, પીળી હોય તે પુરૂષ સદા મૂર્ખ અને દુઃખમાં વ્યાકુળ રહે. ॥ ૧૫૩ ॥ જેનું નાક સુકકું હોય તે ચોર હોય, અને ચપટુ નાક હોય તે સ્ત્રીથી મરે. ॥ ૧૫૪ ॥ ભોગી પુરૂષોની વારંવાર નાકથી શબ્દવાળી એક છીંક હોય છે, ધનવાનોની બે છીંક હોય છે, અને લાંબા આયુષ્યવાળાની એક સાથે ત્રણ છીંક હોય છે. ॥ ૧૫૫ ॥ ભોગી પુરૂષોની છીંક કાંઇક ખાલી, કાંઇક ભરી અને હલકી છીંક હોય છે, અને થોડા શબ્દવાળી છીંક મનુષ્યને સદા મંગળકારી હોય છે. ॥ ૧૫૬ ॥ પુરૂષના બન્ને નેત્રો નિર્મળ અને લીલાં ફટક જેવા રંગવાળાં અથવા લાલ, કાંઇક ચીકણા, વચ્ચે કાળાં હોય તે માણસ ધનવાન હોય છે. ॥ ૧૫૭ ॥ હડતાલના જેવા રંગવાળાં નેત્ર હોય તે ચક્રવર્તી રાજા થાય અને લીલા કમળનાં દળ જેવાં હોય તે પંડીત થાય છે,

॥ ૧૫૮ ॥ જેની આંખ વારંવાર કારણ વગર ફરે તે માણસ લક્ષ્મી રહીત હોય. ॥ ૧૫૯ ॥ આંધળો અને કાણો ક્રૂર હોય છે, કાણાથી વધારે દ્રષ્ટિ ફેરવનાર ક્રૂર હોય છે, તેનાથી અધિક એંચી એટલે દ્રષ્ટિ ચોરનાર ક્રૂર હોય છે. ॥ ૧૬૦ ॥ જે પુરૂષનાં નેત્ર થોડી પલક મારવાવાળાં હોય તેની આવરદા થોડી હોય છે, અને જે બહુ વખત પલક મારવાવાળાં હોય તેનું મધ્યમ આઉખું હોય છે, ॥ ૧૬૧ ॥ જે મનુષ્યના કાન માંસરહીત હોય તે દરીદ્રી થાય છે અને લાંબા નસોવાળા વાંકા કાનવાળો ખોટો હોય છે. ॥ ૧૬૨ ॥ મનુષ્યનું કપાળ પહોળું અને ઊંચુ અર્ધચંદ્ર આકારે હોય તો રાજ્ય આપવાવાળું હોય છે. ॥ ૧૬૩ ॥ નાના કપાળવાળો ધર્મ કાર્યમાં તત્પર હોય છે, અને નીચા કપાળવાળો ધન રહીત હોય છે. ॥ ૧૬૪ ॥ કપાળમાં નસોએ કરી રેખા હોય તો પાપ કરવાવાળો જાણવો અને સાથીઆના આકારવાળી જો રેખા હોય તો ધનવાન થાય છે. ॥ ૧૬૫ ॥ જેના કપાળમાં બીલકુલ રેખા ન હોય તો તે પચ્ચીસ વર્ષની આયુષ્યવાળો જાણવો, પણ સંપદા તરત મળે. ॥ ૧૬૬ ॥ બે માથાવાળો મનુષ્ય દરીદ્રી હોય છે, માછલી જેવા માથાવાળો પાપ કરવામાં પ્રીતિવાળો હોય છે, બહુ દુઃખી હોય છે અને ઘડા જેવા માથાવાળો માણસ નીચ સંગત કરવાવાળો હોય છે. ॥ ૧૬૭ ॥ ઇતિ પુરૂષ લક્ષણ.

સ્ત્રીનાં લક્ષણ.

જે સ્ત્રીનાં પગનાં તળીયાં ગરમ, લાલ, માંસથી ભરેલાં, નરમ, અને બરાબર ચીકણાં હોય તો તે સ્ત્રી પ્રતિષ્ટા—મોટાઇ પામે ॥ ૧ ॥ જે સ્ત્રીનાં પગનાં તળીયાં લુખાં, ખરાબ રંગનાં ખરડાએલાં હોય તો ભોગનો નાશ થાય છે તથા જે સ્ત્રીનાં પગનાં તળીયાં કાળાં હોય તે અભાગણી અને સફેદ હોય તો દુઃખી સમજવી ॥ ૨ ॥ જે સ્ત્રીનાં પગનાં તળીયાં સુપડા જેવાં તથા રંગે સફેદ, વાંકાં હોય તો તે સ્ત્રી કુરૂપ તથા અભાગણી, જો સુકાએલાં હોય

તો દરીદ્રી, અને જો ઊંચા નીચાં હોય તો શોક કરવાવાળી સમજવી ॥ ૩ ॥ જે સ્ત્રીનાં પગનાં તળીયામાં ચક્ર, સાથીઓ, શંખ, ધજા, અંકુશ, છત્ર, માછલી અને મગર એવી રેખાઓ હોય તો તે રાજાની રાણી થાય ॥ ૪ ॥ જે સ્ત્રીનાં પગનાં તળીયામાં ઉર્દ્ધ રેખા હોય અને તે વચલી આંગળી સુધી ગઇ હોય તો તે સ્ત્રી ધનવાન પતિ પામે અને પતિને વલ્લભ હોય ॥ ૫ ॥ જે સ્ત્રીનાં પગનાં તળીયામાં ગાય, ભેંસ, ઊંદર, કાગડા, ઉલ્લુ, સર્પ અને ઊંટ એવાં ચિન્હ હોય તો તે દુઃખ પામે. ॥ ૬ ॥ જે સ્ત્રીનો પગનો અંગુઠો માંસથી ભરેલો, ઊંચો, ગોળ હોય તો શુભ છે, અને જો નાનો, ચપટો હોય તો કૂળનો નાશ કરનાર જાણવી. ॥ ૭ ॥ જે સ્ત્રીનો અંગુઠો પહોળો હોય તે વીધવા થાય છે, થોડો ગોળ હોય તો વેર વધારે અને બહુ લાંબો અંગુઠો હોય તો પતિને વલ્લભ થાય. ॥ ૮ ॥ જે સ્ત્રીની પગની આંગળી નરમ, લાલ, કમળની પાંદડી જેવી, નરમ, સીધી, અને આસપાસ ગોળાઇ જેવી હોય તો તે ભોગનો અને અર્થનો લાભ આપે છે. ॥ ૯ ॥ ઘણી વાંકી આંગળી કુરૂપવાન અને લાંબી, પોહોળી આંગળીઓ દુઃખને દેનારી હોય છે. ॥ ૧૦ ॥ જે સ્ત્રીની આંગળી પહેલી ગોળ પછી પાતળી, એક ઊપર એક ચઢેલી હોય તો તે સ્ત્રી ઘણાં ધણીને મારીને દાસીપણું ભોગવે. ॥ ૧૧ ॥ જે સ્ત્રીની પગની આંગળીઓ રસ્તે ચાલતાં ધરતીને ન અડકતા ઊંચી રહે તો તે વિનાશ કરવાવાળી જાણવી. ॥ ૧૨ ॥ જે સ્ત્રીની પગની છેલ્લી ટચલી આંગળી ચાલતાં જમીનને ન અડકતી હોય તો તે સ્ત્રી પોતાનાં ધણીને મારી બીજા પતિ સાથે ભોગ વીલાસ કરે. ॥ ૧૩ ॥ જે સ્ત્રીની છેલ્લી આંગળીની જોડેની અનામિકા આંગળી જમીનને ન અડકતી હોય તો તે બે ધણીને મારીને કલહકારી થાય. ॥ ૧૪ ॥ જે સ્ત્રીની પગની વચલી આંગળી નાની હોય તો તે સ્ત્રી નિરંતર મહેનત કરનારી હોય છે અને જમીનને ન અડકતી હોય તો તે પતિને મારનારી હોય છે. ॥ ૧૫ ॥ સ્ત્રીના પગના અંગુઠાની જોડેની આંગળી અંગુઠાથી મોટી હોય

તો તે કુંવારી હોય ત્યારથી વ્યભિચારિણી હોય છે તેમાં જરા પણ સંદેહ નહીં. ॥ ૧૬ ॥ જે સ્ત્રીનાં નખ લાલ, સારા, તેજદાર, ઊંચા અને ગોળ ચીકણાં હોય તો ઘણી ભાગ્યશાળી જાણવી. ॥ ૧૭ ॥ જે સ્ત્રીનો પગનો ઉપરનો ભાગ બહુ રૂવાંટાવાળો હોય તો દાસી થાય, માંસ રહીત પીઠ હોય તો નીચ સ્ત્રી જાણવી, વચમાં ખાડો હોય તો દરિદ્રી જાણવી, નસો ઉપર અને ચળકતી હોય તો અભાગણી જાણવી. ॥ ૧૮ ॥ જે સ્ત્રીને પગની ઘુંટી એટલે હાડકાની ટેકરી નીકળેલી હોય છે, તે જો માંસથી ભરેલી હોય, ગોળ હોય, અને નસો દેખાતી ન હોય, તો સૌભાગ્ય આપનારી જાણવી, અને ઊંચી નીચી માંસ રહીત હોય તો અભાગણી જાણવી. ॥ ૧૯ ॥ જે સ્ત્રીના પગનો પંજો ઊંચો, પહોળો છીછરો હોય તો તે સ્ત્રી વ્યભિચારિણી અર્થાત ઘેર ઘેર ભટકવાવાળી થાય અને લાંબા પગવાળી દુઃખી થાય ॥ ૨૦ ॥ જે સ્ત્રીના પગની પીંડી પહોળી, નસો દેખાતી, સુકાએલી માંસ રહીત અને ઘુંટીનો ઉપરનો ભાગ મોટો હોય તો તે વ્યભિચારિણી જાણવી. ॥ ૨૧ ॥ જે સ્ત્રીના પગની પીંડી સારી, રોમ રહીત, ગોળ, બરાબર નસો ન દેખાતી હોય તો રાજાની રાણી થાય. ॥ ૨૨ ॥ જે સ્ત્રીના પગની પીંડી ખરડાએલી, વાળવાળી, અને કાગડાનાં પગ જેવી હોય તો તે સ્ત્રી વ્યભિચારિણી તેમજ ધણીને મારવાવાળી થાય ॥ ૨૩ ॥ જે સ્ત્રીનાં રૂંવાટાના ખાડામાં એકવાળ ઉગેલો હોય તો સારો અને એક ખાડામાં બે ત્રણ રૂંવાટા હોય તો તે વિધવા અથવા વ્યભિચારિણી જાણવી ॥ ૨૨ ॥ જે સ્ત્રીના ઢીંચણના ઊપરનો ભાગ સારો, માંસથી ભરેલો અને ગોળ હોય તો તે સ્ત્રી સૌભાગ્યવંતી–લક્ષ્મીવંતી જાણવી ॥ ૨૫ ॥ જે સ્ત્રીના પગના ઢીંચણ માંસ રહીત હોય તો તે વ્યભિચારિણી અથવા વિધવા થાય ॥ ૨૬ ॥ જે સ્ત્રીની બંને જાંગો રૂંવાડા સહિત ખરડાએલી હોય તો તે દરિદ્રી અથવા વિધવા થાય, પાતળી અને નાની જાંગવાળી દુઃખી થાય અથવા મરણ પામે. ॥ ૨૭ ॥ જે સ્ત્રીની બંને જાંગો રૂંવાડા રહીત, ગોળ અને બરાબર હોય તો રાજાની રાણી થાય. ॥ ૨૮ ॥

જે સ્ત્રીની કમર ચોવીસ આંગળની નમેલી, બરાબર, ઊંચા કુલા અને ચારે તરફ સરખી કમર હોય તો તે સૌભાગ્યવંતી જાણવી. ॥ ૨૯ ॥ જે સ્ત્રી ચાલતી વખતે પહેલો ડાબો પગ ઊપાડી ચાલે તથા નમાવીને બેસે તો તે સ્ત્રી સદા સુખી હોય અને જો પહેલો જમણો પગ ઊપાડી ચાલે તથા બેસે તો દુઃખ ભોગવનારી જાણવી. ॥ ૩૦ ॥ જે સ્ત્રીની યોની પીપળાના પાંદડાને આકારે તથા હાથીના ખંધ જેવી પોહોળી, અને તેજદાર પીઠ હોય તો તે શુભ છે. ॥ ૩૧ ॥ જે સ્ત્રીની યોની સારી, ચીકણી, નરમ, થોડા વાળવાળી, માંસથી ભરેલી હોય તો તે સ્ત્રી પુત્રવંતી હોય અને રતીસુખ, સૌભાગ્ય પામે. ॥ ૩૨ ॥ જે સ્ત્રીની યોની જમણી બાજુની ઊચી હોય તો તે સ્ત્રી પુત્રને પેદા કરનારી જાણવી અને જો ડાબી બાજુની ઊચી હોય તો કન્યા પેદા કરનારી જાણવી. ॥ ૩૩ ॥ જે સ્ત્રીની યોની ઊંચી, કાળાં રૂવાડાવાળી, મળેલી, સારી બનાવટની, અને મણી ઢંકાએલી હોય તો ઘણા ધન પૈસા પેદા કરનારી હોય છે. ॥ ૩૪ ॥ જે સ્ત્રીની યોની પહોળી કમળના રંગજેવી, થોડી નરમ, થોડા વાળવાળી, નાની નાસીકા જેવી ઊંચી અને હાથનાં સ્કંધ સમાન હોય તે સારી જાણવી. ॥ ૩૫ ॥ જે સ્ત્રીની યોની ખરપડાને આકારે, ખરદરી, વાંકી, મોટાં વાળવાળી અને માંસ રહીત હોય તો તે અશુભ છે. ॥ ૩૬ ॥ જે સ્ત્રીની યોની વાંસના નવીન પાંદડા જેવી હોય તો તે સ્ત્રી ઘણુંકરીને પહેલી સુખ પામે, પછી દુઃખ પામે ॥ ૩૭ ॥ જે સ્ત્રીની યોની શંખના આકારે હોય તો તે ગર્ભ ધારણ ન કરે તેમજ સેવન કરનારને દુઃખકારી જાણવી ॥૩૮॥ જે સ્ત્રીની યોની કરચોલીવાળી, હોય તે કોઇક વખતે ગર્ભવાળી, લાંબી, ઠંડી, ઢીલી હોય તો મોટી દુઃખ દેનારી જાણવી. ॥ ૩૯ ॥ જે સ્ત્રીનું પેડુ મોટું, પહોળું, થોડું ઊંચુ અને નરમ હોય તો સારૂં. જો બહુ ઊંચુ તીર જેવું ઘણાં વાળવાળું હોય તો અશુભ. ॥ ૪૦ ॥ જે સ્ત્રીની દુંટી ગોળ, ઊંડી અને ડાબી કોર નમેલી હોય તો તે શુભ છે. ॥ ૪૧ ॥ જે સ્ત્રીની નાંભી બહુ લાંબી, પહોળી, અને પ્રગટ કમળ જેવી હોય તો તે સ્ત્રી પૂર્ણ સૌભાગ્ય, ધન સુખ, લક્ષ્મી, પામે. ॥ ૪૨ ॥ જે સ્ત્રીની નાભી ઊંડી અને સારી સૌભાગ્યવાળી

હોય તે સ્ત્રી પતિને વલ્લભ હોય. ॥ ૪૩ ॥ જે સ્ત્રીની નાભીના છીદ્ર ઊપર ગાંઠ દેખાતી અને નમેલી હોય તો તે સ્ત્રી દુરભાગણી ને નિંદા કરવાવાળી જાણવી. ॥ ૪૪ ॥ જે સ્ત્રીની કુંખ કરચોળીવાળી, ઘણી ઊંચી નીચી કોરવાળી હોય તો તે સ્ત્રી વંધ્યા હોય. ॥ ૪૫ ॥ જે સ્ત્રીનું પડખું નસોસહીત ઊંચું અને રોમવાળું હોય તો તે સ્ત્રી સંતાનસહીત હોય અને ઘણુંકરી ખરાબ સ્વભાવવાળી હોય. ॥૪૬ ॥ જે સ્ત્રીનું પેટ પાનજેવું, પાતળું, અને ચામડી સારી રોમ સહીત હોય તો તે સ્ત્રી રાજાની રાણી થાય છે. ॥ ૪૭ ॥ જે સ્ત્રીનું પેટ ઘડાનાં આકાર જેવું, માંસ વિનાનું અને નસો દેખાતી હોય તો તે સ્ત્રી અતિ દુઃખી થાય. ॥ ૪૮ ॥ જે સ્ત્રીનું પેટ લાંબુ, પોહોળું હોય તો ઘણા વખત પછી સંતાન થાય પણ ખરાબ સ્વભાવવાળી જાણવી. ॥ ૪૯ ॥ જે સ્ત્રીનો કેડનો મધ્ય ભાગ મુઠીમાં આવે તેવો, સુંદર અને મોટા સ્તનોથી શોભતો હોય તો તે સ્ત્રી દેવી સમાન સૌભાગ્ય લક્ષ્મી પામે છે. ॥ ૫૦ ॥ જે સ્ત્રીનું હૃદય, છાતીનો ભાગ વાળ વગરનો, કોઇપણ જાતના ડાઘ, ખાડા, રૂવાટા વગરનો, બરાબર હોય તો તે સ્ત્રી સર્વ પ્રકારે આનંદ સૌભાગ્ય પામે છે. ॥ ૫૧ ॥ જે સ્ત્રીની છાતી ખાડાવાળી, બહુ લાંબી અને પહોળી હોય તો તે સ્ત્રી ધણીને મારીને પછી વેષ્યાને ત્યાં જાય. ॥ ૫૨ ॥ જે સ્ત્રીની છાતી માંસ રહીત, ઊંચી, નમેલી, ડાઘવાળી, અને ઊંચા નીચા હૃદયવાળી હોય તો તે સ્ત્રી દાસીપણું પામે. ॥ ૫૩ ॥ જે સ્ત્રીની છાતી માંસથી ભરેલી, બહુ ઊંચી નીચી, નરમ અને કઠણ ન હોય, નસો દેખાતી ન હોય, અને અઢાર આંગળ પ્રમાણ રૂંવાડા વગર હોય તો તે શુભ જાણવી. ॥ ૫૪ ॥ જે સ્ત્રીની છાતી ઘણી પોહોળી હોય તો કલેશકારી અને રૂંવાડા સહીત હોય તો ખરાબ સ્વભાવવાળી જાણવી. ॥ ૫૫ ॥ જે સ્ત્રીનાં સ્તન ગોળ, માંસથી ભરેલાં અને રૂંવાડા રહીત હોય તો શુભ. ॥ ૫૬ ॥ જે સ્ત્રીનાં સ્તન જમણી બાજુએ કંઇ નમેલાં હોય તો પહેલે ગર્ભે પુત્ર થાય. ॥ ૫૭ ॥ જે સ્ત્રીનાં સ્તન ડાબી બાજુએ કંઇક નમેલાં હોય તો પહેલે ગર્ભે પુત્રી થાય, અને ઊંચાં નીચાં હોય તો સંતાન

બચ્ચાં વગરની હોય. ॥ ૫૮ ॥ જે સ્ત્રીનાં સ્તન સુકાએલાં, ઊંચાં નીચાં, અને આગલો ભાગ ખરાબ દેખાવનો હોય તો તે દરિદ્રતાને પામે ને બન્ને સ્તનો એક બીજાથી ઘણાં દૂર હોય તો તે વિધવા અને પુત્રનો નાશ કરનારી થાય. ॥ ૫૯ ॥ જે સ્ત્રી માર્ગે ચાલતી હોય અને તેનાં બને સ્તનો ચાલતાં એક બીજા માંહોમાંહી મળી જાય તો તે સ્ત્રી સુખ સૌભાગ્યને નાશ કરનારી જાણવી. ॥ ૬૦ ॥ જે સ્ત્રીના સ્તનની ઊપલી દોડી ગોળ, મોટી અને માંસથી ભરેલી હોય તો તે રતી સુખવાળી જાણવી. ॥ ૬૧ ॥ જે સ્ત્રીનાં સ્તનની બને અણીઓ તદ્દન લાંબી હોય તો તે સુખ પામનારી થાય પણ અંતઃકરણમાં ધુતારી જાણવી. ॥ ૬૨ ॥ જે સ્ત્રીના સ્તનની બન્ને અણીઓ નમેલી, ઘણી નાની, પાતળી, ઊંચી નીચી હોય તો ઘણું દુઃખ પામે અને વ્યભિચારિણી થાય. ॥ ૬૩ ॥ જે સ્ત્રીનાં બન્ને ખભા માંસથી ભરેલા, ઊંચા હોય તો ભોગવતી સ્ત્રી માફક સુખ પામે. ॥ ૬૪ ॥ જે સ્ત્રીનાં ખભા માંસથી રહીત ઊંચા નીચા હોય તો તે સ્ત્રી નટ ખટ ઝેરવાળી જાણવી. ॥ ૬૫ ॥ જે સ્ત્રીના ખભા બહુ મોટા, રૂંવાડાં સહીત હોય તો તે સ્ત્રી દુઃખ ભોગવનારી થાય. ॥ ૬૬ ॥ જે સ્ત્રીનાં બંને હાથ કોમળ લાંબા હોય તો શ્રેષ્ટ જાણવા. ॥ ૬૭ ॥ જે સ્ત્રીના બંને હાથ રૂંવાડાં વગરના, હાડ, માંસમાં દબાએલા હોય, હાથીની સૂંઢને આકારે નસો રહિત હોય તો તે સ્ત્રી સૌભાગ્ય પામે. ॥ ૬૮ ॥ જે સ્ત્રીની બન્ને ભુજા રૂંવાડાં સહીત હોય તો તે વિધવા થાય, નાની ભૂજા હોય તો ખોટા સ્વભાવવાળી હોય, નસો દેખાતી હોય તો દુઃખ પામે ॥ ૬૯ ॥ જે સ્ત્રીની હાથની બન્ને હથેળી નસો રહીત, માંસથી ભરેલી અને ચીકણી હોય તો બહુ શુભકારી અને ઊંચી નીચી, ખરદરી હોય તો દુઃખ દેવાવાળી જાણવી. ॥ ૭૦ ॥ જે સ્ત્રીની બંને હથેળીમાં મચ્છની રેખા હોય તો સૌભાગ્યવતી જાણવી, અને બન્ને હથેળીમાં સાથીઆ જેવું ચિન્હ હોય તો રાજાની રાણી થાય અથવા શ્રી વચ્છનું ચિન્હ હોય તો રાજાની માતા થાય. ॥ ૭૧ ॥ જે સ્ત્રીની જમણી હથેળીમાં નંદાવર્તન સાથીઆનું ચિન્હ હોય તો તે

ચક્રવર્તિની માતા થાય. ॥ ૭૨ ॥ જે સ્ત્રીની હથેળીમાં ધજા, તોરણ હોય તો તે સ્ત્રી વાસુદેવની માતા થાય. ॥ ૭૩ ॥ જે સ્ત્રીના હાથમાં હાથી, ઘોડા, બળદ, કમળ અને ધનુષ્ય હોય તો તે સ્ત્રી તીર્થંકરની માતા થાય. ॥ ૭૪ ॥ જે સ્ત્રીની હાથની આંગળીઓ ચપટી, પીઠ ઉપર રૂંવાડાં, ટુંકી, પાતળી, ખરદરી હોય તો તે દરીદ્રિ જાણવી ॥ ૭૫ ॥ જે સ્ત્રીના હાથની આંગળીના નખ લોહી રહીત, સફેદ, બે રંગી છીપ જેવા આકારના હોય તો તે ધન રહીત જાણવી. ॥ ૭૬ ॥ જે સ્ત્રીના હાથ પગોના નખમાં સફેદ છાંટા હોય તો તે સ્ત્રી વ્યભિચારિણી અને દુઃખ ભોગવનારી થાય ॥ ૭૭ ॥ જે સ્ત્રીના બરડામાં નસો દેખાતી હોય અને રૂંવાડાં ઘણાં હોય તો તે સ્ત્રી વિધવા થાય, રંડાપો ભોગવે. ॥ ૭૮ ॥ જે સ્ત્રીનું મુખ ગોળ, નિર્મળ, ચીકણું, ચંદ્રમા તુલ્ય હોય તો તે ઘણું સુખ ભોગવે. ॥ ૭૯ ॥ જે સ્ત્રીનું મુખ વાંકુ ચુંકુ હોય તો તે દુઃખ ભોગવનારી જાણવી. ॥ ૮૦ ॥ જે સ્ત્રીના હાથ ઊંચા નીચા, લાંબા, ફાટેલા અને લુખા હોય તો અભાગણી જાણવી. ॥ ૮૧ ॥ જે સ્ત્રીનો ઉપરનો હાથ પોહોળો, મોટો રૂંવાડાંવાળો હોય તો તે સ્ત્રી વિધવા થાય અથવા કલેશ કરનારી હોય. ॥ ૮૨ ॥ જે સ્ત્રીના દાંત સફેદ ગાયના દુધ જેવા, બરાબર બત્રીશી હોય તો રાજાની માતા થાય. ॥ ૮૩ ॥ જે સ્ત્રીના દાંત નાના પાતળા, કાળા રંગના હોય તો તે દરીદ્રી અને બહુ દુઃખી થાય ॥ ૮૪ ॥ જે સ્ત્રીના નીચેનાં દાંત વધારે હોય તો તે સ્ત્રી પોતાની માતાને મારનારી અને જો લાંબા અને ભયંકર દાંત હોય તો વિધવા થાય. ॥ ૮૫ ॥ જે સ્ત્રી ડાબી આંખે કાણી હોય તો તે સ્ત્રી બીજા પુરૂષ સાથે ભોગની અભિલાષા કરનારી હોય. ॥ ૮૬ ॥ જે સ્ત્રી જમણી આંખે કાણી હોય તો તે સ્ત્રી જન્મથી છોકરા વિનાની વાંઝણી હોય. ॥ ૮૭ ॥ જે સ્ત્રીનું કપાળ રૂંવાડાં સહીત, નસો વિનાનું, અર્ધચંદ્ર આકાર અને ત્રણ આંગુલ પ્રમાણ ઊંચું હોય તો તે સૌભાગ્યવાળી જાણવી. ॥ ૮૮ ॥ જે સ્ત્રીનું કપાળ બહુ લાંબુ હોય તો તે સ્ત્રી પોતાના દીયેરને મારવાવાળી થાય તથા જો કપાળ લાંબુ, નસો અને રૂંવાટી સહીત

હોય તો તે વ્યભિચારિણી જાણવી. ॥ ૮૯ ॥ જે સ્રીના માથાના કેશ ભમરાના જેવા કાળા, પાતળા, ચીકણા અને સુંદર હોય તો રાજાની રાણી જેવું સુખ પામે. ॥ ૯૦ ॥ જે સ્રીના માથાના વાળ અણીએ ફાટેલા, પાતળા, ખરદરા, ટુંકા અને ઊંચા નીચા હોય તો દુઃખ દેનારા જાણવા ॥ ૯૧ ॥ જે સ્રીના બન્ને ભમરની નીચે અથવા કપાળની વચમાં સુંદર મસો કે તલ દેખાય તો તે રાજાની રાણી થાય ॥ ૯૨ ॥ જે સ્રીની છાતીમાં લાલ તલ અથવા કોઇ બીજું ચિન્હ દેખાતું હોય તો તે ધન ધાન્યે કરી સહીત પતિને ઘણી વલ્લભ જાણવી. ॥ ૯૩ ॥ જે સ્રીના જમણા સ્તનમાં લાલ તલ અથવા કોઇ ચિન્હ હોય તો ચાર પુત્રી અને ત્રણ પુત્ર ઉત્પન્ન કરે. ॥ ૯૪ ॥ જે સ્રીના ડાબા સ્તનમાં તલ હોય તો પોતાના નાળથી એક પુત્રીનો જન્મ આપી પછી વિધવા અથવા દુઃખીઆરી થાય ॥ ૯૫ ॥ જે સ્રીની યોની લાલ રંગની હોય અથવા જમણા ભાગમાં તલ હોય તો રાજાની રાણી થાય ॥ ૯૬ ॥ જે સ્રીની યોનીના આગલા ભાગે લાલ રંગનો તલ મસો દેખાતો હોય તો તે રાજપુત્રને ઉત્પન્ન કરનારી થાય. ॥ ૯૭ ॥ જે સ્રીના આગલા ભાગે કાળો તલ હોય તો પતિને મારે તેમ વ્યભિચારિણી થાય. ॥ ૯૮ ॥ જે સ્રીના પેટ ઉપર તલ અથવા કોઈ ચિન્હ હોય તો કલ્યાણ કરવાવાળું જાણવું. ॥ ૯૯ ॥ જે સ્રીના શરીરમાં, ડાબા હાથમાં અથવા કંઠમાં–મશો અગર તલ હોય તો તે સ્રી પહેલા ગર્ભમાં પુત્ર ઉત્પન્ન કરે. ॥ ૧૦૦ ॥ જે સ્રીનું મોં, પહોળું મોટા વાળ, મોટાં ભયંકર નેત્ર, મોટા કાન અને પગનો પંઝો તથા આંગળી મોટી હોય તો તે ધણીને મારવાવાળી થાય. ॥ ૧૦૧ ॥ જે સ્રીને સુતા પછી મોઢામાંથી લાળ નીકળતી હોય, અને નેત્ર ઉઘાડાં રહેતાં હોય તો તે સ્રી વ્યભિચારિણી જાણવી. ॥ ૧૦૨ ॥ જે સ્રીના શ્વાસમાં ખોટી ગંધ હોય તેમ શરીરમાં પણ ખોટી ગંધ હોય તે સ્રી કૂળનો નાશ કરવાવાળી જાણવી ॥ ૧૦૩ ॥ જે સ્રી રાતે સુતા દાંત કરચડે અથવા લવરી કરી ઊઠે તો તે ખરાબ લક્ષણવાળી જાણવી. ॥ ૧૦૪ ॥ ઇતિ સ્રી લક્ષણ.

શ્રી ગૌતમ શુકનાવળી.

પ્રથમ પુછનાર માણુસને ગુરૂ સન્મુખ અથવા પૂર્વ, ઉત્તર દીશા તરફ મુખ રાખી બેસાડવો. પછી એક ચિત્તે શ્રી ગૌતમસ્વામીનું પાંચવાર નામ લેવરાવવું. પછી નીચેના કોઠામાં આંગળી મુકાવવી. તે જે આંક ઉપર આંગળી મુકે તે આંક ધ્યાનમાં રાખવો. પછી તે આંકમાં ગૌતમનાં ત્રણ અક્ષર વધારવા તેમાં પુછનારના જેટલા અક્ષર હોય તે ઉમેરી જે આંક આવે તેટલા નંબરવાળું પ્રશ્ન જોવું કે જેથી તરત ખુલાસો જણાશે. રમત, હાંસી કે મશ્કરી તરીકે જોવું નહીં.

આંગળી મૂકવાનો કોઠો.

૧	૨	૩	૪	૫
૬	૭	૮	૯	૧૦
૧૧	૧૨	૧૩	૧૪	૧૫
૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૨૧	૨૨	૨૩	૨૪	૨૫
૨૬	૨૭	૨૮	૨૯	૩૦
૩૧	૩૨	૩૩	૩૪	૩૫
૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫
૪૬	૪૭	૪૮	૪૯	૫૦
૫૧	૫૨	૫૩	૫૪	૫૫
૫૬	૫૭	૫૮	૫૯	૬૦
		૬૧		

પ્રશ્ન ૧ લું-તમે જે ધાર્યું છે તે થાય તો થાય, કારણ કે હવે ખુશીનો વખત નજીક આવે છે. ઘણું કરીને કામ ફતેહ થશે પણ વાર લાગશે. ઘણા વખતથી તમારા દિવસ મધ્યમ હતા તેથી મરજી મુજબ કામ થવું મુશ્કેલ છે. પીડા તથા ગુપ્ત ચિંતા અને શત્રુતા થશે. બને તો દાન પુણ્ય કરો. તમારા શરીરે ચાઠાંની નીશાની છે. **પ્રશ્ન ૨ જું**-તમારા પાછલા દિવસો ફીકર કરાવનારા ગયા છે. ખરચ વિશેષ, લાભ મધ્યમ છે. હવે પ્રાપ્તિ થશે. જીવનો લાભ, ઘરમાં ખુશાલી થાય, આજસુધી વિચારેલાં કામ મનમાં રહ્યાં છે. ઊંચી પદ્ધિ પ્રાપ્ત થાય. કામ કાબુથી બહાર છે તો સિદ્ધ થશે. **પ્રશ્ન ૩ જું**-તમારૂં કાર્ય સિદ્ધ થશે. પ્રથમ દશા મધ્યમ હતી. હવે સારી દશા આવશે. જીવની તથા લાભની ચિંતા છે, પરંતુ લાભ અધુરો થાય છે તે દૂર થશે. કષ્ટ ગયું, ખુશીની વાત સાંભળશો. **પ્રશ્ન ૪ થું**-તમારૂ પ્રશ્ન આ સમયે કાબુથી બહાર છે. ચિંતા અને કષ્ટ, કોઈ જીવ ગુપ્ત શત્રુતા અજમાવે છે, એક જીવ ઉપર તમને પ્યાર વધારે રહે છે. દશા મધ્યમ છે, પણ ધીરજથી થશે **પ્રશ્ન ૫ મું**-તમારૂં પ્રશ્ન ચિંતારૂપ કષ્ટનું છે. ખરચ વિશેષ, જીવની લાલચ, ચિંતા હરવખત થયાં કરે છે. કામ કાબુથી બહાર છે. આસ્તેથી થશે. **પ્રશ્ન ૬ ઠું**-તમારી મન કામના પૂર્ણ થશે. મરજી માફક ધારેલું (ફતેહ) થશે. ઘણાં દિવસની ચિંતા છે. ગ્રહોના પ્રબળથી થવા પામી નથી. **પ્રશ્ન ૭ મું**-તમારી ધારેલી વસ્તુ ઠીકઠીક બંધ બેસશે. ઇજ્જતનો ભય રહ્યા કરે છે. ગુપ્ત ચિંતા છે. મધ્યમ દશામાં ખરચ વધુ થાય છે. એક મનોરથ ગુપ્ત છે, તે બંધ બેસશે. દશા વચમાં શ્રેષ્ટ આવવાવાળી છે. ઈષ્ટદેવનું સ્મરણ કરો. ચિંતા દૂર થશે. **પ્રશ્ન ૮ મું**-તમારી રાશી ઉપર કેટલાક ગ્રહનો કોપ છે. શત્રુ ઉત્પન્ન થાય છે. મીત્રથી જુદાઇ રહે છે. કષ્ટ કલેશ ઊત્પન્ન થાય છે જેમાં પૂર્ણ લાભ હોય તો તે અધુરો મળે. એક જીવની પીપાશા, લાભ મધ્યમ છે. મધ્યમ ગ્રહોનાં જાપ કરો તેથી મન કામનાં પૂર્ણ થશે. પુત્ર પ્રાપ્તિ, રાજદ્વારમાં લાભ, મીત્રથી પ્રીતિ વધશે. **પ્રશ્ન**

૯ મું—હે પુછનાર! તમે પ્રશ્ન કર્યું છે પણ હવે દશા શ્રેષ્ટ આવનારી છે. મન કામનાં પૂર્ણ થશે. મનની ચિંતા પુરી થશે. કામ ફતેહ થાય. જે વિચાર કર્યો છે તે વિચાર બંધ બેસશે. પ્રશ્ન શ્રેષ્ટ છે. ઉદ્યોગ ઉપાય ઘણા કર્યા, પણ નિષ્ફળ થયા. કામ કાબુથી બહાર છે. ગુપ્ત લાભ થશે. ગૌતમસ્વામીનો જાપ કરો. શ્વેત વસ્તુનું દાન કરો. મન ઇચ્છા પૂર્ણ થશે. પ્રશ્ન ૧૦ મું—તમારૂં કામ કાબુથી બહાર છે. ધનનો ખર્ચ, અકસ્માત જીવની ચિંતા બહુ છે. મોટામોટા ખરચ થાય. તમારૂં પ્રશ્ન જીવ તથા ધનનું છે. ઇજ્જતનો ભય રહે છે. ઘણી સોસનાં થાય છે. ઇષ્ટદેવનું સ્મરણ. ગ્રહ જાપ, દાન પુણ્યથી સુખ થશે. પ્રશ્ન ૧૧ મું—આ સમયે પ્રશ્ન દ્વી સ્વભાવ છે. થાય અથવા ન થાય, જીવનની ચિંતા, વંશ વૃદ્ધિ, મનમાં ચિંતા, ગૌતમનો જાપ કરો, ભુખ્યાને અન્ન આપો. સારૂં થશે. પ્રશ્ન ૧૨ મું-ગુપ્ત ચિંતા છે. જીવની લાલચ રહે છે. ધનથી બધાં કામ થાય છે. ધારેલું કામ થયું નથી, પણ કંઇક લાભ થશે. દિવસ સારાં આવે છે. ઇષ્ટદેવનું સ્મરણ કરો. પ્રશ્ન ૧૩ મું—જીવને ચિંતા, મળવું મુશ્કેલ, રોજગારમાં હાની પણ હવે વૃદ્ધિ થાય. દિવસ સારાં આવે છે. પ્રશ્ન ૧૪ મું—જીવની ચિંતા, કામ પરાધીન, કાબુથી બહાર. ઘણી વાતોથી સોસના થાય છે. સારૂં કામ સારી દશામાં પ્રાપ્ત થાય છે. કામને વાર લાગશે પણ મળશે. ઇચ્છા પૂર્ણ થશે. શ્વેત વસ્તુનું દાન કરો. પ્રશ્ન ૧૫ મું—જીવને ચિંતા, ઘરમાં કલેશ, ધન હાનિ, પીડા, દાન ધર્મ કરો. વખત સારો આવે છે. પ્રશ્ન ૧૬ મું—ગુપ્ત ચિંતા, શરીરે પીડા, ધન હાનિ, દ્વિ સ્વભાવ થાય અથવા ન થાય. રોજગારમાં લાભ. ત્રણ ગ્રહ પીડાકારક છે. પ્રશ્ન ૧૭ મું—પ્રશ્ન જીવરૂપ લક્ષ્મીનું છે. ચિંતા ઘણા દીવસની. દ્વિ સ્વભાવ છે. ચિત્તની ચિંતા ચિત્તમાં રહે છે. ઘરમાં અંધારૂં છે. એક વસ્તુ ઉપર પ્રીતિ છે. પ્રયત્નથી બનશે. પ્રશ્ન ૧૮ મું—ઘણાજ દિવસનો વિચાર, ફીકર, ચિંતા, ગુપ્ત કલેશ લાભની આશા રાખો છો પણ વ્યર્થ જાય છે તે પૂર્ણ થશે પણ વાર લાગશે. બીજી વસ્તુથી લાભ થાય. રાતી વસ્તુનું દાન કરો. પ્રશ્ન ૧૯ મું—કાબુથી

બહાર છે. રાત દીવસ ચિંતા શોક ન કરો. કામ વખતસર થશે. રોજગાર મધ્યમ, ઘણી વસ્તુનો શોસ થાય છે. ઇષ્ટદેવનું સ્મરણ કરો. વખત સારો આવશે. પ્રશ્ન ૨૦ મું—કામ ફતેહ થાય. ચિંતા મટે, જીવની પ્રાપ્તિ, રાજદ્વારે લાભ, ખુશીની વાત સાંભળવામાં આવે, દિવસ થોડા વખતમાં પ્રબળ થશે. પ્રશ્ન ૨૧ મું—જરા મધ્યમ માલમ પડે છે. પુત્રની સગાઇ, રોજગાર મધ્યમ દશામાં મુશ્કેલ હોય છે. ધનનું નુકશાન થાય છે. રાજદ્વારથી ફતેહ મુશ્કેલ છે. જે ચિંતા કરો છો તે ભંગ થાય છે. ગુપ્ત શત્રુ પોતાનું કામ બજાવી રહ્યા છે. ઇષ્ટદેવનું હાલ સ્મરણ કરો. પ્રશ્ન ૨૨ મું—તમારૂ મનોરથ સિદ્ધ થશે. શ્રેષ્ઠ દશા આવવાવાળી છે. અમે તે તરફનો લાભ મળે. રાજદ્વારમાં ફતેહ થાય. મનોરથ સિદ્ધ થાય. શ્વેત દાન કરો. ઊતાવળું કામ થશે. પ્રશ્ન ૨૩ મું—હે પુછનાર! હવે શું કરવા ફીકર કરે છે? લાભ મળવાની તૈયારી થઇ છે. મનોરથ સિદ્ધ થશે. એક ફીકર તારા મનમાં ભારે છે. ખરચ વિશેષ, ધન થોડું પણ ચિંતા ન કરો. ધારેલું કામ સિદ્ધ થશે. દાન પુણ્ય કરો. વિઘ્ન નહીં આવે. પ્રશ્ન ૨૪ મું—તમારા ઊપર ગુપ્ત શત્રુ કામ બગાડી રહ્યો છે. લાભ આવેલો જાય છે. ઇજ્જતનો ભય રહે છે. રોજગારમાં હાનિ થાય છે. ધીરજથી કામ કરો. દશા મધ્યમ છે. પ્રશ્ન ૨૫ મું—વખત તમારે માટે બારીક છે માટે ઇષ્ટદેવનું સ્મરણ કરો, એકદમ ધારેલું કામ નહિ થાય, ધીરજથી થશે, ચિંતા નહીં કરો. પ્રશ્ન ૨૬ મું—પ્રશ્ન ઘણું શ્રેષ્ઠ. સારા દિવસ આવવાની તૈયારી, વંશ વૃદ્ધિ, ઘણાં દિવસની ચિંતા દૂર થશે, પીળી વસ્તુનું દાન કરો. કામ જલદી થશે. પ્રશ્ન ૨૭ મું—પ્રશ્ન તમારૂ મધ્યમ છે. કામમાં વાર થશે. કલેશ ચિંતા થાય છે. એક મીત્રથી પ્રીતિ ઘણી થઇ છે, સાથે શત્રુ પણ તૈયાર છે. એક જીવની અભિલાષા છે. ઇષ્ટદેવનું સ્મરણ કરવાથી લાભ થશે. પ્રશ્ન ૨૮ મું—ખરચ વિશેષ, લાભ ઓછો, જીવઉપર ધ્યાન, સારૂં થશે, ધન ઘણી વખત પછી મળશે, મીત્ર પર પ્રીતિ આગળ ઊપર વધે. પ્રશ્ન ૨૯ મું—તમારી બુદ્ધિ ભમતી રહે છે, ધર્મ પર કાંઇક પ્રીતિ

ઓછી થઇ છે. ધર્મ પર પૂર્ણ આસ્થા રાખો, આશા પૂર્ણ થશે, ચિંતા નહીં કરો. પ્રશ્ન ૩૦ મું—તમારૂં પ્રશ્ન ધારેલું કામ સિદ્ધ થાય, લાભ મળે, ખુશી ખબર સાંભળો. આવક મધ્યમ, ખરચ વધારે. ભાગ્યોદય થવાની તૈયારી. ઇષ્ટદેવનું સ્મરણ કરો. પ્રશ્ન ૩૧ મું—તમારા કામમાં વિલંબ થશે. હાલ ઠીક નહીં થાય. દશા હાનિકારક છે. પંચાગ જુવો. કાંઇક વાતની ચિંતા છે. જીવ, ધન તરફથી કષ્ટ છે. હમેશાં સત્ય બોલવાનો પ્રયત્ન કરો, જુઠુ બોલવાનો ત્યાગ કરો, કામ ઊતાવળથી થશે. પ્રશ્ન ૩૨ મું--હે પુછનાર ! તમારૂં પ્રશ્ન ઘણું શ્રેષ્ઠ છે, તમો કોઇ જાતની નાહક ચિંતા ન કરો, ધન સુખ મળશે, પીડાનો વખત દુર ગયો. એકાએક વગર ધારેલી ખુશી પ્રાપ્ત થશે. ગૌતમ સ્વામીનું હમેશાં ધ્યાન કરો. પ્રશ્ન ૩૩ મું--તમારૂં પ્રશ્ન દ્વી સ્વભાવ છે. થાય તો થાય, કનિષ્ટ દિવસ ગયા, શ્રેષ્ટ દિવસ આવવાવાળા છે. કારજ ફતેહ થશે. ચિંતવોછો તે મળશે પણ વાર લાગશે, દિવસ ઘણા મધ્યમ હતા. શત્રુ, ચિંતા દાન પુણ્યથી નાશ થશે. પ્રશ્ન ૩૪ મું--હે પુછનાર! તમારા પાછલા દીવસ ફીકરમાં ગયા છે. કુખર્ચ વિશેષ, લાભ મધ્યમ, હવે પ્રાપ્તિ વખત નજીક આવે છે, ખુશીની વાત સાંભળશો. દાન પુણ્ય ઊપર વધુ લક્ષ રાખો. પ્રશ્ન ૩૫ મું--હે પુછનાર ! તમારૂં પ્રશ્ન સિદ્ધ થશે. શ્રેષ્ટ દશા આવવાની તૈયારી છે, જીવ ચિંતા ઊદ્યોગ વિશેષ પણ લાભ અધુરો રહે છે. હવે ફીકર દૂર થશે. શ્વેત વસ્તુનું દાન કરો જેથી કાર્ય તાકીદથી થશે. પ્રશ્ન ૩૬ મું--તમારૂં કામ કાબુથી બહાર છે. કષ્ટ, ચિંતા, જીવ, શત્રુતા, ગુપ્ત રહે છે. દશા મધ્યમ, અનેક પ્રકારની હાની, શોસના થયાં કરે છે, પણ હવે ચિંતા દુર થશે, લાલ અથવા પીળુ દાન કરો, ઇષ્ટદેવની માળા રોજ ફેરવો. પ્રશ્ન ૩૭ મું--તમારૂં પ્રશ્ન ચિંતા રૂપ કષ્ટનું છે. ખર્ચ વિશેષ, જીવની લાલચ, જીવ ચિંતા, ઊદ્વેગી ચિત્ત, કામ કાબુથી બહાર બીજા માણસોનાં હાથમાં, દશા મધ્યમ, કાર્ય વિલંબથી થશે, ચિંતા દૂર કરો, ગૌતમ સ્વામીની માળા ફેરવો. પ્રશ્ન ૩૮મું—કામ પૂર્ણ થશે. ધારેલી વસ્તુ મળશે, ચિત્ત વ્યાકુળ રહેછે.

દશા મધ્યમને લીધે ચિત્ત સ્થીર કરે, ઇષ્ટદેવ ઊપર આસ્તા. કામ સિદ્ધ થશે. **પ્રશ્ન ૩૯ મું**—તમારૂં કામ ઠીકઠીક થશે. ઇજ્જતનો ભય રહ્યા કરે છે. ગુપ્ત ચિંતા, મનોરથ કયારે સિદ્ધ થશે તે ઊતાવળ કરોછો, કામ થશે, અન્નદાન કરો. **પ્રશ્ન ૪૦ મું**—પુછનાર! તમારા ગ્રહ હાલ મધ્યમ છે. લાભને ઠેકાણે શત્રુતા પેદા થાય છે. મીત્રથી વિરોધ થાય છે આવેલો લાભ જાય છે. હમેશાં ગૌતમ સ્વામીનું સ્મરણ કરો લાલ વસ્તુનું દાન કરો. **પ્રશ્ન ૪૧ મું**—પૂછનાર! તમારી દશા હાલ શ્રેષ્ટ આવવાવાળી છે. મન કામના પૂર્ણ થશે, ચિંતા દુર જશે. મીત્રથી પ્રીતિ વધશે. દશા ઘણા વખતથી મધ્યમ હતી. હવે શ્રેષ્ટ છે. હજી કામ કાબુથી બહાર છે, પણ સારી વાત સાંભળશો. **પ્રશ્ન ૪૨ મું**—કામ કાબુથી બહાર, ધન ખરચ વિશેષ, જીવચિંતા, ઇજ્જતનો ખ્યાલ, મોટો ખરચ નજર ઉપર તરી આવે છે, જીવ તથા ધનનું પ્રશ્ન છે, ઇજ્જતનો ભય રહે છે. ધર્મ ધ્યાનથી આરામ થશે, ચિંતા દુર કરો. **પ્રશ્ન ૪૩ મું**—પ્રશ્ન દ્વીસ્વભાવ મળે અથવા નહીં મળે. ધીરજ રાખો, ધર્મ કરો કામ ફતેહ થશે પણ વખત લાગશે. જીવ ચિંતા, વંશ વૃદ્ધિ ઊપાય દાન પુણ્ય, જાપથી મનોરથ સિદ્ધ થશે. **પ્રશ્ન ૪૪ મું**—આ વખતનું તમારૂં પ્રશ્ન ગુપ્ત ચિંતાનું હોવું જોઇએ. પણ ધનથી સર્વે કાર્ય સિદ્ધ થાય છે. રોજગાર મધ્યમ, લાભ પ્રાપ્ત થશે. ઝગડો મટશે, ચિંતા કલેશ દૂર થશે પણ વખત લાગશે. ઇષ્ટદેવનું સ્મરણ કરો. **પ્રશ્ન ૪૫ મું**—જીવ ચિંતા, દશા મધ્યમ, રોજગારની હાનિ, દાન પુણ્ય ઊપર વિશેષ જોર રાખો, વખત સારો આવશે. **પ્રશ્ન ૪૬ મું**—જીવ ચિંતા, કામ પરાધીન કાબુથી બહાર ઘણો પ્રયત્ન કરોછો, કામ વિલંબથી, ઇચ્છા પૂર્ણ થશે, જીવ પ્રાપ્તિ થશે. સંદેહ મટશે. દયાનું કામ કરો. **પ્રશ્ન ૪૭ મું**—ચિત્ત ચિંતા, દશા કેટલાક વખતથી મધ્યમ ચાલે છે, ધન હાનિ લાભ મધ્યમ, કલેશ ચિંતા નુકશાન થાય છે પણ સર્વે દૂર થશે. ઇષ્ટદેવનું સ્મરણ કરો. **પ્રશ્ન ૪૮ મું**—ગુપ્ત ચિંતા, ધન હાની, પીડા, વિદ્યા લાભ ઘણો, અફસોસ ન કરો, ગ્રહ જાપ કરો

આનંદનો દિવસ આવશે. **પ્રશ્ન ૪૯ મું**--જીવરૂપ લક્ષ્મી ચિંતા દ્વી-સ્વભાવ છે. થાય તો હાલ થાય નહીં તો કેટલાક વખત પછી થાય. ચિંતવેલા ઊપાય વ્યર્થ થાય છે પણ હવે શાન્તિનો વખત નજીક આવ્યો છે. લાલ વસ્તુનું દાન કરો. **પ્રશ્ન ૫૦ મું**--ઘણાં દિવસની ચિંતા, જીવ પ્રાપ્તિ, ફીકર, ધનનું કામ, કલેશ રહે છે, લાભ થશે. સોસના દૂર કરો, ગૌતમસ્વામીની માળા ફેરવો. સુખ થશે. **પ્રશ્ન ૫૧ મું**--તમારૂં કામ કાબુથી બહાર છે. રાત્રિ દિવસ ચિંતા થયા કરે છે, પણ તે ચિંતા નકામી, રોજગાર મધ્યમ, માઠી દશામાં ખોટા વિચાર આવે, દાન પુણ્ય ઉપર શ્રદ્ધા રાખો, સારૂં થશે. **પ્રશ્ન ૫૨ મું**--તમારૂં કામ ફતેહ થશે, ચિંતા મટશે, ગઇ તે ગઇ, જીવની પ્રાપ્તિ, રાજદ્વારમાં લાભ, મીત્રથી પ્રીતિ થશે, શ્વેત વસ્તુનું દાન કરો. **પ્રશ્ન ૫૩ મું**--પ્રશ્ન તમારૂં મધ્યમ છે, પુત્ર પ્રાપ્તિ, રોજગાર મધ્યમ, કેટલીક મુશીબત વેઠવી પડે, ધન નુકશાન, રાજદ્વારથી ફતેહ થશે, પણ વખત લાગશે, જીવની ચિંતા રહે છે, ગૌતમ સ્વામીનું સ્મરણ કરો. **પ્રશ્ન ૫૪ મું**—તમારૂં મનોરથ સિદ્ધ થશે. દશા શ્રેષ્ટ આવવાવાળી છે, ગઇ ચીજ મળશે. રોજ-ગારનો લાભ, જીવ પ્રાપ્તિ, ઘરમાં આનન્દ, પીળી વસ્તુનું દાન કરો, વિઘ્ન નાશ થશે. **પ્રશ્ન ૫૫ મું**--હે પુછનાર! ફીકર શું કરવા કરે છે. તારૂં કામ થોડા વખતમાં થશે. ઘણો વખત નહીં લાગે. મનોરથ સિદ્ધ થશે. તને એક ચિંતા ભારે રહે છે. ખરચ આવશે. ધન પાસે વિશેષ નથી. પણ ફીકર ના કર. કામ બડી ધુમથી થશે. કામ કરનારો તારા તરફ મીત્ર દૃષ્ટિથી જુવે છે. માટે થોડા દિવસમાં થશે. શ્વેત વસ્તુનું દાન કરો. તારૂં કામ સિદ્ધ થશે. **પ્રશ્ન ૫૬ મું**--તારૂં કામ થવાની તૈયારીમાં છે. આજ સુધી શત્રુનાં હાથમાં વાત હતી પણ હવે તે શત્રુ મટી મીત્ર થયો છે પણ હવે ખુશીનો વખત આવશે. સાંજ વખતે ગૌતમ સ્વામીની માળા ફેરવો. **પ્રશ્ન ૫૭ મું**--હે પુછનાર! ખોટા દિવસ તારા ગયા. સારા દિવસ આવવાની તૈયારીમાં છે. ફીકર ઘણી ન કરો. નુકશાન થાય છે. કલેશ, ધન ખર્ચ વિશેષ થાય છે, જેથી અહ

જાપ કરો. શાન્તિ થશે. પ્રશ્ન ૫૮ મું—હે પુછનાર! પ્રશ્ન ઘણું શ્રેષ્ટ છે. દિવસ ઘણા સારા આવવાની તૈયારી છે. ખર્ચ વિશેષ, પીડાની ચિંતા, ચિત્તમાં ભય, ધાર્યું કામ થતું નથી, વંશ વૃદ્ધિ, રાજદ્વારિ ચિંતા, ગુપ્ત દાન કરો, જેથી ધાર્યુ કામ તરત થશે. પ્રશ્ન ૫૯ મું—પ્રશ્ન મધ્યમ, તમારા ધાર્યા પ્રમાણે કામ થતાં વાર લાગશે, ચિંતા ક્લેશ થશે, એક મીત્રથી પ્રીતિ ઘણી છે, પણ શત્રુ ગુપ્ત પોતાનું કામ કરી રહ્યો છે. જીવની ચિંતા રહ્યા કરે છે. ગૃહ દાન કરો. ચિંતા મટશે. પ્રશ્ન ૬૦ મું—હાલ દિવસ માઠા છે. ખરચ વિશેષ લાભ ઓછો, જીવ તરફ વધારે ધ્યાન ખેંચાય છે, હાથથી આપેલું પ્રાપ્ત થશે. કામ વિચારીને કરો. ઉદય થવામાં થોડો વિલંબ થશે. પીળી વસ્તુનું દાન કરો. ગૌતમ સ્વામીની માળા ફેરવો, કામ તરત થશે. પ્રશ્ન ૬૧ મું—હે પુછનાર! તારી બુદ્ધિ ભ્રમણ રહે છે. ધર્મ કરવામાં તારૂં મન લાગતું નથી. એક મોટી ખોટ તારે છે, ધર્મથી સૌ સારા વાના થાય. આશા પૂર્ણ થશે. ચિંતા ન કરો. એક કામમાં લાભ થશે. ગૌતમ સ્વામીની માળા ફેરવો. શ્વેત વસ્તુનું દાન કરો. કામ તરત થશે.

શ્રી સ્વરોદય શાસ્ત્ર

સ્વરોદયમાં નાડી, બેઠક, તીથિ, વાર, લગ્ન, અક્ષર, અને તત્વ એ સાત બાબત મુખ્ય જાણવાની છે, તે નીચે પ્રમાણેઃ—

૧ નાડીઃ—નાડી એટલે આપણી નાસીકામાંથી નીકળતો પવન. તેના ત્રણ નામ છેઃ–૧ ઇંગલા (ચંદ્ર) નાડી, ૨ પિંગલા (સૂર્ય) નાડી, અને ૩ સુષમ્ણા નાડી. જો જમણી નાસીકામાંથી પવન નીકળતો હોય તો સૂર્યનાડી; ડાબી નાસીકામાંથી પવન નીકળતો હોય તો ચંદ્રનાડી અને ડાબી તેમજ જમણી એમ બન્ને નાસીકામાંથી પવન નીકળતો હોય તો સુષમ્ણાનાડી જાણવી.

૨ બેઠકઃ—સૂર્યની બેઠક ત્રણ તે નીચે, પાછળ અને જમણી; અને ચંદ્રની બેઠક ત્રણ–તે ઉપર, ડાબી અને સામી.

આની સમજણ એ છે કે, પ્રશ્ન પુછનાર પ્રશ્ન પૂછે તે વખતે પોતાની નાડી તપાસવી. જો તે વખતે જમણી એટલે સૂર્ય નાડી વહેતી હોય, અને પ્રશ્ન પૂછનાર પોતાનાથી નીચો ઉભો રહી અથવા પાછળ યા તો જમણી બાજુ રહી પૂછે તો તે સિદ્ધિદાયક સમજવી. અને ડાબી એટલે ચંદ્રનાડી વહેતી હોય અને પ્રશ્ન પુછનાર પોતાનાથી ઉંચે રહીને, ડાબી બાજુ રહીને યા તો સામે રહીને પૂછે તો તે શુભ જાણવું.

૩ **તીથિઃ**—શુકલ પક્ષની એકમ, બીજ, ત્રીજ એ ત્રણ તીથિમાં સવારના પહોરમાં ઉઠતી વખતે જો ચંદ્રનાડી ત્રણે દિવસ હોય તો ઘણી સારી. એમ ચોથ, પાંચમ, છઠ્ઠ એ ત્રણ તીથિમાં સૂર્ય નાડી હોય તો ઘણી સારી. સાતમ, આઠમ, નોમ એ ત્રણે દિવસ ચંદ્રનાડી હોય તો તે સારી. દશમ, અગીઆરશ, બારશ એ ત્રણે દિવસ સૂર્યનાડી હોય તો તે ઘણી સારી. તેરશ, ચૌદશ, પુનમ એ ત્રણે દિવસ ચંદ્રનાડી હોય તો ઘણી સારી. હવે જો વદ એકમ, બીજ, ત્રીજ સૂર્યનાડી આવે તો ઉપર પ્રમાણે અમાંસ સુધી ત્રણ ત્રણ ગણી લેવી. તો એ બન્ને પખવાડીઆ સુખકારી જાણવા. તેથી વિરૂદ્ધ હોય તો વિરોધતા ઉપજે.

૪ **વારઃ**—સૂર્યનાડીના વાર ત્રણ—શની, રવી, અને મંગળ. ચંદ્રનાડીના વાર ચાર—સોમ, શુક્ર, બુધ અને ગુરૂ. એ વારે એ નાડીઓમાં પ્રશ્ન પૂછે તો સુખકારી.

૫ **લગ્નઃ**—સૂર્યનું મેષ લગ્ન, ચંદ્રનું વરખ લગ્ન અને સુષમ્ણાનું મીથુન લગ્ન, એમ અનુક્રમે બારે લગ્ન સમજી લેવાં.

૬ **અક્ષરઃ**—સૂર્યનાડીના અક્ષર ત્રણ—સાત, પાંચ, પંદર, પચીસ એ અક્ષર સુખકારી. ચંદ્રના ચાર—આઠ, બાર, સોળ એ બેકી અક્ષર સુખકારી. સૂર્ય નાડી વહેતી વખતે પૂછનાર પ્રશ્ન પૂછે તેના અક્ષર ગણી જોવા. જો એકી આવે તો સુખકારી અને બેકી હોય તો દુઃખકારી. સુષમ્ણા નાડીમાં કોઇ કાંઇ પુછે તો કાંઇ લાભ નહિ.

૭ તત્ત્વ:—જો આપણી નાસીકામાંથી બાર આંગળ પવન નીકળતો હોય તો પૃથ્વીતત્ત્વ જાણવું. પૃથ્વીતત્ત્વમાં નાડી વહે છે તેનો રંગ પીળો છે, અને ચાલ સીધી હોય છે. જો ચાર આંગળ પવન ચાલે તો અગ્નિતત્ત્વ. તેનો રંગ લીલો અને ચાલ ઉંચી. જો સોલ આંગળ પવન ચાલે તો જળતત્ત્વ, તેનો રંગ સફેદ અને તેની ચાલ નીચી. જો આઠ આંગળ પવન ચાલે તો વાયુતત્ત્વ તેનો રંગ લીલો અને ચાલ ત્રિછી. જો બે આંગળ પવન ચાલે તો આકાશતત્ત્વ તેનો રંગ શ્યામ અને તેની ચાલ સ્થાનકમાં જ. હવે જો જળતત્વ તથા પૃથ્વીતત્વ ચાલતો હોય અને ચંદ્ર નાડી વહેતી હોય તે વખતે કોઇ પ્રશ્ન પૂછે કે "અમુક કામ કયારે થશે? તો કહેવું કે, એક બે દિવસમાં કાર્યની સિદ્ધિ થશે. અગ્નિતત્વ તથા વાયુતત્વ ચાલતો હોય અને સુર્ય નાડી વહેતી હોય તો કાર્યની સિદ્ધિ તત્કાળ થાય. કોઈ પણ નાડીમાં આકાશતત્વ હોય તો કામની નાસ્તી કહેવી. કોઈ એવો પ્રશ્ન પુછે કે " અમુક માણુસ પરદેશમાં શું કરે છે? તે વખતે જો પૃથ્વીતત્ત્વ હોય તો," સર્વ વસ્તુથી ભરેલો છે," જલતત્ત્વ હોય તો "લાભ મેળવે છે," અગ્નિતત્ત્વ હોય તો, "પરદેશી પરદેશમાં બીમાર છે," આકાશતત્ત્વ હોય તો, "પરદેશી સુવા જેવી સ્થીતિમાં છે, એમ કહેવું. હવે ડાબી નાસીકામાંથી પવન વહેતો હોય તે વખતે યાત્રા, દાન, વિવાહ, નવીન વસ્ત્ર આભરણ, ગામમાં પ્રવેશ, સજ્જન મેળાપ, યોગાભ્યાસ, રાજાની મુલાકાત, ઔષધાદિક નવીન સ્નેહ, ખેતી, એ સર્વે કામો કરવાં સારાં છે. અને જમણી નાસીકામાંથી પવન વહેતો હોય ત્યારે લઢાઈ કરવી, ભોજન, મૈથુન, યુદ્ધ, મંત્ર સાધન, દીક્ષા, સેવા, વેપાર, ઔષધ લેવું, ભૂતાદિકના સાધન, એ સર્વે કામો કરવાં સારાં છે.

દરેક નાડી આખા દિવસમાં એકજ નાસીકામાંથી વહન થાય તે સારૂં નહિ. પણ ચંદ્ર, સૂર્ય, સુષમ્ણા એ દરેક નાડી

અઢી અઢી ઘડીએ બદલાયા કરે તો શ્રેષ્ઠ. જો તેમાં ફેરફાર થાય તો અશુભ કે દુઃખદાયક જાણવું.

કાલ જ્ઞાન.

એક અહોરાત્રિ (રાત્રિ અને દિવસ) જો સૂર્ય નાડિમાં પવન ચાલે તો ત્રણ વર્ષે મરણ થાય, બે અહો રાત્રિ ચાલે તો બે વર્ષે મરણ થાય, અને ત્રણ અહો રાત્રિ ચાલે તો એક વર્ષે મરણ થાય, અને જો ચંદ્ર નાડીમાં તેટલો વખત પવન ચાલે તો રોગ પેદા થાય. ॥ ૧ ॥ એક મહિના સુધી સૂર્ય નાડીમાં જ પવન ચાલ્યા કરે તો એક અહોરાત્રિમાં મરણ થાય, અને તેટલો વખત ચંદ્ર નાડીમાં જ પવન ચાલે તો ધનનો નાશ થાય. ઇંગલા, પિંગલા, સુષમ્ણા એ ત્રણે નાડીમાં પવન સાથે ચાલે તો પહોર પછી મરણ થાય. ઇંગલા પિંગલા બેઉ નાડીમાં સાથે ચાલે તો દશ દિવસે મરણ થાય ॥ ૨ ॥ જો દશ દિવસ સુધી નિરંતર ચંદ્ર નાડીમાં જ પવન ચાલે તો ઉદ્વેગ તથા રોગ થાય, અને સૂર્ય, ચંદ્ર, એક એક નાડીમાં વારાફરતી અરધો પહોર (ચાર ચાર ઘડી) સુધી વાયુ ચાલ્યા કરે તો લાભ થાય. ॥ ૩ ॥ બાર કલાકનો દિવસ અને બાર કલાકની રાત્રિ હોય તો તે વિષુવત્ સમય કહેવાય છે. તે વિષુવત સમયમાં જેની આંખો ફરકે તે એક અહોરાત્રિમાં મરણ પામે એ નિઃસંશય છે. કોઇક વિષુવતકાળનો એવો અર્થ કરે છે કે સૂર્ય અને ચંદ્ર નાડિ એકી સાથે બેઉ ચાલતી હોય તે વિષુવત્ કાળ. તેમાં નેત્રો ફરકે તો એક અહોરાત્રિમાં મરણ થાય (આ બાબત વાયુના વિકારથી આંખ ફરકે તે માટે નથી પણ સ્વાભાવિક ફરકે તે માટે છે, માટે સાવચેતી રાખવી) ॥ ૪ ॥ એક નાડીમાંથી બીજી નાડીમાં પવન જાય તેને સંક્રાંતિ કહે છે. તેવી દિવસની પાંચ સંક્રાંતિ ગયા પછી જો વાયુ મોઢામાંથી ચાલે તો મિત્ર, ધન્યની હાનિ, નિસ્તેજપણું અને મરણ સિવાય સર્વે અનર્થ ઉપજે. વળી તે સંક્રાંતિને ઓળંગીને પછી વાયુ જો ડાબી નાસીકામાંથી ચાલે તો તે રોગ તથા ઉદ્વેગની સૂચના કરે છે, એમ જાણવું. ॥ ૫ ॥

પોષ્ણ કાળનું લક્ષણઃ—જો જન્મ નક્ષત્રે ચંદ્રમા હોય અને આપણી રાશિથી સાતમી રાશિએ સૂર્ય હોય તથા જેટલી ચંદ્રમાએ રાશિ ભોગવી તેટલીજ સૂર્યે સાતમી રાશિ ભોગવી હોય, તેને પોષ્ણ નામનો કાળ કહે છે. તે પોષ્ણ કાળ નક્કી મૃત્યુ કરાવાવાળો છે. તે પોષ્ણ કાળમાં જો અધો દિવસ સૂર્ય નાડીમાં પવન ચાલતો હોય તો ચૌદમે વર્ષે મરણ થાય, અને જો આખો દિવસ સૂર્ય નાડીમાં પવન ચાલતો હોય તો બારમે વર્ષે મરણ થાય. તેમજ પોષ્ણ કાળમાં એક અહો રાત્રિ, બે દિવસ કે ત્રણ દિવસ, સૂર્ય નાડીમાં પવન ચાલે તો અનુક્રમે દસ વર્ષે, આઠ વર્ષે અને છ વર્ષે મરણ થાય.


કાળ જ્ઞાનનું બીજું લક્ષણઃ—જે માણસને છીંક, મળ, વીર્ય અને મુત્ર એકી સાથે છુટી જાય તો તે એક વર્ષને અંતે તેજ મહિને અને તેજ તીથિએ મરણ પામે ॥ ૧ ॥ જે માણસ સ્વપ્નમાં ગીધ, અને રાત્રે ચાલવાવાળા જનાવરને પોતાના શરીરનું ભક્ષણ કરતાં જુએ, તેમજ ગધેડા, ઉંટ, કુતરા ઉપર પોતે સ્વારી કરે અથવા તે પોતાને ખેંચી જતો કે ઘસડતો દેખે તો એક વર્ષને અંતે મરણ થાય. ॥ ૨ ॥ જે માણસ સૂર્ય મંગળ ને કિરણ વિનાનો દેખે અને અગ્નિને કિરણ સહિત દેખે તે માણસ અગીઆર માસમાં મરણ પામે. ॥ ૩ ॥ જે માણસે ધુળ, કાદવમાં પગલું મુકયું હોય છતાં તે પગલું પુરેપુરૂં પડેલું ન જણાય તો સાત મહિને મરણ થાય. ॥ ૪ ॥ જે માણસ સ્વપ્નમાં પોતાનું મસ્તક મુંડાવેલું, તેલથી મર્દન કરેલું, રાતા પદાર્થથી શરીર લીપેલું, રાતા ફૂલની માળા પહેરેલી અને ગધેડા ઉપર બેસી દક્ષીણ દીશા તરફ પોતાને જતો જૂએ તો છ મહિનામાં મરણ થાય. ॥ ૫ ॥ જે માણસને વિષય સેવન કર્યો પછી એકદમ શરીરમાં ઘંટના અવાજ સરખો રણકાર સંભળાય, તેનું પાંચ મહિને મરણ થાય. ॥ ૬ ॥ જે માણસની નાસીકા વાંકી થઇ જાય, આંખો ગોળ થઇ જાય, અને કાન ઢીલા પડી જાય તે ચાર મહિને

મરણ પામે. ॥ ૭ ॥ જે માણસ સ્વપ્નમાં કાળા રંગવાળા તેમજ કાળા પરીવારવાળા લોઢાના દાંતને ધારણ કરવાવાળા માણસને જૂએ તો ત્રણ મહિને મરણ થાય. ॥ ૮ ॥ જે માણસ જીભના સ્વાદને જાણી ન શકે, બોલતા સ્પષ્ટ અવાજ ન થાય, કાને સાંભળી ન શકે, નાસીકાએ સુગંધ લઈ ન શકે, આંખ હંમેશાં ફરકયા કરે, રાત્રે ઇંદ્ર ધનુષ્ય દેખે અને પાણીમાં પોતાનું મોઢું ન દેખે તો એક મહિનામાં મરણ થાય. ॥ ૯ ॥

વશીકરણઃ—આસન અને શયન વખતે પણ પૂર્ણાંગે બેસારેલી (રાખેલી) સ્ત્રીઓ પોતાને સ્વાધીન થાય છે. આ સિવાય બીજું કાંઇ નથી. ॥ ૧ ॥ જય, લાભ અને સુખના અર્થિ જીવોએ શત્રુ, ચોર અને લેણદાર તથા બીજા ઉત્પાત, વિગ્રહ અને દુઃખ આપનારાઓને ખાલી અંગે (જે બાજુના છિદ્રમાંથી પવન ન ચાલતો હોય તે બાજુ) રાખવા જેથી તેઓ દુઃખ આપી શકશે નહીં. ॥ ૨ ॥ જે શત્રુઓના પ્રહારોથી પોતાના પૂર્ણ અંગનું રક્ષણ કરે છે તેની શક્તિનો નાશ કરવાને બળવાન શત્રુ હોય તો પણ સમર્થ થતો નથી. ॥ ૩ ॥ ચંદ્રનાડિ ચાલતી હોય ત્યારે સન્મુખ ઉભા રહી પ્રશ્ન કરે તો પુત્રીનો જન્મ; સૂર્ય નાડિ ચાલતી હોય તે વખતે પ્રશ્ન કરે તો પુત્ર જન્મ અને સુષમ્ણા નાડી ચાલતી હોય તે વખતે પ્રશ્ન કરે તો નપુંસકનો જન્મ થાય એમ એક આચાર્યે કહેલું છે.

મન વશ કરવાનો ઉપાયઃ—પદ્માસનવાળી બેસવું અને જે વખતે સુષમ્ણા નાડી ચાલતી હોય તે વખતે પોતાની બન્ને આંખો અડધી ઉઘાડી પોતાની નાસીકા ઉપર દ્રષ્ટિ રાખવી જે કાંઈ ભણવું હોય અથવા આત્મ વિચાર કે પરમાત્મા પરિચય કરવો હોય તો એ આસન અને એ દ્રષ્ટિથી ધીરે ધીરે પરિચય વધારી સિદ્ધિ મેળવી શકાશે. જેમ બને તેમ ખુલ્લી આંખ છતાં પણ દ્રષ્ટિની ચપળતાને રોકવી એજ મનનું મૂખ્ય વશીકરણ છે.

કાર્ય સિદ્ધિ-હાનિ જોવા માટે પ્રશ્ન લગ્ન.




પ્રથમ પ્રશ્નકર્તા જે વખતે પ્રશ્ન કરે તે વખતનું લગ્ન કાઢવું પછી ઉપર પ્રમાણે ચળ, સ્થિર, દ્વિસ્વભાવ વિગેરે ધ્યાનમાં રાખવું. અને ચળ રાશીમાં સૂર્ય પડયો હોય તથા ચંદ્ર પણ ચળ રાશીમાં હોય તો કાર્ય સિદ્ધિ નિશ્ચયથી કહેવી ॥ ૧ ॥ પ્રશ્ન વખતે જો ચળ લગ્ન હોય તથા ચળ રાશીમાં સૂર્ય હોય અને સ્થિર રાશીમાં ચંદ્ર હોય તો કાર્ય સિદ્ધિ ન થાય, એમ સમજવું ॥ ૨ ॥ પ્રશ્ન વખતે ચળ લગ્ન હોય તથા સ્થિર રાશીમાં સૂર્ય હોય અને ચંદ્ર પણ સ્થિર રાશીમાં હોય તો કાર્યનો નાશ સમજવો; અને મિત્ર સંબંધી પ્રશ્ન હોય તો નષ્ટ કહેવું ॥ ૩ ॥ પ્રશ્ન વખતે ચળ લગ્ન હોય, સ્થિર રાશીમાં સૂર્ય હોય અને ચળ રાશીમાં ચંદ્ર હોય તો લાભ અને ધન ધાન્યની પ્રાપ્તિ થશે એમ કહેવું. ॥ ૪ ॥ પ્રશ્ન વખતે ચળ લગ્ન હોય અને દ્વિસ્વભાવ રાશીમાં સૂર્ય હોય તથા ચંદ્ર ચળ રાશીમાં હોય તો બંધન, મહા કલેષ, દુઃખ, ભય અને પિડા વિગેરે થશે એમ કહેવું. ॥ ૫ ॥ પ્રશ્ન વખતે ચળ લગ્ન હોય અને દ્વિસ્વભાવ રાશીમાં સૂર્ય હોય તથા ચંદ્ર પણ દ્વિસ્વભાવ રાશીમાં હોય તો બંધન, દ્રવ્યનો નાશ અને ચિત્તમાં ઉદ્વેગ થશે એમ કહેવું. ॥ ૬ ॥ પ્રશ્ન વખતે ચળ લગ્ન હોય અને સ્થિર રાશીમાં સૂર્ય હોય તથા દ્વિસ્વભાવ રાશીમાં ચંદ્ર હોય તો મધ્યમ ફળ કહેવું, કાર્યસિદ્ધિ ન થાય. ॥ ૭ ॥ પ્રશ્ન વખતે ચળ લગ્ન હોય અને દ્વિસ્વભાવ

રાશીમાં સૂર્ય હોય તથા ચંદ્ર સ્થિર રાશીમાં હોય તો પણ ફળ મધ્યમ થશે; ફળની સિદ્ધિ ન થાય. ॥ ૮ ॥ પ્રશ્ન વખતે ચળ લગ્ન હોય તથા ચળ રાશીમાં સૂર્ય હોય અને દ્વિસ્વભાવ રાશીમાં ચંદ્ર હોય તો ક્ષેત્ર, સુખની સિદ્ધિ, પુત્રની વૃદ્ધિ અને ધનની પ્રાપ્તિ થશે, એમ કહેવું ॥ ૯ ॥ પ્રશ્ન વખતે સ્થિર લગ્ન હોય અને દ્વિસ્વભાવ રાશીમાં ચંદ્ર તથા સૂર્ય બંને હોય તો જયની પ્રાપ્તિ, સમ્યક્ પ્રાપ્તિ, સર્વ કાર્યની સિદ્ધિ, સુખ અને કલ્યાણની પ્રાપ્તિ થશે; એમ કહેવું. ॥ ૧૦ ॥ પ્રશ્ન વખતે સ્થિર લગ્ન હોય અને દ્વિસ્વભાવ રાશીમાં સૂર્ય હોય તથા ચળ રાશીમાં ચંદ્ર હોય તો કલેષ, શરીરમાં ચિન્તા ને ધનની હાનિ નિશ્ચયથી થશે; એમ કહેવું. ॥ ૧૧ ॥ પ્રશ્ન વખતે, સ્થિર લગ્ન હોય અને ચળ રાશીમાં સૂર્ય હોય તથા ચંદ્ર સ્થિર રાશીમાં હોય તો, મિત્ર તથા બંધુનો નાશ, સ્ત્રી અને શરીર સુખની પ્રાપ્તિ ન થાય. ॥ ૧૨ ॥ પ્રશ્ન વખતે સ્થિર લગ્ન હોય, અને ચળ રાશીમાં સૂર્ય તથા દ્વિસ્વભાવ રાશીમાં ચંદ્ર હોય તો સર્વ કાર્યનું સુખ, મહા સિદ્ધિ, લાભ, ને ધનની પ્રાપ્તિ થાય એમ સમજવું. ॥ ૧૩ ॥ પ્રશ્ન વખતે સ્થિર લગ્ન હોય, અને ચળ રાશીમાં સૂર્ય હોય તથા ચંદ્ર સ્થિર રાશીમાં હોય તો સર્વ કાર્યની સિદ્ધિ, ધન અને ધર્મની વૃદ્ધિ થશે. ॥ ૧૪ ॥ પ્રશ્ન વખતે સ્થિર લગ્ન હોય, અને દ્વિસ્વભાવ રાશીમાં સૂર્ય હોય તથા ચંદ્ર સ્થિર રાશીમાં હોય તો રાજ્યની પ્રાપ્તિ, ધનની પ્રાપ્તિ, સર્વ વિષયનું સુખ અને વિજયની પ્રાપ્તિ થશે. ॥ ૧૫ ॥ પ્રશ્ન વખતે સ્થિર લગ્ન હોય અને સ્થિર રાશીમાં સૂર્ય હોય તથા દ્વિસ્વભાવ રાશીમાં ચંદ્ર હોય તો ચતુષ્પાદ (ઢોર–પશુ)ની હાનિ, વ્યાધિ અને કલેષ નિશ્ચયથી થશે, એમ કહેવું. ॥ ૧૬ ॥ પ્રશ્ન વખતે દ્વિસ્વભાવ રાશીનું લગ્ન હોય અને સૂર્ય દ્વિસ્વભાવ રાશીમાં હોય તથા ચંદ્ર ચળ રાશીમાં હોય તો પૃથ્વીનો લાભ, સ્થાનનો લાભ, અને સજ્જન સંપત્તિની પ્રાપ્તિ થાય. ॥ ૧૭ ॥ પ્રશ્ન વખતે દ્વિસ્વભાવ રાશીનું લગ્ન હોય અને સૂર્ય ચળ રાશીમાં હોય તથા ચંદ્ર દ્વિસ્વભાવ

રાશીમાં હોય તો-પુત્રનો લાભ, મનની પુષ્ટિ, વિદ્યાનો લાભ અને ધનની પ્રાપ્તિ થશે; એમ કહેવું. ॥ ૧૮ ॥ પ્રશ્ન વખતે દ્વિસ્વભાવ રાશીનું લગ્ન હોય અને સૂર્ય સ્થિર રાશીમાં હોય તથા ચંદ્ર દ્વિસ્વભાવ રાશીમાં હોય તો નિશ્ચયથી પુત્રનો નાશ થશે, એમ કહેવું. ॥ ૧૯ ॥ પ્રશ્ન વખતે, દ્વિસ્વભાવ રાશીનું લગ્ન હોય અને સૂર્ય સ્થિર રાશીમાં હોય તથા ચંદ્ર ચળ રાશીમાં હોય તો લાભનો યોગ, મનોરથની સિદ્ધિ, સદૈવ સુખની પ્રાપ્તિ થશે; એમ કહેવું. ॥ ૨૦ ॥ પ્રશ્ન વખતે, દ્વિસ્વભાવ રાશીનું લગ્ન હોય અને સૂર્ય ચળ રાશીમાં હોય તથા ચંદ્ર સ્થિર રાશીમાં હોય તો મહા લાભ, મહા સુખ, યશ, સૌભાગ્ય ને સંપત્તિની પ્રાપ્તિ થશે એમ કહેવું. ॥ ૨૧ ॥ પ્રશ્ન વખતે, દ્વિસ્વભાવ રાશીનું લગ્ન હોય અને સૂર્ય ચળ રાશીમાં હોય તથા ચંદ્ર સ્થિર રાશીમાં હોય તો હાનિ, દુઃખ હોય, ગમત ન હોય અને કાર્યની સિદ્ધિ પણ નહિ થાય. ॥ ૨૨ ॥ પ્રશ્ન વખતે, દ્વિસ્વભાવ રાશીનું લગ્ન હોય અને સૂર્ય તથા ચંદ્ર બંને સ્થિર રાશીમાં હોય તો સર્વ પ્રકારના લાભની પ્રાપ્તિ થાય, અને અત્યંત ફળની સિદ્ધિ પ્રાપ્ત થાય. ॥ ૨૩ ॥ પ્રશ્ન વખતે, દ્વિસ્વભાવ રાશીનું લગ્ન હોય અને દ્વિસ્વભાવ રાશીમાં સૂર્ય ચંદ્ર બંને હોય તો અશુભ શુકન, હાનિ અને ઉદ્વેગની પ્રાપ્તિ થાય. ॥ ૨૪ ॥ પ્રશ્ન વખતે, દ્વિસ્વભાવ રાશીનું લગ્ન હોય અને સ્થિર રાશીમાં ચંદ્ર-સૂર્ય બંને હોય તો પૃથ્વીનો લાભ શિઘ્ર કરે અને સર્વ સુખની પ્રાપ્તિ થાય. ॥ ૨૫ ॥

श्री हस्त रेखा शास्त्र.



૧ અંગુઠે અને આંગળીઓના પર્વોમાં આવેલા શંખ કે ચક્રોનું ફલઃ- પુરૂષના અંગુઠા કે આંગળીના ટેરવામાં કુંડાળાના આકારનાં ચક્રો અથવા શંખના આકાર જેવાં ચિન્હો

હોય છે. તે જો જમણી તરફના હાથમાં હોય તો સુખકારી અને ડાબા હાથમાં હોય તો દુઃખકારી નિવડવા સંભવ છે. પાંચે આંગળીઓમાં ચક્ર હોય તો માણસ દૈવી સત્તાવાળો થાય છે. જેના અંગુઠામાં ચક્ર કે પુરેપુરો યવ જોવામાં આવે તે માણસ વેપારીઓ પાસેથી અથવા પિતા કે દાદા વિગેરેનું ધન મેળવે છે. તર્જની આંગળીમાં ચક્ર હોય તો મિત્રની મદદથી ધન મેળવે છે પણ ચક્ર જો અવળું પડયું હોય તો લાભના ઠેકાણે તેનાથી નુકશાની થાય છે. અનામિકામાં સવળું ચક્ર હોય તો માણસ પૈસાવાળો થાય છે પણ અવળું હોય તો દરીદ્રી અને ધન ગુમાવનાર તથા અવળાં કામ કરવા હુશિયાર થાય છે. કનિષ્ટીકામાં ચક્ર હોય તો વેપારથી ધન પેદા કરે છે. ૧-૨-૩-૪ એ ક્રમથી ચક્ર વધારે સુખ કરનારાં છે. અંગુઠામાં ચક્ર હોય તો રાજા થાય છે, પાંચ ચક્રોવાળો માણસનો ઉપરી અને ચાર ચક્રોવાળો દુઃખી થાય છે.

૨ **અંગુઠા કે આંગળીઓમાં આવેલા યવનું ફળઃ—** અંગુઠાના વચમાં યવ હોય તો તે માણસ વિદ્યાથી મ્હોટી કીર્તિવાળો થાય છે. એ ચક્ર જમણા અંગુઠામાં હોય તો શુકલ પક્ષમાં અને ડાબા અંગુઠામાં હોય તો કૃષ્ણપક્ષમાં જન્મ હોવા સંભવ છે. બન્ને અંગુઠામાં યવ હોય અથવા ન હોય તો પાંચમથી અગીઆરશની વચ્ચે જન્મ હોય છે. તેમજ જમણા હાથમાં હોય તો દિવસે, ડાબા હાથમાં હોય તો રાત્રીએ અને બન્ને હાથમાં હોય તો સંધ્યા સમયે જન્મ હોવો જોઇએ.

૩. **મણીબંધ** ઠેકાણે યવની એક માળા હોય તો પૈસાદાર, બે હોય તો પ્રધાન અને ત્રણ હોય તો રાજા થાય છે.

૪. **હથેળીમાં કે અંગમાં રહેલા તલનું ફલઃ—** હાથના તળીયા (હથેળી) માં જો તલ હોય તો તે ધનવાન રહે, અને જો પગના તળીયામાં હોય તો રાજ્ય વાહનવાળો થાય છે. લિંગ પર ડાબી બાજુ તલ હોય તો સુખી અને જમણી

બાજુ હોય તો બહુ કામી થાય છે. છાતી વિગેરે સ્થળે તલ હોય તો કપડાં, પૈસા કે મિત્રોના લાભવાળો થાય છે.

૫ હથેળીમાં ઘણી અથવા થોડી રેખાઓનું ફલઃ— હાથના તળીયામાં ઘણી રેખાઓ હોય અથવા તદ્દન ઓછી હોય તો દરિદ્રિ થાય છે પણ ચાર, પાંચ અથવા સાધારણ રેખાઓ હોય તો સુખી થાય છે. ઘણી રેખાવાળો નિર્બળ અને રોગી હોય છે.

૬ હથેળીની ત્રણ રેખાઓનું ફલઃ—કાંડા (મણીબંધ) થી પિતાની રેખા (ગંગા) કરભ (હાથની ટચલી આંગલી તરફનાં પડખા) થકી સુખ, આબરૂ તથા માતાની રેખા (સરસ્વતી) અને આયુષ્ય રેખા (સૌભાગ્ય, વૈભવ, આબરૂ) એ ત્રણ રેખાઓ અંગુઠા અને તર્જની વચ્ચે મળે છે તેને ત્રિવેણી કહે છે. તે જેટલી ચોખી હોય તેટલી સરસ, મળતી હોય તો તે સંબંધે સુખ અને ન મળતી હોય તો દુઃખ.

(૧) પિતાની રેખા સરખી અને પુરી હોય તો પિતાનું સુખ મળે.

(૨) માતાની રેખા પુરી અને સરખી હોય તો સુખ, અન્યથા દુઃખ. સરખી હોય તો ઘર, મંદિર વિગેરે કરી શકે છે.

(૩) મણીબંધથી સીધી લાંબી જનાર રેખા ઉર્દ્વ રેખા કહેવાય છે. તે જો અંગુઠાને સ્પર્શ કરતી હોય તો રાજ્ય, સુખ અને લાભ આપે છે. તર્જનીને સ્પર્શ કરે તો રાજા અથવા રાજા જેવો, વચલી આંગળીને સ્પર્શ કરે તો આચાર્ય, ધર્મના ઉપદેશક, ગુરૂ, પ્રસિદ્ધ રાજા અથવા સેનાધિપતિ થાય છે. અનામીકાને સ્પર્શ કરે તો ઘણાઓનું પોષણ કરનાર પૈસાદાર થાય છે. ટચલી આંગળીને સ્પર્શ કરે તો સારી આબરૂવાળો, લાયક માણસ થાય છે. એ રેખા બ્રાહ્મણને હોય તો વેદ, વેદાંગ જાણનાર થાય; ક્ષત્રીને હોય તો રાજ્ય વૃદ્ધિ અથવા વૈભવ આપે, વૈશ્યને હોય તો પૈસો આપે અને શુદ્રને હોય તો સુખ આપે.

૭ કનિષ્ઠીકા (ટચલી) ના નીચેના અને કરભના ઉપરના ભાગના વચ્ચેથી તર્જની અને અંગુઠા એ બેની વચ્ચે જનારી રેખા તે આયુષ્ય રેખાનું ફલઃ—આયુષ્ય રેખા જો તર્જનીના આરંભ પર્વના છેલ્લા ભાગને સ્પર્શ કરતી હોય તો આયુષ્ય ૧૦૦નું કહે છે. કેટલાક આચાર્યો તેને ૮૦ વર્ષનું ગણે છે. અને બબે આંગળીઓના બરોબર વચ્ચેથી આયુષ્ય રેખાને સ્પર્શ કરતી રેખાના અંત સુધી ૨૦ અથવા શુદ્ધ આહાર નિરોગીનું ૨૫ વર્ષનું આયુષ્ય માનેલ છે, તેથી પહેલા ભાગનાં ૨૦ કે ૨૫, બીજા ભાગનાં ૪૦ કે ૫૦, ત્રીજા ભાગનાં ૬૦ કે ૭૫ અને ચોથા ભાગનાં ૮૦ કે ૧૦૦ વર્ષ ગણવાં. તેમાં જ્યાં જ્યાં તે રેખા છેદાતી હોય ત્યાં ત્યાં તેને ઘાત કરનારી અને જ્યાં જ્યાં ઝીણી પાંખડીઓ ફેડતી હોય ત્યાં ત્યાં બીમારી સૂચવનારી રેખા મનાય છે.

જે માણસનું આયુષ્ય ૧૦૦ કે ૮૦ નું હોય તેના કપાળમાં ત્રણ રેખાઓ હોય છે અને જો ચાર રેખાઓ હોય તો ૭૫ કે ૯૫ વર્ષનું આયુષ્ય જાણવું. પાંચ રેખાથી પણ ૧૦૦ વર્ષનું આયુષ્ય સમજવું.

૮ ટચલી આંગળીના પહેલા પર્વ અને આયુષ્ય રેખાના આરંભ વચ્ચેની સ્ત્રી રેખાનું ફલઃ—ટચલીના પહેલા પર્વ અને આયુષ્ય રેખાનાં આરંભ વચ્ચે જેટલી રેખાઓ પડી હોય તેટલી સ્ત્રીઓ થાય છે. આ પ્રમાણે રેખા સ્ત્રીના ડાબા હાથમાં જોવી તો તેથી પતિ માટે જાણી શકાય. રેખા તુટેલી હોય તો એક સ્ત્રી ગુજરી ગયા પછી બીજી થાય અને વાંકી હોય તો સ્ત્રીના મેળાપમાં સંતોષ નહી, કજીઆ ટંટા થયા કરે.

૯ મણીબંધને સ્પર્શ કરતી પિતા રેખાના આરંભથી અંગુઠાના મૂળ સુધી ગએલી પુત્ર પુત્રીની રેખાઓનું ફલઃ—મણીબંધને સ્પર્શ કરતી (પિતૃ) રેખાનાં આરંભથી અંગુઠાના મૂળ (પ્રથમ પર્વ) સુધી જેટલી જાડી લાંબી રેખાઓ હોય

તેટલા પુત્ર અને ઝીણી ટુંકી રેખાઓ હોય તેટલી છોકરીઓ થાય છે. કોઈક એજ રેખાઓને ભાઇ બ્હેનની રેખા માને છે પણ તે સંભવતી નથી. જો એ રેખાઓ આખી હોય તો જીવે, અને તુટેલી હોય તેટલાં મરે છે.

૧૦ મણીબંધ અને આયુષ્ય રેખાના આરંભની વચ્ચે કરભમાં **ભાઈ બેનની રેખાનું ફલઃ**—મણીબંધથી આયુષ્ય રેખારંભ સુધીમાં માંસલ (કરભ)માં ભાઇ બ્હેનની રેખાઓ હોય છે તે જેટલી લાંબી હોય તેટલા ભાઇ અને ટૂંકી હોય તેટલી બ્હેનો તેમ જ ખંડીત હોય તેટલા ભાઇ બ્હેનોનું ખંડન કહેવું. એ રેખાઓમાં અંગુઠા તરફ સીધી રેખા જતી હોય તેટલા સંપ અને હીત કરનારા હોય છે.

૧૧ વચલી આંગલીના મૂળમાં રહેલી રેખા અધર્મ રેખા કહેવાય છે.

૧૨ અનામિકાના મૂળમાંથી આયુષ્ય રેખા તરફ જતી રેખા વિદ્યા રેખા કહેવાય છે.

૧૩ કનિષ્ટીકાના મૂળથી જતી રેખા તે ભાગ્ય રેખા કહેવાય છે.

૧૪ કનિષ્ઠીકા અને અનામિકાની વચ્ચે જતી રેખા તે ધર્મ રેખા રહેવાય છે. એ રેખા જેટલી લાંબી જાડી, અને સરળ હોય તેટલું ઉત્તમ ફળ આપે છે.

૧૫ મણીબંધથી ઉર્ધ્વ રેખા તરફ હથેળીના આરંભમાં માછલી જેવી રેખાને મત્સ્ય રેખા કહે છે તે જેને હોય તે ધનવાન થાય છે. પોતાના પરાક્રમે પૈસો મેળવે છે.

૧૬ કરભથી આગળ હથેળીના માંસલ ભાગમાં ઉર્ધ્વ રેખા તરફ જતી રેખા તે શત્રુ રેખા કહેવાય. તે સરલ, લાંબી અને ચોખી હોય તો શત્રુ વધારે થાય, અને નબળી, ટૂંકી હોય તો શત્રુઓ જોર વિનાના, અશક્ત હોય કે જે ફાવી શકે નહીં.

૧૭ કરભની આગળ હથેળીના માંસલ ભાગમાં ઉર્ધ્વ રેખા

અથવા ભંડાર તરફ જતી રેખા વિદ્યા રેખા કહેવાય છે તે જો સરળ અને લાંબી ગઇ હોય તો સારો વિદ્વાન થાય.

૧૮ હાથમાં ત્રિશુળ જેવી રેખા હોય તો ભીખ માગી ખાનાર થાય.

૧૯ ગૌત્ર રેખા અને ધન રેખાની વચ્ચે ભંડાર રેખા હોય છે તે ત્રિકોણુ જેવી બરાબર બાંધેલી જેટલી મોટી હોય તેટલો ભંડાર વધારે સમજવો.

૨૦ અંગુઠાના મૂળમાંથી નીકળી પિતૃ રેખા તરફ જતી રેખા તે યાત્રા રેખા કહેવાય છે. તે જેટલી રેખા તેટલી યાત્રાઓ થાય. જો તે લાંબી હોય તો દૂરની યાત્રાઓ અને સરળ, શોભતી હોય તો સુખની અને વાંકી ને છેદેલી હોય તો દુઃખની થાય છે.

૨૧ તર્જની નીચે ત્રીવેણી (પિતાની રેખા તે ગંગા, માતાની રેખા તે સરસ્વતી અને આયુષ્ય રેખા તે યમુના, એ ત્રણેનું સંગમ મેળાપ) તેમાં ઢળતી બે રેખાઓ તે માતાપીતાના આયુષ્યની છે તેમાં પહેલી મ્હોટી હોય તો પીતા પહેલા જાય અને બીજી લાંબી હોય તો માતા વહેલી જાય.

૨૨ આંગળીઓના પર્વોમાં રાશીઓ છે તેમાંથી પોતાની જન્મની અથવા ચાલુ રાશી જે પર્વ પર આવે ત્યાંથી ગ્રહો લખ્યા છે. તે પર નજર કરતાં રાશી પર કયો ગ્રહ આવે છે અને બીજા ગ્રહો તેથી કેટલામા આવે છે તેથી ફળ કહેવું. વળી જે ગ્રહ કે રાશીનો ભાગ પુષ્ટ (ઉન્નત) અને સુંદર હોય તે ગ્રહ તેને પોતાના ગુણો આપે છે વિગેરે જાણી શકાય છે.

૨૩ હાથમાં નંદાવર્ત (સાથીઓ) હોય તે માણસ પૂજા પાત્ર, માનવાળો અને શાંત થાય છે.

૨૪ મણિબંધ ચતુષ્ય (હાથના કાંડા પાસે ચાર રેખા) જેને હોય તે માણસે પિતા તરફથી યા વડીલો તરફથી સોનાનાં કડાં કે આભુષણો પહેરેલાં હોય અર્થાત ગર્ભ શ્રીમંત હોય. જો

તે ત્રણ રેખાઓ હોય તો તે પોતે પૈસો કમાય અને ધનવાન થાય. જો બે રેખા હોય તો કમાય અને સુખ ભોગવે પણ ધન ભેગું કરી શકે નહીં. જો મણીબંધમાં એક કે વધારે ઝીણા યવની હાર હોય તો તે માણુસ શાહ (ફકીર પણ મ્હોટા રાજ્ય સુખવાળો) અથવા રાજાજ થાય એ પ્રમાણે જો કે રેખાઓનું ફળ છે, પણ તેમાં ઝીણી જાડી રેખાઓમાં એક રેખા સુખ આપનારી અને બીજી રેખા સુખ તોડનારી હોય તે સંબંધી આ સામુદ્રિક શાસ્ત્રમાં બહુ જોવાનું છે; એ માટે હાથનાં ચિત્રો અને રેખાઓ અનેક થઇ શકે છે. આ બાબત વિસ્તારથી શ્રી સામુદ્રિક કલ્પદ્રુમ નામના ગ્રંથથી જાણી શકાશે.

શ્રી સ્વરમંડળ.*

સાત સ્વર ઉપરથી માણસનું નશીબ જાણવાની રીત.

સાત સ્વરનાં નામઃ—સડજ, રીષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, અને નિષાધ; એ સાત.

સાત સ્વરનાં સ્થાનઃ—સડજ સ્વરનું સ્થાન જીભનો અગ્રભાગ, રીષભ સ્વરનું સ્થાન હૃદય, ગાંધાર સ્વરનું સ્થાન કંઠાગ્ર, મધ્યમ સ્વરનું સ્થાન જીભનો મધ્ય ભાગ, પંચમ સ્વરનું સ્થાન નાસીકા, ધૈવત સ્વરનું સ્થાન દાંત તથા હોઠથી બોલાય તે અને નિષાધ સ્વર કપાળેથી બોલાય.

એ સાત સ્વર કયા કયા જીવ બોલે છે તે કહે છેઃ—સડજ સ્વરે મોર બોલે છે, રીષભ સ્વરે કુકડો બોલે છે, ગાંધાર સ્વરે હંસ બોલે છે, મધ્યમ સ્વરે બોકડો બોલે છે, પંચમ સ્વરે કોયલ બોલે છે, ધૈવત સ્વરે સારસ તથા ક્રોંચપક્ષી બોલે છે, અને નિષાધ સ્વરે હાથી બોલે છે.

---

* શ્રી ઠાણાંગ સૂત્ર તથા અનુયોગદ્વાર સૂત્રને આધારે.

એ સાત સ્વર અજીવ એટલે કયા કયા વાજીંત્રમાંથી નીકળે છે તે કહે છેઃ—સડજ સ્વર મૃદંગમાંથી નીકળે છે, રીષભ સ્વર ગૌમુખી વાજીંત્રમાંથી નીકળે છે, ગાંધાર સ્વર શંખમાંથી નીકળે છે, મધ્યમ સ્વર ઝાલર (ઘંટા) માંથી નીકળે છે, પંચમ સ્વર ચાર પગવાળી ગાયના આકારે ગોહીયા વાજીંત્રમાંથી તથા દુર્દળી નામે વાજીંત્રમાંથી નીકળે છે, ધૈવત સ્વર ઢોલમાંથી નીકળે છે, અને નિષાધ સ્વર મહા ભેરીમાંથી નીકળે છે.

એ સાત સ્વરનાં લક્ષણ કહે છેઃ–૧. જે માણસ સડજ સ્વરે બોલતો હોય તે લક્ષ્મીવાન જાણવો, લક્ષ્મી તેની પાસેથી ખસે નહિ તેમ જ ગાય, મિત્ર, પુત્ર વિગેરે પામે, અને સ્ત્રીને વલ્લભ હોય. ૨. રીષભ સ્વરે બોલનાર માણસ રાજાનો સેનાધિપતિ થાય, ધન પામે, વસ્ત્ર, ગંધ અલંકાર અને સારાં આસન પામે. ૩. ગાંધાર સ્વરે બોલનાર માણસ આજીવીકા કરવાવાળો, પ્રજ્ઞાવંત, કવિ, ધનુર્વિદ્યા શાસ્ત્રનો પારંગામિ થાય. ૪. મધ્યમ સ્વરે બોલનાર સુખી, ખાય પીએ, સુખથી આજીવિકા ચલાવે. ૫. પંચમ સ્વરે બોલનાર પુરૂષ પૃથ્વીપતિ (રાજા) થાય, સંગ્રામ કરવામાં શૂરવીર, અનેક માણુસોનો નાયક અને ઠાકોર હોય. ૬. ધૈવત સ્વરે બોલનાર માણસને કલેશ વ્હાલો હોય, કલેશી હોય, જીવહિંસા કરનાર, આહેડી અને શીકાર કરનારો હોય. ૭. નિષાધ સ્વરે બોલનાર ચંડાળ, પાપી, ઘાતનો કરણહાર અને ચોરી કરનાર જાણવો.

હવે સાત સ્વર ક્યાંથી ઉપજે છે અથવા ગાવાની કઈ યોનિ છે, કેટલા સમયનો શ્વાસોશ્વાસ (એટલે કેટલો કાળ) તથા કેટલા ગીતના આગાર થાય તે કહે છેઃ–સાત સ્વર નાભીથી ઉપજે છે. ગીત, રૂદન, રોવાની યોની, ગીત અને રોવું એ એક જાતિ છે. શ્લોક તથા પદ બોલ્યાનો કેટલો સમય અને ઉશ્વાસ તથા ગીતના ત્રણ આગાર કહે છે. પ્રથમ મૃદુ એટલે કોમળ, ધીરજથી અને મધ્યમ મોટે અવાજે બોલે, ઉતરતાં છેડે હલકી ધ્વની એ

ત્રણે આગાર, ગીતના છ દોષ, આઠ ગુણ છે, ત્રણ વ્રત પદના પ્રકાર જાણવા.

બ્હીતો બ્હીતો ગાય, ઉતાવળો ઉતાવળો ગાય, ઝીણું ઝીણું ગાય, ગાતાં તાલ સાચવે નહિ, કાગડાના સ્વરે આકરૂં ગાય, નાકમાં બોલીને ગાય; એ છ દોષ ગીતના કહ્યા છે.

હવે આઠ ગુણ કહે છેઃ—પૂર્ણ કળા સહિત ગાય, રાગમાં રક્ત થઇ અલંકિત ગાય, અન્ય સ્વર વિશેષે ગાય, સ્પષ્ટ સમજાય તેવું ગાય, બેસ્વરે (માઠા સ્વરે) ન ગાય, મીઠી કોકીલ વાણીએ ગાય, છાતી, કંઠ, મસ્તક એ ત્રણથી શુદ્ધ રીતે ગાય, ગાતાં આકરો ન થઇ જાય, સુકુમાળપણે ગાય, એ આઠ ગાવાના ગુણ કહ્યા.

સરખા અક્ષર તે સમવ્રત તે પહેલું પદ અને ત્રીજું પદ સરખું. બીજું પદ અને ચોથું પદ સરખું.

ગાવાની રીત પ્રાયઃ સ્ત્રી જાતિને વધારે હોય છે. કેવી સ્ત્રી મધુરૂં ગાય, કેવી સ્ત્રી લુખા સ્વરથી ગાય, કેવી સ્ત્રી ચતુરપણે ડહાપણથી ગાય, કેવી સ્ત્રી વિલંબથી આંચકા ખાઇને ગાય, કેવી સ્ત્રી ઉતાવળું ઉતાવળું ગાય, કેવી સ્ત્રી માઠા સ્વરથી ગાય, તે કહે છેઃ—

સોળ વર્ષની સ્ત્રી મીઠું ગાય, કાળા રંગની સ્ત્રી લુખા સ્વરથી ગાય, ગોરી સ્ત્રી ચતુરાઇથી ગાય, કાંણી સ્ત્રી વિલંબથી ગાય, આંધળી સ્ત્રી ઉતાવળું ગાય, પીંગલા (કપીલા) સ્ત્રી માઠા સ્વરે ગાય.

આ બાબત ટુંકામાં જણાવેલ છે, તેમાં ત્રણ ગ્રામ છે, એકવીસ મુર્છના છે, અને ઓગણપચાસ તાન છે. એમ ગાવાની રીતો ઘણી જ છે. વધારે ગુરૂગમથી સમજવું. ઇતિ સ્વર મંડળ.

શ્રી अंग स्फुरण×

મસ્તકનો જમણો ભાગ ફરકે તો રાજ્ય અમલદારી મળે, જમણો હાથ ફરકે તો પ્રિયજનનો મેળાપ થાય, જમણી આંખ ફરકે તો પ્રિય વસ્તુનો સંયોગ થાય અને નીચેનો હોઠ ફરકે તો સ્નેહી જન મળે.

આ અંગ સ્ફુરણ નિમિત્ત બાબતમાં પુરૂષોને માટે જમણું અંગ અને સ્ત્રીઓ માટે ડાબું અંગ સમજવું. પુરૂષોને માટે ડાબા અંગની કહેવામાં આવે ત્યારે સ્ત્રીઓ માટે જમણા અંગની સમજવી. મતલબ કે પુરૂષોનું જમણું અને સ્ત્રીઓનું ડાબું અંગ શુભદાયક જાણવું.

જમણી તરફનું મસ્તક ફરકે તેમ જ જમણી બાજુનું લલાટ ફરકે તો પણ લાભ થાય, અને અમલદારીનો હોદ્દો મળે. નિમિત્ત જ્ઞાનના ગ્રંથમાં લખ્યું છે કેઃ—" शिरसः स्पन्दने राज्यं स्थानलाभो ललाटके "

જમણો કાન ફરકે તો પોતાનો યશ સાંભળવામાં આવે. તેમ જ ડાબો કાન ફરકે તો હલકી વાતો સાંભળવામાં આવે. જમણી ભ્રકુટી ફરકે તો હર્ષ ઉત્પન્ન થાય અને ડાબી ભ્રુકુટી ફરકે તો મિત્ર વર્ગ સાથે કંકાસ થાય, પરંતુ બન્ને ભ્રુકુટીની વચ્ચે સ્ફુરણ ઉત્પન્ન થાય તો સ્નેહીજનનો મેલાપ થાય. જમણી આંખ ઉપરથી ફરકે તો ધારણા સફળ થાય અથવા નીચેની ફરકે તો મુકરદમો હારી જાય. નિમિત્ત શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

" नेत्रस्याधः स्फुरणमसकृत् सगहे भंगभाहुः
नेत्रस्योर्द्ध दहति सकलं मानुषं दुःख जालं । "

ડાબી આંખ ઉપરથી અથવા નીચેથી કયાંઇથી પણ ફરકે

× શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના આઠમા અધ્યયનમાં કહ્યું છે કેઃ—**जे लक्खणं च सुमिणं च** વિગેરે...ના અર્થ તથા ટીકાને અનુસાર તેમ જ કેટલાક લૌકિક ગ્રંથને આધારે આ હકીકત લખી છે.

તો લાભકારક નથી. ઉલટું નુકશાન જ થાય. જમણી તરફનું કપાળ ફરકે તો એશ-આરામ મળે અને ડાબી બાજુનું ફરકે તો લડાઈ થાય. ઉપરનો હોઠ ફરકે તો રંજ કલેશ પેદા થાય તેમજ નીચેનો ફરકે તો એશઆરામ મળે. ડાઢી ફરકે તો મુકરદમો-કેસ હારી જાય જમણી ગરદન ફરકે તો દોલત ધન મળે, પણ ડાબી ફરકે તો કલેશ પેદા થાય. જમણી ખાંધ ફરકે તો ભાઈનો તથા મિત્રનો મેળાપ થાય અને ડાબી ફરકે તો કલેશ પેદા થાય. જમણી તરફની છાતી ફરકે તો સ્નેહીજનનો મેળાપ થાય, અને ડાબી ફરકે તો ફિકર ચિંતા ઉત્પન્ન થાય. જમણું પડખું ફરકે તો ખુશી તથા ડાબું ફરકે તો કલેશ થાય. પેટ ફરકે તો વાંછિત અર્થની સિદ્ધિ થાય જ્યારે નાભી ફરકે તો હુકમ, હોદ્દા, અમલદારીના હોદ્દાથી ઉતરી જાય. જમણા હાથની હથેળી ફરકે તો લાભ થાય અને ડાબા હાથની ફરકે તો નુકશાન થાય. જમણો પગ ફરકે તો દેશ પરદેશમાં સફર કરે પણ ડાબો પગ જો ફરકે તો નુકસાન થાય.

સ્વપ્ન નિમિત્ત.

આ નિમિત્તની અંદર કેવા સ્વપ્નો જોવાથી કેવો લાભ થાય? અને કેવા સ્વપ્નો જોવાથી કેવું નુકસાન થાય? સ્વપ્નના કેટલા પ્રકાર હોય છે? વિગેરે હકીકતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્વપ્ન શાસ્ત્રમાં મ્હોટાં એટલે સારાં-ઉંચા સ્વપ્નો બ્હોંતેર ૭૨ બતાવવામાં આવ્યા છે તેમાં ત્રીશ સ્વપ્ન મ્હોટાં તેમાં પણ ચૌદ સ્વપ્ન સૌથી મ્હોટાં-શ્રેષ્ઠ ગણવામાં આવ્યાં છે તે તીર્થંકરોની માતાઓ તીર્થંકરના ગર્ભ સમયે અને ચક્રવર્તિની માતાઓ ચક્રવર્તિના ગર્ભ સમયે અર્ધનિંદ્રિત અવસ્થામાં જુવે છે. ૧ હાથી, ૨ વૃષભ, ૩ કેશરી સિંહ, ૪ લક્ષ્મી દેવી, ૫ ફૂલોની માળા, ૬ સૂર્ય, ૭ ચંદ્ર, ૮ ધજા, પતાકા, ૯ કલશ, ૧૦ પદ્મ સરોવર, ૧૧ સમુદ્ર, ૧૨ દેવ વિમાન, ૧૩ રત્ન રાશિ, અને ૧૪ અગ્નિશિખા. આ ચૌદ સ્વપ્નો સૌથી શ્રેષ્ઠ છે. વાસુદેવની માતા ચૌદ સ્વપ્નો પૈકી સાત સ્વપ્ન અને બળદેવની માતા ચાર સ્વપ્ન ગર્ભ સમયે જુવે છે.

સ્વપ્નનાં ફલાફલ:—અનૂભૂત સ્વપ્ન એટલે અનુભવમાં આવેલી વસ્તુઓનું સ્વપ્ન આવે છે. જેમકે કાપડના વેપારીને સ્વપ્નમાં કાપડ વેચવાનું સ્વપ્ન આવે છે. પણ તે ખોટું સમજવું. બીજું સાંભળેલી વાતોનું સ્વપ્ન આવે છે. જેમ કે ભૂત–પ્રેત કે પિશાચાદિકની વાતો કરતાં સુઇ ગયા હોઇએ તો એજ વાતનું સ્વપ્ન આવે તે ખોટું સમજવું. ત્રીજું સ્વપ્ન દષ્ટ એટલે જોયેલી વસ્તુનું સ્વપ્ન, દિવસે કે રાત્રીએ કોઈ વસ્તુ જોવામાં આવી હોય તેનું સ્વપ્ન પુનઃ આવે તો ફળ વિનાનું સમજવું. ચોથું પ્રકૃતિના વિકારથી સ્વપ્ન આવે છે, જેમકે પીત્ત પ્રકૃતિવાળા મનુષ્યને સ્વપ્નમાં જળ, ફૂલ, અનાજ, જવાહિર, લાલ પીળા રંગની ચીજો, બાગ, બગીચા પુવારા જોવામાં આવે છે, પણ પ્રકૃતિના વિકારથી ઉત્પન્ન થયેલા હોવાથી કશું ફળ આપતા નથી. આવીજ રીતે બાદીના પ્રકૃતિવાળા પુરૂષોને પહાડ ઉપર ચઢવાના, વૃક્ષની ટોચ ઉપર બેસવાના, મકાન ઉપરથી ખસી જવાના, હરવા–ફરવા જવાનાં અને આકાશમાં ઉડવાનાં વિગેરે સ્વપ્નો જોવામાં આવે છે પણ પ્રકૃતિના વિકારથી ઉત્પન્ન થયેલાં હોવાથી નિષ્ફળ સમજવાં, એમ કફનું સમજવું. પાંચમું સ્વભાવથી, છઠ્ઠું ચિંતા–ફીકરથી આવેલાં સ્વપ્નો નિષ્ફળ સમજવાં.

કયું સ્વપ્ન ફળદાયક થાય છે તે:—દેવતાની સ્હાય, સતધર્મના પ્રભાવથી અને પાપના ઉદયથી આવેલું સ્વપ્ન સાચું અને ફળદાયક નિવડે છે. મતલબ કે ઉપરનાં છ પ્રકારનાં સ્વપ્નો શુભ યા અશુભ હોય પણ તે નિરર્થક સમજવાં જ્યારે બાકીનાં ત્રણ પ્રકારનાં સ્વપ્ન અવશ્ય ફળદાયી સમજવાં.

કેવું સ્વપ્ન કેટલા ટાઈમમાં ફળ આપે તે:—રાત્રિના પહેલા પ્રહરમાં આવેલું સ્વપ્ન બાર મહીનામાં, બીજા પ્રહરમાં આવેલ સ્વપ્ન છ મહીનામાં, ત્રીજા પ્રહરમાં આવેલ સ્વપ્ન ત્રણ મહીનામાં, અને ચોથા પ્રહરમાં આવેલ સ્વપ્ન એક મહીનામાં ફળદાયી નિવડે છે. બે ઘડી રાત્રિ બાકી છતે જોયેલું સ્વપ્ન

દશ દિવસમાં અને સૂર્યોદયના ટાઇમે આવેલાં સ્વપ્ન બહુજ થોડા ટાઇમમાં શુભાશુભ ફળનો અનુભવ કરાવે છે. દિવસના નિંદ્રાધીન થવાથી આવેલ સ્વપ્ન કશું ફળ આપતું નથી. તેમ છતાં કવચિત્ ફળ પ્રાપ્તિ જોવામાં આવે છે પરન્તુ શાસ્ત્રકારોએ એ વાત પ્રમાણભૂત માની નથી. સમસ્ત રાત્રિપર્યંત એક પછી એક સ્વપ્ન આવે તેને માળા સ્વપ્ન કહે છે. તે માળા સ્વપ્ન શારીરિક આધિ વ્યાધિથી ઉત્પન્ન થયેલાં સ્વપ્ન તથા મળ-મૂત્રાદિની હાજતથી ઉત્પન્ન થયેલાં સ્વપ્ન બધાં નિરર્થક સમજવાં.

સ્વપ્ન આવ્યા પછી શું કરવું તેઃ—ઇષ્ટ, સુંદર સ્વપ્ન જોઇને જાગૃત થયાં પછી પુનઃ સૂવું નહી પણ જાગૃત જ રહી શ્રી જિનેશ્વર પ્રભુના સ્તવનથી શેષ રાત્રિ વ્યતિત કરવી, જેથી પાછળથી આવનાર ખરાબ સ્વપ્નદ્વારા પૂર્વમાં આવેલ ઇષ્ટ સ્વપ્નનો નાશ થતો નથી. એવી જ રીતે કોઇ ખરાબ સ્વપ્ન જોઇને જાગૃત થયા પછી રાત્રી બાકી હોય તો બ્હેતર છે કે પુનઃ સૂઇ જવું પણ એ સ્વપ્ન કોઇ પણ પ્રકારે કોઇને કહેવું નહી, સારાંશ એ જ કે-પાછળ આવેલું સ્વપ્ન પૂર્વગત્ સ્વપ્નના ફળનો વિનાશ કરે છે, એ બાબત ખાસ ધ્યાન રાખવા જેવી છે. જે મનુષ્ય ધર્મમાં પ્રેમવાળો હોય, શુભ જિતેન્દ્રિય હોય, સ્થિર ચિત્તવાળો, અને દયાવાન હોય તેને આવેલું સ્વપ્ન જરૂર ઇષ્ટ ફળને આપનારૂં થાય છે.

શુભ અથવા અશુભ સ્વપ્ન આવ્યા પછી સવારે ઉઠી મહારાજશ્રીના દર્શને જવું અને ત્યાં રાત્રીએ આવેલો સ્વપ્ન વૃત્તાંત મહારાજશ્રી સન્મુખ કહેવો, નિમિતીયાનો યોગ હોય તો તેની પાસે જ જવું અને સઘળો વૃત્તાંત કહેવો.

જે કોઇ માણુસ સ્વપ્નમાં હસ્તિ ઉપર આરૂઢ થઇ સમુદ્રમાં ચાલ્યો જાય તે થોડા જ દિવસમાં હોદ્દો પ્રાપ્ત કરે, અને રાજા બને. જે કોઇ હાથી ઉપર સ્વાર થઇ નદી કીનારે ભાતનું ભોજન કરે તે અલ્પ દિવસોમાં અમલદારી પ્રાપ્ત કરે, રાજા થાય, અને

સ્વપ્નમાં જે માણુસ પોતાના બાહુવતી સમુદ્ર તરી જાય તે પણ થોડા જ સમયમાં રાજા થાય છે.

સ્વપ્નમાં દેવ, ગુરૂ અથવા તીર્થભૂમિનાં દર્શન થવાં લાભદાયક હોઇને ધારણા સફળ થાય છે. યદ્યપિ પૂર્વે જોયલી વસ્તુનું સ્વપ્ન ખોટું મનાય છે. તથાપિ દેવ ગુરૂ ધર્મનું અને પૂર્વે જોયેલી તીર્થ ભૂમિનું સ્મરણ સ્વપ્નમાં થાય એ લાભદાયક છે. કોઇ પણ મનુષ્ય સ્વપ્નમાં ફૂલ-ગજરા ધારણ કરે અથવા તેના ઉપર પુષ્પની વૃષ્ટિ થાય તો જરૂર થોડા દિવસોમાં દૌલત પ્રાપ્ત કરે.

જે કોઇ મનુષ્ય સ્વપ્નમાં પાણીથી ભરેલ, સરોવર, નદી, કુંડ યા સમુદ્ર જુવે તેને થોડા જ દિવસમાં સંપત્તિ સાંપડે છે, પરન્તુ એ સ્વપ્ન પિત્ત પ્રકૃત્તિથી આવેલું ન હોવું જોઇએ. સ્વપ્નમાં આકાશમાં ઉડવું એ લાભદાયક છે. પરન્તુ એ સ્વપ્ન વાયુ પ્રકૃતિથી આવેલું હોય તો તે ફળ આપતું નથી. મતલબ કે પિત્ત પ્રકૃતિથી આવેલાં સ્વપ્નો નિષ્ફળ નિવડે છે.

સ્વપ્નમાં સૂર્યોદયનું જોવું, ધૂમાડા વગરનો બળતો અગ્નિ જોવો, ગ્રહ નક્ષત્રનું જોવું, જિનમંદિરના શિખર ઉપર અથવા રાજમહેલ ઉપર આરૂઢ થયેલ જોવું લાભકારક છે. તેથી મનમાં ધારેલી ધારણા ફળીભૂત થાય છે તેમ જ સ્વપ્નમાં પોતાના શરીર ઉપર ચંદનનો લેપ કરવો, જવાહીરનાં ઘરેણાં પહેરવાં અથવા શ્રૃંગાર સજેલો જોવો, એ લાભકારી છે. વળી સ્વપ્નમાં શણગારેલા હાથી, ઘોડા દૃષ્ટિએ પડવા, અથવા બીજી કોઇ પણ ચીજ શણગારેલી નજર પડે તો તે શુભ છે, અને તેથી ફાયદો છે. સફેદ રંગનો બળદ જોવામાં આવે તો ઘણું જ શ્રેષ્ઠ, તેથી કીર્તિનો ફેલાવો થાય છે. સ્વપ્નમાં જેના ઘોડા, રથ, ગાડી, આસન યા વસ્ત્ર ચોર ઉઠાવી જાય તેનું માન ભંગ થાય છે. જે મનુષ્ય કેસરીસિંહ, વ્યાઘ્ર, હાથી યા ઘોડા જોડેલા રથ પર આરૂઢ થયેલ જુએ તેને થોડા દિવસમાં ઓદ્દો પ્રાપ્ત થાય, અને બીજા લાભો મળે. જે

મનુષ્ય ઘોડા પર સવાર થઇ સફર કરે તેની ધારણા થોડા દિવસમાં પૂર્ણ થાય, સ્વપ્નમાં જે મનુષ્ય મોતીઓનો ભરેલો થાળ જોવે તેને લાભ થાય, અને તે ધર્મની ઉન્નતિ કરે એમ સમજવું. સ્વપ્નમાં જે મનુષ્યને છત્ર, ચામર નજરે પડે તેને રાજ્ય તરફથી ફાયદો થાય અને જ્ઞાતિમાં ઈજ્જત વધે.

કોઇ માંદો માણુસ ચંદ્ર–સૂર્યનું સ્વપ્ન નિહાળે તો શુભ સમજવું. કારણ કે તેથી થોડા જ દીવસમાં માંદગી નાશ પામે છે. સ્વપ્નમાં પોતાને ઘેર ઉત્સવ થયેલો જુવે તો હર્ષદાયક લાભ થાય. સ્વપ્નમાં પોતાના ઉપર વીજળી પડેલી જુવે તો કેદ મળે, વીણા અને આરીસાનું દર્શન શુભ હોઇને થોડા દિવસમાં લાભ થાય. જેને સ્વપ્નમાં વીણાનું ઇનામ મળે તેને સ્ત્રી તરફથી ફાયદો થાય, અને જેને ધજા, પતાકા ઇનામમાં મળે તેની ઇજ્જત થોડા જ દિવસમાં વધવા માંડે.

કોઈ માણુસ સ્વપ્નમાં માટીના બનાવેલા હાથી ઉપર આરૂઢ થઇને સમુદ્રમાં પ્રવેશ કરે અને ડુબે નહી તો થોડા દિવસમાં રાજા બને છે. જો સ્વપ્નમાં સોના–ચાંદીના થાળમાં ખીરનું ભોજન કરે તો ખુશ ખબર મળે. સ્વપ્નમાં પાકેલું ફળ જોવું સારૂં છે અને તેથી ફાયદો થાય છે. સ્વપ્નમાં વહાણ ઉપર ચડીને સમુદ્રમાં સફર કરે તો દોલત પ્રાપ્ત થાય અને માંદગીમાં એ સ્વપ્ન જુવે તો માંદગી દુર થઇ આરોગ્ય પ્રાપ્ત થાય.

સ્વપ્નમાં નાચ–રંગનું નીહાળવું જો કે સારૂં છે, કારણ કે તેથી હર્ષનો લાભ પ્રાપ્ત થાય છે, પરન્તુ ખુદ પોતે નાચ કરવો એ સારૂં નથી. સ્વપ્નમાં ગાયન ગાવાં એ સારૂં નથી, ધર્મ સ્થાનકે ભજન ગાવાં એ સારૂં નથી, અને સ્વપ્નમાં કાળા રંગની વસ્તુઓનું દર્શન સારૂં નથી. પરન્તુ હાથી, ઘોડા, ગાય અથવા દેવ–દેવી શ્યામ વર્ણનાં નિહાળે તે શુભ સમજવું. સ્વપ્નમાં સફેદ રંગની વસ્તુઓનું દર્શન લાભદાયક પરંતુ કપાસ તથા મીઠાનાં દર્શન શ્રેયસ્કર નથી.

સ્વપ્નમાં જે મનુષ્યની સ્ત્રીનું ચોર હરણ કરી જાય તેને ગેરલાભ પ્રાપ્ત થાય. જેના પલંગ અથવા પગરખાં ચોર લઈ જાય તેના ઉપર કષ્ટ આવી પડે છે. સ્વપ્નમાં પોતે પોતાનું મરણ જુવે એ જો કે જાહેરની દૃષ્ટિએ ઠીક નહિ ગણાય. પરન્તુ નિમિત્ત-શાસ્ત્ર કહે છે તેમ તેનું ફળ શુભ છે; જેથી સુખ પ્રાપ્ત થાય છે. સ્વપ્નમાં ઉંટ, બકરાં, રાસભ ઉપર સ્વાર થવું સારૂં નથી. તેથી દીલગીરી પ્રાપ્ત થાય છે. સ્વપ્નમાં ચંદન, કપુર, નાગરવેલનાં પાન તથા સફેત ફૂલોનું નિહાળવું લાભદાયક છે. પરંતુ કણેર અથવા કેશુ—ખાખરાના ઝાડ ઉપર ચઢવું લાભદાયક નથી કારણ કે તેથી કલેશ પેદા થાય છે.

સ્વપ્નમાં જે મનુષ્ય ગળાપર્યંત કીચડમાં ખુંચી જાય તેનું મરણ નજીકમાં જ સમજવું પરંતુ જે મનુષ્ય પોતાના હાથ પગ લાંબા વધી ગયેલા નિહાળે તેની આબરૂ વધે છે. સ્વપ્નમાં કોઈ ગામ નગર મકાન અથવા પહાડ—અગ્નિથી બળી રહ્યો અને તેના મધ્ય ભાગમાં અથવા શિખર ઉપર કોઈ માણસ સહીસલામત ઉભો રહ્યો હોય. એવું સ્વપ્ન નિહાળનારને થોડા જ દિવસમાં હર્ષોત્પાદક લાભ થાય છે. સ્વપ્નમાં જે મનુષ્યનું સોનું—ચાંદી જવાહિર યા હથીયાર ચોર લઈ જાય તેની ઈજ્જત—આબરૂમાં ધક્કો પહોંચે છે.

સ્વપ્નમાં જે મનુષ્યને આભુષણ, કપડાં, મકાન, યા આસન ઈનામમાં મળે તે શુભ છે. કારણ કે તેથી હર્ષ પ્રાપ્ત થાય છે. સ્વપ્નામાં શણગારેલું મકાન તથા હાથી ઘોડા નિહાળવા એ શુભ દિવસનું ચિન્હ છે. સ્વપ્નમાં જેને કાળાં કપડાં પહેરેલી, કાળા વર્ણની સ્ત્રી દક્ષિણ દીશા તરફ ખેંચીને લઈ જાય તેના ઉપર મરણની આફત આવે છે.

સ્વપ્નમાં જે મનુષ્યના મસ્તક ઉપર ખજુરનું વૃક્ષ ઉગેલું જોવામાં આવે તેનાઉપર થોડાજ દિસોમાં મરણાંત કષ્ટ પ્રાપ્ત થાય છે. સ્વપ્નમાં જે મનુષ્ય કાળાં કપડાં પહેરી કાળા ઘોડા પર સ્વાર

થઇ દક્ષિણ દીશામાં ગમન કરે તેને ખરાબ દિવસો ભોગવવાનો સમય આવે છે. સ્વપ્નમાં જે મનુષ્ય કેળાના વૃક્ષ પર ચઢી ગયેલો જોવામાં આવે તો તેને થોડા દિવસોમાં ધનની પ્રાપ્તિ થાય, તેમજ સ્વપ્નમાં જે મનુષ્ય ગરમ કુળકુળતું પાણી પીએ તેને રોગોત્પત્તિ પ્રાપ્ત થાય છે.

સ્વપ્નમાં જે મનુષ્ય સૂર્ય અથવા ચંદ્રમાને પોતાના હસ્તવતી સ્પર્શ કરે તેને હુકમ હોદ્દો અમલદારી પ્રાપ્ત થાય છે. સ્વપ્નમાં ઇનામના બદલામાં મેવા મીઠાઈ મળે તેને હર્ષદાયક ફળ પ્રાપ્તિ થાય, અને માંદગીમાંથી આરોગ્ય પ્રાપ્ત કરે. સ્વપ્નમાં જેને જવાહીરયુક્ત વીંટી ઇનામમાં મળે તેને લાભ થાય અને ગુમ થઈ જાય તો નુકશાન થાય. સ્વપ્નમાં જે મનુષ્ય આકાશમાં તારા ચમકતા ભાળે તેના ઉપર રાજાની મહેરબાની થાય અને ઇનામ પ્રાપ્ત કરે.

સ્વપ્નમાં જે મનુષ્ય મોતીઓનો ભરેલો થાળ બીજાઓને વહેંચી દે તે થોડા દિવસોમાં ધન પેદા કરે અને ધર્મની વૃદ્ધિ કરે. સ્વપ્નમાં જે મનુષ્ય મિશ્રી–સાકરનો ભરેલો થાળ નિહાળે તેને લાભ થાય, તેમજ બાગ–બગીચા કે લીલી વનસ્પતીનાં દર્શન થાય તો હરેક પ્રકારે ફાયદો પ્રાપ્ત કરે. સ્વપ્નમા જેના મસ્તકના વાળ ખરી પડે અને દાંત પડી જાય તેના ઉપર આફત આવે, અને સ્મશાનનાં લાકડા કે ધનુષ્ય ઉપર પોતે પોતાને ચઢેલો જુવે તો મરણાંત કષ્ટ પ્રાપ્ત થાય.

સ્વપ્નમાં પોતાને પકડવા માટે કોઇ મનુષ્ય આવતો નજરે પડે તો રાજ્ય તરફથી દંડ થાય, સ્વપ્નમાં રીંછ, જાનવરનું, દ્રષ્ટિએ પડવું ખરાબ છે, કારણ કે તેથી કષ્ટ પ્રાપ્ત થાય. સ્વપ્નમાં કુતરાઓ ભસતાં ભાળે તો હેરાન થાય. પેટ ઉપર વૃક્ષ ઉગેલું જુવે તો માંદગીનો ભોગ થાય. સ્વપ્નમાં લાંબા શીંગડાવાળું જનાવર જેને નસાડી મુકે અથવા ડુક્કર કે વાંદરો જેને બ્હીવરાવે તેના ઉપર રાજ્યની અકૃપા થાય. વળી સ્વપ્નમાં જેને કાળા

પીળા વર્ણનો મનુષ્ય આવીને ન્હીવરાવે તો તેના ઉપર મરણાંત કષ્ટ આવે.

સ્વપ્નમાં પાણીથી ભરેલા સરોવરમાં બેસીને જે મનુષ્ય ખીરનું ભોજન કરે તે થોડા દિવસોમાં સામ્રાજ્ય પ્રાપ્ત કરે અને રાજા થાય, વળી સ્વપ્નમાં જે મનુષ્ય પોતાના શરીરનાં આંતરડાં વડે કોઇ ગામ અથવા શહેરને વીંટી લે તે અમલદારી પ્રાપ્ત કરે અને રાજા થાય. સ્વપ્નમાં પોતાને કોઇ કેદમાં નાંખે અથવા પકડીને દોરડાના બંધનથી બાંધે તે લાભદાયક છે. સ્વપ્નમાં કોઇ મનુષ્ય એવું જુવે કે મેં તેલથી મારા શરીરને મસળાવ્યું તો તેને ખરાબ દિવસો ભોગવવા પડે.

સ્વપ્નમાં જે મનુષ્ય પોતાની શક્તિથી પહાડને ઉખેડી નાખે તે થોડા દિવસમાં અમલદારી પ્રાપ્ત કરે. જે મનુષ્ય સ્વપ્નમાં ઉંદર, બીલાડી, ઘુંસ અથવા નોલીયા દેખે તે ઇષ્ટ નથી કેમકે તેથી તકલીફ પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય સ્વપ્નમાં પોતાના મસ્તકમાંથી લોહીની ધારા વહેતી નીહાળે તે થોડા જ દિવસોમાં સામ્રાજ્ય પ્રાપ્ત કરી હકુમત ભોગવે. સ્વપ્નમાં જે મનુષ્ય બળતો દીપક જુવે તેની ધારણા પૂર્ણ થાય છે, અને ફળયુક્ત આંબાનું વૃક્ષ જુવે તો લાભ થાય છે.

સ્વપ્નમાં જે મનુષ્ય હજાર પાંખડીવાળા કમળ ઉપર બેસી ખીરનું ભોજન કરે, તે ઓદ્દો પ્રાપ્ત કરી રાજા થાય છે. જે મનુષ્ય ખૂબ પવનના જોરથી આંધી ચડેલી જુવે તો તેના ઉપર થોડા દિવસમાં આફત આવે. જે મનુષ્યના દાંત સ્વપ્નમાં સોનાના બની જાય તે મનુષ્ય એશ-આરામ પ્રાપ્ત કરે. સ્વપ્નમાં ઘઉંનાં તેમ જ સફેદ સરસવનાં દર્શન લાભદાયક છે તેમ જ હાડકાં અથવા રાખનાં દર્શન ખરાબ દિવસોની નીશાની સમજવી. સ્વપ્નમાં દાવાનળ જોવાથી દુઃખ પ્રાપ્ત થાય છે અને મ્હોટાં મ્હોટાં ગામ કે નગરો નજરે પડે તો હર્ષદાયક લાભ પ્રાપ્ત થાય છે.

સ્વપ્નમાં તેલ, કપાસ, રૂઇ અને લોઢાનું નિહાળવું ઇષ્ટ

નથી, તેથી નુકશાન થાય છે. સ્વપ્નમાં પ્રકાશ વગરના સૂર્ય-ચંદ્રનાં દર્શન ઇષ્ટ નથી, કારણ કે તેથી દુઃખ પ્રાપ્ત થાય છે. સ્વપ્નમાં જેના હાથ, પગ, કાન, નાક કપાઇ ગયેલા નજરે પડે તો મરણાન્ત કષ્ટ ઉત્પન્ન થાય. ભુત-પ્રેતની સાથે કોઈ પણ શરાબ પીતું હોય અને તેને મનુષ્ય અથવા કુતરાં ખેંચી રહ્યા હોય એવો દેખાવ જે મનુષ્ય સ્વપ્નમાં નિહાળે તે મરણની નિશાની સમજવી. ક્ષય રોગની માંદગીવાળો મનુષ્ય ઉંટ, ભેંસ, કુતરાં કે ગધેડા ઉપર સવાર થઇ દક્ષિણ દિશા તરફ ચાલ્યો જાય તેનું મરણ નજદીકમાંજ આવેલું સમજવું.

સ્વપ્નમાં મકાન અથવા પહાડ પડી ગયેલો જુવે અથવા મગરમચ્છ પોતાને ભક્ષણ કરી ગયેલો જુવે તો અનિષ્ટ છે, અને તેથી કષ્ટ ઉત્પન્ન થાય છે. સ્વપ્નમાં જેના હાથ, પગમાં બેડી નાખેલી દૃષ્ટિગોચર થાય તે ઇષ્ટ છે અને તેથી ફાયદો થાય છે.

બીમાર માણસ સ્વપ્નમાં પાલખીમાં બેસીને દક્ષિણ દિશા તરફ જાય તો તેના ઉપર મરણાન્ત કષ્ટ પ્રાપ્ત થાય, વળી સ્વપ્નમાં કોઇ માણસ ગાયન કરે તેને રોવું પડે. નાચ કરે તો વધ બંધનનો ભોગ થવું પડે, હસે તો ચિંતા થાય, અને પાઠ કરે તો કષ્ટ પ્રાપ્ત થાય. ભગવતી સૂત્રના ૧૬ માં શતકના છઠ્ઠા ઉદ્દેશામાં ફરમાવ્યું છે કે સ્વપ્નમાં કોઇ પણ માણસને બીજો માણસ પકવ ફળ (હાથમાં) આપે તો થોડા દિવસમાંજ લાભ થાય, અને ધન મળે. સ્વપ્નમાં પોતાનો હાથી ઉપર સવાર થયેલો જુવે તો ધન તેમજ અમલદારી પ્રાપ્ત થાય. સ્વપ્નમાં ઘોડા ઉપર સવાર થઈ સફર કરતો જુવે તો થોડા દિવસમાં લાભ મળે છે. સ્વપ્નમાં કોઇ મનુષ્ય આવીને એમ કહે કે—" તમે અહીંથી ચાલ્યા જાવ " એ ભવિષ્યમાં ખરાબ દિવસોની નીશાની સમજવી. સ્વપ્નમાં જેને દુધ ઝરતુ નજરે પડે તેને જમીનથી અથવા જવાહીરાતથી ફાયદો થાય છે.

સ્વપ્નમાં અરિહંત દેવ, સૂર્ય, ચંદ્ર, દેવવિમાન, સરોવર,

સમુદ્ર, સિંહ, કલ્પવૃક્ષ, કલશ, રાજા, હાથી, વૃષભ કે લક્ષ્મી દેવીનાં જેને દર્શન થાય તે લાભદાયક થાય, થોડા દિવસમાં હકુમત પ્રાપ્ત કરે. તેમજ ભૂત, પિશાચ, ગાંધર્વ, રાક્ષસ, ચાંડાલ, સ્મશાન, કુવો, હાડકાં, કદ્રુપ સ્ત્રી, ચામડું, લોહી, પત્થર, કાંટાવાળાં વૃક્ષ, અંધકાર, લુંલા-લંગડા, વામન, મ્હોટો વાયુ અને ખુબ આકરો તડકો જે મનુષ્ય સ્વપ્નમાં જુવે તો તેને ખરાબ દિવસો ભોગવવાનો વખત આવે.

જે મનુષ્ય પોતાને સ્વપ્નમાં હંસ ઉપર સવાર થયેલો જુવે તેની આબરૂ વધે. સિંહ ઉપર સવાર થયેલો જુવે તેને ઈનામ મળે, દોસ્તનો મેળાપ થયેલો દેખાય તો લાભ થાય, કપડાં ધોતો નિહાળે તો દેવાથી મુક્ત થાય, પોતે પોતાને હાથ પગ ધોતો જુવે તો એશ આરામ પ્રાપ્ત કરે. અને માત્ર પગજ ધોતો ભાળે તો આબરૂ વધે. સ્વપ્નમાં જે મનુષ્ય પોતાને જમણા હાથ ઉપર સર્પ કરડી ગયેલો જુવે તો દોલત પ્રાપ્ત થાય, તેમજ સફેદ વર્ણનો સર્પ જુવે તો લાભ થાય છે.

સ્વપ્નમાં જે મનુષ્ય કુવો ઉલ્લંઘી જાય તેને અચાનક ધન પ્રાપ્તિ થાય, પોતે પોતાને કડવું તેલ પીતો જુવે તો મરણાન્ત કષ્ટ પ્રાપ્ત થાય, તેમજ અગ્નિ-અંગારા, પત્થર, ધૂળ, કે લોહીના વરસાદનું જોવું થાય એ ખરાબ દિવસોની નીશાની છે.

સ્વપ્નમાં વાંદર, શિયાળ કે કુતરો જો મનુષ્યના બીછાના ઉપર આવીને બેસે તો જાણવું કે માંદગી પ્રાપ્ત થશે. રાક્ષસ, વેતાલ અથવા ભુત પોતાના બીછાના કે શરીર ઉપર આવીને બેસે તો જાણવું કે મરણાન્ત આફત આવી પહોંચી છે.

અગર સ્વપ્નમાં કોઇ મનુષ્ય પોતાને ઝેર પીતો જુવે તો તેની ઉમ્મર લાંબી છે એમ સમજવું અને જે પોતાને વીણા વગાડતો સ્વપ્નમાં જુવે તો ખુબસુરત સ્ત્રીનો લાભ થાય છે.

સ્વપ્નમાં જે મનુષ્યના મસ્તક ઉપર કાગડો વિષ્ટા કરે તેની આબરૂમાં કલંક લાગે. જે મનુષ્ય પોતે પોતાને સફેદ અથવા

લીલા રંગનાં વસ્ત્રો પહેરેલાં જુવે, અથવા આગથી પોતે પોતાને બળતો ભાળે તો તેને ધન પ્રાપ્તિ થાય છે. સ્વપ્નમાં જે મનુષ્ય શણુગાર સજેલી કુમારી કન્યાને જુવે તો તેને ઉત્તમ સ્ત્રીનો લાભ થાય છે, તેમજ જે મનુષ્ય સ્વપ્નમાં તેજદાર હથીયારો વડે પર્વતને તોડી નાંખે તેને થોડા દિવસમાં ઓદ્દો પ્રાપ્ત થાય અને તે રાજા બને છે.

સ્વપ્નમાં જે મનુષ્ય નાચ કરતો મયુર ભાળે તેના ઉપર રાજાની કૃપા થાય, અને ઇનામમાં જમીન પ્રાપ્ત થાય છે તેમજ જો મનુષ્ય સફેદ કપડાં પહેરેલી સ્ત્રી જુવે તો તેને લાભ થાય છે. સ્વપ્નમાં જેના કેશ અથવા નખ વધી જાય તેની આબરૂ વધે અને ઇલકાબ-ચાંદ પ્રાપ્ત કરે.

ગણીત શાસ્ત્ર.

બે ઘડીની ગમ્મત.

(૧) એક ઘણા માણસોની મંડળીમાંથી આઠ માણસોને દરેકને જૂદી જુદી સંખ્યાના આંકડાઓ ધરાવો. પછી તે દરેક પાસે તેમણે ધારેલા આંકડાને સાતે ગુણાવો. તેમાં અનુક્રમે પહેલા પાસે અગીઆર, બીજા પાસે અઢાર, ત્રીજા પાસે પચીસ ને ચોથા પાસે બત્રીશ. એ પ્રમાણે સંખ્યામાં ઉમેરાવો અને પાંચમાંથી આઠમા સુધીના દરેક જણ પાસે પાંચ-પાંચ ઉમેરાવો. પછી તે આઠે જણને કહેવું કે તમારી થયેલી સંખ્યાને દશથી ગુણો ને ચૌદે ભાગો એ રીતે કરતાં પહેલા ચાર જણ પાસે ૧૨-૧૨ શેષ રહેશે ને બાકીના ચાર જણ પાસે ૮-૮ શેષ રહેશે; એમ નક્કી સમજી રાખી, પછી તે દરેકને પોતાની મરજી પ્રમાણે જુદા જુદા આંકથી ગુણાવો; એટલે પછી તેમણે જાણી રાખેલો જવાબ આપી શકાશે,

દ્રષ્ટાંત :—

	૧૫	૧૬	૨૦	૨૪	૧૨	૧૪	૧૮	૨૫
ગુણવાની સં.	×૭	×૭	×૭	×૭	×૭	×૭	×૭	×૭
	૧૦૫	૧૧૨	૧૪૦	૧૬૮	૮૪	૯૮	૧૨૬	૧૭૫
ઉમેરવાની સં.	+૧૧	+૧૮	+૨૫	+૩૨	+૫	+૫	+૫	+૫
	૧૧૬	૧૩૦	૧૬૫	૨૦૦	૮૯	૧૦૩	૧૩૧	૧૮૦
ગુણવાની સં.	×૧૦	×૧૦	×૧૦	×૧૦	×૧૦	×૧૦	×૧૦	×૧૦
	૧૧૬૦	૧૩૦૦	૧૬૫૦	૨૦૦૦	૮૯૦	૧૦૩૦	૧૩૧૦	૧૮૦૦
ભાગવાની સં.	÷૧૪	÷૧૪	÷૧૪	÷૧૪	÷૧૪	÷૧૪	÷૧૪	÷૧૪
શેષાંક રહેશે તે	૧૨	૧૨	૧૨	૧૨	૮	૮	૮	૮

આ પ્રમાણે જે શેષાંક રહેશે તેને આપણી મરજી પ્રમાણે જુદા જુદા અંક કહી, ગુણાવવા; અને પછી તેમને જવાબ આપવો, એટલે તેમણે ધારેલો જવાબ આવેલો જાણી ખુશી થશે.

(૨) એક મંડળીમાં ગમે તેટલાં માણસો બેઠેલાં હોય, તે દરેકને પોતપોતાના મનમાં મરજી મુજબની સંખ્યા ધારી લેવા કહેવું. તેમણે ધાર્યો પછી, દરેકે ધારેલી સંખ્યાને સાતે ગુણાવવી. અને જે ગુણાકાર થાય તેમાં બે બે ઉમેરવા કહેવું. પછી જે સરવાળો આવે તેને દરેક પાસે વીશે ગુણાવવી, એથી જે ગુણાકાર આવે તેને દરેક પાસે ચૌદે ભંગાવો. તે દરેક ભાગાકાર કરે એટલે જે શેષ રકમ રહે તે દરેક પાસે છાની રખાવો: (એ શેષ સંખ્યા દરેક પાસે બાર-બાર જ રહેશે, એ ચોક્કસ છે.) પછી તે શેષ સંખ્યાને નવે ગુણાવવા: એટલે ગુણાકારનો આંક ૧૦૮ આવશે. તે દરેકને ખાનગીમાં બોલાવી દેખાડવાથી તે ખરો જાણીને ઘણા ખુશી થશે.

(૩) એજ પ્રમાણે ગમે તેટલા માણસોના મંડળને ફરીથી દરેકની મરજીમાં આવે તેટલી જૂદી જૂદી સંખ્યા ધરાવો; પછી તે ધારેલી સંખ્યાને ચારે ગુણાવો. તેનો જે ગુણાકાર આવે તેમાં

દરેક પાસે પાંચ ઉમેરાવો તેથી જે સરવાળો થાય તેને બેથી ગુણી આઠે ભંગાવો; તે ભાગાકાર અંતે દરેક પાસે બે બે શેષ રહેશે, એમ મનમાં સમજી રાખી તે શેષ અંકમાં તમારી જૂદી જૂદી રકમો ધ્યાનપૂર્વક ઉમેરાવો, ને પછી તેમના પાસેનો સરવાળો દરેકને જૂદો જૂદો જણાવો, જેથી તેઓ ખુશી થશે.

(૪) ૩) રૂા. નાં તેતર ૫ આવે છે; ૫) રૂા. નાં કબૂતર ૭ આવે છે; ૭) રૂા. નાં મોર ૯ આવે છે ને ૯) રૂા. ના હંસ ૩ આવે છે. એક માણસ પાસે ૧૦૦) રૂા. છે; તેનાં ૧૦૦ જનાવરો જોઇએ છે; તો કેટલા રૂપિયાનાં કયાં કયાં જાનવર કેટલાં કેટલાં આવશે ? એક માણસ પાસે રૂા. ૧૦૦) છે તેને સો જનાવર લેવા છે. જનાવરોના નામ મોર, હંસ, તેતર અને કબુતર છે. કેવી રીતે સો રૂપીઆના સો જનાવર લઇ શકાય ?

રીતઃ—પહેલા રૂા. ૩ ને ત્રણે; બીજા રૂા. ૫) ને ચારે; ત્રીજા રૂ. ૭) ને પાંચે ને ચોથા રૂા. ૯) ને ચારે ગુણવા.

જવાબઃ—રૂા. ૯ નાં નેતર ૧૫; રૂા. ૨૦ નાં કબૂતર ૨૮
રૂા. ૩૫ નાં મોર ૪૫; રૂા ૩૬ નાં હંસ ૧૨
રૂા. ૧૦૦) નાં જનાવર ૧૦૦)

(૫) **કોઇ પણ જાતનો યંત્ર બનાવવાની રીત**-પ્રથમ ૧૬ ખાનાનો, પાંચ આડી ને પાંચ ઉભી લીટીઓથી એક યંત્ર બનાવરાવો. પછી, તેમાં ૨ જા, ૯ મા, ૧૬ મા, ૭ મા, ૮ મા, તેમ ૧૫ મા, ૧૦ મા, ને ૧ લા ખાનામાં વીશની સંખ્યા ઉપરની જેમે તેટલી સંખ્યા લઇને તેનો ૦॥ ભાગ જે આવે તે પ્રથમ ૨ જા ખાનામાં લખાવી; પછી ઉપર જણાવેલા ખાનાઓમાં અનુક્રમે પ્રથમ લખેલી સંખ્યાથી ૧-૧ સંખ્યા ઓછી કરતા જે આંક આવે તે આંક લખાવવો. એ ખાનાંઓ ભરાઈ ગયા બાદ, ખાલી રહેલાં બાકીનાં ખાનાઓમાં ઉપરથી આડી હારમાં અનુક્રમે ૨, ૭, ૬, ૩, ૮, ૧, ૪ ને ૫ એ પ્રમાણે આંક લખાવતાં, તે યંત્ર પૂરો થશે.

ઉપરની સમજ વીશ ઉપરની બેકી સંખ્યા ધારેલી હોય તેની છે; પણ કદાચ વીશ અંદરની એકી સંખ્યાનો યંત્ર કરાવવો હોય તો, ઉપરની સમજ મુજબ તે ધારેલી એકી રકમને તે ખાનામાં લખાવવી; પછી અનુક્રમે એક એક એથી ઓછી રકમ મુજબ જ ભરાવવી પરંતુ તેમાં ધ્યાનમાં રાખવાનું એટલું જ છે કે, સાત ખાનામાં જે આંક આવે તેટલો જ આંક આઠ ખાનામાં ભરી લેવો. ત્યાર બાદ ઉપર મુજબ અનુક્રમમાં બીજા બાકી રહેલા ખાનામાં ૨–૭–૬–૩–૮–૧ ને ૪ નાં આંક ઉપર મુજબ જ ભરવા ને ચૌદમા ખાનામાં ૫ નો આંક ઉમેરવો; જેથી એ એકી સંખ્યાનો યંત્ર પણ આ પ્રકારે પૂરો થશે.

બેકી યંત્ર

૨	૯	૨	૭
૬	૩	૬	૫
૮	૩	૮	૧
૪	૫	૪	૭

એકી યંત્ર

૩	૯	૨	૭
૬	૩	૬	૬
૮	૪	૮	૧
૪	૫	૫	૭

આ પ્રમાણે ગમે તે પ્રકારના યંત્રો પોતાની બુદ્ધિઅનુસાર ગોઠવી શકાય. ઉપરની હકીકત પર ખાસ લક્ષ આપવું જોઇએ.

(૬) વીંટી ચોરી લીધેલા માણસનું નામ વિગેરે કહેવાની રીતઃ—કોઇ એક મંડળીનાં સઘળાં માણસોને અનુક્રમમાં નંબરવાર બેસાડી, પછી તેમની આગળ એક વીંટી મૂકવી, અને કહેવું કે તમારામાંથી ગમે તે માણસ મને નહીં બતાવતાં આ વીંટી ચોરી લઇ, પોતાના ગમે તે હાથની ગમે તે આંગળીના ગમે તે વેઢ પર પહેરી લ્યો. એમ કહી આપણે મંડળીમાંથી બહાર નિકળી ગમે ત્યાં જઇ ઉભા રહેવું; અને મંડળીમાંના કોઇપણ એક

માણસે તે વીંટી ચોરી લઇ, પહેરી લીધા પછી, આપણને પાછા બોલાવવામાં આવે ત્યારે આવી કહેવું કે તમારામાંથી એકાદ માણસ, જેને વીંટી કોણે લઇ ક્યાં પહેરી છે તેની ખબર હોય તે હું કહું તેટલો હિસાબ કરવા તૈયાર થાઓ. એ પ્રમાણે એક માણસ હિસાબ કરવા તૈયાર થયા પછી, જેટલામા નંબરના માણસ પાસે વીંટી હોય તેનો નંબર મને નહીં બતાવતાં લખો; પછી તે નંબરને બમણો કરો, પછી તેમાં પાંચ ઉમેરો. બાદ તે સરવાળાને પાંચે ગુણો, અને જે ગુણાકાર આવે તેમાં દશ ઉમેરો, અને પછી તેમાં વીંટી જમણા હાથે પહેરી હોય તો બે અને ડાબા હાથે પહેરી હોય તો એક ઉમેરો: પછી તેને દશે ગુણો, ને જે રકમ આવે તેમાં આંગળીનો નંબર ઉમેરો જેમકે, અંગુઠા પાસેની આંગળી હોય તો એક, વચલી આંગળી હોય તો બે, અનામિકા હોય તો ત્રણ ને ટચલી (તર્જનિ) આંગળી હોય તો ચાર એમ ઉમેરવા કહી, જે સરવાળો થાય તેને દશે ગુણાવવા પછી તેથી જે ગુણાકાર આવે તેમાં જેટલામાં વેઢા પર પહેરી હોય તેનો આંક ઉમેરાવો. ઉપર પ્રમાણે હિસાબ કરાવ્યા પછી જે કુલ આંકડો થાય તે પુછી લઇ, તેમાંથી ૩૫૦૦ ની સંખ્યા બાદ કરતાં જે રકમ બાકી રહે તેનો પહેલો આંકડો તે વીંટી લેનારનો નંબર, બીજો આંકડો તે હાથનો નંબર, ત્રીજો આંકડો તે આંગળીનો ને ચોથો આંકડો તે વેઢાનો નંબર છે, એમ કહેવું.

(૭) **બે પાસાના દાણા કેટલા પડયા છે તે વગર જોયે કહેવાની રીત:**—પહેલા એક પાસાના જેટલા દાણા પડયા હોય તેટલા દાણાની સંખ્યામાં બે ઉમેરવા કહેવું, પછી તેમાં એક ઉમેરવો; અને તે રકમને પાંચે ગુણવા પછી બીજા પાસાના દાણા ઉમેરવા. જે સરવાળો આવે તેમાંથી ૨૫ બાદ કરવા પછી બાકી રહેલી રકમ તે માણસોને પૂછવી; તે જે રકમ બતાવે તે રકમનો પહેલો આંકડો હોય તે પહેલા પાસા પરના દાણા અને બીજો આંકડો એ બીજા પાસા પરના દાણા સમજવા.

(૮) અજાણ્યા ત્રાહિત માણસના છોકરા-છોકરીની સંખ્યા કહેવાની રીતઃ—કોઈ માણસને કોઇ એક બીજા માણસના છોકરાની સંખ્યા મનમાં ધારવા કહેવું. તેણે ધાર્યા પછી, તેનાં બમણા કરી, પાંચે ગુણવા કહેવું. પછી જેટલી છોકરી તે બીજા માણસને હોય તેટલી સંખ્યા ઉમેરવા કહેવું. પછી તે સરવાળાની સંખ્યા પૂછી લેવી. જે સંખ્યા કહે તેના પહેલા આંકડા જેટલા છોકરાઓ, અને બીજા આંકડાઓ જેટલી છોકરીઓ છે, એમ જાણી તે મુજબ કહેવું.

(૯) કોઇ માણસે કોઇ રકમમાંથી એકાદ આંકડો ભુંસી નાખ્યો હોય તે કહેવાની રીતઃ—કોઈ માણસને એક રકમ ગમે તેટલી સંખ્યા લખવાને કહો, તે જે સંખ્યા લખે તેના સઘળા આંકડાઓનો સરવાળો કરી, તે લખેલી મૂળ રકમમાંથી બાદ કરવાને કહો પછી જે રકમ બાકી રહે તે બીજે કોઇ ઠેકાણે લખી, તેમાંથી એકાદ આંકડો ભુંસી નાખ્યા બાદ આપણને બતાવવાને કહો. તે પ્રમાણે કરી આપણને જે સંખ્યા બતાવે તેને નવે ભાગતાં જે શેષ રહે તે, નવમાંથી બાદ કરતાં જે આંકડો રહે તે ભુંસી નાંખેલો આંકડો જાણવો.

(૧૦)અધિક મહિનો કિયો આવશે તે જાણવાની રીતઃ—શાલિવાહનનો જે શક ચાલતો હોય તેમાંથી ૧૬૬ની રકમ બાદ કરવી, પછી જે બાકી વધે તેને ઓગણીશે ભાગ લેતાં જો કાંઈ પણ બાકી ન વધે; અગર જો એક વધે તો જેઠ, બે વધે તો આશો, ત્રણ વધે તો ચૈત્ર, પાંચ વધે તો શ્રાવણ, અગિયાર વધે તો વૈશાખ, તેર વધે તો ભાદરવો અને સોળ વધે તો આષાઢ મહીનો અધિક આવશે, એમ સમજવું. ઉપર લખેલા આંકડાઓ સિવાયનો કોઇ આંકડો વધે તો જાણવું કે તે વરસમાં અધિક માસ નથી.

(૧૧) વગર સાધને ઝાડની ઊંચાઇ માપવીઃ—ઝાડથી થોડે દૂર જઈ, ઝાડ તરફ પીઠ કરી ઉભા રહેવું. બાદ વાંકા વળી બે પગ

વચ્ચે માથું રાખી, ઝાડ તરફ જોતાં જે જગોએ ઉભા રહેવાથી ઝાડની ટોચ નજરે પડે તે જગોથી ઝાડના થડ સુધીનું અંતર માપી જોતાં જેટલું થાય તેટલી ઝાડની ઊંચાઇ સમજવી. આ રીતથી ઝાડનો ગમે તેટલો ભાગ માપી શકાય છે.

સૂર્ય-ચંદ્ર ગ્રહણ થાય છે તે જોવા-સમજવાની રીતઃ-

ગયા માસની ત્રીજ અંધારી, જોશી જુઓ જોશ વિચારી;
ત્રીજનું નક્ષત્ર પુનમે મળે, તો નક્કી રાહુ ચંદ્રને ગળે. ૧

જે નક્ષત્રે રવી તપે, અમાવાસ્યા હોય;
એમાં પડવાહી જો મળે, તો સૂર્ય નવ જોય. ૨

ભાવાર્થ :—

૧ ચંદ્ર ગ્રહણ કેવી રીતે થાય ?-ગયા માસની અંધારી ત્રીજને દિવસે જે નક્ષત્ર હોય તે જ નક્ષત્ર ચાલુ માસની પુનમે હોય તો ચંદ્ર ગ્રહણ થાય.

૨ સૂર્ય ગ્રહણ કેવી રીતે થાય ?—સૂર્ય નક્ષત્રના એકેક નક્ષત્રના પંદર-પંદર દિવસ હોય છે અને ચંદ્ર નક્ષત્રના ચોવીસ કલાક હોય છે. એટલે જે સૂર્ય નક્ષત્ર ચાલતું હોય તેમાં અમાવાસ્યા આવે, અને તે અમાવાસ્યાને જ દિવસે પડવાની તીથી હોય ત્યારે જ્યાંથી અમાવાસ્યા ઉપર પડવો થયો ત્યાંથી તે વખતે સૂર્યગ્રહણ થયું જાણી લેવું.

આવતે વર્ષે અધિક માસ કયો આવશે તે સમજવાની સહેલી રીતઃ—આ વર્ષમાં સંક્રાંતિ વદ પાંચમે બદલાતી હોય તો તે જ મહીનો આવતા વર્ષમાં અધિક માસ સમજવો.

જયેષ્ઠા તથા મૂળ નક્ષત્રમાં જન્મેલા બચ્ચાંઓ માટે સારા-નરસા વખતનું ફળ.

જયેષ્ઠા નક્ષત્રનો વિચાર:-જયેષ્ઠા નક્ષત્ર બેસે ત્યાંથી સાત ઘડી સુધીમાં જન્મ થયો હોય તો રાજ્ય જેવી સાહ્યબી મળે. આઠથી પંદર ઘડીમાં જન્મ થયો હોય તો તેની માતા મરે અગર મરણતુલ્ય દુઃખ ભોગવે. એકવીસથી ત્રેવીસ ઘડીમાં જન્મ થયો હોય તો બાપ મરે અગર મરણતુલ્ય દુઃખ ભોગવે. ચોવીસથી ઓગણત્રીસ ઘડીમાં જન્મ થયો હોય તો તેના ભાઈના માથે દુઃખ બોજો પડે. ત્રીસથી તેત્રીસ ઘડીમાં જન્મે તો તેના મામાનું મૃત્યુ થાય. ચોત્રીસથી તેંતાલીસ ઘડીમાં જન્મે તો સુખ સૌભાગ્યની વૃદ્ધિ કરે. ચુમાલીસથી અડતાલીસ ઘડીમાં જન્મે તો પોતે દુઃખી થાય. ઓગણપચાસથી છપ્પન ઘડીમાં જન્મે તો સારાં સુખ ભોગવનારો થાય. સત્તાવનથી અઠ્ઠાવન ઘડીમાં જનમ્યો હોય તો ભ્રમીત ચિત્તવાળો થાય. ઓગણસાઠથી સાઠ ઘડીમાં જન્મ થયો હોય તો થોડા આયુષ્યવાળો જાણવો.

મૂળ નક્ષત્રનો વિચાર:—મૂળ નક્ષત્ર બેસે ત્યાંથી પાંચ ઘડી સુધીમાં જન્મ થયો હોય તો વડીલોની મહેરબાનીવાળો જાણવો. છથી દસ ઘડીમાં જન્મ થયો હોય તો પીતાનું મૃત્યુ થાય. અગીઆરથી અઢાર ઘડીમાં જન્મ થયો હોય તો પોતાના પરાક્રમથી ધનવાન અને સુખી થાય. ઓગણીથી છવીસ ઘડીમાં જન્મ થયો હોય તો નઠારી બુદ્ધિવાળો હોય. સત્તાવીસથી અઠ્ઠાવીસ ઘડીમાં જન્મ થયો હોય તો બ્રહ્મહત્યાવાળો થાય. ઓગણત્રીસથો છત્રીસ ઘડીમાં જન્મ થયો હોય તો ધર્મિષ્ઠ થાય. સાડત્રીસથી અડતાલીસ ઘડીમાં જન્મ થયો હોય તો અલ્પ આયુષી થાય. ઓગણપચાસથી એકાવન ઘડીમાં જન્મ થયો હોય તો તે મરણ પામે. બાવનથી ચોપન ઘડીમાં જન્મ થયો હોય તો ધનવાન થાય પંચાવનથી સાઠ ઘડીમાં જન્મ થયો હોય તો પરદેશ ફરનારો, શીયળવંતો જાણવો.

જયેષ્ઠા નક્ષત્ર ઉતરતાં છેવટની એક ઘડી અને મૂળ નક્ષત્ર બેઠા પછી બે ઘડી તેને અભુક્ત મૂળ કહે છે. તેમાં બાળક જન્મે તો બાળકનું મુખ બાર વર્ષ સુધી જોવું નહિ. જોવે તો બાળકના માતા પીતા ઘણાં દરીદ્રી અને દુઃખી થાય.

શાન્તિ થવાના ઉપાય :—જો જયેષ્ઠા નક્ષત્રની ખરાબ ઘડીમાં જન્મ થયો હોય તો બાળકના માબાપે ત્રણ મહીના પછી સજોડે ત્રણ દીવસ સુધી આંબેલ સહીત બ્રહ્મચર્ય પાળવું અને ત્રીજા આંબેલના પારણે અઢાર બ્રહ્મચારી છોકરા પોતાના ઘેર જમાડવા અને એક એક આનાની દક્ષિણા દેવી. તેમજ મૂળ નક્ષત્રમાં પણ ઉપરની વિધિ સહીત ઓગણીસ બ્રહ્મચારી છોકરાં જમાડવાં. આથી વિઘ્ન નાશ થશે અને સુખની પ્રાપ્તિ થશે એ નિઃશંક જાણવું.

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર સદ્‌ગૃહસ્થોનાં નામ.

કઠોર

૧૦૧ શેઠ છગનભાઇ વમલચંદ ગલીઆરા
૫ ભા. પરભુદાસ વીઠલદાસ
૫ ભા. ગુલાબચંદભાઇ અવિચળદાસ (જી. એ. ભાવસાર) હા. રાયચંદ
૪ ભા. હીરાલાલ રાયચંદભાઇ
૨ ભા. ઠાકોરદાસ નરોત્તમદાસ વકીલ
૨ ભા. હરકીસનદાસ ફુલચંદ
૨ ભા. નારણદાસ નરોત્તમદાસ હા. નેમચંદભાઈ
૨ શ્રી. જૈન સ્થાનકવાસી લાયબ્રેરી હા. છોટુભાઇ મગનલાલ
૧ ભા. મગનલાલ કુબેરદાસ
૧ ભા. હીરાચંદ જેચંદ
૧ ભા. મોહનલાલ નરોત્તમદાસ
૧ ભા. લલ્લુભાઇ કુબેરદાસ

ખંભાત

૧૫ સ્વર્ગસ્થ બેન તનમનગૌરી તે પરીખ મોહનલાલ છગનલાલની દીકરીના સ્મરણાર્થે ભેટ
૧૦ પા. જેઠાભાઇ બાપુજી હા. બિહારી.
૫ બાઇ મંછા તે શા. ગાંડાભાઇ અદેચંદની વીધવા હા. નેમ. સરૂપ.
૫ શા. ભાઇચંદ ખુબચંદ
૫ બાઇ ઉજમ તે પા. બેચરલાલ ભાઇલાલની સ્વર્ગવાસી પત્ની.
૪ બાઇ માણેક તે ચુનીલાલ નાથાલાલની વીધવા.
૨ પા. છગનલાલ પ્રાણજીવનદાસ
૨ પા. ગીરધરલાલ ભાઇલાલ
૨ શા. નગીનદાસ અનુપચંદ
૨ શા. વખતચંદ તારાચંદ હા. રૂપાળી
૨ શા. છોટાલાલ મોતીચંદ
૨ શા. અંબાલાલ તારાચંદ
૨ પા. છોટાલાલ દામોદર
૨ પા. છોટાલાલ ભોગીલાલ
૧ શા. બાલચંદ ખુશાલચંદ
૧ શા. નગીનદાસ મગનલાલ
૧ શા. સુંદરલાલ ઉજમશી
૧ પા. ભગવાનદાસ લલ્લુભાઇ
૧ શા. હીરાલાલ અંબાલાલ ગાંધી
૧ પા. રતીલાલ નાથાલાલ
૧ શા. સુખલાલ દોલતચંદ
૧ પા. હરજીભાઈ ગોરધનદાસ
૧ પા. હરીલાલ છોટાલાલ
૧ પા. ચુનીલાલ ભુરાભાઇ
૧ શા. છોટાલાલ જોઇતારામ
૧ શા. વાડીલાલ ડાહ્યાભાઈ
૧ શા. મણીલાલ ઉજમશી
૧ શા. મોહનલાલ દોલતચંદ
૧ શા. ચીમનલાલ રતનચંદ
૧ પા. ફુલાભાઇ ભગવાનદાસ
૧ પા. નાથાલાલ મોહનલાલ

અમદાવાદ

૬ જૈન સદ્‌ગૃહસ્થ હા. ર. જે. શાહ
૨ વકીલ ગુલાબચંદ હીરાચંદ સંઘાણી
૧ શા. પોચાભાઈ પીતાંબરદાસ
૧ શા. ગીરધરલાલ વૃજલાલ

૧ શા. માણેકલાલ સુખલાલ
૧ શા. પુંજાભાઈ મોહનલાલ
૧ શા. બાલાભાઇ મહાસુખરામ
૧ ભા. ચુનીલાલ ગણેશ
૧ શા. માણેકલાલ પરસોત્તમ
૧ શા. મનુભાઇ હીરાચંદ સંઘાણી
૧ સ્થાનકવાસી ઉપાશ્રય
૧ વકીલ કાળીદાસ જશકરણ

પાલણપુર

૧૦ મોદી ચુનીલાલ ગોદડભાઈ
૧૦ એક સદ્ગૃહસ્થ હા. શેઠ હરીલાલભાઇ કાળીદાસભાઇ

સુરત

૫ શા. હંસરાજભાઇ ચાંદમલજી
૪ શા. ફુલચંદ ગુલાબચંદ હા. ધરમચંદ
૨ શા. ચંપકલાલ મોહનલાલ ઝવેરી
૨ મગનલાલ અમરચંદ ઝવેરી
૨ છોટુભાઇ હરગોવનદાસ ટીકીવાળા
૧ શા. સુરચંદ હીરાચંદ
૧ શા. ચંપકલાલ છગનલાલ જડીયા
૧ યુની૦ હાઈ૦ ના માસ્તર સુરજરામ.
૧ શા. નાથુભાઈ તલકચંદ
૧ શા. મોતીલાલ ગુલાબદાસ
૧ ડાકટર સી. ડી. સુડીવાળા
૧ શા. નાથુભાઈ મગનલાલ
૧ શા. રતીલાલ છબીલદાસ
૧ શા. મદનલાલ ઘેલાભાઇ
૧ શા. મોહનલાલ ભગુભાઇ
૧ શા. નાગરદાસ લઘુભાઈ

સાણંદ

૨ જૈન સ્થાનકવાસી જૈનશાળા
૨ શેઠ નાનચંદ શાંતીદાસ
૧ શા. રાજપાળ રાઘવજી
૧ દોશી જીવરાજ લાલચંદ
૧ શા. જગજીવન રાઘવજી
૧ શા. ભાઇચંદ રાઘવજી
૧ શા. કાનજી રાઘવજી
૧ શા. ચુનીલાલ માવજી
૧ પા. ડોસાભાઇ ગોપાળજી

મુંબાઈ

૨ માસ્તર છોટાલાલ ચુનીલાલ
૧ હાઇ કોર્ટ વકીલ કાંતીલાલ છગનલાલ ઠાકોર, બી. એ. એલ. એલ. બી.
૧ કાંતીલાલ દોલતરામ ઠાકોર એમ. એ. એલ. એલ. બી.
૧ પા. જમનાદાસ મોતીલાલ
૧ શા. સાકળચંદ જેચંદ

નવસારી

૪ વકીલ છગનલાલ લક્ષ્મીચંદ
૧ ભા. ચીમનલાલ નેમચંદ

વઢવાણ સીટી

૧ વોરા ત્રીભોવનદાસ વૃજલાલ

પનાર

૧ શા. લુંબાજી ઉમાજી

સોજીત્રા

૧ ભા. ભીખાભાઇ શંકરલાલ.

